श्री महादेव देसाई ग्रंथालय
क्रमांक ________
वर्गांक ________

સેવાગ્રામ લાયબ્રેરીને
લેખક તરફથી ભેટ.

301.1
DES
MOHAN

# ગ્રામોન્નતિ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઈ રચિત પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| ૧ | જયંત | ( નવલકથા ) | ૨–૦–૦ |
| ૨ | શિરીષ | ,, | ૨–૮–૦ |
| ૩ | કોકિલા | ,, | ૨–૮–૦ |
| ૪ | હૃદયનાથ | ,, | ૨–૮–૦ |
| ૫ | સ્નેહયજ્ઞ | ,, | ૨–૮–૦ |
| ૬ | દિવ્યચક્ષુ | ,, | ૨–૮–૦ |
| ૭ | પૂર્ણિમા | ,, | ૨–૮–૦ |
| ૮ | ભારેલો અગ્નિ | ,, | ૩–૦–૦ |
| ૯ | ગ્રામલક્ષ્મી ભા. : ૧ | ,, | ૨–૮–૦ |
| ૧૦ | ગ્રામલક્ષ્મી ,, : ૨ | ,, | ૨–૮–૦ |
| ૧૧ | ગ્રામલક્ષ્મી ,, : ૩ | ,, | ૨–૮–૦ |
| ૧૨ | ગ્રામલક્ષ્મી ,, : ૪ | ,, | ૩–૦–૦ |
| ૧૩ | બંસરી | ,, | ૨–૮–૦ |
| ૧૪ | પત્રલાલસા | ,, | ૨–૮–૦ |
| ૧૫ | ઠગ | ,, | ૨–૮–૦ |
| ૧૬ | ઝાકળ | (નવલિકાસંગ્રહ ) | ૨–૮–૦ |
| ૧૭ | પંકજ | ,, | ૨–૮–૦ |
| ૧૮ | શંકિતહૃદય અને સંયુક્તા | (નાટકો) | ૨–૮–૦ |
| ૧૯ | નિહારિકા | ( કાવ્યસંગ્રહ ) | ૨–૦–૦ |
| ૨૦ | જીવન અને સાહિત્ય | (સાહિત્ય વિષયક લેખો) | ૨–૮–૦ |
| ૨૧ | જીવન અને સાહિત્ય, ભાગ બીજો | ,, | ૨–૮–૦ |
| ૨૨ | સુવર્ણ–રજ | (શ્રી. રમણલાલ દેસાઇનું વિચારમંથન) (સંગ્રાહક-શ્રીમતી બાળા મજમુદાર) | ૩–૦–૦ |
| ૨૩ | પરી અને રાજકુમાર | (સામાજીક છ નાટકો) | ૧–૮–૦ |
| ૨૪ | ક્ષિતિજ પૂર્વાર્ધ | ( નવલકથા ) | ૨–૮–૦ |
| ૨૫ | ક્ષિતિજ ઉત્તરાર્ધ | ( નવલકથા ) | ( છપાય છે ) |
| ૨૬ | અંજની | ( નાટક ) | ૨–૦–૦ |
| ૨૭ | શોભના | ( નવલકથા ) | ૨–૮ ૦ |
| ૨૮ | ગ્રામોન્નતિ | ( ગ્રામજીવનની ઉન્નતિ સંબંધી વિવેચન ). | |
| ૨૯ | કલાપી : તેનું જીવન અને કવન | | ( છપાશે ) |

: મળવાનું મુખ્ય સ્થળ :

**આર. આર. શેઠની કંપની : બુકસેલર્સ**

કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨

Gandhi Heritage Portal

4/25/2021

મહાદેવ દેસાઈ

વિરાટ ગ્રંથાવલિ પુસ્તક ત્રીસમું

# ગ્રામોન્નતિ

લેખક
રમણલાલ વસંતલાલ દેસાઈ

: પ્રકાશક :
આર. આર. શેઠની કંપની
બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ
કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

આવૃત્તિ પહેલી :
૩૧ : ૧ : '૪૦

રૂા. ૨-૦-૦

: મુદ્રક :
કસ્તુરચંદ છગનલાલ શાહ
શ્રી લક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસ
સુરસાગર પાસે — વડોદરા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# અર્પણ

ગ્રામમંદિરના કળશ બનવાનું સહુને ગમતું કાર્ય મૂકી મંદિરના
પાયામાં પુરાઇ જનસેવાના ધ્યેયમાં જ સ્વત્વનું સમર્પણ કરનાર
વિરલ ગ્રામસેવક

**શ્રી. રવિશંકર વ્યાસને**

રમણલાલ વ. દેસાઇ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021

श्री महादेव देसाई ग्रंथालय
क्रमांक ४१४
वर्गांक ग-प-५

# પ્રસ્તાવના

ગ્રામજીવન સહુની માફક મેં પણ જોયું છે અને અનુભવ્યું છે – અલબત, મર્યાદિત રીતે. ગ્રામજીવનથી આપણે ધારીએ તો ય અલગ થઇ શકીએ એમ નથી.

સરકારી મુલ્કી નોકરીમાં મને એક બહુ ભારે અંગત લાભ થયો માનું છું: હું ગામડાંને અમુક અંશે ઓળખતો થઇ શક્યો : એ પણ નોકરીની મર્યાદાસહ; ગ્રામવાસી તરીકે તો નહિ જ. નોકરી અને અમલદારીની મર્યાદાનું ભાન પણ મને એમાં જ થયું.

ગ્રામોન્નતિના નાનકડા પ્રયોગો પણ હું એ નોકરીને અંગે કરી શક્યો છું. એમાં પણ મર્યાદાઓ તો ઘણી જ. એ મર્યાદાઓ છતાં ગ્રામજનતાનો થએલો પરિચય મારામાં એટલી શ્રદ્ધા તો ઉપજાવી શક્યો કે ગ્રામોન્નતિ શક્ય છે. ગ્રામજનતા હજી એટલી મુલાયમ છે કે એને ધારીએ તેમ ઘડી શકીએ. એ 'ધારવામાં'જ ખરી મુશ્કેલી આવી રહેલી છે.

એ પ્રયોગોની જાહેરાત જરૂરની નથી. અભિમાન લેવા જેટલી એની અસર કાયમી પણ નથી. મારી સ્થિતિમાં સહુ કોઇ કરી શકે એવા એ સામાન્ય પ્રયોગો કહેવાય.

પરંતુ એ નાના પ્રયોગોની નાની સરખી સફળતામાંથી ઉત્પન્ન થએલી શ્રદ્ધાનું એક પરિણામ એ મારી 'ગ્રામલક્ષ્મી' નવલકથા. પ્રયોગો પહેલા અને નવલકથા પછી.

વળી એ પ્રયોગોએ મને ગ્રામજનતાની નિકટતા અર્પી અને ગ્રામજીવનના અભ્યાસમાં કાંઇ અનુભવ આપ્યો. એ અભ્યાસ–તે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

પણ આછો – અને એ અનુભવ – તે પણ અધૂરો અને ઉતાવળો – મને 'ગ્રામોન્નતિ' નામની એક લેખમાળા લખવા પ્રેરી શક્યો. 'યુવક' માસિકમાં એ લેખમાળાનો કેટલોક ભાગ આવી ગયો છે. એ લેખમાળા તે મારા પ્રયોગોનું બીજું પરિણામ.

એ લેખમાળામાં અન્ય લગતા લેખો ઉમેરી લેખમાળાને આ ગ્રંથમાં સંપૂર્ણ કરું છું. એ શાસ્ત્રીય અભ્યાસ ન કહેવાય. એમાં આંકડા નથી, ખાસ કડીબદ્ધ વિષયનિરુપણ નથી, નવીન શોધખોળ નથી કે નવું માર્ગદર્શન નથી. એમાં પુનરુક્તિ પણ છે. ગ્રામોન્નતિના પ્રશ્નની મહત્તા, વિપુલતા, વિકટતા અને સરળતા મને જેમ સમજાયાં તેમ પ્રગટ કરવાનો પ્રયત્ન આમાં કર્યો છે. ગ્રામજીવન પ્રત્યે સહુની જાગૃત થએલી સહાનુભૂતિ અને રસને જાગૃત રાખવામાં આથી આછો વેગ મળે તો બસ છે. ગ્રામજીવનના નિષ્ણાત તરીકે નહિ, પરંતુ ગ્રામજીવનના નમ્ર ભક્ત તરીકે આ પુસ્તક હું પ્રસિદ્ધ કરું છું.

૧૨ જાન્યુઆરી ૧૯૪૦ **રમણલાલ વસંતલાલ દેસાઈ**

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021

# ગ્રામોન્નતિ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



# અનુક્રમણિકા


| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | **ગ્રામસેવા** | ૧ |
| | ગામડું – દેશનો આધાર – જૂનાં અને આજનાં ગામડાં – આકર્ષક અંગો | |
| ૨ | **ગ્રામોન્નતિ** | ૭ |
| | ગ્રામોન્નતિના મહત્ત્વનો સ્વીકાર – ગામડાં પ્રત્યેનો તિરસ્કાર – ગામડાંની પરિસ્થિતિ – પુનર્ઘટનાનો અમલ ગામડાંમાંથી – ગ્રામોન્નતિના પ્રયત્નો – પંચાયત અને સહકાર્ય – શ્રી. સયાજીરાવનું સ્થાન – મહાત્મા ગાંધી – દેશોદ્ધાર – ગ્રામપ્રવેશ અને ગ્રામનિવાસ – ગ્રામ્ય થાણાં અને જાગૃતિ – સરકારી પ્રયત્નોની મૂળભૂત ખામી – ગ્રામોન્નતિ એટલે શાસ્ત્ર તથા પ્રયોગ – પ્રયોગો | |
| ૩ | **ગામડું અને ઉન્નતિપ્રકાર** | ૧૫ |
| | ઉન્નતિનો અર્થ – એક ગામડાનો ચિતાર – ગ્લાનિભર્યું ચિત્ર – ગ્રામોન્નતિના પ્રકાર – મૂડીવાદ અને સામ્યવાદ – આર્થિક ઉન્નતિ | |
| ૪ | **ખેતી—સુધારણા** | ૨૧ |
| | ખેતી ઉત્તમ ખરી? – ભણેલાઓની નિષ્ફળતા – સુધારણાના ઈલાજ – ખેડૂતો અને ભણેલાઓનો સહકાર – યાંત્રિક શોધનો ઉપયોગ – વરસાદ – પાણીનાં સાધનો – કૂવા – તળાવોની દુરસ્તી – નદીઓના પાણીનો ઉપયોગ – નહેરો – ક્ષેત્રોના ટુકડા – જમીન એકજથ્થે કરવાની જરુર – જમીન મહેસુલની પદ્ધતિ, ભાગબટાઈ અને રૈયતવારી – બંને પદ્ધતિના દોષ – ખેતીવાડી કમીશન – સરકારી ખાતાં અને પ્રયોગક્ષેત્રો | |


Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021




પ્રકરણ પૃષ્ઠ

– નવીન કૃષિ વસવાટ – ગણોત અને સાંથ – દેવાનું ભારણ – સારાંશ

૫ પશુ—સુધારણા ૩૩

પશુ અને કૃષિ – પશુ અને માનવ સંસ્કૃતિ – ગોપ ભૂમિકા – ગાય અને હિંદુ સંસ્કૃતિ – પશુના વર્ગ – પશુ પ્રત્યેનું વર્તન – ઢોર ઉછેરની વર્તમાન સ્થિતિ – ઢોરની ઉત્પત્તિનો પ્રશ્ન – ગોપાલન (Dairy) – રબારી – જાનવરોના વાળ તથા ઉન અને ગૃહઉદ્યોગ – ભારવાહક પશુઓ

૬ રસ્તા ૪૫

માલ ઉપજાવવો અને તેની વહેંચણી કરવી – જરુરિયાતો ઉપજાવવી અને તેનો ઉપયોગ કરવો – વેચાણ – રસ્તા – રસ્તાનું મહત્ત્વ – અવરજવરનાં સાધનો અને રસ્તા – રાજ્ય અને રસ્તો – જળમાર્ગ અને રેલમાર્ગ – સહાયક અને ગ્રામરસ્તા – ગ્રામરસ્તાઓની વર્તમાન સ્થિતિ – રસ્તા-દુરસ્તીના ઉપાય – રસ્તા અને તંદુરસ્તી

૭ બજાર ૫૪

બજાર – ઉપયોગ – જૂની વેચાણ વ્યવસ્થા – પદ્ધતિનો ચિતાર – લૂંટાતો ખેડૂત – કારખાનાં અને વેચાણ – વેચાણમાં નિયંત્રણ – ચાલુ બજારોનો વિકાસ – ખેડૂતોનાં સંગઠન – બજારની રૂપરેખા – બજારખાતાં – ગ્રામોન્નતિ અને ખર્ચાળપણું

૮ ધીરધાર—શાહુકારી પદ્ધતિ ૬૪

શાહુકાર – ખેડૂતની જરુરિયાત – ધીરધારનો ધંધો – કૃષિકાર અને શાહુકારનાં માનસ – શાહુકારો વિરૂદ્ધ ટીકા – શાહુકારી પદ્ધતિની ખામીઓ


Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

પ્રકરણ પૃષ્ઠ

૯ **શાહુકારી પદ્ધતિ સુધારવાના પ્રયાસો** ૭૩

શાહુકારી પદ્ધતિની મુશ્કેલીઓ – એ પદ્ધતિનો અનર્થ – વ્યાપારનું ધ્યેય નફો – હિંદની પરતંત્રતા અને વ્યાપાર – નિરૂપયોગી બનતી પદ્ધતિ – સુધારણા – માર્ગ – જમીનનું રક્ષણ – ગણોત નિયમન – ખેડૂતોના હાથમાં જ જમીન રાખવી – શરાફી ધંધાનું નિયંત્રણ – ખેડૂત કરજની તપાસણી – સહકાર્ય – ઇલાજોની જરુરિયાત – ઈલાજોનું વર્ગીકરણ

૧૦ **સહકાર્ય—એક વ્યાપારી પદ્ધતિ** ૮૪

પરદેશી યોજના – મૂડી તથા મજૂરીની તુલના – મૂડીવાદનું પરિણામ – સહકારનો વિજય – અંગ્રેજોના સ્પર્શનું પરિણામ – હિંદમાં સહકાર – સહકારનો વિકાસ – નગર સહકાર્ય – પ્રકારો – સહકાર્યને ટેકો – પ્રશ્નો – સહકારસાધુ કોઈ જાગ્યો નથી – વ્યવહાર – સહકાર અને જીવનમંત્ર

૧૧ **સહકાર-વર્તમાન યોજના** ૯૯

આર્થિક સિદ્ધાંત – શુભ તત્ત્વોનો સ્વીકાર – પ્રજામાંથી તેનો વિકાસ નથી – પ્રજાકીય પ્રવૃત્તિ – ધીરધારનું ક્ષેત્ર – ધીરધારથી આગળ વિકાસ – નગર સહકાર–Urban cooperation – ચારિત્ર્યની જરુર – ઉદ્દેશ – વહીવટ – કેળવણી – મૂડીવાદ ઉપર અંકુશ – વિશિષ્ટ સમાજરચના

૧૨ **ગ્રામઉદ્યોગ** ૧૦૭

ગ્રામઉદ્યોગ વિષે બે પ્રકારની વિચારસરણી – મોટા પાયા ઉપરના ઉદ્યોગોમાં પરવશતા – ગ્રામઉદ્યોગ એ આજનો પ્રશ્ન – તાત્કાલિક અર્થશાસ્ત્ર – બદલાયેલી પરિસ્થિતિ – ગ્રામઉદ્યોગ–તાત્કાલિન આર્થિક કાર્યક્રમ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



પ્રકરણ પૃષ્ઠ

– ગ્રામઉદ્યોગના પ્રકાર – નવીનતાની જરુર – ઉદ્યોગોના નાશનું પરિણામ

૧૩ ગ્રામઉદ્યોગ ૧૧૪

ઉદ્યોગોનો ઈતિહાસ – પર્યટનપ્રિય હિંદવાસી – સંસ્કાર સંબંધ – વહાણ બનાવટ – મોટા ઉદ્યોગો – ગ્રામઉદ્યોગો – યંત્રવાદ – યંત્રવાદની હિંદ ઉપર અસર

૧૪ ગૃહઉદ્યોગનું વર્ગીકરણ ૧૨૦

ગૃહઉદ્યોગનું મહત્ત્વ – ગૃહઉદ્યોગોના વિભાગ – પોષણના અંગના – કૃષિ ઉપયોગી – ઘરકામના ઉદ્યોગો – કૌટુમ્બીક સંપત્તિ વધારનારા – કલાપ્રધાન ગૃહઉદ્યોગ – ગૃહઉદ્યોગ અને હિંદનો શ્રીમંત વર્ગ – ગરીબવર્ગ અને ગૃહઉદ્યોગ – દસકાનો પ્રયોગ

૧૫ સ્વદેશી શા માટે? ૧૨૮

સ્વદેશી આંદોલન – બંગભંગથી ગાંધીયુગ સુધી – સ્વદેશીને ટેકો – ગરીબી ટાળવા સ્વદેશી – પરદેશ જતું અઢળક નાણું બચાવવા સ્વદેશી – હિંદનાં જ સાધનો વડે સમૃદ્ધ થવા માટે સ્વદેશી – સંસ્કાર સ્વાતંત્ર્ય માટે સ્વદેશી – સ્વાભિમાન, સ્વદેશાભિમાન તથા જગતકલ્યાણની ભાવના અર્થે સ્વદેશી – આજથી જ સ્વદેશી

૧૬ સામાજિક ઉન્નતિ ૧૩૪

અર્થ અને સમાજનું પરસ્પર અવલંબન – પરાધીન પ્રજાનું અર્થશાસ્ત્ર – વ્યક્તિ અને સમાજ – તંદુરસ્તી – કેળવણી – આગેવાની – કલાદષ્ટિ – ગ્રામજીવન પ્રત્યે મમત્વ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

પ્રકરણ | પૃષ્ઠ

૧૭ **આરોગ્યરક્ષણ** ૧૪૬

ગામડાંની તંદુરસ્તી – રોગ અને આરોગ્ય – થોડા ચોંકાવનારા આંકડા – ગામ અને શહેર – ગામ અને શહેરના તફાવત – તફાવત – ગામડાંની ગીચ વસતી – આંકડા – સંકડાશ – સ્વચ્છ પાણી

૧૮ **સ્વચ્છતા** ૧૫૨

દેહરચના અને સ્વચ્છતા – આપણી ગંદી ટેવો – સભ્યતા અને સ્વચ્છતા – શહેરો અને ગામડાં – સ્વચ્છતા અને અંગમહેનત – સ્વચ્છતાના ધંધાદારીઓની ખોટ – સ્વચ્છતાની વિગતો – કપડાં અને સ્વચ્છતા – વસ્ત્રોની અતિશયતા – ગૃહસ્વચ્છતા – ગ્રામસ્વચ્છતા – સ્વચ્છતા એટલે આરોગ્ય

૧૯ **આંગણું** ૧૬૩

કંકુલીપ્યાં આંગણાં – ઉચ્ચ કોમોની બેકાળજી – સુંદર આંગણાથી ઉપજતું સુંદર માનસ – પવિત્ર પ્રસંગો અને આંગણું – ગરીબીનું બહાનું – આંગણું અને અંગમહેનત – સ્વચ્છતામાં રહેલી સહેલાઇ – જૂનો યુગ – પારસીઓનાં આંગણાં – દક્ષિણિ કુટુંબોનાં આંગણાં ११ સ્વચ્છતાનો નિશ્ચય

૨૦ **શેરી અને ગામ** ૧૭૧

સાખપડોશી – બીજી શેરી – સ્વચ્છતા અને અંગમહેનત – સ્ત્રીઓ અને અંગમહેનત – કચરો નાખવા મુકરર જગા – ગામાત સ્વચ્છતા – ગ્રામરચનામાં યોજનાનો અભાવ – નવાં ગામ અને પરાં – પાદર – ગુજરાતની સગવડ – ગ્રામસ્વચ્છતા – સમગ્ર વિચાર


Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૧ | **આરોગ્યરક્ષણ અને જીવજંતુ**<br>રોગ ન થાય એવી સાવચેતી – સાવચેતીનું માપ – માખી અને મચ્છર – ચલાવી લેવાની ટેવ – માખી અને મચ્છરરહિત ગ્રામનિવાસ – નાની બાબતોનાં ભયંકર પરિણામ – જંતુ ઉપદ્રવ દૂર કરવાનાં સાધનો – આરોગ્યનાં ભયસ્થાનો – અન્ય જંતુઓ – જંતુ-વિનાશ – સાદા ઈલાજો | ૧૮૪ |
| ૨૨ | **રોગનિવારણ**<br>રોગના ઈલાજ – જૂની ગ્રામવૈદ્ય સંસ્થા – ડોકટરો – સેવાભાવનાનો અભાવ – ગ્રામાભિમુખ વૈદ્યકીય સાર-વાર – હકીમી અને આયુર્વેદિક પદ્ધતિ – ગામડે સાર-વાર પહોંચાડવાની રીત – સોંઘી દવા – ગ્રામ આગેવાનો | ૧૯૨ |
| ૨૩ | **ખોરાક, બાળઉછેર અને કેળવણી**<br>ખોરાક – પ્રજીવનક–વિટેમિન્સ – મિશ્રણ અને વિવિ-ધતા જ ધનિક વર્ગનો ખોરાક – ખોરાકનો અભાવ અને આરોગ્ય – પૂરતા ખોરાકનો અભાવ – ખોરાક અને તેમાં રહેલાં તત્ત્વો – માંસાહાર – જમવાનું મહત્ત્વ – વસતિની વૃદ્ધિ – સાધનોની વૃદ્ધિનો અભાવ – ઉદ્યોગનો અભાવ – સરકારી નોકરીની મર્યાદા – સંત-તિનિયમન – બાળક – સુવાવડ અને મરણપ્રમાણ – શિક્ષિત દાયણો – બાળજન્મ પૂર્વે સારવાર – બાળઉછેર – કેળવણી દ્વારા કાયાપલટ – કેળવણી એટલે ? – અજ્ઞાન-અભણપણું – ગ્રામ કેળવણી – સામાન્ય જ્ઞાન – વર્ધા યોજના – કેળવણીની અસર – કેળવણીનો આદર્શ | ૨૦૧ |
| ૨૪ | **ગ્રામજીવન અને વ્યાયામ**<br>ગ્રામજીવનની કસોટીએ – વ્યાયામનો ઉદ્દેશ – વ્યા- | ૨૧૫ |

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





પ્રકરણ પૃષ્ઠ

યામ: આરોગ્યનો વિભાગ – સોંઘો વ્યાયામ – સામાન્ય સાધનો – સમાજ અને વ્યાયામ – પશ્ચિમનો વ્યાયામ – ગુજરાત અને વ્યાયામ – દક્ષિણની વ્યાયામપ્રિયતા – વ્યાયામ પ્રકાર – સાદી પદ્ધતિ – કવાયત – ગ્રામજનતા અને વ્યાયામ – સ્વરક્ષણ અને વ્યાયામ – પરરક્ષણ - વ્યાયામ અને આનંદ – એક કલ્પના – લશ્કરી શિક્ષણ – અહિંસા અને વ્યાયામ – કેટલીક મુશ્કેલીઓ – સમયનો અભાવ – નિ:રસ એકધાર્યાં કામ – સામુદાયિક વ્યાયામ - સ્ત્રીઓ અને વ્યાયામ – વ્યાયામના ગ્રામજીવનને લાભ – ગામડે ગામડે વ્યાયામ – સંમેલનો

૨૫ ગ્રામનેતૃત્વ : ગામડાંના આગેવાનો ૨૩૩

આગેવાનીની ખામી – ચાલુ આગેવાનોની અપાત્રતા – જેવો આગેવાન તેવું ગામડું – આગેવાનોના પ્રકાર – વતનદાર–ઇનામદાર – નિરર્થક આગેવાની – શાહુકાર – શાહુકારનું ધ્યેય – ગ્રામજીવન અને ધ્યેયનો વિરોધ – જમીનદાર શાહુકાર – તેમની આગેવાનીના ગેર-લાભ -- રાજસત્તાના પ્રતિનિધિઓ – શિક્ષક – પંચો – સરકારી કામમાં રહેલી મૂળભૂત ખામી - સત્તાનું દુરૂપયોગ તરફ વલણ – સત્તાનું ગ્રામજીવન પર પરિણામ – તલાટી -- શિક્ષક – ચૌદશિયા – નેતૃત્વની કંગાલિયત – સેવાભાવના – ગ્રામોન્નતિ એટલે જીવનભરની તૈયારી – સ્થાયી નિવાસ – કેળવણી – શરીરબળ – સહનશક્તિ – યોજના-શક્તિ – ચારિત્ર્ય – પૈસા સંબંધી ચોખવટ – સ્વાર્થત્યાગ – કીર્તિલોભ – નેતૃત્વની પરિક્ષા

૨૬ ગ્રામજીવનના પ્રદર્શનનો સહજ ખ્યાલ ૨૫૨

પ્રદર્શન – ભૌગોલિક વિચારો – અંગરૃંગાર – વિશિષ્ટ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021




પ્રકરણ　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　પૃષ્ઠ

મુખ અને વસ્ત્રવાળી જનતા – ધંધાદારી લોકો – ગૃહ-રચના અને ગૃહશૃંગાર – વિશિષ્ટ દશ્યો – કલામય દશ્યો

૨૭ આદર્શ ગામડું ૨૬૨

ગ્રામોન્નતિનું ધ્યેય – આદર્શ ગામ – નિરાશાવાદ – કામ દુર્ઘટ પણ અશક્ય નહિ – ગામડાંનો અને જગતનો સંબંધ – આદર્શ એટલે ? – આદર્શ ગામની કલ્પના – વ્યાવહારિક જરુરિયાતો – સુક્ષ્મ જરુરિયાતો – અવલોકન – કાર્યક્રમ – ઉપયોગ, જ્ઞાન અને સૌન્દર્ય એ ત્રણ વિભાગમાં વહેંચાયલું ગ્રામજીવન – બગીચો – ઉત્સવ – ગૃહશૃંગાર – આંગણાનો શૃંગાર – ગ્રામ શૃંગાર – સૌન્દર્ય તત્ત્વો – મુશ્કેલછતાં શક્ય – ગામડું એ દેશનો આયનો – આદર્શસિદ્ધિ

૨૮ ગ્રામોન્નતિના માર્ગ ૨૮૧

સહુનો ખપ – નોકરશાહી – શાહુકાર – જમીનદાર – ગ્રામજીવનના આત્માની સંભાળ – ગ્રામજનતાનો સ્વાશ્રય – કેન્દ્ર સ્થાપના – સામાન્ય સહાયના માર્ગ – ધૂન – થોડું થોડું કાર્ય – મંડળો – ગ્રામોન્નતિ રમત નથી – કાર્યક્રમ – શહેર અને ગામડાં – ગામડું આપણું દેવમંદિર


Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



૨

## ગ્રામસેવા

ગામડું

હિંદનું ગામડું બહુ જ મહત્ત્વનું, જરૂરનું અને ઉપયોગી છે; નર્મદાશંકરે કહ્યું છે કે ગામડાંને શહેરો ખાઇ જાય છે, તે કથન સત્ય જ છે. ગામડાં કેન્દ્રસ્થાનો છે કારણ કે ૮૦ ટકા લોકો ગામડાંમાં વસે છે અને કુલ ૯૫ ટકા લોકો ગામડાં સાથે સંબંધ ધરાવતા હોય છે. હિંદુસ્તાનમાં બધાં મળીને સાત લાખ ગામડાં છે, અને તેની અંદર ૩૦ કરોડ માણસો વસે છે. આ રીતે હિંદની વસ્તીનો મોટો ભાગ ગામડાંમાં વસે છે, અને નહિ વસતો ભાગ ગામડાં સાથે સંબંધ ધરાવે છે.

ગ્રા. ૧

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

## ૨ : ગ્રામોન્નતિ

આપણી આર્થિક સ્થિતિ ગામડાં ઉપર જ અવલંબીને રહેલી છે.

**દેશનો આધાર**

ગામડાં શહેરોને પોષે છે; રાજ્યોની–પ્રાન્તિક, મધ્યસ્થ કે દેશી રાજ્યોની–આવકનો મોટામાં મોટો ભાગ જમીનમહેસૂલ છે, અને જમીનમહેસૂલની મોટામાં મોટી આવક ગામડાંમાંથી જ આવે છે. વ્યાપારીઓ વ્યાપાર પણ ગામડાં ઉપર જ કરે છે. ગામડાંમાં થતા પાક અગર ગામડાંમાં થતી વસ્તુઓની ચાળવણી, ફેરફાર, અવરજવર અને વેચાણવ્યવસ્થા એ જ વ્યાપારનો મુખ્ય વિષય હોય છે. ખેડૂતના માલ ઉપર જ ધીરધારની વ્યાપક પ્રથા ઊભી થઈ છે. એટલે રાજ્ય, વ્યાપાર તથા ધીરધારના ધંધા પણ ગામડાં ઉપર જ અવલંબી રહ્યા છે. ગામડાં શહેરોને અને ખરું જોતાં આખા દેશને પોષે છે. તેના બદલામાં આપણે તેમને શું આપીએ છીએ? ગામડાંને જોઈતું કંઈ પણ આપણે આજ સુધી આપી શક્યા નથી. લશ્કર, સરકાર, કેળવણી, કલા, રાજાઓનાં ખર્ચ, પોલિસ, ન્યાયાધીશ અને આખા મૂડીવાદી વર્તુલને પૈસા આપનાર અને તેમનું પૂરું કરનાર ગામડાં જ છે. તેમને બદલામાં શું મળે છે? મજૂરીમય જીવન, રસહીન જીવન, નિરાશામય જીવન!

પહેલાંનાં ગામડાં અને આજનાં ગામડાંમાં બહુ જ તફાવત પડે

**જૂનાં અને આજનાં ગામડાં**

છે. પહેલાંનાં ગામડાંની સરખામણી નંદનવનની સાથે કરવામાં આવે છે. એ ખરું હોય કે નહિ. પરંતુ આજના કરતાં વધારે સાધનો ગ્રામજીવનની આબાદીને પોષતાં હતાં એટલું તો સમજાય એમ છે. પહેલાં ગામડાંમાં ધાર્મિક સંસ્કારોનાં કાંઇને કાંઈ સાધનો હતાં. દરેક ગામડામાં એકાદ મસ્જીદ કે મંદિર હોય જ. અને તેની સાથે જોડાયલો મુઝાવર કે પૂજારી ગામનો ગુરુ બની રહેતો. પહેલાંનાં ગામડાંમાં પોષણ થઇ શકે તેવી આર્થિક અને સામાજિક

Gandhi Heritage Portal

વ્યવસ્થા હતી. આમ પહેલાંનું ગામડું સંસ્કારી હતું અને તેની અંદરથી દરેકને કપડાં, ખાવાનું અને નાનું સરખું ઘર મળી રહેતાં. પહેલાનું ગામડું સ્વાશ્રયી, સ્વપોષક self-contained હતું. ઉપયોગની દરેક વસ્તુ ગામની અંદર જ ઉત્પન્ન કરવામાં આવતી. પહેલાંના ગામડિયાઓમાં આત્મ-અભિમાન હતું. પોતાના ગામની અને પોતાની પ્રતિષ્ઠાને ધોકો પહોંચે એવું એક પણ કામ તેઓ કરતા નહિ અને કરવા દેતા નહિ. પહેલાંનાં ગામડાંના લોકોને ભજનો, દુહા, રાસડા, કવિતા વગેરેનો શોખ હતો. પહેલાં ગામડાંની અંદર એક વૈદ્ય પણ રહેતો હોય અને તેમની ફી દાણાના રૂપની હતી. એ રીતે ત્યાં આરોગ્યરક્ષણને પણ સ્થાન હતું. ગામડાંમાં જીવન પણ હતું. ગામડાંના લોકો શરીરે હૃષ્ટપુષ્ટ હતા અને માણસો પણ આબાદ હતાં.

આજનાં ગામડાંમાંથી સંસ્કારો દૂર થયા છે. સાધુ, પુરાણી, સન્યાસી કે ગુરુના હવે કાયમ વસવાટ નથી કે જેથી ગામના સંસ્કાર જાગ્રત રહે. આજનાં ગામડાંમાં મસ્જિદ અને મંદિરો ખંડિયેર થઇ ગયાં છે; હાલનાં ગામડાંમાં લોકોને કપડાં અને અનાજના પણ સાંસા પડે છે. અનિશ્ચિત ભાવવાળી ખેતી મૂડીવાદીઓને કઠણ બનાવે છે, અને ગ્રામજનતા પ્રત્યે જે મમત્વ અને સમભાવનાના અંશો શેઠ, શાહુકાર અને ધીરધાર કરનારમાં હતા તે હવે બદલાઇ ગયા છે. રહ્યાં છે માત્ર અવિશ્વાસ, લોભ, અને વધારેમાં વધારે નફો ખેંચી લેવાની વૃત્તિ. હાલ ગામડાંના લોકો એક બીજામાં હવે વિશ્વાસ પણ રાખતા નથી અને સંગઠનને બદલે ગામડાંમાં કલેશ – કંકાસનું સામ્રાજ્ય સ્થપાયું છે. હાલનાં ગામડાંમાં બધે અજ્ઞાન ફેલાયલું છે. ગામડિયાને જ્ઞાનનો પ્રકાશ મળતો નથી અને ગ્રામલોકો દિવસે દિવસે પશુવત્ બનતા જાય છે. ગામડાંની અંદર રોગ વધી ગયા છે, અને તેમની માવજત કરનાર પણ કોઇ રહ્યું નથી. વૈદ્યો, હકીમો અને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૪ : ગ્રામોન્નતિ

દાયણોનો ગામડાંમાં હવે દુકાળ પડી ગયો છે. લોકો કંગાલ અને નિર્બળ બની ગયા છે. હાલનાં ગામડાં એટલે કચરાથી ભરપૂર ઉકરડા. નથી ત્યાં સંસ્કારસાધન; નથી ત્યાં આરોગ્યરક્ષણ, નથી ત્યાં જ્ઞાન, નથી ત્યાં સંપત્તિઃ જો કે જ્ઞાન, સંસ્કાર અને સંપત્તિનો પાતાળી કૂવો તો ગામડું જ છે. પણ એ ગામડાને જ સહુએ લૂંટી લીધું છે. હાલનાં ગામડાંની જિંદગી શોષાઇ ગએલી અને નિરાશાથી ભરેલી છે. આ ગામડાંનો પુનરુદ્ધાર કેવી રીતે કરવો ?

આ દુર્દશાનું મુખ્ય કારણ તો દેશની પરાધીનતા જ છે. પરંતુ એ પરાધીનતા લાવનાર પણ આપણે જ હતા ને ? એ પરાધીનતા ટાળવી હોય તો આપણે આપણાં પાપના પશ્ચાત્તાપ તરીકે પણ ગામડાંને સચેત બનાવવાં જોઇએ. જેમનામાં જ્ઞાન છે, જેમનામાં શક્તિ છે, જેમની પાસે સાધન છે તેમની તો પ્રથમ ફરજ છે કે એ જ્ઞાન, શક્તિ અને સાધનોના દાતા ગામડા તરફ લક્ષ રાખવું. નહીં તો એ જ્ઞાન, શક્તિ અને સાધનો સદા ય પાંગળાં જ રહેવાનાં.

પરાધીનતા ટળે નહીં ત્યાં સુધી બેસી રહેવાય એમ પણ નથી. કારણ ગ્રામોન્નતિ એ જ પરાધીનતા ટાળવાનું એક મહાન સાધન છે.

જ્યારે આપણે ગામડાંની સાથે એકરસ બની જઇએ, તેમના સુખદુઃખમાં સમભાગી થઇએ, તેમના સ્વાર્થને આપણો સ્વાર્થ બનાવીએ ત્યારે જ તેમની ઉન્નત્તિ થઈ શકે. આપણા મનને પ્રથમ તો ગામડાં તરફ સહાનુભૂતિવાળું બનાવવું જોઇએ.

કમનસીબે ભણતર, સંસ્કાર અને સંપત્તિ હિંદવાસીને ગામડાંથી વિમુખ રાખે છે. ભણેલા ગ્રેજ્યુએટને ગામડું ગમતું નથી. જમીનદાર ગામડું છોડી શહેરમાં મોજ કરવા રહે છે. ધનિકો ગામડાંમાંથી ધન ખેંચી લાવી શહેરમાં જ ભરે છે. કોઇને ગામડું ગમતું નથી. ગામડે જતાં ગ્રેજ્યુએટો પણ ગભરાઈ જાય છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

આવી વૃત્તિ માનવીને ગ્રામ – અભિમુખ નથી જ કરતી. ધર્મ તરીકે અગર સ્વાર્થ તરીકે પણ આપણે ગામડાંમાં, ગામડિયાંમાં, કૃષિમાં રસ લેવો જ પડશે. અને જો કે ગામડું ભાગ્યું છે છતાં આપણે માનીએ છીએ એટલું તે શું નિરસ હોય છે? બુદ્ધિમાન યુવકો ગ્રામજીવન માટે શું રસ ન ઉપજાવી શકે? ગામડું રસ અને અભ્યાસને યોગ્ય છે એની ઝાંખી બુદ્ધિમાન યુવકને કેમ થતી નથી?

**આકર્ષક અંગો**

ગામડાંમાં કુદરતી સૌંદર્ય ચારે પાસ વિસ્તરી રહ્યું હોય છે. વૃક્ષો, મેદાનો, ખેતરો અને વનશ્રી ગામડાને સૌન્દર્યસંપન્ન બનાવી રહે છે. ગામડાંની આજુબાજુ સજીવન ઝરણાં અને નદીનાળાં એ સૌન્દર્યને ઓપ ચઢાવે છે. ભલા, ભોળા અને નિર્દોષ ગામડિયાઓ સાથેની વાતચીત રમૂજ ઉત્પન્ન કરે એવી હોય છે. ગામડાંની પરોણાગત આજ પણ આપણને આકર્ષક લાગે એવી હોય છે. વળી ગામડાંના વહેમનો કદી વિચાર કર્યો છે? કોઈ ઝાડ આગળ જીન ફરતો હોય! કોઇ કૂવા આગળ ચુડેલ રમતી હોય! કોઇ ઘરમાં ભૂત ભરાયલું હોય! આ વહેમોની પાછળ રહેલું માનસ અભ્યાસ માગે છે. અને કૌટુમ્બિક સત્કાર્યો, પ્રાચીન કથાઓ, વડવાઓનાં પરાક્રમો, ચોરી, લૂંટ અને ધાડના પ્રસંગો, તથા જાનવરોની સમીપતા ઇતિહાસ અને સાહિત્યને પોષે એવાં રસમય બની શકે એમ હોય છે. દેવળો, પાળિયા અને તળાવનો પથ્થરે પથ્થર રસ લેનારના કાનમાં ગુંજન કરી ઊઠશે.

ગામડાંની સામાજિક રચના પણ સમજવા જેવી હોય છે. બ્રાહ્મણ, વાણીયા, પાટીદાર, રબારી, ઢેડ વગેરે કોમો ગ્રામજીવનના ચોકઠામાં કેવી રીતે સમાઇ જતી તેનો અભ્યાસ કોઇપણ કેળવાયલા ગ્રેજ્યુએટની બુદ્ધિને કસે એમ છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૬ : ગ્રા મો ન્ન તિ

અને ગામડાંની કળા, રમતગમત, અને રહ્યાંસહ્યાં આનંદનાં સાધનો મરતી મરતી ગ્રામજનતાને થોડા શ્વાસ આપી રહ્યાં છે. આ બધું સમજવાની, જોવાની, અનુભવવાની ખૂબ જરૂર છે. માત્ર આપણે આપણને ગ્રામ–અભિમુખ બનાવવા જોઈએ. પછી જરૂર લાગશે કે ધર્મ, ફરજ અને સ્વાર્થ આપણને આપણાં ગામડાં તરફ જોવા પ્રેરે છે.

આપણે ધારીએ છીએ તેટલાં ગામડાં નિરસ નથી. જો આપણે દેશનો ઉદ્ધાર કરવો હોય તો ગામડાંનો ઉદ્ધાર કરવો જ પડશે. સાત લાખ ગામડાંને કળાહીન, આળસુ, અજ્ઞાન, ગરીબ અને માંદલાં રાખીને આપણે આગળ વધી શકવાના જ નથી. જ્યાં સુધી આપણે તેમની સાથે રહીએ નહિ ત્યાં સુધી તેમની ઉન્નતિ માટે આશા જ નથી.

ગ્રામજીવનનાં સૌન્દર્યતત્ત્વો તરફ નજર કરી, ગ્રામજીવનને દેશના સંપત્તિભંડાર તરીકે નિહાળી, ગ્રામને રાજકીય કે સામાજિક લડતના વ્યૂહનું એકમ માની એને જીવતું, ઝળકતું, આબાદ અને હસતું જોવા મથવું એનું નામ ગ્રામસેવા. એ સેવા મોટાઈથી નહિ થાય. ઉપકારની દૃષ્ટિથી એ સેવા નહિ થાય. ગ્રામમય બની જવાય તો જ એ સેવા થાય. એ વગર ગ્રામ–ઉન્નતિ નથી. અને ગ્રામ–ઉન્નતિ ન હોય ત્યાં દેશ પણ ઉન્નત કેમ થાય? ભલેને પછી શહેર કે શહેરવાસી પોતાને ઉન્નતિની ટોચે પહોંચેલાં માને! એ ટોચના પાયા ડગમગી ગએલા છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

૨

# ગ્રામોન્નતિ

**ગ્રામોન્નતિના મહત્ત્વનો સ્વીકાર**

ગ્રામોન્નતિ અને ગ્રામસુધારણા સંબંધમાં આજકાલ ઘણું બોલાય છે અને લખાય છે, એ એક શુભ ચિહ્ન છે. ગ્રામ-ઉન્નતિ વિષે રાજ્ય અને પ્રજા તરફથી ઓછા વધતા પ્રયત્નો થવા લાગ્યા છે. એ બધા પ્રયત્નો હજી જોઇએ તેવા સંગીન નથી. એનાં અનેક—રાજકીય તેમ સામાજિક કારણો છે. ગામડાનું મહત્ત્વ સ્વીકારાયું અને તેની ઉન્નતિ કરવાની ખૂબ જરૂર છે એ વિષે કાર્યકર્તાઓમાં એક પ્રકારનું તીવ્ર ભાન જાગ્રત થવા લાગ્યું છે એ એક શુભ ચિહ્ન ગણાય.

**ગામડાં પ્રત્યેનો તિરસ્કાર**

ગામડું એ જાણે શહેરની કૃપા ઉપર આધાર રાખી રહેલું હોય એવો ભાવ થોડા સમય ઉપર હતો અને હજી પણ એ ભાવ તદ્દન ચાલ્યો ગયો નથી. ' ગામડિયો ' એ શબ્દનો અર્થ તો ગામડાંનો રહેનાર એવો જ થવો જોઇએ પરંતુ ગામડાંમાં એવાં તત્ત્વો આપણે દાખલ થવા દીધાં છે કે જેથી 'ગામડિયા'ના અર્થમાં 'અકુલીન' ' અસંસ્કારી,' ' અશિષ્ટ,' ' મંદ બુદ્ધિનો,' ' જડ ' એવા ભાવ દાખલ થઇ ગયા છે. શબ્દ સાથે જડાયલા એ ભાવ હજી ખસ્યા નથી એમાં જેટલો ગામડાંનો વાંક છે તેટલો જ શહેરોનો પણ વાંક છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૮ : ગ્રામોન્નતિ

મિથ્યાભિમાની શહેરો અને શહેરનિવાસીઓએ એટલું સમજવાની જરૂર છે કે હિંદુસ્તાનની વસ્તીનો એંશી ટકા જેટલો ભાગ ગામડાંમાં રહે છે; શહેરનો મોટો ભાગ પણ ગામડાંની લગોલગ આવેલો છે; ઉપરાંત શહેરોનો ખોરાક અને શહેરોની મજૂરી ગામડાં જ પૂરાં પાડે છે.

**ગામડાંની પરિસ્થિતિ**

શહેરનું પડોશી અને પોષણકર્તા ગામડું કેવું છે? ધૂળથી ભરેલું, અને ગંદકીવાળું; મેલેરીઆનું તો તે ધામ; માખી અને મચ્છરનો જાણે મધપૂડો; રહેવાનાં સાધનોના અભાવવાળું — ઘણી વખત તો માણસ અને જાનવરને ભેગાં સૂવું પડે એવા ગૃહસંકોચવાળું; તેનાં જવરઅવરનાં સાધનો બહુ જ પ્રાથમિક સ્થિતિમાં, અને રસ્તાઓ તો ધૂળ, કાદવ અને ખાડાથી ભરપૂર; રાત પડયે ગામમાં અંધકાર ફેલાયો જ હોય; અને અનારોગ્ય ભરી ટેવો છતાં ત્યાં ઔષધનો અભાવ જ હોય; કેળવણીનું તો ત્યાં પૂછવું જ શું? કોઈ કોઇ ગામડે મરતી મરતી શાળા ચાલતી હોય; પરંતુ ઘણી જગાએ તો તે પણ નહીં. અને ગામડાંને મોજશોખનાં સાધનોનું તો સ્વપ્ન પણ ક્યાંથી આવે?

**પુનર્ઘટનાનો અમલ ગામડાંમાંથી**

આવાં ગામડાંમાં આપણી વસ્તીનો મુખ્ય ભાગ જીવી રહ્યો છે. એ ગામડાં જ્યાં સુધી સતેજ અને ઊજળાં બને નહિ ત્યાં સુધી શહેરનાં ઝાકઝમાળ દૃશ્ય નિરર્થક છે. રાજમહેલ કે ગવર્નમેન્ટ હાઉસ ગમે એટલાં દેદીપ્યમાન હોય છતાં ઝૂંપડી કેવી છે એ પ્રશ્નના ઉત્તર ઉપર રાજ્યની પ્રગતિનો આધાર રહેવાનો છે; શહેરના રસ્તા ભલે ચોકખા અને સો ફૂટ પહોળાઇના રચાય; છતાં ગ્રામ્ય રસ્તાઓ કીચડ ભરેલા રહેશે તો ભવિષ્યનો ઇતિહાસકાર જરૂર રાજ્ય-વ્યવસ્થામાં કાંઇ મેલ શોધી કાઢવાનો. આખા જગતમાં પુનર્ઘટના થઇ રહી છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ગામડાં શાપિત રહેવાને સર્જાયેલાં નથી જ. તેમની પુનર્ઘટના બહુ જ મહત્ત્વની છે. છેવટે જગતની પુનર્ઘટનાનો અમલ તો ગામડાંદ્વારા જ થવાનો છે.

**ગ્રામોન્નતિના પ્રયત્નો**

અંગ્રેજ સત્તાની શરૂઆતને આપણે વર્તમાન યુગના આરંભસ્થાન તરીકે ગણીએ તો તેમાં હરકત નથી. ધર્મ, સમાજ અને રાજ્ય એ સર્વમાં પ્રગતિકારી કે ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ થવા લાગી. એ પ્રવૃત્તિઓને અંગે અથવા દુષ્કાળ જેવી આફતોને અંગે ગામડાં તરફ જોવાની ઓછી વધતી જરૂર પણ પડવા લાગી. સરકારી અને બિન સરકારી બધા પ્રયત્નો ગણાવી જવાની અત્રે જરૂર નથી. માત્ર ક્રિશ્ચિયન મિશનરીઓ, સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી જેવી સમાજો, અને આર્યસમાજનાં ગુરુકૂળો કંઇક અંશે ગ્રામપુનર્ઘટનામાં ઉપયોગી થઈ પડે એવી પ્રવૃત્તિઓ કરવા લાગ્યાં હતાં એટલું અત્રે નોંધવું યોગ્ય થશે.

**પંચાયત અને સહકાર્ય**

સરકારી રાહે લૉર્ડ રીપનની કારકિર્દી દરમિયાન સ્થાનિક સ્વરાજ્યનું મહત્ત્વ સ્વીકારાયું, અને ચાલુ સદીની શરૂઆતમાં સહકાર્ય પદ્ધતિથી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવાના પ્રયત્નો થવા લાગ્યા.

**શ્રી. સયાજીરાવનું સ્થાન**

વડોદરા રાજ્યના સદ્ગત શ્રીમંત મહારાજા સયાજીરાવ પણ ત્રણ ચાર દસકા લોકોના–દેશના–આદર્શ બની શક્યા હતા. તેમણે વહીવટમાં એક સ્વપ્નદ્રષ્ટાનો ઉત્સાહ અને મુત્સદ્દીની યોજકશક્તિનું સુંદર મિશ્રણ કરી ફરજિયાત કેળવણી અને પંચાયતો સ્થાપી ગ્રામ્યજીવનને ઉન્નત બનાવવાના યશસ્વી પ્રયત્નો કર્યા છે. એ બે પ્રવૃત્તિ-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

એમાં તેઓ બ્રિટીશ રાજ્યવ્યવસ્થાને પણ સારો બોધપાઠ આપી શકે એમ છે. તેમણે પણ સહકાર્ય પદ્ધતિ રાજ્યમાં દાખલ કરી એટલું જ નહિ પણ અંત્યજોદ્ધાર, સ્વદેશી, ગૃહઉદ્યોગોની ખીલવણી, ગુર્જર ભાષાને રાજભાષા બનાવવાની વાપરેલી દીર્ઘદૃષ્ટિ, સંસ્કાર જાગૃતિનાં આવશ્યક સાધન ગામડે ગામડે પહોંચાડવાનો કરેલો પ્રયત્ન એ બધું જોતાં રચનાત્મક કાર્યમાં તેઓ મહાત્મા ગાંધીજીના પુરોગામી બની શક્યા છે. ગ્રામોન્નતિના સિંહાવલોકનમાં તેમનું નામ મહત્ત્વનું છે.

**મહાત્મા ગાંધી**

પરંતુ ગ્રામોન્નતિના પ્રશ્નને ખરેખરો મોખરે લાવી, તેના ઉપર આખી મહાસભાની રાજ્યનીતિનું અવલંબન કરાવી રાષ્ટ્રિય કાર્યક્રમના એક મહત્ત્વના ભાગ તરીકે તેનો સ્વીકાર કરાવનાર એક મહાન વ્યક્તિનું નામ તો સહુની જીભને ટેરવે રમી રહ્યું છે. એ વ્યકિત તે મહાત્મા ગાંધી.

**દેશોદ્ધાર અને ગ્રામોદ્ધાર**

આ મહા પ્રખર ભાવનાશીલ સાધુ એક અદ્વિતીય કર્મચારી પણ છે. તેની વિશાલ દૃષ્ટિમાં હિંદસ્વરાજ્ય માત્ર દેખાય છે એટલું જ નહિ, સ્વરાજ્ય સ્થાપન કરવાનાં સાધનો પણ તેને હાથે ઘડાયાં જાય છે. દેશોદ્ધારમાં ગામડું એ બહુ મહત્ત્વની વસ્તુ છે. એટલું જ નહિ પણ તેના ઉદ્ધાર વગર દેશનો ઉદ્ધાર અશકય છે એ તેમણે સાબિત કરી દેખાડયું છે.

**ગ્રામપ્રવેશ અને ગ્રામનિવાસ**

ગ્રામ – ઉન્નતિના પ્રથમ માર્ગ તરીકે ગ્રામ – પ્રવેશ અને ગ્રામ-નિવાસને તેમણે મહત્ત્વનું સ્થાન આપ્યું છે. ગ્રામપ્રજાની વચ્ચે રહેવું, તેમની ખામીઓ-ખૂબીઓ જોવી અને સમજવી, તથા ઉદ્ધતાઈ-ભર્યાં અમલદારી કે ઉપકારક દેખાવસિવાય માત્ર સહાનુભૂતિપૂર્વક ગ્રામ-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

જનતાની સેવા કરવી એ ગ્રામઉન્નતિનું પહેલું પગથિયું છે એમ તેમણે સિદ્ધ કરી આપ્યું છે.

**ગ્રામ્ય થાણાં અને જાગૃતિ**

ગામડાંમાં તેમણે સ્થાપેલાં થાણાં કેવી જાગૃતિ લાવે છે તે કોઇથી અજાણ્યું નથી. તેમની રાજકીય પ્રવૃત્તિ બદલ ભલે મતભેદ હોય, પરંતુ ગ્રામ્ય-જનતાની જે જાગૃતિ ગાંધીજીએ સાધી છે તે જાગૃતિ અદ્ભુત છે એમ તેમના વિરોધીઓને પણ કહેવું પડે છે.

આમ આ યુગપુરુષની યોજના અનુસાર ગ્રામપ્રવેશ અને ગ્રામ-નિવાસ એ ગ્રામોન્નતિનાં આવશ્યક પ્રથમ પગથિયાં છે.

**સરકારી પ્રયત્નોની મૂળભૂત ખામી**

હિંદમાં જુદી જુદી સરકારો તરફથી ગ્રામોન્નતિના પ્રયત્નો થાય છે, એની ના નહિ. પરંતુ તે મોટે ભાગે અમલદારોની વૃત્તિ અને નિવૃત્તિ ઉપર આધાર રાખી કરવામાં આવે છે. વળી અમલદારોની અસ્થિર મુદ્દત પણ તેમાં વિઘ્નરૂપ છે. ઉપરાંત મોટે ભાગે મુલ્કી કામમાંથી ફુરસદ મેળવી ગ્રામોન્નતિનાં કરવાનાં કામ માત્ર દેખાવ અને શોભા બની જઈ કાયમનું ફળ તેમાંથી ઊપજતું નથી. લોકોની ઉન્નતિના સાચા પ્રયત્ન કરતાં તેમાં અમલદારોની હોંશિયારીનો દેખાવ વધારે પ્રમાણમાં થાય છે. એ દેખાવમાં ઊપરીઓને ખુશ રાખી પોતાની વ્યકિતગત પ્રગતિ સાધવાની વૃત્તિ પણ કંઇક અંશે રહેલી હોય છે. એટલે સેવાભાવી સ્વયં-સેવકો અને મિશનરીઓ સરખું અમલદારોનું કામ સચોટ અને સાચું બની શકતું નથી. અમલદારોનાં ગ્રામોન્નતિનાં કાર્યોમાં મહેરબાની અને શોખના અંશો મોટે ભાગે રહેલા હોય છે. ગામ-ડાંને મહેરબાની જોઇતી નથી. ગામડાંની ઉન્નતિ કોઇ પરવારતા અમ-લદારના શોખનો વિષય થઇ પડે એવી પણ ગામડાંને જરૂર નથી. તેમને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તો જોઈએ સાચો સેવાભાવી સાધુ અને ધૂની કામકરંદો ફકીર. મહિનામાં એકાદ બે રાત્રી કે દિવસ ગાળી ગામલોકોને બોલાવી તેમને મૂર્ખા બનાવી તેમની ખામીઓ બદલ શિખામણ આપી બોધ કરી ઘણું ઉપયોગી કામ કર્યું એમ માની રાત્રે ચોરાના પલંગમાં સૂઈ જનાર અમલદાર કરતાં ઝૂંપડી બાંધી થાણું નાખી પડેલો એક સચ્ચરિત્ સામાન્ય સેવક ગ્રામોન્નતિનું કામ વધારે સફળતાથી કરી શકશે.

**ગ્રામોન્નતિ એટલે શાસ્ત્ર તથા પ્રયોગ**

કારણ ગ્રામોન્નતિના પ્રશ્નો બહુ કપરા બની ગયા છે. ગામડાંના દેખાવથી માંડીને ગ્રામજનતાના સંસ્કાર સુધીના વિષયો એ ગ્રામ-ઉન્નતિના વિષયો બની ગયા છે. મરજીમાં ફાવે તે રીતે ગ્રામોન્નતિ કરવાની ભૂમિકા હવે પસાર થઈ ગઈ છે, અને એ પ્રશ્ને આખા શાસ્ત્રનું સ્વરૂપ ધારણ કર્યું છે. એટલે એ પ્રશ્ન અભ્યાસ-યોગ્ય વિષય બની ગયો છે. એટલું જ નહિ, પરંતુ તે એક મોટા વ્યવહારૂ કાર્યક્રમનું અવલંબન કરતો બની ગયો છે. તે અભ્યાસ અને પ્રયોગ બંનેને માગતા શાસ્ત્રની ભૂમિકાએ આવી ઊભો છે.

**પ્રયોગો**

તેના અભ્યાસ અને પ્રયોગ બદલ ઠીક ઠીક પુસ્તકો રચાયાં છે. પંજાબના ગુરગામ જિલ્લાના કમિશનર બ્રેને એ બદલ લગભગ ધ્યાન ખેંચતી શરૂઆત કરી છે. અને સારા પ્રયોગો પણ કર્યા છે. વડોદરા રાજ્યમાં પણ થતા પ્રયત્નો પરસ્પર સંકલિત બનાવાય તો એક ગ્રામોન્નતિની વડોદરાપદ્ધતિ નામની એક સ્વતંત્ર ધ્યાન ખેંચવા લાયક વ્યવસ્થા જાહેરમાં આવી શકે. એ સિવાય મૈસુર, મદ્રાસ વગેરે પ્રદેશોમાં ઓછા વધતા પ્રયત્નો થઈ રહ્યા છે. માર્તંડમમાં કેન્દ્રસ્થાન સ્થાપી બેઠેલા ડોકટર હેચનું કામ પણ વ્યવસ્થિત છે. મિશનરીઓની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021

महादेव देसाई



શાળાઓ, કૃષિક્ષેત્રો અને દવાખાનાં પણ આછીપાતળી ગ્રામોન્નતિના પ્રયત્નો કરે છે. દયાળબાગ અને કિર્લોસ્કરવાડી ઉદ્યોગ ઉપર ભાર મૂકી કાર્ય કરતા પ્રયોગો છે. ભીલસેવામંડળ જેવાં મંડળો પણ આ કાર્યમાં પ્રવૃત્ત બનેલાં છે. ખ્રીસ્ત સેવાસંઘનું કાર્ય પણ જાણીતું છે. સર ડેનીયલ હેમિલ્ટનની સુંદર વનપ્રદેશમાં શરૂ થએલી સહકારી વસવાટની યોજના પણ ધ્યાન ખેંચી રહી છે. વર્ધાની મગનવાડી પણ એક મહાકેન્દ્ર બની ગઈ છે. આમ કૃષિ ઉપર, ઉદ્યોગ ઉપર, આરોગ્ય ઉપર અને કેળવણી ઉપર ભાર મૂકી ગ્રામ–ઉન્નતિના પ્રયોગો ચારે પાસ થયે જાય છે. સહકારી મંડળી, પંચાયત, પુસ્તકાલય, ઔષધાલય એવી એવી સંસ્થા દ્વારા ગ્રામોન્નતિના પ્રશ્નો ઉકેલવા મંથન ચાલી રહ્યું છે.

આમ ગામડાંના આખા જીવનમાં પરિવર્તન કરવા ઇચ્છતી ગ્રામોન્નતિ એટલે શું? એમાં કયાં તત્ત્વોની ગણના થાય? એ તત્ત્વોને પરસ્પર શો સંબંધ રહેલો છે? એ પ્રશ્નો સહજ વિચાર માગે છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

૩

# ગામડું અને ઉન્નતિ પ્રકાર

**ઉન્નતિનો અર્થ**

ઉન્નતિનો અર્થ ઊંચે ચઢવું એવો થાય છે. ગામડાં હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાંથી ઊંચી કક્ષાએ જે જે રીતે ચઢાવી શકાય તે બધી રીતનો ગ્રામોન્નતિમાં સમાવેશ થાય. સામાન્યતઃ ગામડાં કેવાં હોય છે તે આપણે જોયું. પરંતુ ખરેખર ગામડાંની સ્થિતિ કેવી છે તેનો ખરો ચિતાર તો ગામડાંમાં ભળ્યા વગર ન જ આવે.

**એક ગામડાનો ચિતાર**

સરકારી કામને અંગે એક ગામડાનું શાસ્ત્રીય અને પદ્ધતિસર અવલોકન કરવાનો અને તે સંબંધી નિવેદન રજુ કરવાનો મારે પ્રસંગ આવ્યો હતો. ગામનું નામ જાહેર કરવાની જરૂર નથી, તથાપિ ઉત્તર ગુજરાતમાં આવેલું એ ગામડું સામાન્યતઃ આપણાં હિંદનાં ગામડાંનો – ઠીક કહેવાતાં ગામડાંનો – નમૂનો ગણી શકાય. ઊંડા અવલોકન પછી અને બની શકે એટલા ખરા આંકડા મેળવ્યા પછી એ ગામડાનું સ્વરૂપ કેવું છે તેનું એ નિવેદનમાં કરેલું દિગ્દર્શન અત્રે આપું છું. નિવેદન અંગ્રેજીમાં લખ્યું હતું એટલે એક ફકરો ગુજરાતીમાં ઉતારું છું. ગામડાંની પરિસ્થિતિ એ ગ્રામ-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



વ્યક્તિની સાધારણ સરાસરી સ્થિતિ ઉપરથી સહજ જણાઇ આવશે.

'આ અવલોકનને પરિણામે ... ... ... ગામનો રહીશ એટલે શું તેનું ચિત્ર આપણે સ્પષ્ટ સમજી લઇએ. એ ગામડાનો રહિશ ત્રણ વીઘાં જમીનનો માલિક અગર કબ્જેદાર છે. એ ત્રણ વીઘાંમાંથી બાર મહિને તે ત્રીસ રૂપીઆની કિંમતનો પાક ઉપજાવે છે, તેમાંથી સાડાચાર અગર પાંચ રૂપિયા સરકારધારાના તેને ભરવા પડે છે. તે અને તેનો પડોશી એ બે જણ મળી એક જાનવરની માલીકી ભાગદારીમાં ધરાવે છે. એ જ જાનવર ભેગો તે બીજા ત્રણ કુટુંબીઓ સાથે હવા અજવાળાથી રહિત ઘરમાં રહે છે. દર માસની તેની આવક પાંચ છ રૂપિયા થવા જાય છે. તેમાંથી પોતાના ખોરાક પાછળ તે દર મહિને અઢી રૂપિયા ખરચી શકે છે. રોજનું સવાશેરથી દોઢશેર અનાજ તેને મળે – મરચું મીઠું ન ગણીએ તો. ત્રીસવાર જાડું કાપડ એ તેનો વાર્ષિક પોષાક. એટલે દર માસે અડધા રૂપિયાનું તે વસ્ત્ર પહેરી શકે. મોટે ભાગે તો એ અભણ હોય છે. એકસો પાંસઠ રૂપિયાનું તેને માથે દેવું છે. પાંચ રૂપિયાની માસિક આવકમાં તેનો ખર્ચ છ રૂપિયાનો થાય છે; એટલે આવક કરતાં દર માસે એક રૂપિયો વધારે ખર્ચ તે કરી નાખે છે. એટલે દેવું તો જેમનું તેમ રહે જ : અને વધ્યે જાય.

રૂા. ૧૬૫નું તેને માથે દેવું ગણાવ્યું તેમાંનું રૂા. ૯૨ જેટલું એટલે અડધા ઉપરાંતનું દેવું લગ્ન અને મરણના કરાવરાને અંગે થયેલું હોય છે. શાહુકારો એકલા જ નહિ પરંતુ સામાજિક રૂઢિયો પણ તેને કેટલો બધો ચૂસે છે તે આ ઉપરથી સમજાશે.

બારમાંથી ત્રણ માસ તો તે નિરુદ્યમી જ રહે છે; તે દરમિયાન અંગમહેનત કે મનમહેનતનું કશું જ કામ તેને હોતું નથી. આ ત્રણ નિરુદ્યમના મહિનામાં તેની આર્થિક આવકમાં મીંડું જ હોય છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તેનો મુખ્ય ધંધો ખેતી કે ખેતીના અંગની મજૂરી. એ કામ પણ અત્યંત નિરુત્સાહથી તે કરે છે, અને તેના બાપદાદા જે ચીલે ચાલ્યા હોય તે ચીલાથી રજ જેટલો પણ તે બહાર આવતો નથી.

તે ધર્મે હિંદુ છે, પરંતુ જતા આવતા સાધુ ફકીરને મૂઠી દાણો આપવો અગર ફુરસદ હોય ત્યારે ગમે તે કોઇ દેવને પગે લાગવું તે ઉપરાંત ધર્મ વિષે તેને કશી જ ખબર હોતી નથી.

આરોગ્યરક્ષણ અને સ્વચ્છતાનું તેને ભાગ્યે જ ભાન હોય છે. મેળા, ઉજાણી અને ગરબા જેવાં આનંદનાં જૂનાં સાધનો તે ભૂલતો જાય છે અને નવા આનંદના પ્રકાર તેને જડતા નથી. સામાન્યતઃ તે મજબૂત હોય છે. અને કુદરત સાજો રાખે ત્યાં સુધી તે તંદુરસ્ત પણ હોય છે. પરંતુ જરૂર પડયે વૈદ્યકીય સારવાર તે મેળવી શકતો નથી. તેનું શરીરબળ તેના પૂર્વજ કરતાં ઓછું થતું જાય છે, એમ તે માન્યા કરે છે; પરંતુ તે સુધારવા માટે કશું જ કરતો નથી. સુધરેલી ઢબની ખેતી શું તે એ જાણતો નથી, અને ખેતી સુધરી શકે એ વાતને તે માનતો નથી. ગામમાં એક સહકારી મંડળી છે, પરંતુ તે કશું જ કામ કરતી નથી. સહકાર્યનો સિદ્ધાંત ગ્રામજીવનને સ્પર્શી શકયો જ નથી, એમ કહીએ તો ચાલે. તે રોજ ખોરાક મેળવી શકે છે એટલી તેની સ્થિતિ સારી છે એમ કહી શકાય. એ ખોરાક પૂરતો અને પુષ્ટિકારક છે કે કેમ એ પ્રશ્ન જુદો જ અભ્યાસ માગી લે છે. ગામમાં સરકારી મહેસૂલની બાકી બિલકુલ રહેતી નથી એ જોતાં ઠાકરડાઓનાં અત્યંત નિર્ધન ગામ જેટલી અવદશાએ આ ગામ પહોંચ્યું નથી એટલું ખરું. તે ગુન્હાઇત વૃત્તિવાળો નથી. વર્ષો થયાં એકે ય ગુન્હો આ ગામે નોંધાયો નથી. તેને દાવાદુવીનો બહુ શોખ નથી—જો કે તેના શાહુકારો વખતો વખત તેને અદાલતમાં ઘસડે છે. સ્થાનિક સ્વરાજ્યની ગ્રામ પંચાયત સંસ્થામાં તેને કશો જ રસ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



નથી; ઊલટું તેને એમ લાગે છે કે આ અર્ધ સરકારી સંસ્થાથી દૂર રહ્યા સારા. તેની સ્થિતિમાં તે નિરુત્સાહભર્યો સંતોષ માની બેસે છે, અને તે સુધારવા તરફ તેનું જરા પણ વલણ હોતું નથી. આમ છતાં તેના તરફ માયાળુ અને સમભાવભર્યું વર્તન કોઈ રાખે તો તેને અપાર આનંદ થાય છે, અને વિવેકથી તેને જે કહેવામાં આવ્યું હોય તે કરવા પ્રવૃત્ત થાય છે.'

ગ્લાનિભર્યું ચિત્ર

આ આપણો ગ્રામ્યવાસી. એના ઉપરથી એના ગામડાની કલ્પના કરી લેવાય એમ છે. આ હિંદુઓનું ગામડું હતું. કોઇ ગામડામાં હિંદુમુસલમાન ભેગા રહેતા હોય. વળી આ ગામડું તો કાંઈક ઠીક ગણાય. બીજાં ગામડાં ઘણાં એવાં છે કે જેમની સ્થિતિ આના કરતાં પણ ઊતરતી હોય. સામાન્યતઃ ઉપરના ચિત્રને નમૂના તરીકે સ્વીકારી લઇએ તો પણ તે અતિશય ગ્લાનિ ઉપજાવે એમ છે. એ આનામાં પોતાનું પેટ ભરતો, ૩૦ વાર કાપડમાં આખા વર્ષ સુધી પોતાના દેહને ઢાંકતો ગામડિયો નિહાળી ગાંધીજી સરખા યુગપુરુષને પૂરો દેહ ન ઢંકાય એટલું ટૂંકું વસ્ત્ર પહેરવાની અને એ આનામાં પોતાનું ગુજરાન કરવાની વૃત્તિ જાગૃત થઈ આવે એમાં શું આશ્ચર્ય? ખરેખર ગ્રામ્ય-જનતાની દરિદ્ર અવસ્થા વિચારશીલ મનુષ્યોને નીચું જોવડાવે એવી છે, સહૃદયી મનુષ્યોનાં દિલને હલાવી નાખે એવી છે, અને મોજશોખમાં પૈસા ગાળતા ધનિકને લજાવે એવી છે. દરિદ્રનારાયણની હરકોઈ પ્રકારની સેવા આજે હિંદવાસીઓનો પ્રથમ ધર્મ થઇ પડી છે.

ગ્રામોન્નતિના પ્રકાર

ગ્રામોન્નતિ એ બહુ વ્યાપક શબ્દ છે. ગ્રામજનતાનું કલેવર હાડ-પીંજર સરખું બન્યું છે, અને તેનું માનસ મૂર્છાવશ થયું છે. એટલે ગ્રામોન્નતિ સર્વ પ્રકારની ઉન્નતિ માગી લે છે. કોઇને તેનો



શ્રી મહાદેવ દેસાઈ ગ્રંથાલય
ક્રમાંક
વર્ગાંક

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



પૈસો વધે એમાં ઉન્નતિ દેખાય; કોઇને તેમાં ધર્મભાવના જાગે તો ઉન્નતિ દેખાય; ગામડાંની અનિષ્ટ રૂઢિયો દૂર થાય એમાં કોઇને ગ્રામોન્નતિ થતી લાગે; અને ગામડાંનું અભણપણું નાબૂદ થાય એને જ કોઇ ગ્રામોન્નતિનું મૂળબીજ માને. અત્રે એ સર્વ પ્રકારની ઉન્નતિને બે વિભાગમાં વહેંચી નાખી ગ્રામોન્નતિનાં જુદાં જુદાં મહત્ત્વનાં તત્ત્વોનો સહજ સ્પર્શ કરવા પ્રયત્ન થઈ શકે એમ છે.

ગ્રામોન્નતિ

આર્થિક — સામાજિક.

આમ ગ્રામોન્નતિના પ્રશ્નને (૧) આર્થિક અને (૨) સામાજીક ઉન્નતિમાં વહેંચી નાખવાથી તેનાં જુદાં જુદાં અંગો સમજવાં સહેલાં થઈ પડશે. જો કે ગ્રામોન્નતિના બંને પ્રકાર પરસ્પરનું અવલંબન લઇ જ રહ્યા છે એ ન ભૂલવું જોઇએ. આર્થિક ઉન્નતિ સામાજિક વિકાસને સાધવામાં સહાયભૂત છે, અને સામાજિક ઉન્નતિના પ્રયાસોમાં આર્થિક સુખ પણ સમાયલું છે, એટલે આ બંને વિભાગો પરસ્પર ઉપકારક છે જ એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે.

**મૂડીવાદ અને સામ્યવાદ**

ગામડાંની દરિદ્રાવસ્થા આપણે જોઇ. માનવીને પેટપૂર ખાવાનું ન મળે અગર તાત્કાલિક ક્ષુધા તૃપ્ત થાય એટલું જ મહામુશીબતે મળે એ જગતને શરમાવનારી સ્થિતિ ટાળવાના પ્રયત્નો અતિ આવશ્યક છે. માનવજાતની ગરીબી મૂડીવાદને આભારી છે કે નહિ એ અર્થશાસ્ત્રના મહાપ્રશ્નની ચર્ચા અહીં આપણે નહિ કરીએ; છતાં એટલું તો ખરું જ કે માનવજાતની એકેએક વ્યક્તિને માટે પૂરતો ખોરાક

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



અને પૂરતું દેહઢાંકણ ઊપજી શકે છે–ઊપજે છે જ, છતાં તેની વહેંચણી કરતાં હજી આપણને આવડયું નથી. તેથી જ માનવજાતનો એક વિભાગ ખોરાકપોષાકના ઢગલા ઉપર બેસી ગંજીના કૂતરાનો ભાવ ભજવે છે, જ્યારે માનવજાતનો બીજો મોટો વિભાગ પેટભર અન્ન પામતો નથી, એટલું જ નહિ પરંતુ એ અન્નવસ્ત્રના ઢગલાને વેડફાતો અગર નિરર્થક સંગ્રહાતો જોઇ બળીઝળી રહે છે. જગતની આર્થિક ઉન્નતિ મૂડીવાદથી સધાય કે સામ્યવાદથી સધાય તેનાં અન્વેષણો અને પ્રયોગો ચાલુ થઇ ગયાં છે, અને મૂડીવાદના મોરચા પાછા હઠતા જાય છે એમ સ્પષ્ટ દેખાઈ આવે છે. મૂડીવાદ–અર્થવાદ માનવજાતની ગરીબી ટાળી શકયો નથી, માનવજાતના સંસ્કારને દીપાવે એવી વ્યવસ્થા ઊભી કરી શકયો નથી અને ભૂમિલોભ, રાજ્યલોભ, ધનલોભમાં ઘડી ઘડી યુદ્ધની મહા જંગલી, ઘાતકી, અને માણસાઇને લજાવનારી ભૂમિકાએ માનવીને લેઈ જાય છે એટલું તો સહજ સમજાય એમ છે.


આ અર્થવાદ અને સામ્યવાદના ઝડપથી સામે આવતા પ્રશ્નનો માત્ર ઉલ્લેખ કરી ગ્રામોન્નતિનાં વ્યવહારુ આર્થિક અંગોને એક પછી એક વિચારીએ.

આર્થિક ઉન્નતિ એટલે શું તેનો એકત્ર વિચાર આવી શકે એટલા માટે તેનાં અંગ ઉપાંગોનું વૃક્ષચિત્ર નીચે આપ્યું છે. આ ઉપરથી જ જણાઈ આવશે કે ગ્રામોન્નતિનો પ્રશ્ન એ ફક્ત વાતો કરવાનો કે ખેડૂતોને શિખામણ આપી બેસી રહેવાનો પ્રશ્ન નથી. એનો ઉકેલ બહુ વિચારણા, પ્રયોગ અને ભોગ માગે એમ છે.

**આર્થિક ઉન્નતિ**

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ




હવે એક પછી એક આર્થિક ઉન્નતિનાં અંગોની ઉપરછલી સમીક્ષા કરી લઇએ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

૪

## ખેતી - સુધારણા

ગામડાંની આર્થિક ઉન્નતિનો મૂળ પાયો ખેતીસુધારણામાં રહ્યો છે. ખેતી ઉપર જ હિંદુસ્તાનનો આધાર છે. ખેતી એ હિંદનો મોટામાં મોટો ધંધો છે. હિંદની એંશી ટકા વસ્તી ખેતીને આધારે જીવે છે. એ ખેડૂતને એક વાચનમાળામાં જગતનો તાત કહ્યો છે તે હિંદ માટે તો તદ્દન ખરું છે. એ ખેતી અત્યારે દરિદ્ર ધંધા તરીકે ગણાતી જાય છે. ભણેલી પ્રજાનું લક્ષ ખેતીમાં જરા પણ ચોંટતું નથી. જેનામાં અક્કલ, આવડત અને હોશિયારી હોય તે ખેતીના ધંધામાં રહે જ નહિ એવી સામાન્ય માન્યતા થઈ પડી છે. ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ ચાકરી એ કહેવત આજ નિર્જીવ બની ગઇ છે, પલટાઇને ઊલટસૂલટ બની ગઇ છે અને ગામડાનું બુદ્ધિસત્ત્વ કનિષ્ઠ ચાકરીની લાલચમાં પડી ગ્રામજીવનને—જીવનઆધાર ખેતીને દરિદ્ર બનાવી રહ્યું છે.

**ખેતી ઉત્તમ ખરી?**

કેટલા ભણેલાઓ ખેતી કરે છે? ખેતીવાડીની કૉલેજમાં શિક્ષણ લઇ પસાર થયેલા ગ્રેજ્યુએટોમાંથી કેટલાએ ખેતી સુધારણાના સ્વતંત્ર પ્રયોગો કર્યા? ખેતીવાડીનું શિક્ષણ લીધા છતાં ખેતીથી દૂર રહી સરકારી તથા ખાનગી નોકરીઓ કરનાર શિક્ષિ-

**ભણેલાઓની નિષ્ફળતા**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



તેઓએ પોતાના શિક્ષણને દીપાવ્યું છે એમ જરા ય માની શકાતું નથી. ખેતીસુધારણા માટે સરકારે કાઢેલાં ખેતીવાડી ખાતાંમાં નોકરી સ્વીકારી લીધાથી ખેતીની ઉન્નતિ જરા પણ થઇ શકે એમ નથી. ખેતીને બોધની જરૂર નથી; બુદ્ધિની જરૂર છે, પ્રયોગની જરૂર છે, કલ્પનાની જરૂર છે. ભણેલી પ્રજા ખેતીથી નાસતી ફરશે તો ખેતી દુર્બળ જ રહેશે. બુદ્ધિમાનો ખેડૂતોને માત્ર બોધ કરવામાં કર્તવ્ય-સમાપ્તિ અનુભવશે તો ખેતીમાં કશો જ સાર રહેશે નહિ. ભણતર-નવીન ભણતરને માથે અનેક આરોપો આવેલા છે અને તે મોટે ભાગે ખરા છે. નવીન ભણતરે હિંદવાસીને સુંવાળો બનાવી દીધો છે, શોખીન બનાવ્યો છે, સાહસરહિત કરી નાખ્યો છે, અને શ્રમજીવનનો કાયર બનાવ્યો છે. એને પરિણામે રાજ્યનો આશ્રય ખોળી માસિક વેતનની સ્થિરતા અને અમલદારીની તુમાખી અનુભવતો ભણેલો હિંદી જેમ રાજકીય પરાધીનતા વધારતો જાય છે તેમ આર્થિક પરાધીનતા પણ તે વધારતો જાય છે. ભૂમિમાતાને પ્રસન્ન કરતી તપશ્ચર્યા ભૂલી તે સરકાર માબાપનાં બારણાં ઠોકતો ભિક્ષુક બની ગયો છે. ભણેલી અને બુદ્ધિમાન જનતાએ ભૂમિ-અભિમુખ થવાની પહેલી જરૂર છે. તે સિવાય ખેતીસુધારણા અશક્ય છે, એટલું જ નહિ પણ ગામડાંની આર્થિક ઉન્નતિનાં બીજાં અંગો પણ નિષ્ફળ જ રહે એમ છે. એથી ખેતીસુધારણાનું પ્રથમ પગલું તો એ જ છે કે બુદ્ધિમાન શિક્ષિત જનતાને ખેતીના સંસર્ગમાં સતત રાખવી.

**સુધારણાના ઇલાજ**

ખેતી સુધારણાના વ્યવહારુ પ્રશ્નને આપણે બે વિભાગમાં વહેંચી નાખ્યો છે: ૧ જમીન–સુધારણા અને ૨ પશુ–સુધારણા. પ્રત્યક્ષ ખેતી કરતી પ્રજા આપણે માનતા હોઇએ એવી બુદ્ધિવિહીન

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



નથી. વ્યાવહારિક જ્ઞાન આપણી કહેવતોમાં ગુંથાઇ ગયું છે એનો દાખલો ખેતીસુધારણાના પૂર્વ કાળથી જાણીતા થયેલા ઇલાજોની ઉક્તિમાં આપણને જડી આવશે: ખેડ, ખાતર અને પાણી : એ ખેતીનાં સાધનો. અને આજ પણ એ ત્રણ મુખ્ય સાધનો ખેતી-સુધારણાને અંગે સહુએ વિચારવાનાં રહે છે.

**ખેડૂતો અને ભણેલા-ઓનો સહકાર**

જમીનની જાત, ખાતરના પ્રયોગ, પાકની વિવિધતા એ બધી વિગતમાં અત્રે ઉતરવાનું પ્રયોજન નથી જ. એ સંબંધમાં સંરક્ષક પણ પ્રયોગશીલ ખેડૂતો, અને અનુભવહીન ભૂમિવિમુખ ભણેલાઓ વચ્ચે સર્વદા મતભેદ રહે છે. ખેતીવાડી કૉલેજમાં ભણી આવેલો ગ્રેજ્યુએટ અગર યુરોપીય ઉપરીઓના હુકમોનો અમલ કરતો અમલદાર ખેડૂતને જ્યારે ખેતીસુધારવાનો બોધ કરે છે, અને તેના સ્વાનુભવરહિત ઇલાજો બતાવે છે ત્યારે ખેડૂતને હસવું જ આવે છે. તેમ થાય એમાં નવાઇ નથી. બી. ટી. કુ. કે કિર્લોસ્કરનાં હળ ખરેખર ખેડને સુધારશે કે કેમ ? ટ્રેક્ટરના ખેડાણથી બચતી મહે-નત પાકના વધારામાં ઊગી નીકળશે કે નહિ ? પુસા ઘઉંના વાવે-તરથી ગેરુ બધે જ ઘટી જશે ? અગર અમુક ખાતર નાખવાથી દોઢો પાક થશે કે નહિ ? એ બધા પ્રશ્નો ખેડખાતરને લગતા હોઇ ધીમે ધીમે ખેતી કરતી પ્રજામાં વિચારાતા જાય છે. ઑસ્ટ્રેલિયા, અમેરિકા અને રશિયામાં મબલખ અનાજ શાસ્ત્રીય ઢબની ખેતીથી ઊપજે અને હિંદુસ્તાનમાં શાસ્ત્રીય ઢબના પ્રયત્નો નિષ્ફળ નીવડે એમાં જેટલો ખેડૂતના સંરક્ષકપણાનો દોષ છે એટલો જ—કદાચ એથી પણ વધારે દોષ શાસ્ત્રીય ઢબની ખેતીનો માત્ર બોધ કરી મોટાઈ લેનારા નોકરિયાત ભણેલાઓનો છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

એટલું તો ચોક્કસ કે આપણી ખેડ કરવાની જૂની પદ્ધતિમાં અનેક સુધારાને અવકાશ છે; વરાળ, વીજળી કે બીજી યાંત્રિક શોધખોળનો દેશ-કાળને અનુરૂપ લાભ લીધા વગર આપણે કૃષિમાં પછાત પડતા જઈએ છીએ. ખાતર વિષે પણ આપણા વિજ્ઞાનવિદોએ હજી ઘણું કરવાનું છે. ગુજરાતમાં કાચું સોનું પાકે છે એ જૂની વદંતાને ખરી કરી બતાવવાની છે. કચરો, હાડકાં અને તદ્દન નાખી દેવા જેવી ચીજોમાંથી ઉત્તમ ખાતર તૈયાર થાય છે. એ ખાતર બનાવવામાં, રાખવામાં અને વાપરવામાં ઘણી આવડત અને કુનેહ જરૂરનાં છે. નિરર્થક ગણાતી વસ્તુઓ આપણા પાકનું જીવન બની જાય છે એ જેટલું વહેલું સમજાય તેટલું સારું.

**યાંત્રિક શોધનો ઉપયોગ**

પાણી એ ખેતીસુધારણાનું ત્રીજું અતિ મહત્ત્વનું અંગ છે. કુદરતી પાણીનું સાધન વરસાદમાંથી મળી રહે છે, પરંતુ તેનું અનિશ્ચિતપણું એટલું બધું છે કે એ વરસાદ સાથે બીજાં સાધનોની પણ ખરી જરૂર ઉપસ્થિત થાય છે. માત્ર વર-સાદ ઉપર આધાર રાખી બેસનારની ખેતી ભાગ્યે સફળ થાય છે. એવી કુદરત ઉપર આધાર રાખનારી વૃત્તિને આપણી અર્થસૂચક ભાષામાં ‘ આકાશ વૃત્તિ ’ કહીએ છીએ એ વાસ્તવિક છે. ખેતીમાં ‘ આકાશ વૃત્તિ ’ સફળ થાય નહિ.

**વરસાદ**

એટલે પાણીનાં સાધનોની વિપુલતા એ ખેતીનું અતિ મહત્ત્વનું અંગ થઈ પડે છે. સામાન્યતઃ (૧) કૂવા (૨) તળાવ અને (૩) નહેર અને (૪) નદી એ વરસાદ ઉપરાંતનાં આપણાં પાણીનાં :—ખેતીનાં સાધનો ગણાય.

**પાણીનાં સાધનો**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

સામાન્યતઃ ગુજરાતમાં કૂવાનું પ્રમાણુ ધીમે ધીમે ઠીક વધતું જાય છે. સરકાર તરફથી મળતી તગાવી, ખેડૂતોની સારી સમજ, વચમાં વચમાં આવી જતાં ખેડૂતોને લાભકારી વરસ એ બધું મળી કૂવાની સંખ્યામાં વધારો થતો દેખાય છે.

**કૂવા**

સાથે સાથે એ ભૂલવું ન જોઇએ કે આપણાં તળાવો મોટે ભાગે પૂરાતાં જાય છે. હિમાયત-ખેતી ઉપયોગી તળાવો તેમ જ ગામાત-ગામની વસ્તીને ઉપયોગી તળાવો ધીમે ધીમે છીછરાં બની રહ્યાં છે, અને જો ગુજરાતની જનતા વખતસર જાગશે નહિ તો આવતી પચીસી પછી તળાવો મોટે ભાગે દંતકથા રૂપ બની જશે એવો ભય રહે છે. નિરર્થક વહી જતા વરસાદના પાણીને ભરી રાખી આખા વર્ષ સુધી પાણીનો દુષ્કાળ ફિટાડવાનું એક મહત્ત્વનું સાધન તળાવો છે. તળાવો એ માત્ર ગામ કે સીમની શોભારૂપ નથી; તે અતિ મહત્ત્વનાં કૃષિ-સાધનો છે, જેમને સરકારે તેમ જ લોકોએ વિસારી મૂક્યાં છે. તળાવો દ્વારા પાણીનો સંચય થાય છે એટલું જ નહિ પણ તળાવની આસ-પાસની જમીનઅંદરનાં પાણી ઊંચાં આવી જમીનને કસવાળી-ભીનાશવાળી રાખે છે.

**તળાવોની દુરસ્તી**

અને ગુજરાતમાં નહેરો તો છે જ નહિ. નર્મદા, તાપી, મહી અને સાબરમતી સરખી જબરજસ્ત પાણી વહી લાવતી નદીઓને આપણે નિરર્થક દરિયામાં ખાલી થવા દઇએ છીએ. ચોમા-સાનું પૂર આસપાસની જમીનમાં કોતરો પાડી જમીનને નિરુપયોગી બનાવી દે છે એ આપણે જોઇએ છીએ.

**નદીઓના પાણીનો ઉપયોગ**

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પરંતુ એ જમીનો તોડતું પાણી સ્થળે સ્થળે પાળ બંધારામાં બંધાઇ બારે માસ જમીનને લીલી રાખવાનું સામર્થ્ય ધરાવે છે એ ગુજરાત ક્યારે સમજશે ?

**નહેરો**

ગંગાની નહેરોએ આખા ગંગાના પ્રદેશને ફળદ્રુપ બનાવી દીધો છે. જુલમી અને અજ્ઞાન કે ધર્માન્ધ તરીકે ચિતરાતા મુસ્લીમ બાદશાહોએ નહેરોનું મહત્ત્વ વિચારી નહેરો ખોદાવી ખેડૂતોને સુખ કરી આપ્યું હતું. સિંધ અને પંજાબમાં નહેરોદ્વારા જમીનની ભારે આબાદી સાધવાનો પ્રયત્ન થઇ રહ્યો છે—જો કે સક્કર બરાજ જેવી ખર્ચાળ યોજનાઓનો ખાડો એ રીતે પૂરાશે કે કેમ એનો ભય રહે છે. ગુજરાતમાં નહેરોની બહુ જરૂર નથી એમ પણ કદાચ દલીલ થાય. નદીઓનાં ઉંડાણ બંધારા અને નહેરોને ખર્ચાળ બનાવી મૂકે છે એમ પણ કહેવાય છે. ગુજરાતના કમનસીબ રાજકીય ટુકડા મુશ્કેલીમાં વધારો કરી રહ્યા છે એ પણ ખરું હશે. છતાં એ પ્રશ્નો ઊભા થાય છે એ જ બતાવી આપે છે કે એના ઉકેલ અત્યંત જરૂરી છે. તેની ચર્ચામાં અત્રે ન ઊતરતાં એટલું જ કહેવું બસ થશે કે ગુજરાતની મહા નદીઓનાં પાણી નિરર્થક વહી જાય છે. ખેતી, વ્યાપાર કે વીજળી માટે તેમનો ઉપયોગ કરવાનું સ્વપ્ન ખરું પાડનાર કોઇ વિશ્વેશ્વરૈયા ગુજરાતમાં શું નહિ જન્મે ?

**ક્ષેત્રોના ટુકડા**

ખેતીસુધારણામાં હજી બીજા અનેક પ્રશ્નો વિચારવાના રહે છે. આપણા ક્ષેત્રોના ટુકડા એટલા બધા પડી ગયા છે કે નાની નાની માલિકીની જમીનોમાંથી શ્રમના પ્રમાણમાં ઉત્પન્ન આવી શકતું નથી. હિંદુ વારસાઇના નિયમો તેમ જ આપણી સામાજિક અને આર્થિક સ્થિતિ આ નિરુત્પાદક ટુકડાઓના કારણરૂપ છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

આર્થિક વિકાસ કેટલેક અંશે આવા વિભાગીકરણને લીધે પણ અટકે છે એ ભૂલવું ન જોઇએ. એકત્ર કુટુંબની ભાવના જ્યારે જાગ્રત અને જીવંત હતી ત્યારે જમીનના ટુકડાઓ ઉપર સહજ અંકુશ રહેતો, અને કુટુંબીઓ સઘળા મળી અમુક જમીનની ખેતીમાં હિતસંબંધ ધરાવતા. તેથી એક જાતનો સહકાર્ય સિદ્ધાન્ત અમલમાં આવતો. હવે સંયુક્ત કુટુંબ વિભક્ત બનતું જાય છે એટલે જમીનો પણ ટુકડે ટુકડે વહેંચાઇ જાય છે. પરિણામ એ આવે છે કે ખેતીથી ગુજરાન ચલાવવું મુશ્કેલ થઈ પડ્યું છે.

**જમીન એકજથે કરવાની જરૂર**

આવા ટુકડાઓના ગેરલાભ અટકાવવા જમીન એકજથે કરવાના પ્રયત્નો પણ સહકાર્યના સિદ્ધાન્ત અનુસાર કરવામાં આવે છે. તેનું પરિણામ જોઇએ એવું નથી જ આવ્યું. છતાં ટુકડાઓ પાડવામાં સમાયલું અનિષ્ટ એ સહુને દેખાય એવું છે. એ વ્યક્તિગત ટુકડાઓને કૃષિના કાર્ય અર્થે ભેગા કરી સામટી જમીનમાં ખેતીના વિસ્તૃત પ્રયોગો કરી ઉત્પન્ન વધારી વહેંચી લેવાની મોટી જરૂર આજે ઊભી થઈ છે.

**જમીન મહેસૂલની પદ્ધતિ, ભાગબટાઇ અને રૈયતવારી**

ઉપરાંત જમીનમહેસૂલની પદ્ધતિ પણ કૃષિના વિકાસમાં કેટલેક અંશે વિઘ્નરૂપ છે એમ વિચારકો જણાવે છે. જમીન સહન ન કરી શકે એવો જમીન ઉપર વેરો રૈયતવારી પદ્ધતિમાં દાખલ થઇ જાય છે એવી માન્યતા જોર પકડતી જાય છે. પ્રાચીન ભાગબટાઇ પદ્ધતિમાં એક તત્ત્વની ચોકસાઇ હતી : જમીનમાં જે ખરેખર ઊપજે તેનું અવલંબન લઇને સરકાર પોતાનો દર વર્ષે ભાગ લે. રૈયતવારી પદ્ધતિમાં જમીનમાં ઊપજવાની જે શકયતા સરકારી અમલદારો નકકી કરે તે શકય

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



તાનું અવલંબન લઇ સરકાર પોતાનો ભાગ દર વર્ષ માટે પંદર કે ત્રીસ વર્ષ સુધી નિશ્ચિત કરી તે પ્રમાણે વેરો લે છે. એક ખરેખર ઉત્પન્ન ઉપર અને બીજું શક્ય ઉપર આધાર રાખે એમાં શું પસંદ કરવા જેવું હોય તે સહજ સમજી શકાય એમ છે.

**બન્ને પદ્ધતિના દોષ**

છતાં ભાગબટાઈ પદ્ધતિમાં દોષ નહોતા એમ કહેવાય નહિ; સરકારના નોકરોમાં એથી લોભલાલચ મોટા પ્રમાણમાં જાગવાનો સંભવ રહેલો છે એ ભૂલવાનું નથી. તે જ પ્રમાણે રૈયતવારી પદ્ધતિમાં જમીનના દર નક્કી કરનારા અમલદારો સામાન્યતઃ સરકારમાં વધારો દેખાડવાની લાલસા છોડી શકતા નથી એ પણ ભૂલવા જેવું નથી. એટલું તો ચોકકસ છે કે આજના દર ખેડૂતને પોસાતા નથી. ખેતીવાળી જમીનનું મહેસૂલ આયપત વેરાની ઢબે — ખરેખરા ઉત્પન્ન ઉપર લેવું જોઇએ એવી પણ સંભાવના કેટલાક વિચારકોને માન્ય બની છે.

**ખેતીવાડી કમીશન**

ખેતીનો આ મહત્ત્વનો પ્રશ્ન હિંદમાં તો ખૂબ ચર્ચાઇ રહ્યો છે. એક મહા મંડળ–કમીશને એક દસકા ઉપર હાલના નામદાર વાઇસરૉય લોર્ડલીનલીથગો-ના પ્રમુખપણા નીચે એક વ્યાપક નિવેદન પણ બહાર પાડયું છે.

**સરકારી ખાતાં અને પ્રયોગક્ષેત્રો**

પ્રાન્તિક સરકારો અને દેશી રાજ્યોમાં ખેતીવાડી ખાતાં સ્થપાઈ ગયાં છે, અને એ ખાતાં દ્વારા પ્રયોગક્ષેત્રો ઉપર પાકના અખતરા થાય છે, ખાતર અને પાકનાં પ્રમાણ વિચારાય છે, ખેતીનો નાશ કરનારાં જીવજંતુનો તથા રોગનો સામનો કેમ કરવો તેના પ્રયોગો થાય છે, અને પ્રયોગક્ષેત્ર ઉપર મેળવાયલા અનુભવને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પ્રચાર દ્વારા ગામડે ગામડે ખેડૂતો પાસે મૂકવાની યોજનાઓ રચાય છે.

એ પ્રવૃત્તિ પાંગળી ન રહેતી હોય તો ઘણું લોકોપયોગી કામ થઈ શકે.

**નવીન કૃષિ વસવાટ**

સિંધ, પંજાબ વગેરે પ્રાન્તોની નહેરોના પ્રદેશમાં નવીન કૃષિ-વસવાટો પણ થાય છે, અને પરપ્રાન્તીય સાહસિક ખેડૂતોને અને કેંક અંશે બેકાર ભણેલાઓને તેમાંથી જમીન આપવાની પ્રથા પણ શરૂ થઇ ગઇ છે.

**ગણોત અને સાંથ**

ખેતીની સાથે જમીનદાર, ખાતેદાર, ખેડૂત, અને મજૂર-કિસાનના હક્ક સંબંધી પ્રશ્નો પણ આગળ આવી રહ્યા છે. વિશાળ જમીન ક્ષેત્રો હાથ કરી તલપૂર શ્રમ વગર ખેડૂત અને મજૂરની મહેનત ઉપર મોજ કરતો જમીનદાર એ કૃષિજીવનનું પક્ષાઘાતી અંગ બનતો જાય છે. ખાતેદાર કાં તો જમીનને ભાડે આપી જમીનદારનો સ્વાંગ લે છે અગર મજૂરો પાસે કામ કરાવી જાતે કામ કર્યાનું મિથ્યાભિમાન સેવી એક નિષ્ફળ દેખરેખ રાખનાર બની જાય છે. એ બન્ને વર્ગને જમીનનો નહીં, પણ જમીનના શ્રમરહિત ઉત્પન્નનો મોહ છે. ભૂમિ એ તેમની સગી નહિ પણ ઓરમાન મા બની ગઈ છે. જમીનને કેળવનાર ખેડૂત અને મજૂરની પાસેથી વધારેમાં વધારે લાભ ખેંચી લેવાની આકાંક્ષાવાળા આ વર્ગ ખેતીની અવનતિના એક મહત્ત્વના કારણરૂપ છે.

ધીરધાર કરનાર શાહુકાર કેટલીક વખત મૂડીના બળે ખેડૂત ખાતેદારોની જમીનનો માલિક બની જમીનદાર વર્ગમાં ઘૂસી જઈ જમીનદાર જેવો હાનિકારક ભાગ ખેતીને અંગે ભજવી રહ્યો છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

જેણે જમીન જોઇ નથી, જેને જમીન જોવી નથી, જમીન ઉપર જેને પ્રત્યક્ષ પ્રેમ નથી, ખેતીની જેનામાં આવડત નથી, ખેતીમાં જેને રસ નથી, ખેતી સુધારણાનો વિચાર કરવાની જેને ઇંતેજારી નથી, એવા જમીનદાર, ખાતેદાર, અને શાહુકારોના હાથમાં જમીનની માલિકી આવી જતાં પ્રત્યક્ષ ખેતી કરનાર ખેડૂત અને મજૂર ચુસાઇ જઇ જમીન અને જમીનના પાક પ્રત્યે સ્વાભાવિક રીતે જ ઉદાસીન રહે છે. સઘળાં કાર્યમાં ઉત્સાહની જરૂર છે. ખેતીમાં તો ઉત્સાહ અવશ્ય અને વિશેષ જોઇએ. જમીન ભાડે રાખનાર ગણોતિયા અને મજૂરોની મહેનત—જમીનને કૃષિને—જીવતી રાખતી હોય તો જમીનદાર, શાહુકાર અને ખાતેદારે કોઇ પણ કારણે જમીનની માલિકી મેળવી લીધી એટલા જ બહાના નીચે જમીનભાડાની—ગણોતની—સાંથની રકમને બોજા રૂપ બનાવવાની પૂર્ણ સત્તા ધરાવે એ ઇચ્છવા યોગ્ય તો નથી જ. સ્વાર્થની દૃષ્ટિએ જોઇએ તો ઉત્સાહરહિત ખેડૂત ખેતીને બગાડશે જ; સુધારશે નહીં. તેની મહેનતનો મોટો ભાગ જમીનદાર કે ખાતેદાર લઇ જાય તો તેને મહેનત કરવાનો, બુદ્ધિ વાપરવાનો, પ્રયોગ કરવાનો ઉત્સાહ પણ શાનો રહે ?

એટલે જમીનભાડાં ઉપર અંકુશ મૂકવાના કાયદાઓ પણ ઘડવાની જરૂર પડી છે, અને લગભગ દરેક પ્રાન્ત કે મોટા રાજ્યમાં આવા કાયદાઓ અમલમાં આવી ચૂકયા છે, અગર અમલમાં મૂકાવાની તૈયારીમાં છે.

**દેવાનું ભારણ**

વળી ખેડૂતનાં જૂનાં દેવાનો પ્રશ્ન પણ વિકટ બની ગયો છે. ખેડૂતનું કુલ દેવું કરોડો અને અબજો રૂપીઆ જેટલું ગણાય છે. એ દેવું ખેડૂતને શાહુકારનો આજન્મ નહિ—પેઢી દર પેઢી ગુલામ બનાવી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



રાખે છે. આ દેવાં ઘટે, ખરેખર દેવાં નક્કી થાય, ખોટા હિસાબો પકડાય, અમાનુષી અને અસહ્ય વ્યાજભારણ ઘટાડી દેવાય, ખેડૂતની દેવું વાળવાની શક્તિનો વિચાર થાય, અને હિંદમાં ખરું ઉત્પાદન કાર્ય કરતો ખેડૂતવર્ગ ભાંગી ન જાય એ સઘળા વિચારોને પરિણામે શાહુકારોના ધીરાણના ધંધાને પણ કાયદા–દ્વારા અંકુશમાં મૂકવાના પ્રયત્નો થઈ રહ્યા છે, અને આ અત્યંત મહત્ત્વના વર્ગને સામાન્ય કાયદાઓનું યંત્ર પીસી ન નાખે એ અર્થે તેને રક્ષણ આપે એવા વિશિષ્ઠ નિયમો અને કાયદાઓ ઘડવાની પણ જરૂર પડી છે.

ખેતી ઉન્નત કરવી હોય તો ખેતી કરનારને સહુએ સાચવી સંભાળી રાખવો પડશે. ગુલામી ઉપર રચાયલી સંસ્કૃતિ રેતીના પાયા ઉપર ઉભેલી છે એમ ઇતિહાસ કહી રહ્યો છે. નોકરો ઉપર રચાતી વર્તમાન સંસ્કૃતિ પણ ગુલામીનો જ એક પ્રકાર છે. ખેડૂતને, મજૂરને વેચાતો લેવાની પ્રથા ખેતીનાં મૂળ ખોદી નાખે છે.

કૃષિનો પ્રશ્ન બહુ વિકટ છે. છતાં તેને ઉકેલ્યે જ છૂટકો.

ગામની આર્થિક ઉન્નતિમાં કૃષિ એ સહુથી પહેલો અને સહુથી મહત્ત્વનો ભાગ છે. તેમાં જમીન-સુધારણાના અંગમાં નીચેની બાબતો વિચારવાની જરૂર છે.

**સારાંશ**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

- જમીન સુધારણા
  - ૧ ખેડ
    - નવી ઢબનાં ઓજારો
    - જૂની ઢબનાં ઓજારો
    - બંનેનો સમન્વય
  - ૨ ખાતર
    - વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ
  - ૩ પાણી
    - કૂવા
    - તળાવ
    - નદી
    - નહેરો
  - ૪ જમીનના ટુકડાનો અટકાવ
  - ૫ જમીન મહેસૂલનું તથા સાંથનું ભારણ.
  - ૬ ખેડૂતના આર્થિક જીવનની પુનર્ઘટના
    - દેવાનો ફેડ
    - ચાલુ જરૂરિયાતને પહોંચી વળવાનાં સાધનો.
    - ખેડૂત મજૂર ગણોતિયાના કાયમ હક્કની સ્થાપના.

ઉપરનો આખો પ્રશ્ન બુદ્ધિમાનો અને ભણેલાઓ જ્યાં સુધી જાતે ઉકેલે નહિ ત્યાં સુધી ગૂંચવણભર્યો જ રહેશે. એક વિચારકે કહ્યું છે કે ઘાસના એક પાંદડાને બદલે બે પાંદડાં ઉપજાવનાર પુરુષ જગત ઉપર સાચો ઉપકાર કરે છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

# ૫

## પશુ – સુધારણા

ગામડાંની આર્થિક ઉન્નતિનો અતિ મહત્ત્વનો વિભાગ ખેતી-સુધારણાનો છે. તેમાં જમીનસુધારણાના મૂલભૂત અંગનું લંબાણથી વિવેચન થઈ ગયું છે. ખેતીમાં જેમ જમીન એ અતિ મહત્ત્વનું અંગ છે, તેમ ઢોર પણ એવું જ ઉપયોગી અંગ છે. હજી વીજળી અને વરાળનો ઉપયોગ કરી ખેતીમાં જનાવરોને નિરુપયોગી બનાવવા જેવી કક્ષાએ જગત પહોંચ્યું નથી. હિંદ તો નહિ જ. અને હજી લાંબા વખત સુધી ઢોર વગર ચલાવી શકાશે નહિ એમ લાગે છે. ઢોર વગર ખેતી અશક્ય બની જાય એમ છે.

**પશુ અને કૃષિ**

માનવજીવનમાં – માનવસંસ્કૃતિમાં જનાવરોએ અતિ મહત્ત્વનો ભાગ ભજવેલો છે. હિંદુસ્તાન આટલી ઝડપથી મુસલમાનોએ જીતી લીધું તેનાં કેટલાંક કારણોમાં ઇતિહાસકાર એ પણ કારણ જણાવે છે કે હિંદુઓની પાસે મધ્ય એશિયાના જેવા તેજસ્વી ઘોડાઓ નહોતા. હિંદુઓનાં લશ્કરોમાં ઘોડાઓ ઊતરતી પંક્તિના હતા તેથી તેમણે સ્વાતંત્ર્ય ખોયું. આમ સ્વાતંત્ર્યનો અને અશ્વનો નિકટ સંબંધ દર્શાવવામાં પશુઓના, માનવ જીવનમાં રહેલા મહત્ત્વના સ્થાનનો વિચાર રહેલો દેખાઇ આવશે.

**પશુ અને માનવ સંસ્કૃતિ**



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**ગોપ ભૂમિકા**

માનવસમૂહના વિકાસમાં એક એવી ભૂમિકા આવે છે કે જેમાં માનવી ટોળાંબંધ પાળેલાં જનાવરોને લેઇને ફરતો હોય છે. વિકાસની આ ભૂમિકા ગોપ–ભૂમિકા – Pastoral Age તરીકે ઓળખાય છે.

**ગાય અને હિંદુ સંસ્કૃતિ**

કૃષિપ્રધાન આર્ય સંસ્કૃતિમાં ગાય એ પવિત્રમાં પવિત્ર સંકેત છે. હિંદુ–સંસ્કૃતિ ગાયને અનુલક્ષીને રચાઇ છે એમ કહીએ તો તે છેક ખોટું નથી. ગાય એ હિંદુને મન માતા છે. પૃથ્વી પણ ગાયનું જ સ્વરૂપ ધારણ કરતી કલ્પાય છે. મનકામના પૂર્ણ કરનાર સ્વર્ગીય સાધનોમાં કામધેનુને ગણાવી છે. રાજાઓનું બિરદ ગૌબ્રાહ્મણ પ્રતિપાળનું ગણાય છે. ગાયના સોગન એ આકરામાં આકરા સોગન છે. ગાયના દેહમાં સર્વ દેવોનો નિવાસ ગણાયો છે. ગૌદાન એ પરમ ધાર્મિક દાન મનાયું છે. ગૌવધ એ મહાપાપ ગણાય છે, અને હિંદમાં આવેલા ઘણા મુસલમાનોએ તથા પારસીઓએ પણ ગૌવધ નિષિદ્ધ ગણ્યો છે. આમ પૃથ્વી–કૃષિ અને પશુસંપત્તિના સંકેત સરખી ગાયનું આવું ઉચ્ચ સ્થાન દરેક રીતે સૂચક છે. માનવસંસ્કૃતિમાં જનાવરના હિસ્સાનું માપ તેમાં દેખાય છે. ગાય, ભેંશ અને બળદ એ કૃષિકારનાં નિત્યસાથી. એમના વગર ખેતી શકય નથી. પશુ વગરનો ખેડૂત હોઇ શકે જ નહિ.

**પશુના વર્ગ**

જેમ જમીન એ ખેતીનું મુખ્ય સાધન, તેમ જમીનને ફળદ્રુપ બનાવવાની મહેનત કરનાર જનાવર એ ખેતીનું બીજું મુખ્ય સાધન. પશુને પણ આપણે બે વિભાગમાં વહેંચી શકીએ: ( ૧ ) કૃષિ ઉપયોગમાં આવતાં અને ( ૨ ) અન્ય ઉપયોગમાં આવતાં.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

કૃષિની સાથે પ્રત્યક્ષ સંબંધ ધરાવતાં જનાવરોમાં આપણે ગાય અને બળદને ગણાવી શકીએ. હળ ખેંચવા, ગાડાંમાં જોડવા, ધાણી કે શેરડી પીલવાના યંત્રને–કોલુને ચલાવવા, કોસે જોડવા બળદનો જ મુખ્યત્વે ઉપયોગ થાય છે. બળદ વગર ખેતી શકય નથી.

ગાય વગર બળદની ઉત્પત્તિ ન જ હોય.

ઉપરાંત ગાય કૃષિ સાથે સંકળાયલા ગોપાલનના ધંધામાં પણ બહુ ઉપયોગી પ્રાણી છે. એવી જ રીતે ભેંશ પણ ખાસ કરીને ગુજરાતમાં ગોપાલન–દૂધઘીના ઉત્પાદનમાં બહુ જ મહત્ત્વનું પ્રાણી ગણી શકાય.

આમ એક પાસ ખેતી દ્વારા અનાજ આપતા અને બીજી પાસ દૂધઘી જેવા પૌષ્ટિક ખાદ્ય પદાર્થો પૂરા પાડતા આપણા પશુ-ધનની દશા આપણા કૃષિકારો સરખી જ–તેથી પણ વધારે દીન છે એમ કહીએ તો ચાલે.

હિંદમાં જેટલાં માણુસ એથી અર્ધાં જનાવર એમ કહેવું એ તેમાં રહેલા કટાક્ષને ગાળી કહાડતાં સંખ્યાની દષ્ટિએ પણ સાચું છે. લગભગ અરાઢ કરોડ કૃષિઉપયોગી અને ભારવહન તથા ગૃહઉદ્યોગમાં કામ લાગતાં પશુઓ. ઘેટાં, બકરાં, ઘોડા, ઉંટ, ગધેડાં, ગાય, ભેંશ તથા બળદ એ સર્વ માનવજાતનાં પશુમિત્રો આપણા જીવનની સાથે જ જડાયલાં છે એમ કહીએ તો ચાલે. પશુ વગર ખેતી નહીં.

પરંતુ એ મહામોંઘા મિત્રોને આપણે કેવી રીતે રાખીએ છીએ?

**પશુ પ્રત્યેનું વર્તન**

તબેલામાં તેમને રાખતા હોઇએ તો એ જગા ગંદામાં ગંદી હોય.

ગૌચર પૂરતું ન હોય અગર હોય તો તે ખરાબમાં ખરાબ જમી-નમાં આવેલું હોય. કુદરતી રીતે જે ઘાસ કે ઝાંખરાં ઉગે તેને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ઉગવા દેવામાં આવે છે, અને જનાવર સામાન્યતઃ, અગર કામે ન લાગ્યું હોય ત્યારે તો ખાસ કરીને, એ છંડાયલાં ગૌચરનાં તણખલાં ઉપર જ જીવે છે. એ ગૌચરમાં વધારે સારી જાતનું ઘાસ પૂરતા પ્રમાણમાં થાય છે કે નહિ એ નથી ખેડૂતોની કાળજીનો વિષય, નથી પંચ પટેલોની કાળજીનો વિષય, કે નથી સરકારી અમલદારોની કાળજીનો વિષય. બહુ જ થોડા ખેડૂતો જનાવરો માટે પોતાનાં ક્ષેત્રોમાં પૂરતું ઘાસ ઉપજાવતા હોય છે.

પશુરોગને અટકાવવા માટે આપણે જરાય કાળજી રાખતા નથી. કમોડી, ખરવાસ, ગળસુણાં, ઓરી, મોવાસો વગેરે દર્દોથી લાખો ઢોર નાશ પામે છે. ઘણાં દર્દો ચેપી હોય છે. એટલે એક જાનવરને દર્દ થયું કે સેંકડોને અસર થવાની. પાંજરાપોળ દર્દોને અટકાવનારી સંસ્થા નથી. નિરુપયોગી બનેલાં જનાવરોને આશ્રય આપતી એ સંસ્થાઓનો પૈસો દર્દો અટકાવવાના કામે અગર ઉપયોગી જનાવરોને બચાવવાના કામે વપરાય તો ઢોરના રોગ સંબંધી કેંક પ્રશ્નોનો ઉકેલ કરી શકાય. જનાવર જીવતાં આપણને પોષણ આપે છે, અને મૃત્યુ પછી ચામડાં અને હાડકાંને પણ માનવીની સેવામાં મૂકે છે. એ જનાવરોને જીવતાં પૂરતું પોષણ આપવું, દર્દ થયે તેમની દવા કરવી અને તેમની જાત સુદૃઢ, સબળ અને રૂપાળી બને એવા સુપ્રજનન પ્રયોગો કરવા એ શું ખરો દયાધર્મ નથી? દયાધર્મ સાથે એ ખેડૂતોનો તો મોટામાં મોટો સ્વાર્થ છે. ખેડૂતોનો સ્વાર્થ એ સૌનો સ્વાર્થ છે.

કાંકરેજી બળદ, ગીરની ભેંસ, કાઠિયાવાડી ઘોડા એ આખા હિંદભર પંકાયલા જનાવરોની જાત ગૂજરાતે ખીલવી છે. એ જાત શુદ્ધ રહે, જીવતી રહે, વધારે બળવાન થાય એ માટે પશુઉછેરના કાર્યમાં પણ ગ્રામજનતાનું પૂરતું લક્ષ રહેવું જોઇએ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



પરંતુ પશુ પ્રત્યેના વર્તનમાં આપણે કેટલા બેદરકાર બન્યા છીએ તેનો સહજ વિચાર કરીશું તો નીચેની બાબતોનો સ્વીકાર કર્યા વગર ચાલે એમ નથી.

**ઢોર ઉછેરની વર્તમાન સ્થિતિ**

૧ આપણાં કૃષિ ઉપયોગી જનાવરોની જાત બગડતી જાય છે.

૨ તેમના દેહ અને તેમની શક્તિ ગૂજરાતી જનતાની માફક ઘસાતાં જાય છે.

૩. એમાં ખેડૂતની નિષ્કાળજી પણ ઘણે અંશે જવાબદાર છે.

૪. ઢોર ઉછેરની જૂની પદ્ધતિ ભૂલતા જઈ નવી પદ્ધતિના લાભ લેતા હજી આપણે થયા નથી.

૫. ઢોરની જાત સુધારવાના પ્રયોગો જોઇએ એટલા પ્રમાણમાં થતા નથી; અને થયા છે તે જોઇએ એટલા સફળ થતા નથી.

૬. પ્રયોગોની નોંધ રહેતી નથી, અને ખેડૂતોમાં એ પ્રયોગોનાં પરિણામોનો પ્રચાર પણ થતો નથી.

૭ ઢોરનો શોખ ઓછો થતો જાય છે. એટલે પોતાની ગાય કે પોતાના બળદમાં અભિમાન લેવાની ઉત્સુકતા ભાગ્યે જ કોઇનામાં હોય છે.

૮ ઢોરના રોગચાળાની ચિકિત્સા તથા તેના ઉપાયોનાં સાધનો નહિ જેવાં છે.

ઢોરની ઉત્પત્તિના કારણભૂત યોગ્ય વાલી – નરની પસંદગીમાં ભાગ્યે કાળજી રાખવામાં આવે છે. પસંદ થયેલા નરની સંભાળમાં તો અતિશય બેકાળજી રહે છે. ગામની સહિયારી મિલકત તરીકે તે અસહ્ય બેદરકારીનો ભોગ થઈ પડે છે. અને

**ઢોરની ઉત્પત્તિનો પ્રશ્ન**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

હરાયા જનાવર તરીકે તે પોતાનો ખોરાક ગમે તે રીતે મેળવી ટોળા ભેગો ફરતો રહી અવ્યવસ્થિત રીતે પ્રજોત્પત્તિનું કાર્ય કરે છે. સારા ખેડૂતો કદાચ એમાં અપવાદરુપ હશે, ને સરકાર તરફથી પણ વાલી જનાવરો પૂરાં પાડવાના નહિ જેવા પ્રયત્નો થાય છે. પરંતુ જનાવરની જાત સુધારવા માટે એ પૂરતું નથી. લોકોની ઉદાસીન વૃત્તિ તો આમાં જવાબદાર છે જ. પરંતુ લોકનો વાંક કાઢી બેસી રહેવાથી સરકારની કે આગેવાનની ફરજ અદા થતી નથી.

**ગોપાલન (Dairy)**

જનાવરો એકલાં ખેતીમાં જ ઉપયોગી હોત તો પણ તેમની મહત્તા ઓછી ન ગણાત. પરંતુ તેઓ બીજી રીતે પણ ઉપયોગી છે એટલે તેમનું મહત્ત્વ બમણું વધી જાય છે. દૂધ અને ઘી એ મધ્યમ તથા ઉચ્ચ વર્ગના ખોરાકમાં મહત્ત્વને સ્થાને છે, અને છાશ એ ગરીબ વર્ગમાં એટલું જ મહત્વનું સ્થાન લે છે. દૂધ, ઘી તથા છાશ માટે ગાય અને ભેંશના આપણે આભારી છીએ. ખોરાકને લગતા કંઇક પ્રશ્નો જનાવરોના ઉછેર સાથે જોડાયલા છે, તેમનો વિચાર અત્રે ન કરતાં આર્થિક દૃષ્ટિએ જોઇએ તો પણ ઢોરઉછેર એ હિંદનો મોટામાં મોટો ગૃહઉદ્યોગ બની રહ્યો છે. ઘીનો ગાડવો ઊંચકી મજરીના પૈસામાંથી મરઘી વેચાતી લાવી, તેમાંથી આગળ વધી ગાય ભેંશ વસાવી તેમાંથી એક સારા વ્યાપારી કે કૃષિકાર બની મોટા કુટુંબવાળા પ્રતિષ્ઠિત ગૃહસ્થ બનવાની આકાંક્ષા રાખનાર એક મજૂરને આપણી લોકવાર્તાએ શેખચલ્લી કહી હસી કાઢ્યો છે. એની ઉતાવળને આપણે ભલે હસીએ – જીવનમાં આપણે બધાએ ઘણીવાર હાસ્યપાત્ર શેખચલ્લી બન્યા હોઇએ છીએ. પરંતુ શેખચલ્લીના સ્વપ્નમાં અશકય કશુંજ નહોતું. ભાવી દીકરાને જમવા ઉઠવાની ના પાડવાનો અભિનય તેણે મુલતવી રાખ્યો હોત તો તે જરૂર ગૃહપતિ બન્યો જ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



હોત. અને 'તારો તો ગાડવો ભાગ્યો પણ મારું તો ઘર ભાગ્યું' એવો ઘીમાલિકને જવાબ આપનાર શેખચલ્લી બીજી મજૂરીમાંથી, જરૂર પોતાની કલ્પનાને અમલમાં મૂકી ગૃહસ્થ બની ગયો હોય તો તેમાં કશી નવાઈ નથી. આજ પણ કંઈક વિધવાઓ એક ભેંશ કે ગાય રાખી તેમાંથી પોતાનું અને પોતાનાં નિરાધાર બાળકોનું પૂરું કરે છે.

ઘી, દૂધ, દહીં અને છાશ આપનાર ઢોર આમ ગૃહઉદ્યોગનું મોટું સાધન બની રહે છે, અને ખેડૂતને ખેતી ઉપરાંત બીજી આવકનું સાધન પૂરું પાડે છે. એ ગૃહઉદ્યોગને મોટા વ્યાપારના રૂપમાં ફેરવી નાખવાથી–એટલે કે ડેરી (ઘી માખણ તૈયાર કરવાનાં કારખાનાં) કાઢવાથી લાભ છે કે કેમ એ પ્રશ્નનો ઉત્તર આપી શકાય એવી સ્થિતિ હજી ઉત્પન્ન થઈ નથી. છતાં દૂધનું ખોરાક તરીકેનું મહત્ત્વ સ્વીકારાતું જાય છે અને તે મોટા પ્રમાણમાં ઉપજે એમ થવાની જરૂર સહુને લાગે છે, કારણ ખોરાક તરીકે દૂધ બાળક, યુવાન અને વૃદ્ધ એ સૌને માટે આવશ્યક હોવા ઉપરાંત તે સ્વચ્છ, જંતુ-રહિત અને ભેળસેળ વગરનું હોવું જોઈએ એમ આરોગ્યરક્ષક નિષ્ણાતો પણ જણાવે છે.

ખેડૂતો ઉપરાંત રબારી સરખી કોમો પણ એ ગૃહઉદ્યોગને આધારે જ જીવી રહી છે.

**રબારી**

રબારી કોમ એ પશુઉછેરને પોતાનો વંશપરંપરાનો અને મુખ્ય ધંધો બનાવી રહેલી કોમ છે. ગૌચરો અને બીડને ભાંગી ખેતીના ઉપયોગમાં લઈ લેવાની ખેડૂતોની તથા સરકારની ઉતાવળે રબારી કોમને બહુ મુશ્કેલીમાં મૂકી દીધી છે. જમીન–આબાદીના ઉત્સાહમાં જમીનને જીવતી રાખનાર પશુઓના ઘાસચારાનાં સ્થાન આપણે ખૂબ ઘટાડી દીધાં છે, અને પશુ ઉછેરતા રબારીઓને ગુનેગાર બનવા આપણે જ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

કારણો આપ્યાં છે. ઢોરને માટે બીડ ન હોય તો રબારીના ઢોરસમૂહે કયાંથી ખોરાક મેળવવો ? રબારી ઢોરને ખેડાયલાં ખેતરોમાં છોડી મૂકવા ટેવાય છે, ખેડૂતોના પાકને એથી નુકસાન થાય છે, અને ખેડૂત તથા રબારી એ બે વર્ગ વચ્ચે વૈમનસ્ય વધી મારામારી અને ભેલાણુના ગુનાઓ બનતાં ગામની સ્વસ્થતા ડગમગી જાય છે. રબારી અને ખેડૂત વચ્ચે ખૂબ મીઠો સંબંધ હોવો જોઇએ એને બદલે એ કોમો વચ્ચે દુશ્મનાવટ જાગે છે.

રબારીને પશુઉછેરનું ઐતિહાસિક કામ કરવા દેવું હોય તો તેનાં ઢોરને પૂરતો ચારો મળે એટલી જમીન તેને આપવી જ જોઇએ.

**જનાવરોના વાળ તથા ઉન અને ગૃહઉદ્યોગ**

વળી બકરાં અને ઘેટાંના વાળ કે ઉનમાંથી થતા કામળા, ધાબળા અને ઘોડાના વાળમાંથી થતી ચમરી આપણને જનાવરોના પાલનમાં રહેલી બીજી શકયતાનો વિચાર કરવા પ્રેરે છે, જે વિષે ગૃહઉદ્યોગના વિવેચનમાં આપણે સહજ જોઇશું. હાલ તો ઢોર એ ખેતીમાં આવશ્યક અને ગોપાલનના ગૃહઉદ્યોગને લીધે અતિ ઉપકારક આર્થિક સંપત્તિ છે એટલું જ કહેવું બસ થશે. વળી જનાવરો ભારવાહક બની માલ લઇ જવા લાવવાના સાધન તરીકે પણ બહુ મહત્ત્વનું કાર્ય કરે છે એ વસ્તુસ્થિતિ તરફ ધ્યાન આપવાની પણ જરૂર છે.

**ભારવાહક પશુઓ**

હજી કપાસનાં ગાડાં ભરાઇને જતાં આપણે જોઇએ છીએ ત્યારે બળદની ભારવાહક તરીકેની અગત્ય આપણા ધ્યાનમાં આવે છે. કપાસ જ માત્ર નહિ પરંતુ અનાજ, ઈંટો, માટી, લાકડાં, ઘરવાખરો, વ્યાપારની વસ્તુઓ અને વળી માણસોને સુદ્ધાં લઇ જવા લાવવા માટે હજી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પણ ગાડાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે, અને આગગાડી તથા મોટર લૉરીઓના ઝડપભર્યા પ્રવેશ છતાં ગાડાંએ પોતાનું મહત્ત્વ સાચવી રાખ્યું છે. અનેક ગામડાં એવાં છે કે જ્યાં ગાડાં વગર જઈ આવી શકાય જ નહિ. અરે રેલવે સ્ટેશને ઉતરેલા માલને પણ ગામ કે શહેરમાં ખેંચી જવા માટે આજ પણ આપણે ગાડાં વપરાતાં જોઇએ છીએ !

અને એ ગાડાં ખેંચનાર તો બળદ જ ને ?

વણઝારાની પોઠ હજી તદ્દન લુપ્ત થઈ ગઈ નથી.

ઊંટ અને ગધેડાં હજી ગુણો ઉપાડી જાય છે.

પશ્ચિમની માફક ઘોડા હિંદના કૃષિ ઉપયોગમાં ખાસ આવતા નથી એ ખરું. પરંતુ લશ્કરમાં રહેલું તેમનું મહત્ત્વ બાજુએ રાખીએ તો પણ સવારી માટે, તેમજ ગાડી ટાંગાના ભાર ઉપાડી જવા માટે ઘોડા હજી ઘણા જ ઉપયોગી છે. એ સુંદર જનાવર ગામની માફક માનવીના સંસ્કારવિકાસમાં ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

આમ ખેતીમાં, પોષણમાં, નિત્ય ઉપયોગમાં, ભારવહન કરવામાં, ગૃહઉદ્યોગમાં કામ આવતા આપણા પશુધનને આબાદ કરવાની બહુ જ જરૂર ઊભી થઈ છે. એ માટે

૧ પશુનું પોષણ કરવાનાં વિપુલ સાધનો આપણે રાખવાં જોઇએ. પૂરતાં ગૌચર અને ગૌચરની દક્ષતાભરી વ્યવસ્થા એ સાધનોમાં મુખ્ય સાધન છે. જો કે બની શકે ત્યાં ખાનગી ઘાસ-ઉછેરનાં વિશિષ્ઠ ક્ષેત્રો રખાય તો તે પણ સારૂં.

૨ પશુને રોગમાંથી મુક્ત રાખવું જોઇએ અને તેને માટે દવાખાનાં અને દર્દના ઉપચારનાં સાધનો બહોળા પ્રમાણમાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

રાખવાં જોઇએ. સરકાર અને પંચાયતો આ સંબંધમાં ઘણું કરી શકે.

૩ ઢોરની જાત સુધારવા માટે સુવંશી ઢોરની કાળજી રાખવી જોઇએ અને સુપ્રજનન પ્રયોગો ઉપર વધારે લક્ષ આપવું જોઇએ.

૪ રબારીઓ પ્રત્યે વધારે સહાનુભૂતિભર્યું વર્તન રાખી તેમની સગવડો પૂરી પાડવી જોઇએ.

૫ ગોપાલન અને અન્ય ગૃહઉદ્યોગોનો પદ્ધતિસર વિકાસ થવો જોઇએ. દૂધ, ઘી, ઉન કે વાળ ગમે તેમ ઉપજે, ગમે તેમ કપાય, ગમે તેમ વેચાય એ વાસ્તવિક નથી. અવ્યવસ્થિત ધંધો નિષ્ફળતા જ આપે છે.

એક ટૂંકો જ વિચાર કરીએ :—હિંદુસ્તાનનું પશુધન એટલે સમગ્ર જગતના પશુધનનો ત્રીજો ભાગ. હિંદુસ્તાનની પશુસંપત્તિ ૧૮,૦૦૦,૦૦૦૦ જેટલી. એ અરાઢે કરોડ પશુ આપણી ખેતી કરે છે, આપણો ભાર વહન કરે છે, અને આપણી અવરજવરમાં સરળતા કરી આપે છે. ઉપયોગની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનું પશુધન આપણે સાચવી રાખવું જોઇએ અને તેને વધારે બળવાન, વધારે ઉપયોગી, અને વધારે પાત્રતાવાળું બનાવવું જોઇએ.

કૃષિ ઉપરાંત ગોપાલનની દૃષ્ટિએ પણ આપણાં જનાવરો, આપણાં પશુ કેટલાં ઉપયોગી છે, તે સમજવા સરખું છે. દૂધનું ઉત્પન્ન વધારેમાં વધારે અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનોમાં થાય છે. એનાથી બીજા જ ક્રમે હિંદુસ્તાનની દૂધની પેદાશ આવે છે. ડેન્માર્કમાં દુધ અને દૂધમાંથી બનતા પદાર્થોનો ધંધો બહુ જ આગળ વધેલો છે, અને બહુ જ શાસ્ત્રીય ઢબે રચાએલો છે. એ ડેન્માર્ક કરતાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પાંચગણું દૂધ હિંદ ઉત્પન્ન કરે છે, છતાં દૂધનું ઉત્પાદન અને દૂધના ધંધા આપણે ત્યાં બહુ જ પછાત સ્થિતિમાં હજી રહેલા છે.


હિંદમાં એક અબજ રૂપીઆ જેટલું ઘી દર વર્ષે ઉત્પન્ન થાય છે. ગણતરી કરનારાઓ કહે છે કે હિંદમાં ૭૦ કરોડ મણ દૂધ ઉત્પન્ન થાય છે અને તેમાંથી ૩૬ કરોડ મણ જેટલા દૂધમાંથી એ કરોડ ત્રીસ લાખ મણ જેટલું ઘી દર વર્ષે તૈયાર થાય છે. બાકી રહેલી છાશ કોઇ પણ પ્રકારનો આર્થિક નફો આપી શકતી નથી–માત્ર ઘી દૂધ ઉપજાવનારાં કુટુંબોના અગર તેમના પડોશીઓના ખોરાકમાં લગભગ વગર મૂલ્યે વપરાય છે. એને વ્યવસ્થિત ધંધામાં ફેરવી નંખાય તો કેટકેટલું ધન બચે ?

સંખ્યાની દૃષ્ટિએ આટલાં બધાં પશુઓ હોય તો હાડકાં અને ચામડાંને લગતા ધંધા પણ આપણે ત્યાં બહુ જ મોટા પ્રમાણમાં ખીલી શકે. એટલે પશુસંરક્ષણનો પ્રશ્ન આપણી કૃષિ સાથે જોડાએલો હોવા ઉપરાંત ઉદ્યોગની દૃષ્ટિએ પણ શાસ્ત્રીય વિચાર, વ્યવસ્થિત બંધારણ અને કલ્પનાજન્ય સાહસ માગી લે છે.

પશુઉછેરના પ્રશ્નને એક સામટો આપણે નીચે પ્રમાણે જોઇ શકીએ:—

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ




Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૬

## રસ્તા

અર્થશાસ્ત્રના સિદ્ધાન્તોમાં ઉંડા ઉતર્યા વગર ખેતી અગર ગો-પાલનમાં એટલું તો સહુ કોઇ સમજી શકશે કે માલ ઉપજાવીને બેસી રહેવું એ પૂરતું નથી. માલને ખપાવવો એ પણ એટલું જ જરૂરતું છે. જીવનની જરૂરીયાતો દરેક જણે પોતે ઉપજાવી પોતે જ વાપરવી એ વર્તમાન યુગમાં પૂરેપૂરૂં બને એમ નથી, અને જ્યાં યંત્રવાદનું બળ જામે છે ત્યાં તો એ અશકય જ બની જાય છે. કઈ સ્થિતિ સારી એ ચર્ચા અહીં નહિ કરીએ. યંત્રવાદ મક્કમપણે વધતો જાય છે એ ભૂલવાનું નથી. તેમાં ઘણી ખામીઓ રહેલી છે એ ખરું; પણ તેમાં છુપાયલી સફળતા તરફ પર દુર્લક્ષ કરવું ન જોઇએ. યંત્ર માટે માણસ નહિ, પણ માણસ માટે યંત્ર એ ભાવના તરફ આપણે વળી શકીએ તો અનેક અનર્થોના મૂળ સરખા ગણાતા યંત્રવાદને પણ માનવ ઉપયોગી વાદ બનાવી શકાય.

**માલ ઉપજાવવો અને તેની વહેંચણી કરવી**

પરંતુ કૃષિપ્રધાન હિંદુસ્તાનમાં હજી ખેડૂતોની એવી સ્થિતિ છે કે તેઓ જીવનની ઘણી જરૂરીયાતો પોતે ઉપભોગમાં લઈ શકે એમ છે. વિચારશીલ ખેડૂતો પોતાના કુટુંબનું પોષણ થાય એટલું અનાજ રાખીને જ વધારાનો માલ વેચી નાખે છે, એમ આજ સુધી થતું આવ્યું છે.

**જરૂરીયાતો ઉપજા-વવી અને તેનો ઉપયોગ કરવો**

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**વેચાણ**

વળી ઘણી વખત એમ પણ બને છે કે અનાજનો ભાવ સારો હોય તો તેઓ જરૂરીયાત પૂરતું અનાજ પણ વેચી તેનાં નાણાં ઉપજાવે છે, અને એ નાણાંમાંથી ઓછી ખર્ચાળ જરૂરીયાતો પૂરી પાડે છે. કેટલાક બાગાયતી પાક લેનારા ખેડૂતો પણ માલના વેચાણમાંથી પોષણ મેળવી શકે. કેટલાક સારો ભાવ અપાવતા પાક પણ વેચવાના હોય છે. એટલે કંઇક અંશે કુટુંબના પોષણરૂપ બનતો પાક મોટે ભાગે વેચવો તો પડે જ છે.

**રસ્તા**

આ માલ શાહુકારો, વેપારીઓ અને વેપારીઓના દલાલો જે તે ગામે આવી ખરીદ કરે છે અગર ખેડૂતો બજાર કે હાટમાં જઈ વેચે છે. ગામે વેચાણ થયેલો માલ પણ પીઠમાં તો વહી જવો જ પડે છે. આમ કૃષિકારના માલની આવજાવ માટે રસ્તા અને વેચાણ સ્થાન—બજાર એ ગ્રામજીવનનું બહુ ઉપયોગી અંગ બની જાય છે.

**રસ્તાનું મહત્ત્વ**

રસ્તા — માર્ગનું મહત્ત્વ ગ્રામ્યજનતાને બહુ સમજાતું નથી. પરંતુ રસ્તા એ તો પ્રજાજીવનની રક્તવાહિનીઓ છે એમ કહીએ તો ચાલી શકે. રસ્તાની કળા રોમનલોકોએ સાધ્ય કરી હતી. રસ્તાનું મહત્ત્વ રોમનલોકો પૂરેપૂરું સમજી શકયા હતા એટલે રસ્તાઓને પ્રતાપે રોમન સામ્રાજ્ય લાંબા સમય સુધી જગતના મોટા ભાગમાં ફેલાયલું હતું. હિંદુસ્તાનમાં આપણા ઉન્નતિકાળે આપણે રસ્તાનું મહત્ત્વ સમજી શકયા હતા. રસ્તાઓની સગવડને લઇને જ લશ્કરોની હીલચાલ થઇ શકે. રસ્તાઓ હોય તો જ માલની અવરજવર સરળતાથી કરી શકાય. પરસ્પર સંબંધમાં આવવાને માટે માર્ગની જ જરૂર. માર્ગ હોય તો જ માનવીની, પશુઓની, અને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

વસ્તુઓની અવરજવર અને હીલચાલ કરી શકાય. અને તે વગર સંસ્કાર, વ્યાપાર અને રાજકીય વિકાસ અશક્ય થઇ પડે છે. પૂર્વ-કાળમાં પણ પહાડો અને ખીણો ઓળંગીને આપણા રસ્તા આપણને હિંદ બહાર જવરઅવરનું સાધન આપી શકતા હતા. આપણી વણજારો અને પોઠો હિમાલય, હિંદુકુશ અને કારાકોરમ ઓળંગી મધ્ય એશિયા, પશ્ચિમ એશિયા અને ઠેઠ રોમ, ગ્રીસ સુધી પહોંચતી. આપણા વ્યાપારીઓ ખુશ્કી તેમ જ તરી રસ્તે સિયામ, બ્રહ્મદેશ, ચીન, મોંગોલીઆ અને મંચુરીઆ સુધી પહોંચી જતા અને તે તે દેશો સાથે સંબંધ બાંધી બુદ્ધ ધર્મ જેવા સંસ્કૃતિપ્રવાહને એ સઘળાં સ્થળોએ વહેવરાવવામાં સાધનભૂત બન્યા હતા એ ઇતિહાસસિદ્ધ વાત છે. એ જ રસ્તાઓને પ્રતાપે હિંદુઓએ હિંદ બહાર રાજ્યો પણ સ્થાપ્યાં.

સુધરેલાં રાજ્યોનો મુખ્ય ધર્મ એ ગણાય છે કે તેમણે અવર-જવરના ધોરી માર્ગ તૈયાર કરવા અને તૈયાર રાખવા. અશોક, શેરશાહ, અકબર વગેરે મહાન રાજકર્તાઓની રાજનીતિમાં રસ્તાનું બાંધકામ મહત્ત્વની બાબત ગણાઈ હતી.

જાત્રાનાં સ્થળો એ આપણાં જૂનાં સંસ્કાર સ્થળો હતાં. તેમના જોડાણને માટે પણ રસ્તાઓ જરૂરી ગણાતા.

**અવરજવરનાં સાધનો અને રસ્તા**

વળી જવરઅવરનાં સાધનો ઉપર આધાર રાખીને પણ રસ્તાઓની રચના કરી શકાય છે. બળદગાડાં, ઘોડા, ઊંટ, ખચ્ચર, હાથી એ બધાં આપણાં વાહનોને અનુલક્ષીને પણ જુદા જુદા રસ્તાઓની રચના થએલી છે. વરાળ, વીજળી અને યંત્ર આવતાં વાહનોનું સ્વરૂપ બદલાઈ ગયું અને બાઈસીકલ, રેલગાડી, મોટરકાર વગેરે વાહનોનો હવે છૂટથી ઉપયોગ થવા લાગ્યો છે. એ બદલાયલી પરિસ્થિતિ રસ્તાને પણ એક વિશાળ વિજ્ઞાનનું સ્વરૂપ આપી રહ્યાં છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**રાજ્ય અને રસ્તા**

સુધરેલી જનતાનો સુધારો તેના રસ્તાઓ ઉપરથી માપી શકાય. છેક જંગલી લોકોનાં રહેઠાણમાં રસ્તા ભાગ્યે જ હોય છે. રસ્તાનો મુખ્ય ઉદ્દેશ માણસની અવરજવર અને માલની લાવજા માટેનો હોય છે. પરંતુ એ અવરજવરનાં કારણો ઉપર રસ્તા મોટાનાના થાય છે. એ કારણો અને એને અંગે કેવા રસ્તા કરવા પડે છે તેનો સહજ વિચાર કરીએ તો પ્રથમ રાજકીય કારણ નજરે પડે છે.

રાજ્યનાં મહત્ત્વનાં સ્થાનોમાં ઝડપથી લશ્કરો મોકલી શકાય એ ઉદ્દેશ ધ્યાનમાં રાખીને પ્રથમ તેમ જ આજ પણ રાજસત્તા તરફથી રસ્તાઓની રચના થાય છે. રાજ્યનાં મહત્ત્વનાં સ્થળ રાજધાનીને લીધે, અધિકારીઓનાં મુખ્ય સ્થળ હોવાને લીધે અગર સરહદ સાચવવાના કારણે મહત્ત્વ ધારણ કરે છે, અને એ રાજકીય મહત્ત્વને લીધે ઔદ્યોગિક મહત્ત્વ પણ તે સ્થળો પ્રાપ્ત કરે છે. કેટલીક વખત મહત્ત્વનાં સ્થળ હોવાથી પણ તે સ્થળો રાજકીય મહત્ત્વ પ્રાપ્ત કરે છે. આવાં સ્થળોને જોડનાર રસ્તાઓ બનાવવાનું અને તેમને દુરસ્તીમાં રાખવાનું કાર્ય રાજસત્તા કરે છે, અને એવા રસ્તા રાજમાર્ગ–Trunk Roads તરીકે ઓળખાય છે.

**જળમાર્ગ અને રેલમાર્ગ**

જળમાર્ગ અને રેલમાર્ગની અત્રે સમીક્ષા કરવાની જરૂર નથી. જળમાર્ગને રેલમાર્ગે બહુ ધક્કો પહોંચાડ્યો છે. જળમાર્ગ હવે લગભગ નિરર્થક બની ગયો છે. રેલમાર્ગ મૂળ બ્રિટિશ કંપનીઓએ વ્યાપારી દૃષ્ટિથી અને બ્રિટિશ અમલની સલામતીના ઉદ્દેશથી સ્થાપેલો છે. એના ઉદ્દેશમાં જ નફો રહેલો છે, એટલે આડકતરી રીતે તેનાથી ન છૂટકે લાભ થયા હોય તે સિવાય ગ્રામ્યજનતાના લાભ કેટલે અંશે જોવાયા કે જળવાયા છે તેનું વિવેચન મોટા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

નિષ્ણાતો માટે જ રહેવા દઈશું. એટલું કહી શકાય કે જવરઅવર ઝડપી બન્યાં છે, અને આયાતનિકાસની સગવડ સારી થઈ છે – જો કે માલ ઉપજાવનાર કરતાં માલની દલાલી કરનારાઓને એથી વધારે લાભ થયો છે.

**સહાયક અને ગ્રામ-રસ્તા.**

આવા રાજકીય મહત્ત્વવાળા રસ્તાઓ ગ્રામોન્નતિમાં આડકતરી અસર તો કરે જ છે, છતાં આપણા કાર્યને અનુલક્ષી આપણે રાજમાર્ગની પૂર્તિ કરનાર સહાયકારી માર્ગો–feeder roads અને ગામ ગામને જોડનારા ગ્રામરસ્તા village roads અને ગામમાંથી સીમમાં જવાના રસ્તા તરફ જ ધ્યાન આપવાની જરૂર છે. સહાયક માર્ગો–feeder roads ઘણુંખરું પ્રાંત કે તાલુકા પંચાયતો — District and Taluka Local Boards કરે છે. એવા રસ્તાઓની બનાવટ અને દેખરેખ માટે એ સંસ્થાઓ પાસે સારું મહેકમ Establishment પણ હોય છે. માત્ર ગામરસ્તાઓ જ એવા છે કે જેની દરકાર કોઈ જ રાખતું નથી.

**ગ્રામરસ્તાઓની વર્તમાન સ્થિતિ.**

ગામના અને સીમના રસ્તાઓ કાં તો અતિશય દડ, રેતી કે કાદવવાળા હોય છે. તેના ચીલામાં ઠેકાણું હોતું નથી. ચીલામાં ખાડા ટેકરા એટલા બધા હોય છે કે ગાડાં હાંકનાર માણસ અને બળદને મહામુશ્કેલી પડે છે. ટેવાઇ ગયેલી જનતા કદાચ એને મુશ્કેલી ન કહે તેથી એ મુશ્કેલી મટી જતી નથી. જનાવર અને ગાડાંના જીવન ઉપર રસ્તાઓ ભારે અસર પહોંચાડે છે એ ભૂલવું ન જોઇએ. રસ્તાઓમાં કશી યોજના કે નિયમિતપણું હોતું નથી. આસપાસના ખેતરવાળાઓને વાડ આગળ લાવી રસ્તાને સાંકડો બનાવી દેવાની નિરર્થક ટેવ પડેલી હોય છે. ઘણે ભાગે ચોમાસાનાં



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



વહેણુ એ રસ્તે વહી જાય છે, અને રસ્તાને નાદુરસ્ત બનાવે છે. શિયાળામાં એટલાં ઢેફાં જામી ગયાં હોય છે કે તેના ઉપર મુશ્કેલીથી ગાડું જાય. ઉનાળામાં એટલી ધૂળ થાય છે કે માણસ અને જનાવર ધૂળથી ઢંકાઇ જાય.

**રસ્તા – દુરસ્તીના ઉપાય**

આવા રસ્તા દુરસ્ત કરવામાં ભારે મુશ્કેલી નથી. ગામના સઘળા લોકો ભેગા થઇ પોતાની અંગ-મહેનત રસ્તા માટે વાપરે તો બધા ય ગામાત રસ્તા વર્ષોવર્ષ દુરસ્ત રહે. એટલું જ નહિ, પણ આપણે ત્યાં વહેતી નાની મોટી નદીઓ અને ખાડીઓની આસપાસ એટલાં ગામડાં વસી રહેલાં છે કે લગભગ અડધા ભાગનાં ગામડાંને રેતી કાંકરી ઓછી મહેનતે મળી શકે એમ છે. એ કુદરતી સાધનનો સદ્‌ઉપયોગ થાય તો ચાર પાંચ વર્ષમાં ગામના સઘળા રસ્તા પાકા જેવા બની જાય એમ છે. રસ્તા સારા હોય તો માણસને, જનાવરને અને વાહનને ઓછામાં ઓછો ઘસારો લાગે, અને સમયનો બચાવ થઇ જાય.

**રસ્તા અને તંદુરસ્તી**

રસ્તાનો અને જાહેર તંદુરસ્તી – Public Health–નો સંબંધ પણ ભૂલવા સરખો નથી. રસ્તાની ધૂળ એ તંદુરસ્તીને હાનિકરતા જંતુઓ ફેલાવે છે. ધીમે ધીમે જતાં બળદ ગાડાં જેટલી ધૂળ ઉરાડે એના કરતાં ઝડપથી જતી ઘોડાગાડી વધારે ધૂળ ઉરાડે છે. અને ધૂળભરેલા રસ્તામાં મોટરકાર અને મોટરબસ—ખટારા નાખવામાં આવે ત્યારે તેમની આસપાસ ધૂળનાં વાદળો રચાય છે એ સૌના અનુભવની વાત છે. એટલે ધૂળ દાબી દે એવા પ્રકારની સપાટીવાળા રસ્તાઓની રચના હવે બહુ જરૂરી થઇ પડેલી છે. પથ્થર, ટાર, કોંક્રીટ તથા એસ્ફાલ્ટના રસ્તાઓ – રસ્તાના પ્રકારો સર્વમાન્ય બનતા જાય છે – જો કે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





એ પ્રકારો અત્યંત ખર્ચાળ હોવાથી મોટાં શહેરો અને રાજનગરો સિવાય બીજે બહુ ઉપયોગમાં લેવાઇ શકાયા નથી. યુરોપ અમેરિકાના દેશોમાં તો આવા રસ્તા ગામડે ગામડે હોય છે એમ કહીએ તો ચાલી શકે. મૈસોર, સિલોન, જાવા, બાલી, પંજાબ વગેરે પ્રદેશોમાં પણ આવા ડામરના રસ્તાઓનો ગ્રામવિકાસમાં સારો ઉપયોગ કરવામાં આવ્યો છે. ગામડે ગામડે સારી સપાટીવાળા, ઝડપી વ્યવહારમાં ઉપયોગી, તંદુરસ્તીને લાભપ્રદ થઇ પડે એવા રસ્તા બનાવી શકાય એ સ્વપ્ન શકય ત્યારે જ બને કે જ્યારે હિંદની આખી રાજ્યપદ્ધતિ બદલાઇ જાય, રાજ્યનાં નિરર્થક ખર્ચ ઓછાં થાય, રાજ્ય–ઉત્પન્નનો ઘણો ભાગ લોકોપયોગી કાર્યોમાં જ ખર્ચાય અને ગ્રામજનતા સંગઠિત બની પોતાના હક સાથે પોતાની ફરજો અદા કરવાની પણ તૈયારી બતાવે. પરંતુ ગામડે ગામડે ડામરના રસ્તા થાય તે પહેલાં આપણા ઉપમાર્ગો અને ગ્રામમાર્ગો નિદાન સીધા, ખાડા વગરના, જવરઅવરને સુલભ બનાવે એવા પહોળા અને છાયાવાળા તો બનાવી જ શકાય. હાલ તો રસ્તાઓ માત્ર ચોમાસામાં પાણી જવાના વહેળારૂપ અગર ઢંગધડા વગરના, નિરર્થક વાંકવળોટવાળા અને મોટે ભાગે દુર્ઘટ બની ગયેલા હોય છે. ગ્રામજનતા ધારે તો પોતાની અંગ મહેનતથી ગ્રામરસ્તા તો સારા રાખી જ શકે.

રસ્તા ઉપર રોપવાનાં વૃક્ષોનો ખ્યાલ પણ આ સાથે ભૂલવા સરખો નથી. વૃક્ષોનું જૂથ રસ્તાને શિતળતા આપે છે, શોભા આપે છે અને થાકેલાં માણસો અને વાહનોને વિશ્રાંતિ આપે છે. બળતણનાં સાધન અને વરસાદના આકર્ષણ તરીકે પણ ગ્રામરસ્તાઓ સુઘટિત અને ભરચક વૃક્ષારોપણની યોજનાઓવાળા હોવા જોઇએ.

રેલ્વે સ્થાપન થઈ ચૂકી છે એટલે હવે બધા જ રસ્તાઓ એને મદદરૂપ થઈ પડે એવા રચાવા જોઇએ. ખેડૂતોનો માલ મોકલવો અને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

અવરજવર કરવી એ ગ્રામરસ્તાનું મુખ્ય કામ. બજારો સાથે એ રસ્તાઓ જોડાય, અને તાલુકા સાથે એ રસ્તાઓ મળે એવી રીતે સહાયકારી રસ્તાઓ પણ થવા જોઇએ. ગામડાને હવે શહેરોથી બહુ દૂર રાખી શકાય એમ નથી.

આ રસ્તાઓ કોણ કરે? રાજમાર્ગ કે સહાયકારી માર્ગ માટે આપણે નિષ્ણાતો જોઇએ, અને ખર્ચાળ યોજનાઓની પણ જરૂર પડે. સરકાર કે પ્રાંતપંચાયતો તે ઉપાડી લે.


ગ્રામરસ્તાઓમાં અંગ મહેનત માત્ર ગ્રામજનતા આપી શકે. ગ્રામજનતા પોતાના રસ્તા દુરસ્ત પણ રાખી શકે. સરકારને આધારે બેસી ન રહેતાં ગ્રામલોકો ગામના અને સીમના રસ્તા માત્ર અંગ મહેનતથી જ બનાવી લેવા માંડે તો ગ્રામજનતાનું આત્મભાન કેટલું જાગ્રત થાય?

અલબત્ત, નાથ બાંધવી, પાણીના પ્રવાહો વાળવા, નાના પૂલ કે કાંસ બાંધવા એ બધાં કાર્યો ગ્રામરસ્તા પણ માગી લે છે અને તે માટે સરકાર તરફથી જ પ્રબંધ થાય એ જરૂરી છે, કારણ અંગ સિવાય બીજી કયી મૂડી ગ્રામજનતા પાસે રહેલી છે? છતાં ગ્રામોન્નતિ ઇચ્છતી ગ્રામજનતા સરકારને આધારે બેસી તો ન જ રહે. લાકડાંના નાના પૂલ અને તરાપા તથા દોરડાંના રસ્તાદ્વારા નદીઓ અને ખીણો કૂદી જવાની યોજના કરનાર હિંદવાસી સરકારની સહાય વગર નિરાધાર તો ન જ બનવો જોઇએ.

રસ્તા બદલનો સમસ્ત વિચાર નીચે પ્રમાણે ગોઠવી શકાયઃ—

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ




Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૭

## બજાર

**બજાર**

બજાર તો સહુએ જોયાં છે. શહેરનાં બજાર શહેરીઓના ધ્યાન બહાર ન જ હોય. પરંતુ ગામડાંમાં પણ બજારો હોય છે, એની શહેરવાસીઓને પૂરી ખબર હશે ખરી? કદાચ ખબર હોય તો પણ બજાર એ ગ્રામજીવનનું એક અત્યંત મહત્ત્વનું અંગ છે, એની ખબર ન હોય તોપણ સહુએ એ ખબર રાખવા જેવી છે.

શહેરોમાં અમુક દિવસે વિશિષ્ટ બજાર ભરાય છે. શહેરોમાં ભરાતા બજારને 'ગુજરી' કહે છે. એ નામ ધીમે ધીમે શહેરમાંથી પણ ભુલાતું જાય છે. ગામડાંમાં પણ બજારો ભરાય છે, અને કેટલીક જગાએ એ 'હાટ' ને નામે પણ ઓળખાય છે. શહેરનાં ચાલુ બજારો ઉપરાંત અઠવાડિયાના અમુક વારે આવાં બજારો અગર ગુજરીઓ જેમ ભરાય છે તેમ, ગ્રામવિભાગમાં પણ એકાદ મધ્યસ્થ અગર મહત્ત્વના ગામડામાં અગર વારાફરતી જુદાં જુદાં ગામડાંમાં બજારો અને હાટ ભરાય છે.

**ઉપયોગ**

આ બજારોમાં કપાસ, અનાજ, કરિયાણાં, ખજૂર, કોપરાં, કાપડ, રમકડાં, હલકાં ઘરેણાં, છીપકોડી કે શંખના અલંકાર, લાકડાંલોઢાનાં ઓજારો વગેરે વેચાય છે. આ બજારો ગ્રામજનતાને વખતોવખત

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



ફરવા માટે, ઉજાણીઓ માટે અને વાતાવરણનો ફેરફાર કરી મનને આનંદ આપવા માટેના સાધનરૂપ પણ બને છે. એટલે તે હળવા મળવાનાં તથા આનંદનાં ગ્રામસ્થાનો અગર ગ્રામ્યસ્થાનો તરીકે પણ ગણી શકાય.

**જૂની વેચાણ વ્યવસ્થા.**

ગામડાંની માલ વેચાણુપદ્ધતિ બહુ જ પ્રાથમિક ભૂમિકામાં હજુ રહેલી છે. ખેતીમાં ઉત્પન્ન થતો માલ મોટે ભાગે ગામડાંમાં વસતા અગર કેટલાંક ગામડાંને હાથ કરી બેઠેલા વ્યાપારીઓને વેચી દેવામાં આવે છે. આ વેચાણ ઘણી વખત તો માલ પાકતા પહેલાં જ થઇ ગએલું હોય છે. કૃષિકાર દેવામાં દટાઈ ગએલો માનવી છે. પૈસાની તેને વારંવાર જરૂર પડયા કરે છે, એટલે કોઈ બુદ્ધિશાળી શાહુકાર ખેડૂતનો લેણદાર બની બહુ ઝડપથી ખેડૂતના માલને પણ પોતાનો બનાવી દે છે. એટલે ઘણી વખત ખેડૂત જાણે પોતાનું દેવું ભરવાને માટે જ ખેતી કરતો ન હોય એવી સ્થિતિ બની રહે છે. શાહુકારને અપાયલો માલ શાહુકાર ગામડામાં ભેગો કરી એક જથ્થે રાલી બ્રધર્સ અગર એવી જ બીજી કોઈ મોટી વ્યાપારી નફા ઉપર રચાએલી દેશી પરદેશી કંપનીઓને વેચી દે છે. મોટા જથ્થામાં માલ વેચાય એમાં જેટલો ફાયદો મળે એના કરતાં વ્યકિતગત ખેડૂત પૃથક્ પૃથક્ માલ વેચે તેમાં માલની કિંમત ઘણી ઓછી મળે છે.

વળી પોતાના જ શાહુકારને માલ આપવાનો હોય એટલે ખેડૂત સ્વાભાવિક રીતે શરમ અને દબાણને વશ થાય છે. પ્રચલિત ભાવ કરતાં સહજ ઓછે ભાવે માલ વેચી દે છે, અને તોલની વિચિત્રતાને વશ થઇ તોલમાં પણ વધારે માલ આપી દે છે. આમ ભાવ તેમજ તોલમાં પણ ખેડૂતને સહન કરવું પડે છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

હાટમાં અગર બજારમાં ખેડૂત પોતાનો માલ લઇ જાય ત્યારે પણ નાના મોટા વ્યાપારીઓ ખેડૂતોના અજ્ઞાનનો અને સંગઠનના અભાવનો લાભ લેવાને તત્પર જ હોય છે.

કાં તો દાણા સાટે બીજો માલ ખેડૂતને લેવાનો હોય, તો તેમાં દાણાને બદલે આપવાના માલની કિંમતમાં ખૂબ વધારો કરી દેવામાં આવે છે, અને રોકડ રકમ આપવાની હોય તો તેમાં પણ અભણ ખેડૂતને માલની કિંમત ઘણી ઓછી મળે છે. હાટમાં આવતા કપાસના વેચાણની નજરે જોએલી પરિસ્થિતિ બધા જ વેચાણનાં દૃષ્ટાંતરૂપ થઇ પડશે.

**પદ્ધતિનો ચિતાર.**

ગાંસડી અગર ગાડામાં ખેડૂત કપાસ લઇ હાટમાં આવે છે. કાપડ અગર કરિયાણાની દુકાનો માંડી બેઠેલા વ્યાપારીઓ અગર સારે ભાવે માલ વેચી આપવાનો ડોળ કરનાર દલાલો કપાસમાંથી મૂઠી ભરી કપાસની જાત જોવા માટે કપાસ ઉઠાવી લે છે, અને ભાવ ઠરાવવાને બહાને એ મૂઠી કપાસ પોતાની પાસે જ રાખે છે. ભાવ પૂરતો ઠરતો નથી, ખૂબ ખેંચતાણ થાય છે, અને કપાસનો માલિક બીજા વ્યાપારી પાસે જાય છે, અને ત્યાં પણ તેની એ જ દશા થાય છે. પાંચ કે સાત વ્યાપારીઓની પકડમાં આવી ચૂકેલો ખેડૂત કંટાળી જાય છે, અને પોતાનો માલ વેચવાની અને પોતાને જરૂરનો માલ ખરીદવાની ઉતાવળમાં પડે છે. બપોર થતાં તે થાકી સાથે લાવેલો રોટલો ખાઇ ગાડાની ઓથે અગર ઝાડના શીળા નીચે સહજ આરામ લે છે. વ્યાપારીઓ વારંવાર તેની પાસે આવી જાય છે, ભાવ ઠરાવવાની વારંવાર માથાકૂટ કરે છે, અને અંતે જૂના સંબંધની, કોઇ વખત મદદ કર્યાની, અગર ભવિષ્યમાં થનાર લાભની દલીલને વશ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

श्री महादेव देसाई ग्रंथालय
क्रमांक
ग्रंथांक



થઈ વ્યાપારીઓમાંથી એક વ્યાપારીની દલીલને તે વશ થાય છે, અને તેને પોતાનો બધો માલ આપી દે છે. તોળવાનાં ત્રાજવાં અગર કાંટા વ્યાપારી પાસે જ તૈયાર હોય છે, અને એ કાંટા, ત્રાજવાં તથા કાટલાં વ્યાપારીને જ મદદરૂપ થઇ પડે એવા પ્રકારે ગોઠવાએલાં હોય છે. એટલે મોટે ભાગે ખેડૂતે વધારે તોલ આપવો પડે છે. ઉપરાંત છેવટ રહેલા કપાસમાં કીટી છે, કચરો છે, જાતફેર છે એવાં એવાં બહાનાં વેચાણ લેનાર તરફથી રજૂ થાય છે, અને નહિ જેવા ભાવે પાછળ રહેલો માલ લઇ લેવાની યુક્તિઓ રચાય છે. તેમ ન થાય તો આખો સોદો રદ કરવાની પણ ખેડૂતને ધમકી અપાય છે. ખેડૂત બીજે જાય તો ત્યાં પણ તેની એની એ સ્થિતિ થવાની હોય છે, એટલે કંટાળીને પરવશતા અનુભવી રહેલો ખેડૂત છેવટનો માલ ઠરેલા ભાવ કરતાં પણ ઓછે ભાવે આપી દે છે, અને આમ વેચાણની વાત કરવાથી લૂંટાતો લૂંટાતો તે છેવટના માલની આપલેમાં પણ લૂંટાય છે.

હાટમાં માલ લેનાર તેનો જ લેણદાર હોય તો આ વેચાણમાંથી અર્ધો પોણો ભાગ પોતાના લેણા પેટે રાખી લે છે. એટલે પોતાની અઠવાડીક અગર માસિક જરુરિયાત માટેની ચીજો ખરીદવા આવેલા ખેડૂતને નવું દેવું કરી માલ લઇ જવાનો હોય છે. અને જે ચીજોની તેને ખરીદી કરવી હોય છે તે ચીજોના ભાવ અને તોલમાં તે પાછો લૂંટાય છે, એ તો જુદું જ.

ઉપરાંત હાટની વ્યવસ્થા કરવા આવેલા નાના પોલીસ કે મુલકી નોકરો જમીન રોકાણ માટે ધમકી આપી, ગાડાં બળદ અવ્યવસ્થિત રીતે મૂકવા માટેની ધમકી આપી, અથવા ન બેસવું જોઇએ ત્યાં બેઠા બદલ ખેડૂતને ગભરાવી બાચકો રૂ, મૂઠી અનાજ, અગર થોડું થોડું શાક

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



પાન વગર કિંમતે ઊંચકી લઈ ખેડૂતનો ભાર હળવો કરે એ તો જુદું જ.

**લૂંટાતો ખેડૂત.**

આમ ખેડૂત ઘર આગળ માલ વેચે કે હાટ આગળ માલ વેચે, તો પણ તેનું અજ્ઞાન તેને પોતાના માલનો પૂરો ભાવ પામવા દેતું નથી. વ્યાપારીઓ છડેચોક પોતાના તોલને ઠરેલા તોલ કરતાં બશેર પાંચ શેર જેટલો પણ વધારી મૂકે છે. ચાળીસ શેરનો મણ એ ઠરેલી વાત છે તે છતાં ગ્રામવિભાગમાં અનેક સ્થળે જુદા જુદા પાક માટે બહેંતાળીસો, પીસ્તાળીસો, અગર અડતાળીસો તોલ હોવાનું આપણે સાંભળીએ છીએ. એનો અર્થ એટલો જ કે ખેડૂત વેપારીને ત્યાં માલ વેચવા જાય ત્યારે તેણે માલ આપતી વખતે ચાળીસ શેરનો મણ ગણવાને બદલે બેંતાળીસ, પીસ્તાળીસ, કે અડતાળીસ શેરનો જ મણ ગણવો જોઇએ. અનાજ, કપાસ, મગફળી, કઠોળ, બીયાં, કે ઘી એ બધી જ ખેડૂતોદ્વારા ઊપજતી વસ્તુઓ માટે આ પ્રમાણે થાય છે.

**કારખાનાં અને વેચાણ.**

કપાસનું મોટું વાવેતર કરનારા ખેડૂતો પ્રત્યે અગર સાધારણ સારા પ્રમાણમાં મગફળી ઉપજાવનાર ખેડૂતો પ્રત્યે રૂ કે મગફળીના દલાલો તેમ જ રૂ લોઢનાર તથા મગફળીનું તેલ બનાવનાર કારખાનાના માલિકો કેવું વર્તન રાખે છે, એ જાણીતી વાત છે. નાના ખેડૂતોની સ્થિતિ જેવી હાટમાં થાય છે, તેવી સ્થિતિ મોટા ખેડૂતની કારખાનામાં થાય છે. તોલ અને ભાવના ઝગડા ઉપરાંત ધર્માદાના નામ હેઠળ પાછો વધારાનો માલ ખૂંચવી લેવાની કારખાનાદારોની તરકીબ માલ પેદા કરનારને ખંખેરી લેવાનું એક નવું સાધન વેપારીને પૂરું પાડે છે. ખેડુતોની સાથે થતી રકઝક, તેનું થતું

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



અપમાન, તેની આખો દિવસ થતી હલાકી અને તેનો માલ પાછો વાળવાની ધમકી એ બધું તો બાજુએ મૂકીએ !

**વેચાણમાં નિયંત્રણ**

આવા સંજોગોમાં ખેડૂત અને વ્યાપારીઓ વચ્ચે થતા વ્યવહારને નિયંત્રિત અને નિયમિત કરવાની ખાસ જરૂર ઊભી થએલી છે. જેને માલ પકવવો નથી અને જેને માલના ખરા વેચાણમાં કંઇ પણ લાગતું વળગતું નથી એવા માત્ર નફો ખાઇ જનારા, મધ્યસ્થ માણસો – દલાલોની જરૂર જેમ બને તેમ ઘટવી જોઇએ. માલ ખેડૂત જ સીધો વેચી શકે એવી વ્યવસ્થા બનવી જોઇએ. વેચાણ કરવાનાં સ્થળો પણ ખેડૂતને સગવડ પડતાં સ્થળે ગોઠવવાં જોઇએ. એ સ્થળોએ ખેડૂતને પોતાનાં ગાડાં છોડવાની, માલ મૂકવાની, દિવસભર રહેવાની, ગોઠવણ પણ થવી જોઇએ. ગમે તેમ વપરાતા વજન માપ ઉપર પૂરેપૂરો અંકુશ મુકાવો જોઇએ. અને વેચાણના વ્યવહારમાં લાગવગ, દેવાલેણાની ધમકી તથા લાલચ અદશ્ય થાય એવું નિયમન થવું જોઇએ. વળી ભાવ ઠરાવવામાં ખેડૂતોના અજ્ઞાનનો લાભ ન લેવાય એમ ભાવની પણ જાહેરાત થવી જોઇએ; અને ખરીદનાર તથા વેચનાર વચ્ચે માલની જાત તથા કિંમત સંબંધી મતભેદ ઝઘડાનું સ્વરૂપ ન લઇ લે, તેમ જ કોઇને પણ શહેજોરી કરવાની તક ન મળે એ અર્થે સમજદાર ખેડૂતો તથા વ્યાપારીઓની નાની સરખી સમિતિ પણ આ બધી બાબતનું નિયંત્રણ કરવા માટે સ્થાપન થવી જોઇએ. આમ હોય તો જ બજાર, હાટ, પીઠ કે ગુજરીની વ્યવસ્થા ખેડૂતોના લાભાર્થે ઉપયોગમાં લાવી શકાય. નહિ તો આ બધાં બજારો માત્ર મેળાનું સ્વરૂપ ધારણ કરી, આપણી ગ્રામરચનાનાં આર્થિક વિભાગને ડામાડોળ સ્થિતિમાં રાખી ખેડૂતોને ખેતી પ્રત્યે અભાવ જ ઉત્પન્ન કર્યા કરશે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**ચાલુ બજારોનો વિકાસ**

આપણે ત્યાં દાણાપીઠો હોય છે, હાટ હોય છે, તેમ જ ઘીનાં બજાર પણ હોય છે. ઘોડા કે બળદનાં વેચાણ માટેનાં પણ બજારો અલગ ભરાય છે, અગર સામાન્ય બજારો અને હાટોમાં આ જનાવરોનાં વેચાણ કરવામાં આવે છે. જૂની ઢબે ચાલતાં આ બધાં જ બજારોની વ્યવસ્થિત રચના કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. ખેડૂત સહેલાઈથી જઈ શકે, ખેડૂત સહેસાઇથી રહી શકે, ખેડૂતને ભાવ અને તોલના દગાફટકામાંથી રક્ષણ મળે, તેમ જ તેને પોતાનો વ્યાપાર કરવામાં કાયદેસર અને નિઃસ્વાર્થ સલાહ મળે એવી રીતનાં બજારોની વ્યવસ્થા કરવાની જરુરિયાત સઘળી સરકારોએ સ્વીકારેલી તો છે જ, પરંતુ તેનો જોઇએ તેવો અમલ હજી સુધી થયો નથી. આવી વ્યવસ્થા નહિ થાય ત્યાં સુધી ખેડૂતની સ્થિતિ ખરેખર અસંતોષકારક જ રહેશે. ખેડૂતો અજ્ઞાન છે, પોતાનો લાભ શામાં રહેલો છે, તે પૂરેપૂરું સમજી શકે તેવી સ્થિતિમાં પણ નથી અને તેમની આર્થિક સ્થિતિ એવી કઢંગી છે કે તેઓ પોતાને મળતા તાત્કાલિક પૈસાને માટે સહજ પ્રયત્નથી આગળ ઉપર મળવાના ભારે લાભને જતા પણ કરે. એટલે માત્ર સરકારે જ નહિ પરંતુ ગ્રામોન્નતિનો પ્રયત્ન કરનાર પ્રજાસેવકોએ તેમજ સેવકસંસ્થાઓએ ખેડૂતોની વેચાણવ્યવસ્થા નિયમિત પદ્ધતિ ઉપર લાવી, વ્યવસ્થિત અને નિયમબદ્ધ બજારોના સ્વરૂપમાં વિકાસ પામે એમ કરવાની બહુ જ જરૂર છે. ગ્રામસેવકોનો એકાદ જથ્થો આ કાર્યમાં પણ રોકાય તો તે બહુ ઉપયોગી સેવા બજાવશે, કારણ પાકનું ઉત્પન્ન થતા પહેલાં લૂંટાતા ખેડૂતનો દલાલીમાં, વધારે તોલમાં, અનિશ્ચિત ભાવમાં, ધાકધમકીમાં, તેમજ ધર્માદાને બહાને ખૂંચવાતો માલ તેનો જ રહેશે અને તેમાંથી તેને માલની કિંમત મળશે જે હાલ તેને મળતી નથી. ખેડૂતના લૂંટાતા રૂપિયામાંથી એક આનો પણ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

બચાવી શકાય તો તે ભારે સેવા ગણી શકાય એમ છે.

**ખેડૂતોનાં સંગઠન**

ખેડૂતો ભેગા થઇ સંગઠન કરે અને પોતાનો માલ સંગઠન દ્વારા એક સામટો વેચવાની યોજના કરે તો તે બહુ જ ઇચ્છવા યોગ્ય છે. બજારો યોજવાથી ખેડૂતોના સંગઠનને પણ પ્રેરણા મળી શકે. વળી વ્યવસ્થિત બજાર થાય તો માલની જાતમાં પણ સુધારો કરવાની પ્રવૃત્તિ વધે, માલમાં ભેળસેળ કરવાની લાલચ ઓછી થાય. સારા, મધ્યમ, અને કનિષ્ટ માલનું વર્ગીકરણ થઇ શકે એટલે વ્યાપારીઓને પણ ભેળસેળ માલથી નુકસાન થવાનો સંભવ ઘણો ઓછો થઇ જાય, અને ખેડૂત તથા વ્યાપારી એ બન્ને પક્ષને પ્રમાણિક રહેવાની જરૂર જ ઊભી થાય.

**બજારની રૂપરેખા**

આમ ગ્રામોન્નતિમાં બજારની સ્થાપના પણ એક મહત્ત્વનું તત્ત્વ છે. બજાર સ્થાપન કરવામાં નીચે પ્રમાણે વ્યવસ્થા હોવી જોઇએ :–

(૧) રાજકીય, ધાર્મિક, અગર લાંબા વખતથી વ્યાપારની અનુકૂળતા માટે પ્રખ્યાત થયું હોય, અગર મધ્યમ સ્થળને લીધે અગર બીજા કોઇ કારણે વ્યાપારને ઉપયોગી થઇ પડયું હોય એવું સ્થળ બજાર માટે નિયુક્ત કરવું. શરૂઆતમાં તાલુકાવાર બજાર વિકસિત થાય એ ઇચ્છવા યોગ્ય છે, જો કે જરૂર પડયે એક તાલુકામાં બે ત્રણ બજારો પણ ઊભાં કરવાં પડે.

(૨) અસ્તિત્વમાં હોય એવાં બજાર કે હાટને પણ વિકસાવી શકાય.

(૩) બજારની સાથે આસપાસનાં ગામોને જોડતા દુરસ્ત અને સારા પહોળા રસ્તાઓ પણ રચાવા જોઇએ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૪) બજારને સ્થળે ગાડાં ઊભા રહેવાની જગા તેમ જ માલ ભરવાની વખારો તથા માલ વેચવા માટેની દુકાનોનું સાધન તૈયાર કરવું જોઇએ. હિંદમાં મકાનો પાછળ બહુ ખર્ચ કરવાની સરકારોને ટેવ પડેલી છે. એ ખર્ચાળ ટેવ જેમ બને તેમ ઓછી કરી નાખી, બહુ જ ઓછા ખર્ચે તૈયાર થઇ શકતી માટીની પડાળીઓ, વાંસ કે પાલાના માંડવા, અગર એવી જ કોઈ સોંઘી રચના બજારો માટે કરવી જોઇએ. નહિ તો તાલુકે તાલુકે બજાર કરવાના બાંધકામમાં કરોડો રૂપિયાનો વ્યય થઇ જાય, જેમ કરવાની હિંદુસ્તાનમાં જરા ય જરૂર નથી.

(૫) બજાર સ્થાપન કરવાનું કાયદાથી ઠરાવવું જોઇએ.

(૬) બજારમાં વાપરવાનાં વજન, માપ, તોલ, તથા કાટલાં સર્વગ્રાહ્ય અને કાયદાપૂર્વક ઠરેલાં હોવાં જોઇએ, અને તે જ વપરાય છે કે કેમ, તે જોવાની સરકારી તથા અર્ધ સરકારી અમલદારોની ફરજ ગણાવી જોઇએ.

(૭) ભાવ સંબંધમાં ખેડૂતો સમજી શકે એવી માહિતિ બજારમાં ઉપલબ્ધ રહેવી જોઇએ.

(૮) વ્યાપારીઓ તથા ખેડૂતોની બનેલી એક સમિતિ બજારના નિર્બન્ધ માટે સ્થાપન કરવી જોઇએ. અને ભાવતાલના ઝગડાનું નિરાકરણ કરવાની સત્તા એ સમિતિને અપાવી જોઇએ.

(૯) બજારનું ખર્ચ ચલાવવા માટે સરકારે અને લોકોએ મળીને રકમ ઊભી કરવી જોઇએ. ચારે પાસથી ચાલતી લૂંટ અટકતાં પોતાના ફાયદા માટે વિકસેલી બજાર જેવી સંસ્થા ચલાવવા, બજારનો લાભ લેનાર ખેડૂતો જરૂર પ્રવૃત્ત થશે જ.

(૧૦) બજારો સગવડ પ્રમાણે જુદી જુદી વસ્તુઓનાં પણ હોઈ શકે, અગર મિશ્ર વસ્તુઓ માટે પણ હોઇ શકે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



( ૧૧ ) બજારમાં ચાલેલા વ્યવહારની તથા તેના ખર્ચના હિસાબની પૂરેપૂરી જાહેરાત થવી જોઇએ.

**બજાર ખાતાં.**

હિંદી સરકારે મોટે ખર્ચે બજાર ખાતું સ્થાપ્યું છે અને કેટલાંક પ્રાંતિક તેમજ દેશી રાજ્યોમાં બજાર-અમલદારોની નિમણુંકો પણ કરવામાં આવેલી છે. હજી ભારે ખર્ચે પગારદાર નોકરોદ્વારા ચલાવાતાં આવાં ખાતાંમાં અવલોકનો અને તપાસનું જ કામ ચાલુ છે. આ તપાસોમાંથી ખેડૂતની સ્થિતિ સુધરે એવી યોજનાઓ ખીલી નીકળે એમ આપણે આશા રાખીએ—જો કે અત્યાર સુધી તો ખર્ચાળ નિમણુંકો અને માત્ર અંગ્રેજી ભણેલાઓ–અને તે પણ જેમનો તે વાંચ્યા વગર છૂટકો ન થાય તેવા અમલદારો–એવાં વિદ્વત્તાભર્યાં નિવેદનો અને જૂજજાજ પ્રયોગશાળાઓ સિવાય બીજું કંઇ પરિણામ આવેલું દેખાતું નથી. આવાં ખર્ચાળ મહેકમો પાછળ થતો પગાર અને ભથ્થાભાડાંનો ખર્ચ જોતાં ખેડૂતનાં દૃષ્ટિબિંદુથી ફરિયાદ કરવાનું કારણ તો રહેશે જ કે ખર્ચાતી રકમ જેટલો પણ બદલો ખેડૂતના ઉત્પન્ન વધારવા માટે મળતો હશે કે કેમ એ શંકા ભરેલું છે.

**ગ્રામોન્નતિ અને ખર્ચાળપણું.**

મોટાં મકાનો, ભારે પગારો, અને મોગલાઈ ઠાઠ જો ગ્રામોન્નતિના પ્રદેશમાં પ્રવેશ કરશે તો એ ગ્રામોન્નતિ પોકળ, નિર્જીવ, અને નિર્માલ્ય દેશદ્રોહી અમલદારો ઉપજાવવાની જ યોજના બની રહેશે. ભારે પગારનું ભૂત જેમ બને તેમ હિંદમાંથી વહેલું અદૃશ્ય થાય તેમ વધારે સારું. અને ગ્રામોન્નતિને નામે ખોલવામાં આવતી જગાઓમાં તો ભારે પગાર કલંકરૂપ જ ગણી શકાય.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

૮

# ધીરધાર

## શાહુકારી પદ્ધતિ

શાહુકારને તો સહુ કોઈ ઓળખે છે. ગ્રામજીવનમાં શાહુકાર એક અત્યંત મહત્ત્વની વ્યક્તિ છે. એકાદ મોટા ગામડામાં તે રહેતો હોય અગર ગામડાની પાસે આવેલા કસ્બા કે શહેરમાં રહી, તે ગામડામાં પોતાના લેણદેણની વ્યવસ્થા કરતો હોય. બનતા સુધી ગામડામાં તે પોતાનું ઘર રાખે છે. ખેડૂત અને બીજી ગરીબ વસ્તીના કરતાં શાહુકારનું ઘર જુદું જ પડી આવે છે. એ મકાન પાકું હોય, પ્રમાણમાં વિશાળ હોય અને ધનિકતાનો ભાસ આપનારું હોય.

શાહુકારનો પોષાક પણ ખેડૂત અને મજૂર કરતાં જુદો. પ્રમાણમાં સ્વચ્છ કપડાં તે પહેરે છે. સંભાવિતપણું દેખાય એવી પાઘડી, ખેસ અને જોડા તેને ગ્રામવ્યક્તિઓથી જુદો પાડી દે છે. જનતામાં તેને માન મળે છે, એને બેસવા માટે પાથરણું પથરાય છે, અને કોઈ અમલદાર ગામમાં આવે ત્યારે શાહુકારને આગેવાની મળે છે. કદાચ અમલદારનો ઉતારો જ શાહુકારને ઘેર હોય, અને અમલદારને યોગ્ય સિધું પણ ગામડામાં શાહુકારને ત્યાંથી જ મળે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તે વાચાળ હોય છે, બુદ્ધિશાળી હોય છે, જરુર પડે ત્યાં અત્યંત નમ્ર બનવાની અને સ્વાર્થ હોય ત્યાં અત્યંત સખ્ત થવાની માનસિક શકિત પણ ધરાવે છે. તેને મહેનતનો કંટાળો નથી; ટાઢ તાપ કે વરસાદથી તે થાકતો નથી. ગામડે ગામડે, ગામડાનાં ઘર ઘરમાં અને ખેતર ખેતરમાં તે રખડી શકે છે. ખેતીની મોસમનો તેને પૂરો ખ્યાલ હોય છે. ખેડૂતના પાકની તે ઠીક ઠીક ખબર રાખે છે, અને પાક તૈયાર થઇ ખળામાં કે ખેડૂતના ઘરમાં આવે તે અરસામાં જ તે પોતાની ઉઘરાણી માટે તેમ જ માલના વેચાણ માટે હાજરાહજૂર થઇ શકે છે. કોને ત્યાં કેટલો પાક થશે તેનો અંદાજ તેણે કાઢી મૂકેલો જ હોય છે.

**શાહુકાર**

ઘણીવાર આ શાહુકાર દુકાનદાર પણ હોય છે.

શાહુકાર પ્રત્યે ગ્રામજનતા માન અને ભયની મિશ્રિત લાગણીથી જુએ છે, કારણ ગ્રામવિભાગની આર્થિક યોજનાનો વિધાયક આ શાહુકાર જ હોય છે. ખેડૂતની પાસે તો પૈસો હોતો નથી. જરુર પડે ત્યારે આ જાદુગર ખેડૂતને પૈસો દેખાડે છે. ગ્રામ-આર્થિક રચનાના પાયારૂપ આ શાહુકારને સારી રીતે સમજવાની જરુર છે.

**ખેડૂતની જરૂરીયાત**

ખેડૂતને અને ગ્રામજનતાને ડગલે પગલે પૈસાની જરુર પડે. ખેડૂત દેવાદાર તો છે જ, પરંતુ તેણે જીવવા માટે ખેતી તો કરવી જ જોઇએ. ખેતી સિવાય અને ખેતી ઉપરની મજૂરી સિવાય તેને જીવવાનો બીજો માર્ગ નથી. ખેતી માટે તેને બી ખાતર જોઇએ-થોડે અંશે બી સંઘરી રાખવાની પદ્ધતિ હોવા છતાં. ખેડૂતને ઓજાર જોઇએ અને ઓજાર હોય તો તેની દુરસ્તી પણ કરાવવી જોઇએ. ખેડૂતને ખેતી કરવા માટે બળદ જોઇએ, અને એ બળદની જોડ ખેડૂતની આવકના પ્રમાણમાં ભારે કિંમતની ગણાય. ખેતી પહેલાં



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ખેતરને સાફ કરવાનું હોય, કચરો દૂર કરવાનો હોય, ઢાળીયા કરવાના હોય, ખાડા કરવાના હોય, અને ખેતરને થોરીયાની વાડ કરવાની હોય. કદાચ પાણીની સગવડ માટે તેને કાચો કે પાકો કૂવો પણ કરવો પડે. કોસ, વરત અને દોરડાં પણ ખરીદવાં પડે. આ બધી ખેતીની આવશ્યક વસ્તુઓ વગર પોતાનાથી ખેતી થઇ શકે નહિ.

આ પોતાના ધંધાના અંગની જરૂરિયાત. પરંતુ ખેડૂત માનવી હોઇ તેને જીવવું પડે છે, ન્યાતજાતમાં રહેવું પડે છે, વ્યવહાર સાચવવા પડે છે, લગ્ન, મરણ જેવી મહત્ત્વની ક્રિયાઓ પણ કરવી પડે છે. અને જો કે કેળવણી અને આનંદને માટે ખેડૂતની પાસે ભાગ્યે કંઈ પૈસો રહે છે, છતાં કોઇ કોઇ વાર તે કોઇ આનંદના કાર્યક્રમમાં ભાગ લે તો તેથી ગ્રામજીવનના ઉદ્ધારકોએ ખેડૂતના ઉડાઉપણા ઉપર તૂટી પડવાની જરૂર નથી. આનંદ વગરનું જીવન વેઠરુપ છે, અને વેઠમાં દિવસ ગુજારતા ખેડૂતને જીવતો રાખવો હોય તો તેને જગતે આનંદનાં વધારે સાધનો આપવાં જોઈશે. આમ તેના ધંધાને અંગે અને તેના સામાજીક જીવનને અંગે ખેડૂતને પૈસાની જરૂર રહે છે અને એ પૈસો તે શાહુકારની પાસેથી મેળવે છે.

**ધીરધારનો ધંધો**

શાહુકારની ત્રીજીચોથી પેઢીનો પૂર્વજ દોરી લોટો લઈ મારવાડમાંથી કે ગુજરાતમાંથી ગામડે આવી વસેલો હોય છે. એની ઝીણી—વ્યાપારી દૃષ્ટિ શૂન્યમાંથી સંપત્તિ મેળવી આપે છે. માડુંમરચું વેચવાની શરૂઆતમાંથી શાહુકાર આખા ગામમાં અગર આખા ટપ્પામાં ધીરાણ કરવાનું સામર્થ્ય મેળવી શકે છે. વ્યાપારી બુદ્ધિ પૈસો, મિલકત, અને સત્તા કેવી રીતે મેળવી શકે છે, તેનું દૃષ્ટાન્ત શાહુકારી પદ્ધતિ બહુ સારી રીતે પૂરું પાડી શકે એમ છે.

ધીરધારનો ધંધો અતિ પ્રાચીન છે, મનુસ્મૃતિમાં પણ તેનો ઉલ્લેખ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



છે જ. ધીરધારના ધંધાને અંગે ઉત્પન્ન થતું સ્વાર્થી, સાંકડું અને કલુષિત માનસ, સ્મૃતિકારો, ધર્માચાર્યો, તત્ત્વજ્ઞો, કવિઓ, અને સુધારકો દ્વારા બહુ સખ્ત શબ્દોમાં વખોડાયું છે. વ્યાજખોરોને માટે બાઇબલ બહુ સખ્ત સજા ફરમાવે છે. મુસ્લિમ ધર્મે તો વ્યાજને હરામ ગણેલું છે – જો કે વ્યાજનું નામ ન આપતાં વ્યાજના સાટામાં વ્યાજને પણ આંટે એવો ધીરાણનો બદલો લેવાના માર્ગ મુસ્લિમ શરાફોને નથી જડ્યા એમ નહિ.

**કૃષિકાર અને શાહુકારનાં માનસ**

ગ્રામજનતા ધંધાદારી દેવું અને સામાજિક – લૌકિક દેવું એ બેનો ભેદ પાડતી નથી. ખેડૂતને બીજ માટે પૈસો જોઇએ કે હળ માટે પૈસો જોઇએ તો પણ તે શાહુકાર પાસે જાય. બાપનું બારમું કરવું હોય, માનું વરશી વાળવું હોય કે સાધુની ટીપમાં ફાળો કરવો હોય તો પણ તેને શાહુકારની પાસેથી જ નાણાં લેવાનાં. જાત્રા કરવી હોય અગર વૈદ્યની પાસેથી દવા લાવવી હોય તો પણ તેના પૈસા શાહુકારને ત્યાંથી જ મળે. ઊંચી ઢબનું નાણાશાસ્ત્ર ઉત્પાદક અને બિનઉત્પાદક એવા બે પ્રકારના દેવાનું વર્ગીકરણ કરે છે. તેનું ખેડૂતને જ્ઞાન નથી. એક તો તે અભણ હોય છે. એને મન ખેતી એ માત્ર ઉત્પાદક ધંધો નહિ પરંતુ એનો વંશપરંપરાગત જીવનવ્યવહાર છે એવું તે માને છે. ખેતીના ધંધામાં અઠવાડિક કે માસિક આવક મળતી નથી કે જેને લઇને લેણદેણનો તાબડતોબ નિકાલ કરી શકાય. બે પાક લેનાર ખેડૂતને છ માસે અને એક પાક લેનાર ખેડૂતને તો વર્ષે દિવસે પાકની કિંમત હાથમાં આવવાની. અને તે હાથમાં પણ શાની આવવાની? વર્ષ કે છ માસમાં તેની ધંધાની અને નિત્ય વ્યવહારની જરૂરિયાતો પોતાની શાખ ઉપર જ પૂરી પાડવી રહી. અને ખેડૂતની શાખ એટલે શું? એની જમીન, એનાં ઢોરઢાંખર, એનું ખોરડું, અને કંઇક અંશે એની સાચી દાનત

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તથા મહેનત કરવાની શક્તિ. દાનત અને શક્તિ એ બન્ને તત્ત્વો ચલ છે. આજનો સાચો માણસ આવતી કાલે સ્થિતિ પલટાતાં જૂઠો પણ બની જાય. આજે પહાડ જેવો દેખાતો ખેડૂત આવતી કાલ ટાઢિયા તાવમાં પોતાની બધી શક્તિ ખોઇને પણ બેસે. એટલે જો કે શાહુકાર એ બન્ને તત્ત્વો ધ્યાનમાં તો લે છે જ, તથાપિ ધીરાણ કરતી વખતે તેની નજર ખેડૂતની જમીન અને ખેડૂતની સ્થાવર જંગમ મિલકત ઉપર જ રહે છે. અંગઉધાર ધીરાણની મર્યાદા બહુ ઝડપથી ખેડૂત ઉલ્લંઘી જાય છે. એટલે તેને પોતાની મિલકત ગીરવી મૂકીને નાણાં લેવાની જરૂર પડે છે. શાહુકાર તો ખુલ્લી રીતે ધીરધારનો ધંધો નફો મેળવવા માટે જ કરે છે. શાહુકારને ગ્રામોદ્ધાર કરવો નથી. શાહુકાર ખેડૂતોની જિંદગી સુધારવાના ધ્યેયથી વ્યાપાર કરતો નથી. એણે ધીરધારના ધંધાનો સ્વીકાર દયાધર્મની ભાવનાથી પ્રેરાઇને કરેલો નથી. સહુ ધંધાદારીઓની માફક શાહુકાર પણ નફો મેળવી પોતાની સ્થિતિ સુધારવાના સ્પષ્ટ ઉદ્દેશથી જ ધંધામાં પડે છે; એટલે તે સ્વાભાવિક રીતે ખેડૂતોની નબળાઇનો લાભ લઈ શકે છે. ધીરાણમાંથી તે વ્યાજ મેળવે છે – ઘણી વાર તે વ્યાજનું વ્યાજ પણ મેળવે છે, ખેડૂતના પાકનું વેચાણ કરાવી આપી તેમાંથી દલાલી મેળવે છે, અગર આખો પાક વેચાતો લઈ તેના નવા ધંધામાંથી પણ ખેડૂતને ન મળતો નફો તે મેળવી શકે છે. અજ્ઞાન, આળસ, નિરાશા અને સતત મહેનતમાં ડૂબેલો ખેડૂત જમીન ઉપર મહેનત કરતો જ રહે છે, અને તેની સ્થિતિ જરા ય સુધરતી નથી. ખેડૂતની મિલકતમાં ભાગલા પડી જાય છે, અને જમીન કે મિલકત પાછી છોડાવવાની આશામાં ગીરોનો વ્યવહાર કરનાર ખેડૂત મુદ્દલ અને વ્યાજવટાવના ભારણમાં એટલો દબાઇ જાય છે કે તેને ધીમેધીમે પોતાનાં ઢોર, પછી પોતાનું ઘર અને પછી પોતાની જમીન શાહુકારને વેચાણ લખી આપવી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



પડે છે. આમ જમીનનો એક વખતનો માલિક માલકીથી મુક્ત થઈ શાહુકારનો ગણોતિયો કે મજૂર બની જાય છે, – અરે! મજુરી જેટલો પણ તેને પોતાની પ્રિય જમીન સાથે સંબંધ રહેતો નથી.

**શાહુકારો વિરૂદ્ધ ટીકા**

શાહુકારી પદ્ધતિ વિરુદ્ધ ઘણું ઘણું બોલાયું છે, અને લખાયું છે. શાહુકારોને મૂડીવાદી લોહી ચૂસનારા રાક્ષસો તરીકે પણ ચિતરવામાં આવેલા છે. શાહુકારી પદ્ધતિએ જમીનની સાથે પ્રત્યક્ષ સંબંધ ન ધરાવનારા એવા શાહુકાર વર્ગના હાથમાં જમીનનો મોટો જથ્થો મૂકી દીધો છે, તથા કૃષિ તથા કૃષિકારનું તેણે સર્વથા કલ્યાણ સાધ્યું નથી, એટલું તો આપણે કહી શકીએ. છતાં શાહુકારો વિરુદ્ધ ટીકા કરનાર સમાજસેવકો, વકીલો, અને અમલદારોએ ખાસ કરીને સમજવું જોઈએ કે તેમના પોતાના અસ્તિત્વે પણ ખેડૂતોની ઓછી ખરાબી કરી નથી. હજાર, બે હજાર, ચાર હજારનો માસિક પગાર સરકારી કચેરીઓમાં, વ્યાપારી પેઢીઓમાં અગર શરાફી બેંકોમાં નિયમિત રીતે મેળવી, મોજશોખનાં સર્વ સાધનો ભરેલી દુનિયા સાથે સાથે ફેરવી કોઈવાર ગામડે જવાનો ડોળ કરી ખેડૂતોની સ્થિતિનાં હૃદયદ્રાવક વર્ણનો અને શાહુકારોનાં રાક્ષસી વર્તનનાં બ્યાન કરનારો એ વર્તમાન અમલદાર કે વ્યાપારી વર્ગ ગામડાંના શાહુકારો કરતાં જરાય ઓછો રાક્ષસી નથી. એ વર્ગે પણ સમજવું જોઈએ કે જેમ શાહુકારની સંપત્તિ શાહુકારે ખેડૂતો પાસેથી ઝૂંટવી લીધી છે, તેમ તેણે પણ પોતાની ઝાકઝમાળ સ્થિતિ ખેડૂતના પ્રસ્વેદ અને ખેડૂતનાં રુધિર ઉપર જ રચેલી છે. પ્રત્યેક માસે પગાર લેતો પગારદાર શાહુકારોનું ભૂંડું બોલવાનો જરા ય હક્ક મેળવતો નથી. શાહુકાર એક ઉપયોગી કાર્ય તો કરે જ છે, – ગ્રામની આર્થિક વ્યવસ્થા તે જીવતી રાખે છે, અને ખેડૂતની શાખ પહોંચે ત્યાં સુધી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તેને ઉપયોગી થઇ પડે છે. શાહુકારને માથે અપવાદ છે કે તે ખેડૂતના અજ્ઞાનનો લાભ લે છે, ખોટા હિસાબો લખે છે, વ્યાજમાં ખેડૂતને કચરી નાખે છે, તેની મિલકત જલદી હાથમાં આવે એવી યુક્તિઓ રચે છે. આ બધું અમુક અંશે ખરું છે. પરંતુ અજ્ઞાનનો લાભ અમલદારો, વકીલો, ડૉકટરો અને ઇજનેરોએ પણ ક્યાં નથી લીધો ? ખેડૂતો ખરેખર સમજતા થશે તે દિવસે શાહુકારોની સાથે તેઓ આ ભણેલા વર્ગને પણ ઉખાડી નાખવા કેમ ઇચ્છા નહિ રાખે ? શાહુકારે તો ગ્રામની આર્થિક સ્થિતિ પણ જાળવી રાખી છે, અને તેની દુષ્ટતાના અનેક અનેક પ્રસંગો નોંધાયા હોવા છતાં તેણે ધંધા અર્થે ગામડામાં વસવાટ કર્યો છે, અને ભણેલાઓ જેમની સાથે બોલતાં શરમાય છે તેવા ખેડૂતોને ઘેરઘેર જઇ તેને પૈસા આપ્યા છે, અને તેના વ્યવહાર સાચવ્યા છે; ઘણીવાર તો ખેડૂતની શાખ અને મિલકત બન્ને વટાઈ ગયા છતાં તેને જીવતો રાખવાની માણસાઇ ઘણાએ દાખલાઓમાં તેણે દર્શાવી છે. અજ્ઞાન ખેડૂતની સાથે અસહ્ય લમણાઝીક કરી પોતાનાં દેવાં લેણાં પતાવ્યાં છે. ગામડાના માલને બજારભેગો કરવાનું સાહસ પણ તેણે કર્યું છે. શાહુકારમાં દયાનો ભાસ નથી એમ આપણે ભલે કહીએ. તે નહિ હોય. દયાખાતર તે પોતાનો વ્યાપાર કરતો જ નથી. આપણે બધા દયાનું વ્રત લઇ બેઠા હોઇએ એમ જાણવામાં નથી. છતાં ગામડાંના ખેડૂતોને નાણાં ધીરવામાં રહેલું જોખમ શાહુકાર ઉપાડે છે, અને ખેતીવાડી જેવા અસ્થિર ધંધાનો આર્થિક પાયો પોતાના હાથમાં રાખવાનું સાહસ કરવા જેટલું જીગર તે ધરાવે છે, એટલું તો તેને માટે કહેવું પડશે. શાહુકારોને દોષ દેતા પહેલાં, આપણે સમજવું જોઇએ કે હિંદુસ્થાનનું રાજ્ય હાથ કરી લેનારી વ્યાપારી ઇસ્ટ ઇંડીયા કંપની દયા અને ખ્રિસ્તિ ઉદારતા – Christian charity ઉપર રચાયેલી ન હતી.

Gandhi Heritage Portal

**શાહુકારી પદ્ધતિની ખામીઓ**

એટલું તો ચોક્કસ કે શાહુકારી પ્રથાએ ગ્રામજીવનના આર્થિક વિભાગમાં બહુ ઉપયોગી ભાગ ભજવ્યો હોવા છતાં – તેણે ગ્રામજીવનને સમર્થ બનાવ્યું તો નથી જ. સઘળો દોષ શાહુકારી પદ્ધતિનો નથી. રાજકીય અને આંતરરાષ્ટ્રિય કારણો ગ્રામજીવનને નિર્બળ કરવામાં સહાયભૂત થયાં છે, એટલે ગ્રામજીવનને સુદૃઢ કરવા માટે શક્તિ જોઇએ તે શાહુકારી પદ્ધતિમાં રહી નથી એટલું તો આપણે તેનાં વખાણ કરવા છતાં પણ કબૂલ કરવું પડશે. શાહુકારી પદ્ધતિને લીધે :—

(૧) ખેડૂતોનાં અજ્ઞાનનો લાભ લેવાની વૃત્તિ જાગૃત થઇ છે;

(૨) ખેડૂતોને સ્વાભાવિક રીતે મળવાના ભાવ તેને મળતા નથી;

(૩) ખેડૂતો જમીન અને મિલકત વગરના થતા જાય છે;

(૪) જમીન સાથે જરા ય સંસર્ગ નહિ એવા પ્રકારના વ્યાપારી વર્ગના હાથમાં જમીનની માલકી આવી જાય છે, એટલે જમીન કેળવવાની શકિત ધરાવતો ખેડૂત મજૂર કે ગણોતિયો બની જઇ જમીન ઉપર પૂરતી મહેનત કરતો નથી, જમીન ઉપર ભાવ રાખતો નથી, અને જમીન વધારે ફળદ્રુપ કરવાની સહજ પણ ઇંતેજારી સ્વાભાવિક રીતે દેખાડતો નથી. લેણ-દેણ, ઉઘરાણી, ચોપડા, અને વેચાણમાં પડેલા શાહુકારને કૃષિ સંબંધી ગતાગમ હોતી જ નથી, એટલે તેનાથી ડોળ કરવા છતાં પણ જમીન સુધારવાનું બની શકતું નથી.

(૫) જમીન સુધારણામાં ખેડૂતની સાથે શાહુકારને પણ લાભ છે, એવી ભાવના ધનિક–શાહુકાર વર્ગમાં હજી જાગ્રત થઈ નથી. એટલે વ્યાપારી – લાભ – નફો મેળવવામાં કેળવાયલી – બુદ્ધિ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



ખેતીને પ્રત્યક્ષ ઉપયોગી ન નીવડતાં ખેતીને ઘાતક નીવડે એવી રીતે ધીરધારની પદ્ધતિ ચાલે છે.

( ૬ ) ખેતી પૈસા રોકવાને પાત્ર ધંધો છે એવી ખાતરી ધંધાદારીઓની થઇ નથી.

( ૭ ) મહેનત અને બુદ્ધિને બળે ટકી રહેતા ખેડૂત વર્ગનો નાનકડો ભાગ પણ શાહુકારી પદ્ધતિમાં લપસી જઈ ખેડૂત મટી જાય છે.

( ૮ ) ખેતી અને ખેડૂત એ ગ્રામજીવનના – હિંદી જીવનના પાયારૂપ તત્ત્વો છે એ વાત ભૂલાઇને જ બધા વ્યવહાર થાય છે.

એટલે હવે એવી સ્થિતિ ઉત્પન્ન થઇ છે કે શાહુકારી પદ્ધતિને કાં તો તોડી નાખવી, તેને સુધારવા માટે તેનું નિયમન કરવું અથવા ગ્રામજીવનની વધારે સેવા કરી શકે એવી કોઇ આર્થિક યોજનાઓ ગ્રામજીવનમાં દાખલ કરવી. એ પ્રશ્નો મહત્ત્વના બની ગયા છે. સરકાર શાહુકારનાં બધાં કાર્યો બજાવે તો શાહુકારી પદ્ધતિની જરૂર ન રહે. પરંતુ રાષ્ટ્રિય મિલકત રાષ્ટ્ર કે રાજ્યને કબજે કરવા જેવી સામાજીક કે સામ્યતા પ્રેરક રચના ન થાય ત્યાં સુધી એ પ્રશ્ન માત્ર ભંજક દૃષ્ટિએ જ ઉપયોગી થઇ પડે. એટલે સમાજવાદ અને સામ્યવાદની દૃષ્ટિ સિવાયના એ પદ્ધતિના સુધારાનો વિચાર અત્રે કરીશું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

श्री महादेव देसाई ग्रंथालय
क्रमांक ________
वर्गांक ________

૯

## શાહુકારી પદ્ધતિ સુધારવાના પ્રયાસો.

શાહુકારી પદ્ધતિ શી રીતે સુધરે ?

**શાહુકારી પદ્ધતિની મુશ્કેલીઓ**

ખેડૂતના અજ્ઞાનનો લાભ લેવાતો હોય તો તે દૂર કરવા પ્રયત્ન કરવો. શાહુકારના વ્યાજ વટાવનો બચાવ તેનાં સાહસ, જોખમ અને સેવામાં કદાચ થઈ શકે. શાહુકાર જે ધીરાણ કરે છે તે બધું જ પાછું આવે એમ બધા પ્રસંગોમાં બનતું નથી. બહુ કાળજી રાખ્યા છતાં લેણું ડૂબે એ પણ સંભવિત છે.

ધાર્યા પ્રમાણે લેણું પાછું ન આવે એ પણ શાહુકારે સ્વીકારી લેવાનું હોય છે. દેણદારનો માલ ખપે નહિ, માલ પૂરો ઉપજે નહીં, ખપ્યા પછી ઉપજેલા પૈસા દેણદાર બીજે જ માર્ગે ખર્ચે એ સંભવો ગ્રામજીવનમાં હોય છે જ. એટલે શાહુકારને વખતસર ન મળતી રકમ માટેની તૈયારી પણ રાખવી પડે છે.

એટલે તો વ્યાજ, વટાવ, કોથળી છોડામણી, પાઘડી, સુખડી જેવાં નામો આપી લ્હેણાની રકમને પોતાના લાભમાં તે હળવી કરે છે, અને ગરજાળુ દેણદાર પૈસાની જરૂરમાં એ માગણીઓ સ્વીકારી લે છે. સો રૂપિયાની રકમ શાહુકાર ખેડૂતને કાઢી આપે એટલે છથી બાર ટકા જેટલું વ્યાજ પૈસાના ભાડા તરીકે લેવાય. એ રૂપિયા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



કોથળી છોડામણી હોય, બે રૂપિયા વટાવ હોય, એકાદ રૂપિયો પાઘડી ખાતે પણ આપવો પડે. સો રૂપિયામાંથી પંચાણુ – અરે એથીયે ઓછા – ખેડૂતના હાથમાં જાય, અને તે સોની જવાબદારી ઉપરાંત પૂરી રકમના ભાડા–વ્યાજનું ભારણ પણ ભોગવે !

શાહુકારને હિસાબ લખવો પડે, ઉઘરાણી કરવી પડે, કાયદાનો ખર્ચાળ અને હેરાન કરી નાખતો આશ્રય લેવો પડે, ધીરાણ સહેલાઇથી વસુલ થાય એવી સરળતા કાયદો તેને આપતો નથી, હપતા પડે તે ચલાવી લેવું પડે, અને પ્રસંગે નાદારીમાં જતા ખેડૂતનું લેણું કે લેણાનો ભાગ જતો પણ કરવો પડે. એનો એ બદલો માગે એ સમજાય એવું છે, એની સલામતી માટે એ સખ્ત થાય એ પણ વાસ્તવિક છે, અને સંભવિત ખાધ પૂરવા માટે એ એક અગર બીજા રૂપમાં લેણાં નિર્ભય કરે એ પણ વાજબી છે. વ્યાજ તો બૅન્કો – શરાફી પેઢીઓ પણ લે છે. લેણું નિર્ભય કરવામાં લેવાતી રકમ વીમાના સ્વરૂપની ગણી શકાય.

અને શાહુકાર ધનને ફરતું કરી ગ્રામજનતાની એક પ્રકારે સેવા કરે છે એમાં પણ શક નહિ. અડધી રાતે પૈસો જોઇતો હોય તો બૅન્ક ન આપે, શાહુકાર આપે. બેન્ક વ્યાપારી યંત્ર છે; એને અંગત લાગણી નથી. શાહુકાર આખરે તો માણસ છે જ. એ દેણદાર પ્રત્યે ઘાતકી બની શકે છે, પરંતુ યંત્રના સરખું આંધળું એકમાર્ગી વર્તન તે કરતો નથી.

**એ પદ્ધતિનો અનર્થ**

શાહુકારી પદ્ધતિના લાભ છતાં તે અનર્થકારક થઇ પડી એનાં કેટલાંક કારણો છે. ગામને – ગ્રામવિભાગને – સર્વ વાતે સ્વતંત્ર રાખતી જૂની અર્થ વ્યવસ્થા તૂટવા માંડી. અનાજ પોષણ માટે નહિ પણ પૈસા માટે ઉપજાવવાનું શરૂ થયું. વસ્તુ સાટે વસ્તુ આપવાની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પ્રથા ઘટી ગઈ અને રૂપિયા પૈસાએ વસ્તુઓ તોળાવા લાગી. રૂપિયો હિંદી સરકારની મારફત બ્રિટિશ ચલણનો આશ્રિત બન્યો. પ્રજા પરાધીન એટલે પ્રજાની સંપત્તિ તથા મિલકત પણ પરાધીન જ હોય ને ? બ્રિટિશ ચલણ જગતનાં બીજાં ચલણોની સાથે હરતું ફરતું હતું. ઘઉંની કિંમત ગામનો માણસ કરે એવી સ્થિતિ ટળી ગઇ. ઘઉંનો કિંમત રૂપિયે અંકાવા લાગી, અને રૂપિયો એટલે બ્રિટનના પાઉન્ડ શિલિંગ – પેન્સનો ગુલામ ! આપણો માલ ગામડું છોડી જગત વ્યવહાર જોડે જકડાયો.

**વ્યાપારનું ધ્યેય નફો.**

એ જગતનો વ્યાપાર પશ્ચિમના યંત્રવાદે મૂડીમય કરી દીધો. અર્થશાસ્ત્રમાંથી માનવતા ચાલી ગઇ. નફો એ જ સમસ્ત વ્યાપાર રોજગારનું ધ્યેય બની ગયો. માનવજાતની સગવડ ખાતર વ્યાપાર કરવાનો છે એ વાત વિસરાઇ ગઇ, અને નફા ખાતર વ્યાપાર કરનારના અંગત નફા માટે જ વ્યાપાર હોઈ શકે એવી માન્યતા અંધ અર્થ-શાસ્ત્રે સ્વીકારી લીધી. અઢળક ઉત્પાદન કરી બજારો ભરી દેવાં, ભાવ તાલની ગુંચવણમાંથી નફો અદ્ધર ઉપાડી જવો, એક વ્યક્તિએ અગર વ્યકિતઓના સમૂહે નફાખાતર ભેગા થવું અને નફો મેળવવા કુનેહ ઉપરાંત રાજદ્વારી સત્તા કે લાગવગનો પૂરો ઉપયોગ કરવો એ શાસ્ત્રસંમત છે એમ મનાવા લાગ્યું. સોંઘે લેવું અને મોંઘે વેચવું એ માન્ય સિદ્ધાન્ત બની ગયો.

મજૂરી કરી વસ્તુ ઉત્પન્ન કરનાર વેઠિયા બન્યા, વ્યાપાર એ બુદ્ધિમાનોનો ખેલ બન્યો, માલની આપલેમાં જુગાર રમાવા લાગ્યા, અને જેણે માલને નજરે પણ જોયો નથી એવા ત્રાહિત માણસો માલના માલિક બની ગયા. વ્યાપાર જુગાર બની બેઠો. ભાવતાલ સટ્ટો બની ગયાં, અને ઉત્પાદકો કે શાહુકારોને બદલે દલાલો અને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



સટોરીયાઓથી આપણાં બજારો ઉભરાઇ ગયાં. બજારો જુગારના અખાડા બની જાય એમાં શું આશ્ચર્ય ?

**હિંદની પરતંત્રતા અને વ્યાપાર**

સ્વતંત્ર દેશ કે પ્રજા હોય તો માલના અવરજવર ઉપર જરુર લાગ્યે અંકુશ મૂકે અથવા જરુર ન લાગે તો માલની અવરજવર નિરંકુશ પણ બનાવે. હિંદ ક્યાં સ્વતંત્ર છે કે તે પોતાના માલનું, માલની અવરજવરનું એવું નિયમન કરે કે જેથી ખેડૂતને–મિલકત પેદા કરનારને લાભ થાય ?

એટલે હિંદનો પૈસો ચલિત બન્યો. શાહુકારો સ્વાર્થી દલાલો બની ગયા, અને ગ્રામજીવનની જરૂરનો પ્રશ્ન પડદા પાછળ રહી ગયો. ગ્રામજીવનમાં વપરાતું ધન અને બુદ્ધિ કારખાનાં તથા સટ્ટા બજારોમાં વળ્યાં ગયાં, અને સુખમય જીવનને બદલે ધનિક જીવન સહુનો આદર્શ બનવા લાગ્યું. શાહુકારો શરાફ–મહાજન તરીકે જીવવાને બદલે લખપતિ શેઠ બનવાની ક્રિયામાં પડ્યા, અને એનું પરિણામ ગ્રામજીવનમાં એ આવ્યું કે ઘટતા બદલાને બદલે વટાવ, વ્યાજ, હિસાબ અને આપલેમાં જુઠાણું શરૂ થયું, ગ્રાહકો અને દેણદારોને જીવતા રાખવાની વૃત્તિ ઘટી ગઈ અને તેમની મિલકતો કેમ કરી પોતાને કબજે આવી જાય એની યુક્તિમાં જ આ વર્ગ પોતાની બુદ્ધિ રોકતો થઈ ગયો.

**નિરૂપયોગી બનતી પદ્ધતિ**

જે પદ્ધતિ જનતાના મોટા ભાગનું કલ્યાણ ન સાધે એ નિરુપયોગી નીવડે છે. જે પદ્ધતિ નિરુપયોગી નીવડે તે પદ્ધતિ કાં તો આપોઆપ ખરી પડે અગર તેને ખેરવી નાખનારાં બળ ઉત્પન્ન થઇ તેની સામે વિગ્રહમાં જોડાય. જે શાહુકારી પદ્ધતિ ખરા કૃષિકારોની જમીન ખુંચવી લે એ પદ્ધતિ કોને ઉપયોગી નીવડે ?

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

હજારો વીઘાં જમીનની માલિકી કરી બેસનાર નાણાવટીને એ જમીન ખેડાવવી તો પડે જ. મજૂરો દ્વારા થતી ખેતી વેઠ કાઢવા સરખી જ હોય છે. એટલે અંતે જમીન નિરૂત્પાદક બની જાય છે. ખેતીની ઘટતી આવક અંતે બની બેઠેલા માલિકને –શાહુકારને જ મુશ્કેલીમાં નાખે છે. ખેતી ન કરનારના હાથમાં જમીન મૂકવા દેવી એ સામાજીક વિચારણાને અંગે ભારે દોષ અને ગુનો બને છે.

**સુધારણા**

એટલે ખેડૂતોની જમીન ખુંચવી લેતી શાહુકારી પદ્ધતિ એ અકુદરતી અને અસ્વાભાવિક ઘટના છે. એને અટકાવવી જ જોઇએ. એ ભાવનામાંથી જમીન અને ખેડૂતોના સંસર્ગ દીર્ઘ બને એ ઉદ્દેશથી કાયદાઓ રચાવા માંડ્યા.

**માર્ગ**

રૈયતવારી પદ્ધતિમાં જમીન એ ગીરો વેચાણની ક્રિયા અંગે હાથ ફેર–માલિકી ફેર થાય એવી મિલકત ગણાઇ ચૂકી હતી. એ ઉપર અંકુશ એક અગર બીજી રીતે મૂક્યા સિવાય જમીન અને ખેડૂતનો લાભકારક સંસર્ગ ચાલુ રહે નહિ. એટલે ખાસ કરી નીચેના ઉદ્દેશવાળા કાયદાઓથી શાહુકારી સંસ્થાદ્વારા વેડફાતી કૃષિભૂમિને સાચવી શકાય એમ લાગે છે :—

( ૧ ) પછાત વર્ગના લોકોની જમીનના ગીરોવેચાણ હક્ક ઉપર નિર્બંધ મૂકી તેમના હાથમાંથી જમીન જતી રહેતી અટકાવવી.

( ૨ ) ખેડૂત કે ગણોતિયાના ખેડહક્કનું સંરક્ષણ કરવા તેના અને ખાતેદારના હક્કો કાયદાથી જ નિર્ણિત થાય એમ ગોઠવણી કરવી.

( ૩ ) ખેતીની જમીન પ્રત્યક્ષ ખેતી ન કરતા વર્ગના હાથમાં જાય જ નહિ એવી વ્યવસ્થા કરવી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૪) ખેડૂત કુટુંબની જરૂરિયાત જેટલી જમીન તો તેના હાથમાં રહે જ રહે એવી યોજના કરવી.

**જમીનનું રક્ષણ**

હરિજનો, દુબળા જેવી રાની પ્રજાના અશિક્ષિત ખેડૂતો, ઠાકરડાઓ, વાઘેરો, ભીલ કે કોળી જેવી પછાત કોમોની જમીનો જતાં તે તદ્દન નિરાધાર બની પોતાને અને સમાજને પણ ભારણરુપ થઇ પડે છે. એટલે તેમની જમીન વેચાય નહિ અને કદાચ વેચાય તો તેમના જેવીજ જાતના કોઇ માણસને મળે, એ કોમ માટે તેમ જ જમીન માટે ઇચ્છવા યોગ્ય છે. શાહુકાર જમીન લઇ લે એટલે બહુ મોટા પ્રમાણમાં જમીન બિન-ખેડૂતના હાથમાં જાય; જમીનને સુધારવાને બદલે તે વધારેમાં વધારે કસ તેનો કાઢી લે અને ખેડૂત વર્ગને પરાવલંબી કરી નાખે. એટલે અમુક કોમની જમીનો વેચાય નહિ એવી યોજના કરવા તરફ હાલમાં વૃત્તિ વળેલી છે. અને પ્રત્યક્ષ ખેતી કરનારને જ એ કાર્ય તરફ રોકાયલો રાખવા માટે એ બહુ જરૂરી પણ છે.

**ગણોત નિયમન**

વળી કેટલેક સ્થળે જમીનો શાહુકારના હાથમાં મોટા પ્રમાણમાં ચાલી ગયેલી હોય છે. આધ ભાગના ધોરણે શાહુકાર – જમીનદાર ખેડૂત ગણોતિયા પાસેથી પાકેલા માલનો અડધો ભાગ સાંથ તરીકે લઇ લે છે. ખરેખર મહેનત કરનારની પ્રાપ્તિમાંથી અડધો ભાગ લેવો એ વધારે પડતું કહેવાય. એ અડધા ભાગ ઉપરાંત લેણદેણના સંબંધને અંગે દેવામાં, દેવાના વ્યાજમાં ખેડૂતને ભાગે રહેલા અડધા ભાગમાંથી પણ માલ ખેંચાઇ જાય. અહીં ભાવ તોલમાં અભણ ખેડૂત પાછો લુંટાય. આથી તેને જમીનમાં ખેતી કરવાનો ઉત્સાહ જ રહેતો નથી. એટલે રોકડ રકમ આપવાની અને તે પણ જમીનના આકારના અમુક પટ સુધી જ આપવાની યોજના કાયદાથી કરવાના પ્રયત્નો થાય છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ખાતેદાર તરીકે શાહુકાર ગણોતિયાને મરજી ફાવે ત્યારે દૂર કરી શકે છે. આવી અસ્થિરતામાં ખેડૂતથી રસ લેઇ જમીન સુધારાતી નથી અને મન મૂકીને ખેતી થતી નથી. આ વર્ષે સુધારેલી જમીન આવતે વર્ષે એના એ જ ખેડૂતને મળશે કે કેમ એ અનિશ્ચિત હોવાથી પણ ખેડૂતો લાચારી અનુભવે છે અને શાહુકારોની–જેઓ માત્ર ધીરધારને જ અંગે જમીનમાલિક થઇ પડ્યા હોય છે તેમની–દયા ઉપર જ ખેડૂતોને રહેવું પડે છે. એટલે નિયમથી બાંધેલું ગણોત ખેડૂત ભર્યે જાય ત્યાં સુધી અગર જમીનની ખરાબી કરી જમીન ઉપર નવી જવાબદારીઓ ઊભી ન કરે ત્યાં સુધી, તેને ખાતેદાર માલિકી હક્કે દૂર ન કરી શકે એવી પણ યોજના થઇ શકે છે.

**ખેડૂતોના હાથમાં જ જમીન રાખવી**

એ જ પ્રમાણે ખેડૂતોના હાથમાંથી જમીન ચાલી ન જાય, અને ચાલી જાય તો એ જ વર્ગના માણસોના હાથમાં રહી શાહુકારી સ્વાર્થ અને બેદરકારીનો ભોગ ન બને એમ કરવાની જરૂર હવે બહુ જ ઊભી થઇ છે.

**તગાવી**

શાહુકારી પ્રથા ગ્રામજીવનની વધારે ખરાબી ન કરે એ અર્થે સરકારે પણ તગાવી આપવાની યોજના કરેલી હોય છે. વ્યક્તિગત ખેડૂતોને બી, બળદ, ઓજારો, મકાન વગેરે માટે પૈસાની જરૂર પડે તો એકલા શાહુકારોનું જ શરણ શોધવું પડે એ સ્થિતિ ટાળવા મહાલોમાં સરકાર તરફથી થોડી થોડી રકમો ખેડૂતોને આપવા માટે રખાય છે.

**શરાફી ધંધાનું નિયંત્રણ**

ઉપરાંત શાહુકારો સાચા શરાફ બને, ચૂસણનીતિમાં ખેંચાઇ ન જાય અને ખરેખર ઉપયોગી ભાગ ભજવે એ અર્થે તેમની સંખ્યા ઉપર અંકુશ મુકાય, તેમના હિસાબ કિતાબ વ્યવસ્થિત રહે,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

દેણદારને રીતસર પહોંચ પાવતીઓ વખતોવખત આપી હિસાબ તેને પણ સમજાય એવો રાખે, વ્યાજની રકમ વાજબી જ રાખે અને ખેડૂતોની લાચારીનો લાભ લઈ વ્યાજ સિવાયની જુદે જુદે બહાને લેવાતી રકમો ન કાપે એ અર્થે ધીરધારનો ધંધો કરવા માટે પરવાના આપી શરાફો ઉપર અંકુશ મૂકવાની જરૂર પણ ઊભી થઇ છે.

**ખેડૂતકરજની તપાસણી**

વળી દીવાની કચેરીઓને લેણદેણનો આખો ઇતિહાસ તપાસી ક્રૂર વ્યાજ કે ખોટા હિસાબની ચોકસી કરી લેણામાં–મુદ્દલ તથા વ્યાજની રકમમાં–ઘટાડો કરવાની સત્તા આપીને પણ શાહુકારી પદ્ધતિની ખામી સુધારી શકાય છે. ઘણી વખત ખેડૂતને લાભ આપવા માટે સ્ટાંપની સારી રકમ પણ માફ કરવામાં આવે છે.

**કરજ સમાધાન મંડળો**

લેણદાર તથા દેણદારને ભેગા કરી આખી આપલે તપાસી બંને પક્ષનું મન મનવી તોડજોડથી દેવાનો નિકાલ કરવા માટે સરકારી તથા બિનસરકારી સભ્યોનાં મંડળો સ્થાપીને પણ દેવું ઘટાડી શાહુકારી પદ્ધતિને ચોખ્ખી બનાવવાની પ્રથા ચાલુ થયેલી છે.

**સહકાર્ય**

સાથે સાથે ખેડૂતોનાં સંગઠન થાય, ખેડૂતો પોતાની આર્થિક લેવડ દેવડની વ્યવસ્થા શાહુકારોની દરમિયાનગીરી સિવાય કરી લે, પોતાના માલના વેચાણવ્યવહારની વ્યવસ્થા ભેગા મળી કરી લે, જરૂરપૂરતી વસ્તુઓની ખરીદીમાં પણ એક સામટો માલ લઇ તેની વહેંચણી કરે અને અરસપરસ એકની શાખ બીજાના ઉપયોગ અર્થે વાપરી તેને પણ સદ્ધર બનાવવામાં પોતાનો ટેકો આપે જાય એ અર્થે સહકાર્યની એક પદ્ધતિ પણ હિંદમાં દાખલ થઇ છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



**ઈલાજોની જરુરિયાત**

આ બધા પ્રયત્નો ગ્રામજનતાની સ્થિતિ ઉન્નત કરવા માટે જાણે અજાણે ઉપયોગમાં લેવાય છે. એ જરૂરી છે. એ બધાનો ઉપયોગ થવા છતાં ગ્રામજનતાની ઉન્નતિ થતી નથી એ દલીલ એ બધા ઇલાજોની વિરુદ્ધ વાપરવાની જરૂર નથી. એનો અર્થ એટલો જ કે એ ઇલાજો કાં તો ખરા હૃદયથી લેવાતા નથી, તેમના અમલમાં કાંઇ ખામી છે, અથવા પ્રજાનું પછાતપણું એ ઇલાજોને સફળ બનાવતાં અમુક અંશે અટકાવે છે. છતાં આર્થિક ઘટનાને વ્યવસ્થિત અને લાભપ્રદ બનાવવી હોય તો આ બધા માર્ગ લીધા સિવાય છૂટકો નથી. બીજા માર્ગ દેખાતા નથી – સિવાય કે દેવું બિલકુલ નકારવામાં આવે અને ગ્રામ-જીવનમાં શહેરી નાદારીના કાયદાનો આશ્રય લેવામાં આવે.

શાહુકાર–શરાફ–શેઠ એ શબ્દોની સાથે આબરુ, એકવચનીપણું, સચ્ચાઈ, દયા અને ઉદારતાનો ભાવ રહેલો હતો. શાહુકારનો બોલ એટલે બ્રહ્માનું વાક્ય. પરંતુ એ ભાવ ટળી ગયો અને શાહુકાર કે શેઠ શબ્દની સાથે કપટી જાદુગર અથવા છૂપા લૂંટારા જેવો અર્થ દાખલ થવા માંડયો એ જ બતાવી આપે છે કે શાહુકારી ધીરધારની પદ્ધતિ અનેક પ્રકારની સફાઇ અને સુધારા માગે છે–જો તેને ટકાવવી હોય તો. ધનની માલિકી ન હોય. ધનની દલાલી ન હોય. ધનના જુગાર ન હોય. ધન તો સમાજે સાચવવા સોંપેલી સહુની મિલકત ગણાવી જોઇએ. ધનના રક્ષક, પાલક કે વ્યવસ્થાપકથી તેને પોતાની મિલકત ન જ બનાવાય. વાલી માલિક બનવા મથે ત્યારે તેને અટકાવવા ઇલાજો લેવા જ જોઈએ. સૌમ્ય સુધારાથી સ્વચ્છતા ન આવે તો ક્રાન્તિદ્વારા બધી બાજી પલટાઈ જવાની જ. ખેડૂત નાદાર બને–ખરી મિલકતનો પેદા કરનારો શ્રમજીવી નાદાર બને તો પ્રચારમાં આવતું ધન એ ખરું ધન નથી જ. એ ધનનો ભ્રમ છે. ઉત્પા-

ગ્રા. ૬

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

દનની સાથે સંબંધરહિત બની ગયેલું ધન એ કાગળના ટુકડા છે. એ જોતજોતામાં એકી ફૂંકે ઊડી જાય એમ છે.

શાહુકારી પદ્ધતિને ઉપયોગી બનાવવા માટે નીચે પ્રમાણે યોજનાઓ થઇ શકે એવી છે. શાહુકારી પદ્ધતિને જ નિર્મૂળ કરવાનો પણ એક માર્ગ સૂચવાય છે. પરંતુ એ પરિસ્થિતિ માટે આખી સમાજવ્યવસ્થા, રાજ્ય, મિલકતના સિદ્ધાંત એ બધાંમાં ક્રાન્તિ લાવવાની જરૂર રહેશે. એ પરિસ્થિતિ આવે ત્યાં સુધી ખેડૂતો અગર તેમનો વિચાર કરનાર બેસી રહી શકે નહિ. એટલે શાહુકારી પદ્ધતિ સુધારવા માટે સામેના પૃષ્ઠ પર દર્શાવેલા માર્ગ લેવાની જરૂર છે.

**ઇલાજોનું વર્ગીકરણ**

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



**શાહુકારી પદ્ધતિની સુધારણા**

- અંકુશ
  - ધોરણબદ્ધ ધીરધારનો ધંધો કરવા માટે પરવાનાદ્વારા અંકુશ મૂકતો શરાફ કાયદો
  - વ્યાજ ઉપર નિર્બંધ
  - બજાર તોલ ભાવનું નિયમન
- ખેડૂત સંરક્ષણના કાયદા
  - ખેડૂતની જમીનનું રક્ષણ કરનારા
  - ગણોત–સાંથને નિયમિત કરનારા
  - કૃષિકારના હાથમાં નિર્વાહ પૂરતી જમીન રાખવા માટેના
  - દેવાનો ઉકેલ કરનારા
    - હીસાબ જોઇ લહેણું ચોક્કસ કરવાની દીવાની અદાલતોને સત્તા આપતા.
    - તોડજોડથી નિકાલ કરવાની સત્તાવાળાં કરજ – સમાધાન મંડળોની સ્થાપના
    - કૃષિકાર નાદારી
- શાહુકાર સિવાયનાં ધીરાણ
  - તગાવી
  - સહકાર્ય

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

# ૧૦

# સહકાર્ય

## એક વ્યાપાર પદ્ધતિ.

### ગુણદોષ

**પરદેશી યોજના**

રાજકીય, સામાજિક અને આર્થિક વિષયોમાં આપણે પશ્ચિમના દોરાયા દોરાઇએ છીએ. એમાં સઘળું જ કંઇ ખોટું છે એવું કહેવાનો ઉદ્દેશ નથી. આપણે પ્રગતિ કરી શકતા હોઇએ તો પાશ્ચિમાત્ય સિદ્ધાંતો પશ્ચિમના જ છે એટલા સારુ આપણે તેમને તરછોડવા ન જોઇએ. ઊંડા ઊતરીએ તો એક પિતાના પરિવાર સરખી માનવજાતના મૂળભૂત સિદ્ધાંતોમાં પૂર્વ પશ્ચિમના ભેદ હોવા જ ન જોઇએ. છતાં સિદ્ધાંતોને વ્યવહારની સપાટી ઉપર લાવતાં પૂર્વ પશ્ચિમના દિક્‌પાળો, યુરોપ, અમેરીકા, એશીયા, આફ્રિકાનાં ભૌગોલિક ભૂતો, રંગબેરંગી નૃત્ય કરતી ગોરી, કાળી, પીળી અને ઘઉંવર્ણી ચર્મપરીઓ, ધર્મ અને સંસ્કારને નામે કાલખંજરી બજાવતા કુષ્માણ્ડો, કાળાઓને સંભાળવાનું ભારણુ માથે ઉપાડતા હિરણ્યાક્ષો અને નફા માટે જ વેપાર એ સિદ્ધાંતને વળગી રહેલા વૈતાક્ષો આપણા મૂળભૂત સિદ્ધાંતોને દાબે છે, કચરે છે, વિકૃત બનાવે છે, ઓળખાય નહિ એવા બનાવી દે છે, એટલું જ નહિ પણ સિદ્ધાંતોના અર્કને–આત્માને ઉરાડી દે છે. એથી જ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પશ્ચિમના સિદ્ધાંતોને સ્વીકારતા પહેલાં આપણે વિચારવું જોઇએ કે પશ્ચિમનું સંસ્કારબીબું આપણને ફાવશે કે આપણે તેની આકૃતિમાં કંઇ ફેરફાર કરવો પડશે. સંભવિત છે કે આપણા સંસ્કારબીબામાંનું એકાદ વધારે અનુકૂળ હોય અને તે આપણે જ કદાચ પશ્ચિમને આપવા સરખું હોય. જેમ આપણે સર્વજ્ઞ નથી તેમ પશ્ચિમ પણ સર્વજ્ઞ નથી–જો કે આપણો જ્ઞાનઝરો હમણાં તો પશ્ચિમથી જ વહી આવે છે. છતાં જેમ આપણે સર્વશક્ત નથી તેમ પશ્ચિમ પણ સર્વશક્ત નથી. પછી ભલે પશ્ચિમ આજ આપણા ઉપર રાજકીય અને આર્થિક સત્તાનાં બંધનો વીંટાળતું હોય. આજ આપણે એટલું તો સમજતા થયા જ છીએ કે કોટપાટલૂન પહેરેલો હિટલર કે ચેમ્બરલેન એકલો જ સુધરેલો મનુષ્ય નથી: હિંદનો અર્ધ નગ્ન ફકીર પણ પૂર્વપશ્ચિમની સંસ્કૃતિને પૂરતી રીતે ઝીલે અને ઝીલાવે એટલો સંસ્કારી તો છે જ.

**મૂડી તથા મજૂરીની તુલના**

સહકાર્ય એ પશ્ચિમનો ફાલ. મૂડી અને મજૂરીનાં વેરઝેર આછાં આછાં તો ય જૂના કાળનાં છે. અર્થ-શાસ્ત્રનાં તત્ત્વોની ઘટમાળમાં આપણે ઊંડા ઉતરવાની જરૂર નથી. આપણે સામાન્ય દૃષ્ટિથી મૂડી અને મજૂરીનું મહત્ત્વ વિચારીએ. જગત સમગ્રની મૂડીનો અહીં ઢગલો કરીએ. સામે માત્ર એક જ મજૂર–સકળ શ્રમ-જીવીઓના પ્રતિનિધિ તરીકે–આપણે ઊભો રાખીએ. ચોવીસ કલાક સુધી આપણે અહીં સતત બેસીએ. ધનભંડારને અને શ્રમભંડારને જોઇએ, તપાસીએ, તોળીએ, આંકીએ અને તેમનાં મહત્ત્વ ઠરાવીએ. અલબત્ત, આપણે એવા મૂર્ખ નથી કે મજૂરના લાભમાં ચુકાદો આપીએ. ચોવીસ કલાકે આપણે નિર્ણય આપ્યો કે આ ધનભંડાર આગળ પેલા શ્રમજીવીના ખોખાની તુલના થઇ શકે જ નહિ. મૂડી પાસે મજૂરનો હિસાબ નથી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પરંતુ આપણે બધા ય ઉપવાસથી ટેવાયલા ન હોવાથી ચોવીસ કલાકે આપણને ભૂખ તરસ લાગે એ સહજ છે. આપણે ચુકાદો આપનાર મોટા માણસો છીએ. મોટા–બુદ્ધિજન્ય કાર્ય કરનારાઓનું મુખ્ય લક્ષણ એ છે કે તેમનાથી શ્રમ થઇ શકે નહિ. એટલે આપણે હુકમ કરવાનો રહ્યો. ધનની તુલનામાં નાપસંદ કરેલા શ્રમજીવી ખોખાને આપણે આજ્ઞા કરીએ છીએ:

'ઘડો ભરીને પાણી લાવ.'

મજૂર સાંભળતો નથી. આપણે તેને ધમકાવીએ છીએ, એટલે એ જવાબમાં ધનના ઢગલા તરફ ગર્વભરી આંગળી કરે છે. ધનનો ઢગલો કાંઈ ખસીને પાણી લાવે એમ બનતું નથી. આપણે તેને ધમકાવીએ છીએ :

'તું નહિ લાવે તો અમે તરસે મરવાના નથી. તું નહિ તો તારો ભાઇ, કોઇ બીજો.'

મજૂર કહે છે :—

'માફ કરો. હું શ્રમજીવીઓનો પ્રતિનિધિ છું. મારી આજ્ઞા વગર કોઇ મજૂર પાણી લાવી શકશે નહિ.'

'અરે ન શું લાવે. આ ઢગલામાંથી ખોબો આપ્યો કે ઘડા ઉપર ઘડા. પાણીની ખોટ શી ?' આપણે તેના ગર્વને હસી કાઢી કહીએ છીએ.

મજૂર પ્રતિનિધિ આપણને જણાવે છે : 'એ આપે નવું તત્ત્વ દાખલ કર્યું. આજ સુધી મજૂરો વેચાયા છે. આજ તેમણે નિશ્ચય કર્યો છે કે ધનથી વેચાવું નહિ.'

ત્યારે આપણે પાણી કેવી રીતે પીવું ? મજૂર કહે છે કે ધનને આજ્ઞા કરો. ધન આપણી આજ્ઞા માનતું નથી. તે ખસી શકતું

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



નથી અને તેનાથી પાણી લાવી શકાતું નથી. આપણે જાતે પાણી લાવીએ તો મજૂરના ટોળામાં ભળી જઈએ છીએ. આ ક્ષણે આપણને સમજાય એમ છે કે ધન કરતાં શ્રમ શ્રેષ્ઠ છે, કારણ ધનિક નહિ પણ શ્રમજીવી ઉત્પાદનનું કાર્ય કરે છે. શ્રમ ધનને ઉત્પન્ન કરે છે. શ્રમના અદલાબદલી તરીકે સ્વીકારેલું ચલણ શ્રમનું જ માલિક બની જાય એ સ્થિતિપરીવર્તન·અકુદરતી છે. મજૂરને શ્રેષ્ઠ ગણવામાં લાગતી મૂર્ખાઇ હવે આપણને ડહાપણ લાગે છે.

**મૂડીવાદનું પરિણામ**

પશ્ચિમમાં યંત્રસર્જન થયું અને તેની સહાય વડે મૂડીવાદ અણુ-ઘટતી મોટાઇ મેળવી શ્રમજીવીને ગુલામીમાં નાખતો ચાલ્યો. સામે જબરદસ્ત પ્રત્યાઘાત શરૂ થયો. યંત્રે મૂડીમાં ન ધારેલું બળ અર્પણ કર્યું; મૂડીમાંથી વ્યાજ, ભાડું અને નફાના પાતાળફૂવા ફૂટી નીકળ્યા. મૂડી એક પતિવ્રતા સતીની માફક વ્યક્તિની સોડમાં જ ભરાતી ચાલી. રણવાસપ્રિય રાજા – બાદશાહની માફક મૂડીવાદીઓએ જેટલી લક્ષ્મી આવી તેટલી ભેગી કરી, અને એ જગતમાતા સમસ્ત માનવ-જાતનું પોષણ કરવું મૂકી વ્યક્તિની ભોજ્ય બનતી ચાલી. સુખનાં સાધનો અનેકગુણ વધ્યાં, પણ સુખ ઘટ્યું, કારણ ધનની અને ધનિકોની શક્તિ વિસ્તૃત, સ્વાર્થી, અને કાતીલ બનતી જતી હતી. એક પાસ ધનનો–સાધનનો–સુખનો ઢગલો ઊભો થવા માંડ્યો; બીજી પાસ ભૂખમરો, અનારોગ્ય, વિષાદ અને નિરાશાની ભયાનક ખો ઉઘડવા માંડી. વિચારકો, સુધારકો, જનહિતવાદીઓ – Humanitarians ચમકી ગયા. માનવહૃદય, માનવસંબંધ અને સમાજનાં અન્વેષણ શરૂ થયાં, અને યંત્ર સામે નહિ પણ યંત્રવાદ સામે–મૂડી સામે નહિ પણ મૂડીવ્યવસ્થા સામે જબરદસ્ત પ્રત્યાઘાત શરૂ થયો : જેનું એક પરિણામ સમાજવાદ અને બીજું પરિણામ તે સહકાર્ય. આમ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

સહકાર્યને એક પાસ મૂડીવાદ સાથે સગપણ છે, કારણ મૂડીવાદને જીવતો રાખી તેના અનર્થોને હળવા કરવાનું સહકાર્યનુ ધ્યેય છે. બીજી પાસ તે સમાજવાદ સાથે બીતુંબીતું સગપણ ધરાવે છે. ખાનગી મિલકતનો મોટો ભાગ સુરક્ષિત રહેવા દઇ મિલકતના અલ્પાંશને બહુ જ મર્યાદિત સામાજિક સ્વરૂપ આપવાનો એ આર્થિક અખતરો છે. જો કે અનિયમિત શાખ–Unlimited liabilityના સિદ્ધાન્તમાં સમાજ-વાદનો નાનકડો ટુકડો દાખલ થવા જાય છે જ. એમાં આર્થિક પલટો આઘાતભર્યો ઇચ્છવામાં નથી આવતો. પરંતુ ચાલુ પરિસ્થિતિને સુધારવાનો જ પ્રયત્ન છે. તેને રાજસત્તાનો લોભ નથી; રાજસત્તા મેળવી આખી સામાજિક ઘટનાને ઊથલપાથલ કરવાની તેને જરૂર લાગતી નથી. એક પાસથી તે વાણિજ્ય બનવા મથે છે, અને બીજી પાસથી તે સેવા-ધર્મ બનવાના અભિલાષ સેવે છે. તેને વાણિજ્ય પ્રામાણિક બનાવવું છે, ઉચ્ચ કાર્યદક્ષતા અને વ્યવહાર સાધવાં છે. નફાની ખેંચાખેંચીમાં તેને ઘણું પડવું નથી, પરંતુ નફામાં સહકારીઓને સરખો લાભ મળે એવી યોજના કરવી છે. અઢળક ધન મેળવનારી વ્યક્તિઓ અગર વર્ગોને સહકારની દરકાર ન જ હોય. પરંતુ નબળી આર્થિક સ્થિતિને ટાળવા સંગઠન કરવું, વચગાળાના દલાલો અને મારફતિ-યાઓ ઉત્પાદકોના કરતાં પણ વધારે લાભ ખેંચી જાય એવા સંભવો ઓછા કરવા, અને મૂડીધારીઓ ઉત્પાદકોને વેચી ખાય એવા એ ઉત્પાદકો કમજોર ન રહે એમ કરવાનો સહકાર્યનો ઉદ્દેશ છે. મૂડી-વાદીઓ મજૂરીને ભાડે રાખે છે. સહકાર્યની એવી આકાંક્ષા છે કે મજૂરી મૂડીને ભાડે રાખે.

**સહકારનો વિજય**

ઉદાર ભાવનાવાળા મૂડીવાદીઓએ પણ સહકાર્યના સિદ્ધાંતો ખીલવવામાં સહાય કરી છે, એ ભૂલવા સરખું નથી. પશ્ચિમમાં મોટા સ્ટોર્સ, કોઠારો, ધંધા, ખેતી, ગોપાલન એ બધું

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

સહકાર્યના સિદ્ધાંત વડે અમુક અંશે શક્ય બન્યું છે. આજ પણ ઇટાલીમાં ફાશીઝમ અને રશિયામાં બોલ્શેવિઝમ સહકારી પદ્ધતિનો ઉપયોગ કરે છે એમાં સહકાર્યના સિદ્ધાંતોનો વિજય ન ગણીએ તો પણ તેના ઉપયોગની શક્યતાનું દર્શન આપણને થાય છે.

**અંગ્રેજોના સ્પર્શનું પરિણામ.**

આ સહકાર્ય–પારિભાષિક અર્થમાં વપરાતો સહકાર્ય–પશ્ચિમની પ્રજા અને પશ્ચિમના સિદ્ધાંતોની માફક વહાણે ચઢી આપણા હિન્દમાં આવ્યો. યંત્રે જેમ મધ્યકાળના યુરોપને ફેરવી નાખ્યું, તેમ યંત્રોથી પણ વધારે બળીઆ અંગ્રેજોએ હિન્દને પણ અજબ પરિવર્તન કરાવ્યું. રાજનીતિના પ્રશ્નને આપણે અડકીશું નહિ; રાજનીતિના સીધા આર્થિક પરિણામનો આપણે વિચાર કરીશું નહિ. છતાં અંગ્રેજ સરકારને વફાદાર રહીને પણ આપણે એટલું તો જોઇ અને કહી શકીશું કે પશ્ચિમનો રંગબેરંગી માલ આપણે ત્યાં આવ્યો, અને આપણા ગ્રામઉદ્યોગો નષ્ટ થયા; યંત્રે સોંઘવારી દેખાડી અને આપણા લાખો હિંદવાસીઓ ધંધા વગરના થયા; ભણેલાઓએ ગામડાં છોડ્યાં અને ગામડામાં વાપરવાની બુદ્ધિ કારકૂની અને સાહેબગીરીમાં તેમણે વાપરવી શરૂ કરી; ખેતી નિષ્ણાતોના હાથમાં રહી શકી નહિ; જમીનના એક પાસ ટુકડા થતા ચાલ્યા, એટલે જમીનમાં થતી મહેનત નિરર્થક નીવડી; બીજી પાસથી શાહુકારો, ખટપટીઆઓ અને જમીનદારોએ મળી મોટી જમીન ખેડૂતો પાસેથી એક અગર બીજે માર્ગે લઇ લીધી અને જમીનને મહેનતનું નહિ–ઉત્પાદનનું નહિ–પણ નફાનું સાધન બનાવ્યું. જમીનમહેસૂલની નાણાના રૂપમાં ચોકસાઇ થઈ, એટલે રૂપિયાનું બળ વધ્યું. મૂડીદારો ખાતેદાર બનતા ગયા, અને જમીનને ફળદ્રુપ બનાવતો ખેડૂત મજૂર બની ગયો. જગતવ્યાપારના હેલકારા હિંદને પણ વાગ્યા અને આર્થિક ચઢતીપડતીમાં હિંદ જગતનો એક ભાગ–લાભદાયક ભાગ બની ગયું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



નિયમ, ન્યાય અને શાસનની નવીન સ્થાપનાને લઇ જૂની ગ્રામ-સંસ્થાઓના વક્કર ઘટી ગયા, અને ગામડું-એટલે ખરું હિંદ-નિસ્તેજ, નિર્માલ્ય, નિરુદ્યમી, નિરુત્સાહી અને નિરાશ બની ગયું.

**હિંદમાં સહકાર**

સને ૧૮૫૭નો બળવો શમ્યાને વીસ વર્ષ પણ થયાં નહિ એટલામાં સને ૧૮૭૫માં ખેડૂતોનું એક નાનું-પણ ચોંકાવનારું છમકલું પૂના અને અહમદનગરમાં થયું. સને ૧૮૭૯માં ડેક્કન એગ્રીકલચરલ રીલીફ એક્ટ પસાર થયો. સને ૧૮૮૨-૮૩માં હિંદના હિતસ્વી સર વિલિયમ વેડરબર્ન તથા શ્રી. મહાદેવ ગોવિંદ રાનાડેએ મળી ખેડૂતો માટે એક રાજ્ય તરફની પેઢી ખોલવાની યોજના ઘડી. પણ તેને મંજૂરી ન મળી. ખેતી તથા જમીનની સુધારણા માટે તગાવી આપવાના નિયમો ઘડાયા. સને ૧૮૯૨માં પશ્ચિમની ઢબની સહકારી મંડળીઓ સ્થાપવાના વિચારો અમલદાર મંડળમાં ઘુમવા લાગ્યા. સને ૧૯૦૧માં સહકાર્યની સ્થાપનાનો વિચાર કરવા માટે સમિતિ નીમાઇ, અને સને ૧૯૦૪માં સહકારી મંડળીઓ વિષે હિંદની સરકારે કાયદો ઘડયો. ત્યારથી આખા હિંદમાં અને દેશી રાજ્યોમાં-ખાસ કરી વડોદરા જેવાં પ્રગતિમાન ગણાતાં રાજ્યોમાં – સહકારી સંસ્થાઓની સ્થાપના શરૂ થઇ અને સહકાર્યના સિદ્ધાંતે જોર પકડયું. સહકાર્યના નિયમો અને કાયદાઓમાં પ્રાંત પ્રાંતની પરિસ્થિતિ અનુસાર સુધારા વધારા અને ફેરફાર થયે જાય છે, અને સંખ્યાબંધ મંડળીઓ સ્થપાયે જાય છે. ખેડૂતની આર્થિક સ્થિતિ સુધારવાના સરકારના પ્રયત્નોમાંથી સહકાર્યની ચળવળનો જન્મ આમ થયો, અને આ યોજનાની ઉમર પણ આજ પાંતરીસ વર્ષની થઇ ચૂકી છે.

**સહકારનો વિકાસ**

આ હિલચાલની શરૂઆત ખેડૂત અને ખેતીને અનુલક્ષીને કરવામાં આવી હતી, અને પ્રાથમિક ભૂમિકામાં કૃષિકારોને ધીરાણો કરવાનું કાર્ય જ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તેનું ધ્યેય બની ગયું હતું. શાહુકારો ખેડૂતોને ફોલી ખાય છે એવી માન્યતા ઉપર બધો કાર્યક્રમ ગોઠવાયો હતો. પરંતુ ધીમે ધીમે સહુના ધ્યાન ઉપર આવતું ગયું કે એકલા શાહુકારો જ નહિ પરંતુ આખી જનતા ખેડૂતને ફોલી ખાય છે. અર્થશાસ્ત્રના સિદ્ધાંતોનો અભ્યાસ હિંદની પરિસ્થિતિને અનુકૂળ થાય એવી રીતે થવા લાગ્યો. ઉત્પાદન, વહેંચણી અને ભોક્તૃત્વ Production, Distribution and Consumption—એમાં શ્રમફળની વહેંચણી થઇ શકે એનો ખ્યાલ આવતાં એ દરેક ભૂમિકાને સહકાર્યના સિદ્ધાંત અનુસાર ખીલવી શકાય એવી ભાવના જાગૃત થઇ; ખેડૂતનું અજ્ઞાન અને ખેડૂતના જૂનવાણી સંસ્કાર સહકાર્યના સિદ્ધાંતનો અમલ કરવામાં વિઘ્નરૂપ છે એમ લાગ્યું, અને સહકાર્યે માત્ર આર્થિક પ્રવૃત્તિ મટી, સામાજિક—નૈતિક ઉન્નતિના કાર્યક્રમમાં પ્રવેશ કરવા માંડ્યો. એમાં કરકસરની ટેવ પાડવી જોઇએ, પ્રમાણિકપણું કેળવવું જોઇએ, મોટાઇનો ઘમંડ છોડવો જોઇએ, અંગત મત અને અંગત લાભ મંડળીને ખાતર જતા કરવા જોઇએ, પરસ્પર મળી ધંધો કરવાથી સંઘબળ કેળવી લાભ મેળવવા જોઇએ—અને સંઘબળથી પોતાનું હિત સારામાં સારી રીતે જાળવી શકાય છે એમ સમજવું જોઇએ, રીતરિવાજના ગુલામ ન બનવું જોઇએ, ખોટા વહેમ દૂર કરવા જોઇએ અને દેખાદેખી ખર્ચ કરવાની આદતમાંથી આપણે મુક્તિ મેળવવી જોઇએ, એવા એવા વ્યવહારુ છતાં નૈતિક કે સુધારક વિચારોએ સહકાર્યમાં પ્રવેશ કર્યો.

આમ માત્ર ધીરાણથી આગળ વધી સહકાર્યની પ્રવૃત્તિએ વ્યાપારનાં અંગઉપાંગ સ્વીકાર્યાં અને વહીવટનું એક વિશાળ તંત્ર ઊભું કર્યું. મંડળીઓને સંયુક્ત કરતા સંઘો અને ધીરાણ કરતી શરાફી પેઢીઓ સ્થાપન કરવામાં આવી. ધીરાણ ઉપરાંત ખેતી-સુધારણા, પાકનું વેચાણ, યંત્ર બળની ખેતી વગેરે સહકાર્યમાં સમાયાં,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

અને કપાસ જેવા Commercial crops–નાણું આપતા પાકની મંડળીઓએ વ્યાપારી જીનીંગ ફેક્ટરીઓનો સામનો કરી ભાવ મુકરર કરવાની ફરજ પાડી, એટલું જ નહિ પણ જીનીંગ ફેક્ટરીઓ ઉઘાડવાની શક્તિ મેળવી.

**નગર સહકાર્ય**

વળી સહકાર્યનો લાભ ખેડૂતને અગર ગામડાંને જ મળી શકે એવો ખ્યાલ બદલાઇ ગયો, અને શહેરો તથા કસ્બાના વ્યવહારમાં પણ સહકાર્યનો ઉપયોગ થઇ શકે એમ સ્પષ્ટ થયું. ઉત્પાદન, વહેંચણી અને ભોક્તૃત્વના નાના મોટા પ્રકારમાં સહકાર્યનો સિદ્ધાંત અમલમાં મૂકાવા માંડ્યો. દૂધ પૂરું પાડનારી મંડળીઓ, શિક્ષકોની મંડળીઓ, જ્ઞાતિની મંડળીઓ, જમીન એક જથે કરનારી મંડળીઓ, સ્ટોર્સ, વખારો, વિમા મંડળીઓ, શાળા વગેરે સંસ્થાઓ સહકાર્ય ઉપર અવલંબન રાખીને રચવામાં આવે છે, એટલું જ નહિ પણ ઘરની સગવડ થાય એ અર્થે ઘર બાંધનારી સહકારી મંડળીઓ પણ શહેરોમાં સ્થપાયે જાય છે.

**પ્રકારો**

આમ સહકાર્યનું ક્ષેત્ર ઘણું વિસ્તૃત બન્યું છે. સહકાર્યના પ્રકારો ચોકસાઇ પામતા ચાલ્યા છે. શરાફી અને બિન–શરાફી, ગ્રામ્ય સહકાર અને નગર સહકાર, ખેતી અને બિન–ખેતી સહકાર, ઉત્પાદન માટે અને ભોક્તૃત્વ માટે સહકાર : આવા આવા વિભાગો નીચે સહકાર્યનું વર્ગીકરણ કરવાની જરૂર ઊભી થઇ. હજારો મંડળીઓ, લાખો સભાસદો અને કરોડોની મૂડી સહકાર્યના નિયંત્રણ તળે મૂકાઇ ગઈ છે. તેની સેવામાં માસિકો પણ મૂકાય છે, અનેક પુસ્તકો સહકાર્ય વિષે લખાય છે, સભાઓ ભરાય છે, અને યોજનાઓ વિચારાય છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

સહકાર્યને સરકારનો ભારે ટેકો છે. એને પ્રથમથી જ સંરક્ષણ આપવામાં આવ્યું છે – કાયદાઓ ઘડીને અને સરકારી અમલદારો નીમીને. પ્રજાએ તેને પૂરતો ટેકો નહિ આપ્યો હોય એમ આપણે કદાચ કબૂલ કરીએ. છતાં પ્રજાએ તેનો સામનો તો કર્યો જ નથી. ઊલટું જેમ બને તેમ તેનો સ્વીકાર કરવાની સામાન્ય વૃત્તિ હરવખત બતાવ્યા કરી છે. મિ. યુએન્ક, સર લલ્લુભાઇ, સદ્ગત જી. કે. દેવધર, પ્રિન્સિપાલ કાઝી, દિ. બ. ગાંધી, દિ. બ. મલજી, રા. બ. ગોવિંદભાઈ, શ્રી. મણીલાલ નાણાવટી, ગતાયુ સર વિઠ્ઠલદાસ, અને શ્રી. બી. એફ. માદન જેવા કાર્યકરોનાં નામ એ ક્ષેત્રમાં સુંદર કામ કરનાર તરીકે નિદાન ગુજરાતમાં જાણીતાં છે. વ્યાપાર, નફો, વ્યાજ વગેરેથી આગળ વધી આરોગ્ય મંડળો, ગ્રામ મંડળો અને એવી એવી સામાજિક પ્રવૃત્તિઓ પણ સહકાર્યના કાર્યપ્રદેશમાં આવી ગઇ છે. કોઇ સહકારને business–ધંધો કહે છે; કોઇ સહકારને નીતિ કહે છે; કોઇ સહકારને જીવનવિધાન કહે છે. આમ **વિના સહકાર નહિ ઉદ્ધાર**નું સૂત્ર ચારે પાસથી સંભળાય છે.

**સહકાર્યને ટેકો**

હવે આપણે થોડી અણગમતી વાત કરી લઇએ. આપણી ભૂલ જોવી અને ભૂલ સ્વીકારવી એમાં સરવાળે લાભ જ છે. પાંતરીસ વર્ષની આપણી આ પ્રવૃત્તિ. વિસ્તારમાં તે ઘણી વધી. વિચારમાં તે ઘણી વધી. પરંતુ જે ઉદ્દેશથી સહકાર્યની સ્થાપના થઇ છે એ ઉદ્દેશ બર આવ્યો છે ખરો? આપણે આપણી જાતને નીચે પ્રમાણે થોડા પ્રશ્નો પૂછીએ :—

**પ્રશ્નો.**

૧. મૂડીવાદના અનર્થો વિરુદ્ધની આ ચળવળ. મૂડીવાદના કેટલા અનર્થો સહકાર્યથી દૂર થયા?

૨. ખેડૂત અને એના નફા વચ્ચે શાહુકાર ઘુસી જતો હતો.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



એ બદી દૂર કરવા આપણે સહકાર્યની સહાય લીધી. શાહુકાર દૂર થયો? ધીરાણ કરનારી મંડળીઓ નવા શાહુકારનું સ્વરૂપ ધારણ કરી શાહુકારની એક નવી પદ્ધતિ તો ઉપજાવતી નથી?

૩. શાહુકારને આપણે ખૂબ વગોવ્યો, તેને વગોવવા માટે આપણે ઘણી દલીલો શોધી કાઢી. પરંતુ શાહુકારનાં બધાં functions–કર્તવ્યો સહકાર્યથી બજાવી શકાયાં છે? શાહુકાર અને દેણદાર વચ્ચેનો અંગત સંબંધ–intimate touch–શાહુકારને રાક્ષસ તરીકે ચીતરવા છતાં હજી સહકાર્યે મેળવ્યો નથી એમ કોઇ કહે તો એને માટે શો ઉત્તર છે?

૪. ખેડૂતની ઉન્નત્તિ અર્થે સહકાર. ખેડૂતની સહકારદ્વારા કેટલી ઉન્નતિ થઈ એનાં દૃષ્ટાંતો આપણને મળી શકશે? પાંતરીસ વર્ષમાં તો ખેડૂતની બૂમ બહુ વધી ગઇ છે.

૫. ખેડૂત સહકારદ્વારા કેટલે અંશે દેવામાંથી મુક્ત થયો એના આંકડા આપણને મળી શકશે?

૬. દેવામાંથી મુક્ત થઈ એણે બીજું દેવું નથી કર્યું એવી જાતની તપાસ આપણે કરીએ છીએ? કરકસરનો સદ્‌ગુણ આપણે ખેડૂતમાં ખીલવવા માગીએ છીએ. સહકાર્યની humours–હાસ્ય-કથનીઓ પણ નોંધવા સરખી છે. એક સહકારીએ મંડળીના સભ્ય તરીકે મળેલા ફાયદાની ખુશાલીમાં બ્રહ્મભોજન કરાવી દીધાનો દાખલો બહુ જાણીતો છે.

૭. સહકાર્ય જગતના કોઇપણ દેશમાં ખરા ગરીબો સુધી પહોંચ્યું નથી એ સહકારીઓ જાણે છે? મધ્યમ વર્ગ અને ઉપલા વર્ગની આ લાભકારક રમત બની જાય છે એ તો ઉપલક નજરે આપણને જણાઈ આવે છે. સમાજવાદીઓ આ પ્રવૃત્તિને માથે આરોપ મૂકે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

કે ચૂસણવર્ગ–exploitersને વધારનારાં તત્ત્વો એમાં છે તો તે વિરુદ્ધ આપણે કાંઇ કહેવાનું છે? હરિજનોની પણ કેટલીક વ્યવસ્થિત મંડળીઓ છે, અને પરીક્ષિતલાલ સરખા આદર્શ સેવકો અને ઠક્કરબાપા સરખા મહાનુભાવો એ મંડળીઓને ટેકો આપી રહ્યા છે એ હું ભૂલતો નથી. છતાં ગરીબોને બિન–ગરીબ બનાવવાની એમાં સગવડ કેટલી રહી છે એ આપણે વિચારવા સરખું છે. ગરીબો સુધી સહકાર પહોંચ્યો નથી એ મત મારો જ નથી. રાવબહાદુર તલમાકી સરખા પીઢ સહકાર–ચાલકનો પણ એ મત છે.

નમૂના તરીકે હું એક housing society–ઘર બાંધનાર મંડળીને અનુલક્ષી ટૂંકા પ્રશ્નો પૂછું – જે પ્રશ્નો બધી યે મંડળીઓ માટે અમૂક અંશે પૂછી શકાય.

૮. આવી મંડળીનો ઉદ્દેશ શહેર અગર ગ્રામમાં જણાતી ઘરની અગવડ, સંકડાશ, અને ગીચપણું દૂર કરવાનો કે મનરંજન માટે કુટીરો બાંધવાનો? પ્રથમ પ્રશ્નનો જવાબ હામાં આવશે જ. હવે આપણે ઊંડા ઊતરી ઉપલક પ્રશ્નો પૂછીએ. એમાં ઘરની ખરેખર સંકડાશ-વાળા કેટલાક સભ્યો છે? જેમને માલિકીનું એકાદ ઘર પણ હોય એવા કેટલા સભ્યો છે? વધારાના ઘરનો માલિક જૂના અગર નવા ઘરનું ભાડું મેળવે છે કે નહિ? લખપતિઓને પણ એ મંડળીઓના ઓથા નીચે મહેલો બાંધવાની એમાં તક મળે છે કે નહિ? એ તક મળતી હોય તો સહકાર્ય ગરીબોનો ઉદ્ધાર કરશે?

૯. આટઆટલી મંડળીઓ, આટઆટલા સભ્યો, અને આટ-આટલાં નાણાં હોવા છતાં સહકારે હિંદના લોહીમાં હજી ફરવા માંડયું નથી. સહકારની જડ જામી નથી. સરકારની માફક સહકાર પણ હજી કેમ પરદેશી લાગ્યા કરે છે? લોકોને દોષ દેવો મિથ્યા છે. લો અભણ છે, અજ્ઞાન છે, વહેમી છે, નવા વિચારો ઝીલવાની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તેમનામાં શક્તિ નથી, તેઓ જડ છે, જીવનરહિત છે, સાહસરહિત છે, અપ્રમાણિક છે, શઠ છે, ખટપટિયા છે, નગર કે ગ્રામાભિમાનથી વંચિત છે એ બધી ગાળો ખુશીથી આપણે આપણા દેશબંધુઓને દઈ શકીએ. એ માત્ર ગાળો નથી. એમાં સત્ય છે, એ હું કહેવા લાગીશ. પરંતુ એક ડગલું આગળ વધી આપણે વિચારવું ઘટે કે એ બધું છે માટે તો હિંદ પરતંત્ર છે, પાયમાલ છે, પરાવલંબી છે; માટે જ આપણી રાજકીય, સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓ આપણે શરૂ કરી છે; માટે જ આપણા સરખા વાચાળ અને સમજદાર મનુષ્યોને અજ્ઞાન પ્રજા બોલવા દે છે, અને આગળ પડવા દે છે; દેશ પછાત છે માટે તો પ્રગતિ વાંછીએ છીએ. પ્રગતિનો ધ્વજ લઈ ધસતી વખતે સાબરની માફક પગની કુરૂપતા વખોડવામાં કશો અર્થ નથી. આપણાં શિંગડાં તો સુંદર છે જ. દલીલોની પટાબાજીમાં–બુદ્ધિના ઢગલાઓ ઉછાળવામાં તે અવશ્ય કામનાં છે. પરંતુ આપણે ઊભા થવું હોય, ચાલવું હોય, દોડવું હોય, કે ધસવું હોય તો પગને વેગળા મૂકાશે નહિ બુદ્ધિનો ઇજારો લઈ ફરતા હિંદના નાનકડા મગજે સમજવું જોઈએ કે આપણા દેશ – શરીરમાં એંશી ટકા જેટલો ભાગ તો પગે રોક્યો છે. એ પગને ચેતનવાન – પ્રાણવાન બનાવવા હોય તો પગને ગાળો દીધે વળવાનું નથી. ભાવિનાં ન્યાયાસન સમક્ષ ન્યાય તોળાશે ત્યારે પૂછાશે કે હિંદની બુદ્ધિએ હિંદના હાડપિંજરને કેટલું જીવંત બનાવ્યું ! તે વખતે બુદ્ધિથી એમ દલીલ નહિ થાય કે મેં હાડપિંજરને મન-ભરી ગાળો દીધી છે !

આથી વધારે પ્રશ્નો પૂછવાની જરૂર નથી. માત્ર ટીકાના રૂપમાં આ પ્રશ્નો પૂછાયા નથી. એ પ્રશ્નોના ઉત્તર લાભમાં મળે એવા હોય તો તે જરૂર આપવા, અને એક ઉમદા પ્રવૃત્તિનો પ્રચાર કરવામાં સહુએ કમર કસવી. એના ઉત્તર લાભમાં આવે એવા ન હોય તો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તેમ જણાવવામાં આપણે આપણી મર્યાદા અને ખામીઓને જોઇ શકીશું, અને એ ખામીઓ દૂર કરવાના માર્ગ પણ લઇ શકીશું.

પ્રત્યેક પ્રવૃત્તિને વિજય મળતાં વાર લાગે છે. સહકાર જેવી વ્યાપક પ્રવૃત્તિ ત્રીસ પાંતરીસ વર્ષમાં ભારે ચમત્કારો ન કરી બતાવે તેથી જ માત્ર નિરાશ બનવાની જરૂર નથી. અલબત્ત,

**સહકારસાધુ કોઇ જાગ્યો નથી**

સરકાર અને પ્રજા બંને જેને આવકારે છે એ હિલચાલ ફળીભૂત ન થાય એ સહજ ચોંકાવનારું તો છે જ. સરકારની આંખ હિંદના ખેડૂત કરતાં લેન્કેશાયરના મિલમાલિક તરફ વધારે ઠરે છે એ જગજાહેર બિના છે. પરંતુ સરકારનું ભૂંડું બોલવામાં કશો અર્થ નથી. આપણી—સમસ્ત હિંદવાસીઓની જેવી પાત્રતા તેવી આપણી સરકાર. છતાં સહકારને સરકાર તરફથી સારો ટેકો મળે છે એ આપણે યાદ રાખવું જોઇએ. સહકારના સેવકો પણ છે, સહકારના હિતસ્વીઓ પણ છે, સહકારના મુરબ્બીઓ પણ છે, સહકારના શોખિનો પણ છે. સહકારને નથી મળ્યો માત્ર એક સહકારસાધુ! એકાદ ઘેલો સ્વપ્નદ્રષ્ટા, એકાદ આત્મ-આહુતિ આપતો કર્મકાંડી, એકાદ ભસ્મ ચોળેલો અવધૂત, કે એકાદ અર્ધ નગ્ન ફકીર જ્યાં સુધી ન જડે ત્યાં સુધી કોઇ પણ પ્રવૃત્તિ ઉપર—છલ્લી જ રહે, એમાં પ્રાણ ન જ પૂરાય, એમાં જીવનપલટાની શકિત ન જ આવે. આપણને એવો સહકારસાધુ જડ્યો છે?

બીજી એક વાત. સહકાર્ય એ અમુક અંશે—મર્યાદિત રીતે બહુ જ અસરકારક Business method—વાણિજ્ય વહેવાર બની શકે એમ છે. પરંતુ એ

**વ્યવહાર**

method—એ પદ્ધતિ આખા જીવનવ્યવહારને વળગવા જાય ત્યારે આપણને શું એમ નથી લાગતું કે પદ્ધતિ એ સર્વગ્રાહી સિદ્ધાંત ન બની શકે? સહકાર્ય પોતાને અનુકૂળ પડે ત્યારે વાણિજ્ય બની જાય છે, અને અનુકૂળ પડે ત્યારે નીતિ બની જાય છે. તે ઘડીકમાં ધન-



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

વાનોને બંગલે બેસે છે અને ઘડીકમાં ઝૂંપડીના ઝાંપા ઠોકે છે. માનવ-જીવનના મૂળભૂત વ્યવહારમાં ભારે ફેરફાર કરવાની તેનામાં શકિત નથી એમ આપણે સ્વીકારીએ તો સહકાર્યની હોડી ઓછી ડામાડોળ ન બને? પદ્ધતિને ધર્મ માનવા મનાવવાની ભૂલ કરી આપણે આપણને પોતાને તો છેતરતા નથી? આખા જીવનને સ્પર્શતો સહકાર જોઇએ તો સહકારે માત્ર–વાણિજ્ય મટી જવું પડશે.

**સહકાર એ જીવનમંત્ર**

આ તો technical પારિભાષિક અર્થમાં વપરાતા સહકાર્યની બધી વાત થઈ. બાકી સહકાર એ તો ખુલ્લો જીવનમંત્ર છે; સમાજના પાયામાં જ તે રહેલો છે. એ જગત–ધર્મ છે, માનવતાનો એ શાશ્વત સિદ્ધાન્ત છે. એ સહકાર વગર ઉદ્ધાર નથી જ. રાજકીય વિષયમાં તે આંતર-રાષ્ટ્રિય International ભૂમિકા ઉપર જગતને લાવવા મથે છે; સામાજિક વ્યવહારમાં તે મોટા નાનાના ભેદ ટાળી સમત્વની કક્ષા ઉપર જગતને મૂકવા મહેનત કરે છે. નૈતિક–Humanitarian વૃત્તિ દ્વારા તે વિશ્વબંધુત્વ સિદ્ધ કરવાના પ્રયત્નો કરે છે. સહકારનું પરિણામ સર્વોદ્ધાર. સર્વના ઉદ્ધારમાં સર્વનો સ્વાર્થ પણ સમાયલો છે. સહકાર્યની પ્રવૃત્તિ આવા સહકારને સિદ્ધ કરવામાં સહાયભૂત થાય એવાં સ્વપ્ન પણ સહકાર્યના ચિંતકોએ સેવેલાં છે. એ સ્વપ્ન સિદ્ધ થાઓ એવી શુભેચ્છા સહુ સેવે. કારણ સહકાર્યની ટીકા કરવા છતાં સહકાર્યમાં રહેલી અનેક પ્રકારની શક્તિ જોઇ શકાય છે. આપણા હિંદને સહકારી પદ્ધતિએ અમુક અંશે કામ લીધા વગર ચાલે એમ નથી. પદ્ધતિ તરીકે સહકાર્યને વિશિષ્ટ સ્થાન છે. અને સહકાર પ્રવૃત્તિના અને સર્વોદયના સ્વપ્નમાં બહુ ફેર દેખાતો નથી. આપણાં ધ્યેય ઉન્નત હોય, મળતાં હોય તો પછી વિગતો માટે ભારે ઝગડા આવશ્યક નથી. એટલે સહકાર્ય પ્રવૃત્તિને સફળતા ઇચ્છતાં મને જરા ય સંકોચ થતો નથી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૧૧

# સહકાર

## વર્તમાન યોજના

**આર્થિક સિદ્ધાંત**

સહકારના ગુણદોષ તરફ આપણે નજર કરી. ગુણદોષ સમજીને સહકારનો આશ્રય લેવામાં આવે તો ગ્રામપુનર્ઘટનાની આર્થિક બાજુને બહુ વિકસાવી શકાય એમ છે.

સહકાર એક સનાતન આર્થિક સિદ્ધાંત છે. એ સિદ્ધાંતને આર્થિક જીવનમાં ઉપયોગી બનાવતાં તે વર્તમાન યુગની એક શાસ્ત્રીય આર્થિક યોજના બની શકે છે. આર્થિક યોજના બનતાં તે એક વ્યાપારી પદ્ધતિ પણ બની જાય છે, અને તેનો ધીરધારમાં પણ સારો ઉપ-યોગ થઇ શકે એમ છે.

**શુભ તત્ત્વોનો સ્વીકાર**

સહકાર પશ્ચિમમાંથી આવ્યો એ ખરું—પરંતુ પશ્ચિમની આવેલી બધી જ વસ્તુઓને ખરાબ કહેવી એનો કશો અર્થ નથી. આપણી ભાવનાને, આપણા સંસ્કારને અને આપણા જીવનને પરતંત્ર બનાવતી કોઇ પણ પરદેશી વસ્તુ સારી નહિ. પરંતુ જો એ પરદેશી વસ્તુ આપણા સંસ્કારને પુષ્ટ કરે, આપણી ભાવનાઓને વેગ આપે, આપણા જીવનને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



અનુકૂળ માર્ગે વિકસાવે અને આપણને પરતંત્રતાનું ભાન ન કરાવતાં તે આપણી જ બની જાય, તો તેનો સ્વીકાર કરવામાં હરકત હોવી જોઇએ નહિ. સહકાર પશ્ચિમથી આવ્યો હોવા છતાં આપણે તેને આપણો બનાવી શકીએ, અને જો કે સહકારની નિષ્ફળતા જોઇ શકાય એમ છે, તો પણ એ નિષ્ફળતાનાં કારણો દૂર કરતાં સહકાર એક અસરકારક આર્થિક તેમ જ સામાજિક પ્રવૃત્તિ બની શકે તેમ છે.

**પ્રજામાંથી તેનો વિકાસ નથી.**

સહકાર પરદેશી રાજસત્તાએ હિંદમાં દાખલ કર્યો. આર્થિક મૂંઝવણમાં અટવાયલી ગ્રામજનતા પાસે બ્રિટિશ અધિકારીઓએ અને બ્રિટિશ રાજસત્તાએ સહકારને મૂક્યો. એટલે સહકારની પ્રવૃત્તિ પ્રજાની આંતરિક ખિલાવટમાંથી નથી થઇ. તેથી જ એ પ્રવૃત્તિ હજી સુધી આપણી પોતાની ન લાગતાં ઊછીની લાગ્યા કરે છે.

**પ્રજાકીય પ્રવૃત્તિ**

સહકારને પ્રજાના આગેવાનોએ ઠીક ઠીક સાથ આપ્યો છે. સહકાર એ રાજકારણથી પર વિષય છે એવું કહેવાથી સહકારનું ક્ષેત્ર કંઇક અંશે પરદેશી સરકારના અમલદારો અને લોકના નેતાઓને ભેગા મળી કામ કરવાનું એક ક્ષેત્ર પણ બની શક્યું છે. આદર્શ પણ એ જ છે કે સહકાર સરકારની પ્રવૃત્તિ મટી પ્રજાકીય પ્રવૃત્તિ બને—જો કે પરાધીન દેશની કોઇપણ પ્રવૃત્તિને રાજકીય સંબંધથી દૂર કરવાનું કામ લગભગ અશક્ય છે.

**ધીરધારનું ક્ષેત્ર**

સહકાર્યની પ્રવૃત્તિ હિંદમાં દાખલ થઇ તે પ્રથમ તો ધીરધારના જ ક્ષેત્રમાં. પરતંત્ર રાજ્યની—પરતંત્ર દેશની ધીરધાર પણ પરાધીન જ હોય, છતાં તેને દાખલ કરવામાં જાણીબુઝી ગ્રામજનતાને મુશ્કેલીમાં મૂકવાનો સત્તા-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





ધારીઓનો વિચાર હતો, એવું અનુમાન કરવાને કારણો નથી. એનો પ્રાથમિક ઉદ્દેશ કરકસર, સ્વાશ્રય અને પરસ્પર–સહાયના સિદ્ધાંત ઉપર ગ્રામ–ધીરધારની યોજના કરવાનો જ હતો. મૂડીમાં પ્રથમ તો શાખને જ મહત્ત્વ આપવામાં આવતું અને દસ માણસો ભેગા થઇ બંધારણ-વાળી મંડળી નોંધાવે એટલે એકબીજાની શાખ ઉપર ખેતી ઉપયોગી કાર્યો અને જરૂરિયાતો માટે સરકારમાંથી નાણાં મળે એવી વ્યવસ્થા રાખવામાં આવી હતી.

પરંતુ સરકારથી શાહુકાર થવાય નહિ, એવી માન્યતાને લીધે મંડળીઓને સહાય આપવા માટે ખેતીવાડી પેઢી અગર શાહુકારી સહકારી પેઢીની રચના ભાગ–ભંડોળથી કરવામાં આવી અને તેને સરકારે ઘણો આર્થિક ટેકો આપ્યો. આમ ગામડાંની આર્થિક વ્યવસ્થાને સુઘટિત બનાવવા સહકારી સિદ્ધાંત ઉપર શરાફી પેઢીઓ પણ ઊભી થઈ.

**ધીરધારથી આગળ વિકાસ**

ધીમે ધીમે સહકાર્યના સિદ્ધાંતનો માત્ર ધીરધારમાં જ નહિ પરંતુ જીવનની અનેક આર્થિક પ્રવૃત્તિઓમાં પણ સફળતાથી ઉપયોગ થઇ શકે છે એમ દેખાવા લાગ્યું. દસ માણસો ભેગાં થઇ પોતાની શાખ ઉપર એક બીજાની ધીરધાર પ્રવાહી બનાવી શકે તો એ જ રીતે દસ માણસો ભેગાં થઇ પોતાનો માલ પણ ઉત્પન્ન કરી શકે. એ જ પ્રમાણે ઉત્પન્ન કરેલો માલ દસ માણસો ભેગા થઇને વેચી શકે. એટલું જ નહિ પણ દસ માણસો જરૂરિયાતનાં સાધનો ભેગા મળી મંગાવી શકે. સહકાર્યની ભાવના એથી વધારે ખીલે તો એ દસે માણસોને પોતપોતાનાં વ્યક્તિગત સાધનો જૂદાં જૂદાં વસાવવાને બદલે મઝીયારાં વસાવવા પણ વિચાર થાય. બે ખેડૂત વચ્ચે એક હળે ચાલી શકતું હોય અને એકબીજાની સગવડ સાચવી શકાય

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



એટલી સમજ ખેડૂતોમાં ખીલી હોય, તો બે વચ્ચે એક હળ લાવી એક હળનું મિથ્યા ખર્ચ બચાવી શકાય. એટલે સહકાર્ય માત્ર ધીરાણ મટી ખરીદી, વેચાણ, અને ઉત્પાદનના વ્યહવારોમાં પણ ઉપયોગી થઇ પડ્યું. દસ માણસો ભેગા થાય અને વ્યહવાર કરે તેમાં સંગઠનનું બળ આવે છે, જે એકલ માણસના કરતાં ખરેખર વધારે જ હોય. દસ માણસને સ્થાને પચીસ પચાસ કે સો માણસો વધે તો તેટલું સંગઠનનું બળ પણ વધારે વધે, ખરીદી અને વેચાણ મોટા પાયા ઉપર થઇ શકે અને વ્યહવાર તથા શાખ પણ વિસ્તૃત બની શકે.

**નગર સહકાર**–Urban cooperation

સહકાર ગ્રામજનતાને જ ઉપયોગી છે, અને તે પણ ધીરાણના જ વ્યહવારમાં એવી જૂની માન્યતા બદલાઇ વિકાસ પામી અને જેમ ધીરાણ ઉપરાંત અન્ય વ્યવહારમાં તેનો ઉપયોગ કરવાની શક્યતા દેખાઇ તેમ તે ગ્રામવિભાગની બહાર જઇ નગરવિભાગને પણ ઉપયોગી છે એમ સમજાવા લાગ્યું. હવે સહકાર સર્વોપયોગી વ્યહવાર તરીકે ગણાવા લાગ્યો છે.

**ચારિત્ર્યની જરૂર**

આપણી પરાધીનતા, આપણો સ્વાર્થ, આપણી ચારિત્ર્યહીનતા, આપણી અકસ્માત આફતો અને આપણી અણઆવડત ગ્રામ તેમ જ નગરસહકારમાં અનેક વિટંબણાઓ ઊભી કરે છે અને સહકાર્યના પાયા ડગમગી જાય એવી નિષ્ફળતાઓ પણ ઉપજાવે છે. એમાં સહકાર્ય કરતાં આપણી અણસમજ વધારે દોષપાત્ર છે. એટલે આપણે તો માત્ર ગ્રામજીવનમાં તેનો બહુ સારો ઉપયોગ થઇ શકે એમ છે એટલું જ અત્રે કહીશું. સહકાર્ય દ્વારા સંગઠન થાય છે, ચારિત્ર્ય ખીલે છે, વ્યહવાર વિશુદ્ધ થાય છે, દક્ષતા આવે છે, અને અરસપરસ મદદરૂપ થઇ પડવાની લાગણી પણ આપણામાં ખીલી નીકળે છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**ઉદ્દેશ**

સહકારી મંડળીઓએ ધીરાણુ, ઉત્પાદન, વેચાણુ, સંગ્રહ જેવો એક જ ઉદ્દેશ રાખવો કે એ સર્વનો સમાવેશ થાય એમ વધારે ઉદ્દેશ રાખવા એ સંબંધમાં નિષ્ણાતો જુદા જુદા મત સેવે છે. ધીરધાર કરનારી મંડળી એકલું ધીરધારનું કામ કરીને બેસી રહે એના કરતાં ધીરધાર ઉપરાંત જરૂરી વસ્તુઓની ભેગી ખરીદી કરે, ઉપજેલો માલ ભેગા મળી વેચે, અને વધારે જથ્થાની વેચાણુખરીદીમાંથી સહજ મળતા લાભને મેળવી લે તો તેમાં કાંઇ ખોટું નથી એવી એક માન્યતા છે. સામો મત એવો છે કે ખરીદી, વેચાણુ અને ધીરધાર એ ત્રણે આર્થિક વ્યહવારો એવા પ્રકારની વ્યવસ્થા માગે છે કે જેમાં જુદા જુદા વ્યવહારની ગૂંચવણુ ઊભી કરવી એ બધા જ ઉદ્દેશોને નિષ્ફળ બનાવવા સરખું છે.

સિદ્ધાંતોના ઝઘડાની બહુ જરૂર નથી. વ્યવહાર અતિ વિસ્તૃત થાય ત્યારે જુદાં જુદાં વ્યવસ્થાચક્રો માગે એ સ્વાભાવિક છે, અને વિકાસની એ ભૂમિકામાં વ્યવસ્થાનો ખીચડો ન કરવો એ પણુ જરૂરી છે. છતાં ગ્રામજીવનના આપણા નાનકડા વ્યહવારોમાં એટલી બધી ગૂંચવણુ હજુ ઊભી થઇ નથી કે જેથી દરેક ઉદ્દેશને માટે જુદી જુદી મંડળીઓ કાઢી શકાય. એ વિચારથી માત્ર ધીરધાર કરનારી મંડળીઓમાં અન્ય સેવાઓ ઊમેરી શકાય એવી પણુ યોજના રાખી શકાય એમ છે. આવી મંડળીઓને સાધનમંડળી એ નામે હવે ઓળખવામાં આવે છે.

**વહીવટ**

મંડળીઓની સંખ્યા વધે એટલે તેમનાં જૂથ પાડી એકાદ સંઘની સાથે જોડી દઇ તેમના સામાન્ય પ્રશ્નો વિચારવા, હિસાબની તપાસણી કરવી, અને સભ્યોની દોરવણી કરવી એ પણુ સહકાર્યનો મહત્ત્વનો કોયડો છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**કેળવણી**

વળી આર્થિક ઉન્નતિનો મોટામાં મોટો શત્રુ અજ્ઞાન છે એ માન્યતાને આધારે મંડળીના સભ્યોમાં કેળવણી અને ખાસ કરીને સહકાર્યના સિદ્ધાંતોની કેળવણી આપવી બહુ જ જરૂરી છે એમ કાર્યકર્તાઓ માને છે. તેને અંગે મોટા સંઘ સ્થાપી, માસિકો, પત્રિકાઓ, સામાયિકો કાઢી પ્રદર્શનો અને પરિષદો ભરી સહકાર્યનું જ્ઞાન ફેલાવવું એ પણ આજની સહકારી પદ્ધતિનું મહત્ત્વનું તત્ત્વ થઇ પડેલું છે. પ્રજા સહકાર્યના ધોરણે કાર્યો કરે, અને રાજ્ય દેખરેખ અને દોરવણી રાખે એવો સિદ્ધાંત સ્વીકારાઇ ચૂકયો છે.

**મૂડીવાદ ઉપર અંકુશ**

આમ સહકાર્ય એક વિસ્તૃત આર્થિક ઘટના બનવાની અભિલાષા સેવે છે. એ અભિલાષા હજી સંપૂર્ણ ફળીભૂત થઇ નથી. છતાં તેમાં અનેક શક્યતાઓ રહેલી છે, અને ગ્રામોન્નતિમાં ધીરધાર ઉપરાંત વેચાણ, ખરીદી અને ઉત્પાદનનાં કાર્યોમાં પણ પ્રબળ વેગ આપી શકે એમ છે એ જાણી લેવાની ખૂબ જરૂર છે.

એના મૂળભૂત સિદ્ધાંતો પ્રચલિત બન્યા છે અને એનો કાર્યક્રમ નિયમબદ્ધ ઘડાય છે. મંડળીઓની વ્યવસ્થા મતાધિકારના ધોરણે ચાલે, ચર્ચાને તેમાં અવકાશ હોય અને તેના વહીવટમાં નિયમાનુસાર કશી બાહ્ય દખલ ન થાય એવું સ્વતંત્ર બંધારણ પણ તેનું ઘડવામાં આવ્યું છે. Planning under capitalism–મૂડીવાદના ચોકઠામાં વ્યવસ્થિત વ્યવહાર અને નફાખોરીનો વિરોધ યોજવાની સેવા તેણે બજાવી છે. નફાનું નિયંત્રણ કોઇપણ મૂડીવાદી યોજનાએ કર્યું હોય તો તે સહકારે જ. સહકારમાં રહેલાં પ્રજાકીય બંધારણ અને યોજનાબદ્ધ આર્થિક વ્યવહારનાં તત્ત્વો તેને વિશિષ્ટતા અર્પે છે, એટલું જ નહિ પણ મૂડીવાદ સિવાયના સમાજ, સામ્ય કે અન્ય વાદમાં પણ તેનો બહુ સારો ઉપયોગ થઇ શકે એમ છે એ તો નોંધ્યા વગર ચાલે એમ નથી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

સહકારના વ્યવહારનો ન્યાય પણ વિશિષ્ટ રીતે કરવામાં આવે છે. સમાધાનનું તત્ત્વ સદા સ્વીકારાય છે અને ખર્ચાળ ન્યાય પદ્ધતિને બદલે જૂજ ખર્ચે સહકારી ખાતા મારફત ન્યાય મળે એવી પણ યોજના રાખવામાં આવી છે.

**વિશિષ્ટ સમાજ-રચના**

મંડળીઓની વ્યવસ્થા સર્વદા સંતોષકારક હોતી નથી. ધંધાનું શિક્ષણ એ કપરો વિષય બને છે. અને અનેક કારણોને લઇને મંડળીઓ કાં તો પુષ્ટ અને બળવાન રહેતી નથી, તેમાં મંદતા પ્રવેશે છે અને ઘણી વાર ગાઢ નિદ્રામાં પડી એ મંડળીઓ અસ્તિત્વને લાયક પણ રહેતી નથી.

મંદતાને વેગ આપી શકાય. પરંતુ જીર્ણોદ્ધાર માટે અશકય બનેલી મંડળીઓને બંધ કરવાથી જ લાભ થાય છે. એટલે એ મંડળીઓને ફડચામાં લઇ જઇ તેમના સભ્યોના અને મંડળીઓના દેવા લહેણાનો નિકાલ કરવાની પણ ઇલાયદા વ્યવસ્થા રાખવામાં આવે છે. એટલે આખો સહકાર દ્વારા થતો વ્યવહાર સારી અને ખરાબ સ્થિતિમાં પણ વિશિષ્ટ વ્યવસ્થા અને વિશિષ્ટ વહીવટ માગી લે છે, અને આમ સર્વ વાતે એક વિશિષ્ટ સમાજરચનાનાં તત્ત્વો ઘડતો હોય એમ લાગે છે. ખેડૂતનું અજ્ઞાન અગર તેની રહેણી તેની આર્થિક ઉન્નતિમાં આડે ન આવે એ ઉદ્દેશથી નિયંત્રિત ધીરાણ–Controlled creditની પણ એક વ્યવસ્થા પ્રચારમાં આવતી જાય છે.


સહકારની શાસ્ત્રીય ચર્ચા કરવાનું આ સ્થળ નથી. વળી નગર-સહકાર ( Urban co-operation ) નો પ્રશ્ન પણ આ સ્થળે ચર્ચવાની જરૂર નથી. સામાન્ય સમજ અર્થે સહકારનાં જુદાં જુદાં અંગોનું કરેલું વિવેચન નીચેના કોષ્ટકથી સમજાઈ જશે. નગર–સહકારના પણ ગ્રામસહકાર સરખા જ વિભાગો પડી શકે એમ છે. અને તેમાં પણ ધીરાણ, દેખરેખ, અને કેળવણીનાં તત્ત્વો જરૂરી છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021






Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

# ૧૨

# ગ્રામઉદ્યોગ

## બે મત

ગ્રામઉદ્યોગ વિષે આજકાલ બે પ્રકારની વિચારસરણી જોવામાં આવે છે. ગ્રામઉદ્યોગો જેવી કોઇ વસ્તુ હાલ છે જ નહિ અને જે કાંઇ છે તે મૃતપ્રાય હોવાથી તેને સજીવન કરવાની જરૂર નથી. દેશની સમગ્ર વિશાળ ઔદ્યોગિક ખીલવણીમાં ગ્રામ-ઉદ્યોગો જરૂર હશે એટલા આપોઆપ ખીલી નીકળશે. ન ખીલી નીકળે તો તેમાં હરકત નથી. મરવાને આળસે જીવતા ઉદ્યોગો ભલે મરે – તેમને જીવાડવાની જરૂર નથી. આવી એક પ્રકારની માન્યતા છે. જેને હાલ સામાજવાદી વિચારકોએ પણ યંત્રવાદી મૂડીધારીઓ સાથે ટેકો આપેલો છે.

**ગ્રામઉદ્યોગ વિષે બે પ્રકારની વિચારસરણી**

બીજો પક્ષ એમ માને છે કે ગામડાંના ઉદ્યોગોને ટેકો આપવાથી તેઓ સજીવન થઇ શકશે અને ગ્રામજીવનની આર્થિક પુનર્ઘટનામાં એ ઉદ્યોગો બહુ મહત્ત્વનું સ્થાન લઇ શકશે. ગાંધીજી અને હિંદી સરકાર બન્ને બહુ વિચિત્ર રીતે આ પ્રશ્નમાં એકમત ધરાવે છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

મોટા પાયા ઉપર રાષ્ટ્રઉદ્યોગો રચવામાં આવે અને ગામડાંના નાના ઉદ્યોગો નિરર્થક બની જાય એવી સ્થિતિ ઇચ્છવા યોગ્ય હોય તો પણ જ્યાં સુધી હિંદી સરકારે હિંદી રાષ્ટ્રિયતાને પોતાની કરી નથી અગર સમાજવાદીઓ પ્રચારની ભૂમિકામાંથી કાર્યની ભૂમિકા ઉપર હજી આવ્યા નથી ત્યાં સુધી આપણે બીજા મતને સ્વીકાર્યાં સિવાય ચાલે તેમ નથી. યાંત્રિક બળવાળાં મોટાં રાષ્ટ્રિય કારખાનાં ગામડાંની જરૂરિયાતો પૂરી પાડે એ જરૂર ઇચ્છવા યોગ્ય છે. પરંતુ હિંદુસ્તાનની ઔદ્યોગિક પરવશતા અને અવ્યવસ્થા જે રાજકીય પરતંત્રતાનો પડઘો છે, તે આપણને શીખવે છે કે ગામડાંની જરૂરિયાતો ઉપર જ આપણે લક્ષ આપી શકીએ એમ છે. બીજી રીતે હિંદુસ્તાનના હાથ બંધાએલા છે. આપણે હાથે કરી લઇએ એટલા જ ધંધામાં આપણે સ્વતંત્ર છીએ.

**મોટા પાયા ઉપરના ઉદ્યોગોમાં પરવશતા**

ગ્રામઉદ્યોગો આપણી ગામડાની મિલકત અગર મૂડીમાં ધ્યાન ખેંચવા જેવો વધારો નહિ કરી શકે. આંતરરાષ્ટ્રિય દૃષ્ટિએ વિચાર કરનારા મહાવિચારકોને ગામડું અને ગામડાના ઉદ્યોગો ક્ષુલ્લક, નજીવા અને લુપ્ત થાય તો આંસુના ટીપાંને યોગ્ય ન લાગે એ સહજ છે. પરંતુ ગામડાંનો પ્રશ્ન હિંદુસ્તાનને માટે તો આજનો થઇ પડ્યો છે. આજને માટે તો તે અત્યંત મહત્ત્વનો છે. આવતી કાલની પ્રજા આંતર–રાષ્ટ્રિય સંજોગો પલટાતાં મહેલોમાં રહી શકશે એ સ્વપ્ન આજના તૂટેલી ઝૂંપડીઓમાં રહેતા ગામડિયાને બહુ લોભાવી શકે એમ નથી. સમાજવાદ અગર સામ્યવાદની આવતી કાલની જાહોજલાલીમાં પ્રત્યેક ખેડૂત અને મજૂર ઓછી મજૂરી કરી પેટભર ખોરાક મેળવી સિનેમા, નાટક

**ગ્રામઉદ્યોગ એ આજનો પ્રશ્ન**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

અને સંગીતના જલસાઓની મોજ માણી શકશે એ ખ્યાલ હિંદના ગામડિયાને જરૂર ગમે. પરંતુ એ ખ્યાલને માટે તેનો આજનો ભૂખમરો ચાલુ રાખવા ભાગ્યે જ ગામડિઓ તૈયાર થાય. એને આજે જ રોટલો જોઇએ.

**તાત્કાલિક અર્થશાસ્ત્ર**

એટલે આપણે સ્વીકારી લઈશું કે ગ્રામઉદ્યોગની ખીલવણી એ આજનો જ બહુ મહત્ત્વનો પ્રશ્ન છે. એ ગ્રામઉદ્યોગની ખીલવણી કરવાથી આપણે રાષ્ટ્રિય ઉદ્યોગો અગર સામ્યવાદી ઉદ્યોગવિકાસની ખીલવણીમાં જરા પણ અંતરાય નાખતા નથી. એ કક્ષા જ્યારે આવશે ત્યારે ગ્રામઉદ્યોગ આપોઆપ ખરી પડશે. પરંતુ અત્યારની અંધાધૂંધીમય, યોજનારહિત ઔદ્યોગિક પરિસ્થિતિમાં ગામડાંને ઉદ્યોગ વિનાનાં થતાં અટકાવી તેમને અમુક અંશે સ્વાશ્રયી અને અમુક અંશે સ્વાધીન રહેવા દેવાં એ જ આજનું આપણું અર્થશાસ્ત્ર આપણને શીખવે છે. એથી છિન્નભિન્ન બની જતાં ગામડાંમાં કંઇક યોજના આવશે, નિષ્ફળતાથી ટેવાઈ ગયેલા ગામડિયાઓમાં આત્મવિશ્વાસ જાગ્રત થશે અને વધતી જતી ગરીબીમાં ગામડિયાઓને આછો આછો પણ આર્થિક ટેકો મળશે. ગામડાને નક્કર – જીવતું રાખવું એ આજ નોકરશાહીનો તેમ જ દેશસેવકોનો ધર્મ થઈ પડે છે. આનો કમાનારને દોઢ આનો એ દોઢી ઉપજ લાગે.

**બદલાયલી પરિસ્થિતિ**

ગ્રામઉદ્યોગનો પ્રશ્ન ઘણો ગૂંચવાઇ ગયેલો છે એ વાત ખરી. પરંતુ એનો અર્થ એમ નથી કે એ પ્રશ્ન તદ્દન અશકય બની ગયો છે. દેશની પરિસ્થિતિ બદલાય તે સાથે ગામડાની પણ પરિસ્થિતિ સ્વાભાવિક રીતે બદલાય છે. અવરજવરનાં સાધનો ઓછાં હતાં ત્યારે ગામડાંમાં ઉપજતો માલ ઘણે અંશે ગામડાંમાં જ રહેતો અને ગામડાંના ઉદ્યોગો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ગ્રામજીવનને પુષ્ટિ આપતા હતા. પરંતુ રેલ્વે, સ્ટીમર અને મોટરે એ સ્થિતિ બહુ બદલી નાખી છે, અને ગામડાંને અનેક સારી માઠી અસરોનું ગ્રાહક બનાવ્યું છે. એટલે આજના ગ્રામઉદ્યોગોએ પણ જૂની ઘરેડમાંથી બહાર નીકળવું પડશે. ગ્રામઉદ્યોગો માટે યાંત્રિક બળની કોઈ વાત કરે, તેલનાં યંત્રોનો ઉપયોગ સૂચવે અગર વીજળી વાપરવા સલાહ આપે તો તેને આજનું ગામડું હસી શકે એમ નથી. સુધરેલી ઢબનું હળ વાપરવાનો પ્રસંગ આવે અગર બળદગાડાને ન્યુમેટીક ટાયર–રબરનાં પૈડાં નાખવાનું કહેવામાં આવે તો તે વાતને તિરસ્કારવી એ હવે ફાવે એમ નથી. નવી વાતોથી ગામડું ભલે ચમકે; પરંતુ એ ચમક સાથે ગામડાએ નવી વાતો સમજવાનો અને નવી વાતોનો પરિચય કેળવવાનો સ્વભાવ રાખવો પડશે. નાના ઉદ્યોગો–ગ્રામઉદ્યોગો–ગૃહઉદ્યોગો હજી દુનિયાના સુધરેલા દેશોમાં–ખાસ કરી જાપાનમાં–જીવતા જાગતા છે. એટલે હિંદુસ્તાને પણ તે વાત સમજવી પડશે. હાલના રાજકીય અને આર્થિક સંજોગોનો વિચાર કરતાં કોઈ એમ કહેવાને લલચાય કે હિંદુસ્તાન મોટા ઉદ્યોગો કરતાં નાના ઉદ્યોગો–ગ્રામઉદ્યોગોને સારી રીતે ખીલવવાની ભૂમિકામાં છે તો એ કથન કાઢી નાખવા સરખું નથી.

**ગ્રામઉદ્યોગ–તાત્કાલિન આર્થિક કાર્યક્રમ**

ગ્રામઉદ્યોગ વિરુદ્ધ એક દલીલ કરવામાં આવે છે. એમ કહેવામાં આવે છે કે ગ્રામઉદ્યોગથી ગામડાની સંપત્તિમાં પૂરતો વધારો થાય એમ નથી. જૂની કહેવત છે કે 'આંગળી ચાટે પેટ ન ભરાય.' ગ્રામઉદ્યોગોનો પુનરુદ્ધાર એ કહેવતના દૃષ્ટાંતરૂપ છે. આ દલીલ કંઇક અંશે ખરી છે. ગ્રામઉદ્યોગની પુનર્ઘટનાથી ગામડિયાઓ લક્ષાધિપતિ થાય એ બનવું અશક્ય છે. પરંતુ લક્ષાધિપતિ થવાની યોજના હાથ ન લાગે ત્યાં સુધી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

કાંઇ પણ ન કરવું અને ચાલુ ગરીબી વધાર્યાં કરવી એમાં વ્યવહારશીલતા નથી. આપણી તાત્કાલિક જરુરિયાત નથી લાખ રૂપિયાની, અને નથી હજાર રૂપિયાની. બારમહિને પચાસથી સાઠ રૂપિયાની સરેરાશ આવકવાળો હિંદવાસી ગ્રામ-ઉદ્યોગ દ્વારા પોતાની આવકમાં પાંચ દસ રૂપીઆનો ઉમેરો કરી શકે તો પણ તે ગ્રામઉદ્યોગની સફળતા જ મનાય. આજના ભૂખમરામાં ગામડિયો એ પાંચ દશ રૂપિયામાં કંઇ ને કંઈ વધારે પોષણ મેળવી શકશે. આવતી કાલના લાખો રૂપિયાની અભિલાષામાં આ ક્ષણનો અડધો રોટલો પણ જતો કરીને મરણપથારીએ સૂવું એ વાસ્તવિક નથી. હિંદુસ્તાનના વિચિત્ર સંજોગોમાં યંત્રવાદીઓને અગર સમાજવાદીઓને હાસ્યજનક લાગતા ગ્રામઉદ્યોગો આજને માટે, આવતા દસકાને માટે, આવતી વીશી માટે બહુ અગત્યનો આર્થિક કાર્યક્રમ છે.

**ગ્રામઉદ્યોગના પ્રકાર**

ગ્રામઉદ્યોગના બે વર્ગ પાડી શકાય. (૧) સંપૂર્ણ પોષણ આપતા ગ્રામઉદ્યોગો (૨) પોષણમાં સહાયરૂપ થઇ પડતા ગ્રામઉદ્યોગો—ગૃહઉદ્યોગો. સંપૂર્ણ પોષણ આપતા ઉદ્યોગોમાં આપણે નીચે પ્રમાણે ધંધા ગણાવી શકીએ :—

(૧) લુહારી કામ : હળ, લોખંડી ઓજારો, પૈડાંની વાટો વગેરેની બનાવટ.

(૨) સુથારી કામ : ગાડાં, મજુસ, લાકડાંનાં ઓજારો વગેરેની બનાવટ.

(૩) કુંભાર કામ : નળિયાં, માટીનાં વાસણ, રમકડાં, ઇંટો વગેરેની બનાવટ.

(૪) ચમારી કામ : કોસ, વરત, ગાડાંનાં જોતર વગેરેની બનાવટ.

(૫) વણાટ કામ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ગ્રામજીવનમાં પરિપૂર્ણતા હતી તે કાળે ઉપરના ધંધા પ્રત્યેક ગામમાં હતા અને જે તે ધંધામાંથી ધંધાદારીને પૂરતું પોષણ મળતું. હવે ગામડાં ઉપરના ઉદ્યોગોને સંપૂર્ણ પોષણ આપતાં અટકી ગયાં છે. અને બદલાતા સંજોગોમાં આવા ધંધાદારીઓ કોઇ મોટાં ગામડાં પસંદ કરી તેમાં એકત્રિત થાય છે. એટલે નાનાં ગામડાંને જરૂર પ્રસંગે મોટાં ગામડાંમાં જતા રહેલા આવા ધંધાદારીઓનો આશ્રય શોધવો પડે છે. પાંચ–દસ નાનાં ગામડાંની વચ્ચે એકાદ મોટું ગામડું બંધાયલું હોવાથી અને ગામડિયા લોકો સાધારણ જવરઅવરથી ટેવાયલા હોવાથી તેમને આવાં કામો કરાવી લેવા માટે બહુ મુશ્કેલી પડતી નથી.

**નવીનતાની જરૂર**

આવા કારીગરો હજી પોતાનાં કામ જૂની ઢબ ઉપર જ કરી રહ્યા છે. એટલું જ નહિ, જૂની ઢબમાં જે મહેનત અને ચોકસાઇ હતી એ મહેનત અને ચોકસાઇ ઓછી કરતા ચાલ્યા છે. થોડી કામચલાઉ Mechanism –યંત્રરચના આવા કારીગરોએ જાણવી જોઇએ. તેમનાં ઓજારો પણ તેમણે સુધારવાં જોઇએ અને નવી ઢબની શક્તિઓ–Powersનો પરિચય સેવવો જોઇએ. સરકાર ધારે તો વરાળ અને વીજળીના બળનો ઉપયોગ પ્રચારમાં લાવી શકે એમ છે–નિદાન ટૂંકા ક્ષેત્રમાં તો તે સંભવિત છે.

**ઉદ્યોગોના નાશનું પરિણામ**

કમનસીબે યંત્રવાદ એટલો ખર્ચાળ છે કે તેનો નાના પ્રમાણમાં પણ ઉપયોગ કરવો એ અજ્ઞાન ગ્રામવાસીને મુશ્કેલીભર્યું થઇ પડે છે. વણાટકામને તો મિલોએ લગભગ તોડી પાડયું છે. શહેરોનાં લોખંડી કે સુતારી કારખાનાંએ અનેક કારીગરોને બેકાર બનાવી મૂકયા છે. એટલે સંપૂર્ણ પોષણ ઉદ્યોગમાંથી મેળવવા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ઇચ્છતા ગ્રામકારીગરોએ નવી આવડત અને નવી સફાઈ શીખવી જ પડશે. નહિ તો ગ્રામકારીગરોનો વર્ગ બહુ ઝડપથી લુપ્ત થઇ જશે. આવા કારીગરોના લુપ્ત થવાથી ગામડાંને અગર દેશને ખરેખર લાભ હોય તો તેમને લુપ્ત થવા દેવામાં ખાસ અડચણ નથી. પરંતુ તેમને લુપ્ત થવા દેવામાં ભય પણ રહેલો છે. બેકાર કારીગરો ગામડાં છોડી રઝળતા બની અંતે કોઇ મૂડીવાદી કારખાનાના મજૂર બની જાય છે, અને એ કારખાના દ્વારા દેખીતી સોંઘવારી નીચે ગામડાંને ભયંકર ગરીબી અને સ્વાશ્રય–હીનતામાં ધકેલી દે છે. આ ગામડાંમાં સંપૂર્ણ પોષણ મેળવી આપતા ઉદ્યોગોની વાત થઇ. વધારે મહત્ત્વનો પ્રશ્ન પોષણમાં સહાયરૂપ થઇ પડે તેવા ઉદ્યોગોના પુનઃઉદ્ધારનો છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

૧૩

# ગ્રામઉદ્યોગ

## યંત્રવાદ

આપણા દેશના ઉદ્યોગોનો ઇતિહાસ પદ્ધતસર લખાયલો નથી.

**ઉદ્યોગોનો ઇતિહાસ**

આપણા ઉદ્યોગો સંબંધી પૂરતી શોધખોળ પણ થઇ નથી. જ્યારે ત્યારે હિંદુસ્તાન પછાત જ હતો એમ માનીને ચાલવામાં આવે છે. પછાત દેશમાં મોટા ઉદ્યોગો, વ્યાપારો અને ઉદ્યોગ તથા વ્યાપારમંડળો ન હોય એવું અનુમાન પણ સહજ કરવામાં આવે. પરંતુ હિંદ એક વખત—લાંબો વખત વ્યાપાર ઉદ્યોગમાં બહુ જ આગળ પડતો દેશ હતો એવું ઇતિહાસના મળી આવેલા ટુકડાઓ ઉપરથી આપણે જોઈ શકીએ એમ છે. હિંદુસ્તાનનું આકર્ષણ જ તેની સમૃદ્ધિ, કારીગરી અને ઉદ્યોગોને લીધે જ હતું એમ ઇતિહાસ સળંગ ન હોવા છતાં આપણે જાણીએ છીએ.

અરબી સમુદ્ર ઓળંગીને હિંદવાસીઓ અરબસ્તાન, તુર્કસ્તાન,

**પર્યટનપ્રિય હિંદવાસી**

ગ્રીસ અને એથી પણ આગળ વેનીસ, રોમ સુધી પહોંચી જતા. હિંદી મહાસાગર ઓળંગીને હિંદવાસીઓ મોરીશીઅસ, માડાગાસ્કર, આફ્રિકા, સુમાત્રા, જાવા, બોર્નીઓ, ફીજી, ચીન અને જાપાન જેવા દૂર દૂરના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

દેશોમાં પહોંચી ગયા છે એવો ઇતિહાસ તો આજ પણ આપણે વાંચી શકીએ એમ છે. સુમાત્રા, જાવા, બોર્નીઓ, હિંદીચીન, સિઆમ વગેરે દેશોમાં હિંદુ રાજ્યો સૈકાં સુધી હતાં. ઉપરાંત ચીન અને જાપાનમાં ફેલાયલો બૌદ્ધ ધર્મ હિંદુસ્તાનની પરદેશગમનની પ્રવૃત્તિનો બહુ સચોટ ખ્યાલ આપે છે.

**સંસ્કારસંબંધ**

નિત્યની અવરજવર વગર એક દેશના સંસ્કાર બીજા દેશમાં જાય નહિ અને કદાચ જાય તો એ સંસ્કાર સ્થિરપ્રાય બની રહે નહિ. આ અવરજવરની શરૂઆત વ્યાપારને અવલંબીને થાય છે; વ્યાપારમાંથી રાજસત્તા અગર રાજસંબંધ બંધાય છે; અને આવા વ્યાપારસંબંધ અને રાજસંબંધને અંગે જ સંસ્કારસંબંધ અને ધર્મસંબંધ બંધાય છે અને ફેલાય છે. ચીન, જાપાન સુધી પહોંચેલા બુદ્ધધર્મ અને જાવા સુમાત્રા સુધી પ્રસરેલા હિંદુ ધર્મની પાછળ વ્યાપાર ઉદ્યોગનો એક ભવ્ય ઇતિહાસ છૂપો પડેલો છે.

**વહાણ બનાવટ**

આ અવરજવરને શકય બનાવતું વહાણવટું હિંદનો બહુ મોટો ઉદ્યોગ હોવો જોઇએ. હિંદના વહાણવટાનો ઇતિહાસ છેક ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના આગમન સુધી પ્રયત્ન કર્યે વાંચી શકાય એમ છે. ફીરંગીઓનાં, અંગ્રેજોનાં અને ખાસ કરીને ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનાં અનેક વહાણો સત્તર, અરાઢ અને ઓગણીસમી સદીમાં ગુજરાતને દરિયા કિનારે બંધાતાં હતાં. ટ્રફાલ્ગરની સુપ્રસિદ્ધ લડાઇમાં નેલ્સને નેપોલીયન વિરૂદ્ધ ઉપયોગમાં લીધેલું 'વિકટરી' વહાણ પશ્ચિમ હિંદુસ્તાનની બનાવટ હતું. વહાણની બનાવટમાં પારસીઓનો ઘણો મોટો હાથ હતો એમ ઇસ્ટ ઇંડીઆ કંપનીનો ઇતિહાસ આપણને કહે છે. આ વહાણનો ઉદ્યોગ મોટા ઉદ્યોગ તરીકે ગણી શકાય.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૧૧૯ : ગ્રામોન્નતિ

**મોટા ઉદ્યોગો**

કુતુબમિનારની સામે આવેલો એક લોખંડનો અતિ પ્રાચીન સ્તંભ આ દેશના લોખંડના ઉદ્યોગની સાક્ષી આપણને હજી આપી રહ્યો છે. લોખંડ ઢાળવાની ક્રિયા છેક હમણાંની જ છે અને તે વર્તમાન વિજ્ઞાનની મદદ સિવાય અસ્તિત્વમાં ન જ હોઇ શકે એવી માન્યતાને આ પ્રાચીન બ્રાહ્મી લિપીના લેખથી શોભતો લોહસ્તંભ ફટકો મારે છે. આવડો મોટો લોહસ્તંભ સળંગ ઢાળીને બનાવી શકાય એ સ્થિતિ લોખંડનાં કારખાનાં, લોખંડ ઢાળવાની શાસ્ત્રીય ક્રિયા અને તેને લગતા ઉદ્યોગોની જ્વલંત સાક્ષી રૂપ છે. ઉપરાંત પત્થરનાં ભવ્ય અને કારીગરીવાળાં દેવાલયો, આરસ, સ્ફટીક તેમ જ બીજા પત્થરોની ખાણો, પત્થર ઘડવાના ધંધા, પત્થરો લઈ જવા લાવવાનાં ઉચ્ચાલનો અને બાંધકામના અંગના બીજા ઉદ્યોગોનો મોટો સમૂહ સૂચવે છે કે આપણા દેશમાં મોટા ઉદ્યોગો ન હતા એમ માનવાની જરૂર નથી. જે દેશે મોટા ઉદ્યોગો ભૂતકાળમાં ઓળખ્યા તે ભવિષ્યમાં મોટા ઉદ્યોગોને ન જ ઓળખે એવું માનવાને કારણ નથી.

**ગ્રામઉદ્યોગો**

એની સાથેસાથે ગ્રામઉદ્યોગો પણ આપણા ગ્રામજીવનને સ્વતંત્ર અને આબાદ બનાવી રહ્યા હતા.

**યંત્રવાદ**

પશ્ચિમમાં વરાળની શક્તિ જડી આવી અને તેમાંથી યંત્રવાદે જીવન ઉપર હુમલો કર્યો. અંગ્રેજોની રાજકીય સત્તાને યંત્રનું જોર મળ્યું. આ યંત્રવાદમાંથી નીચેનાં પરિણામો નિપજ્યાં :—

(૧) ઝડપી ઉત્પન્ન.

(૨) ઘણા મોટા પ્રમાણમાં ઉત્પન્ન.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૩) મજૂરીને ગ્રામપ્રદેશમાંથી ખેંચી લાવી ટૂંકા વસવાટમાં કેન્દ્રિત બનાવતાં કારખાનાંભર્યાં શહેરોની રચના – factory towns.

(૪) કલાને બદલે બિબાનું એકમાર્ગીપણું.

(૫) નાની જરૂરીઆતો માટેનું પરાવલંબન.

(૬) પૈસા વધ્યા પરંતુ પૈસાની કિંમત ઘટી.

(૭) વગર જરૂરની આકર્ષક વસ્તુઓની પુષ્કળ પ્રમાણમાં બનાવટ થવા માંડી અને જરૂરીઆતો વધી પડી – મોટે ભાગે ખોટી જરૂરીઆતો.

(૮) એમાંથી દેખાદેખી અને ખર્ચાળપણું વધ્યાં.

(૯) ધન સમાજમાં ફરતું રહેવાને બદલે મર્યાદિત જગાઓમાં – થોડાના જ હાથમાં – એકઠું થવા માંડ્યું.

(૧૦) ધન સર્વશક્તિવાન બની ગયું. તેનામાં માણસો અને વસ્તુઓ વેચાતી લેવાની ભારે શક્તિ આવી.

(૧૧) યંત્રવાદી દેશોએ બજારની શોધખોળ કરવા માંડી અને માલ ખપાવવા પરદેશો ઉપર રાજસત્તા સ્થાપી તેમને પોતાનાં બજારો બનાવી લૂંટવા માંડ્યાં. સંસ્થાનોનો ઇતિહાસ આમ જ કહે છે.

(૧૨) યંત્રવાદમાંથી શાહીવાદ જન્મ્યો. અને તેણે પશ્ચિમના અને ખાસ કરીને પૂર્વના ગ્રામજીવનને છિન્નભિન્ન કરી નાખ્યું.

વરાળયંત્રોએ ઉત્પન્ન કરેલી અસર વીજળીએ દૃઢ બનાવી, અને સંસ્થાન તથા સંસ્થાનિકો શાહીવાદની પકડમાં વધારે જકડાયા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

હિંદુસ્તાનમાં યંત્રવાદની મુખ્ય અસરો નીચે પ્રમાણે થઇ :—

**યંત્રવાદની હિંદ ઉપર અસર**

(૧) કાચો માલ ઓછા મૂલનો બન્યો.

(૨) માલ પકવનારા બાજુએ રહ્યા અને વચલા વર્ગના દલાલો –Middle men–ના નફા વધી ગયા.

(૩) જૂનાં બજારો તૂટયાં.

(૪) ગૃહઉદ્યોગો નષ્ટ થયા. કયા ગૃહઉદ્યોગો નષ્ટ થયા તે જોવું હોય તો નીચેના છિન્નભિન્ન બની ગએલા ઉદ્યોગો સહજ નજરે આવશે :—

(ક) પાટણનાં પટોળાં.
(ખ) રેશમ.
(ગ) કીનખાબ.
(ઘ) મલમલ.
(ઙ) અત્તર અને સુગંધી વસ્તુઓ.
(ચ) દવાઓ, અર્કો અને ભસ્મો.
(છ) પીત્તળ, માટી તથા લાકડાનાં રમકડાં.

ઉપરના સઘળા ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગો લગભગ નષ્ટ થઇ ગયા છે.

(૫) થોડા મનુષ્યો પાસે ધનના ઢગલા થયા—પરંતુ એ ઢગલા ઉપર પરદેશીઓની સત્તા રહી.

(૬) હિંદના માલની કિંમત પરદેશમાં અંકાવા લાગી. પરદેશમાં પરતંત્ર હિંદની – હિંદના માલની કિંમત શી ?

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૭) દેશ પરાધીન હોવાથી યંત્રવાદનો જે લાભ પશ્ચિમ ઉઠાવી શક્યું તે લાભ ઉઠાવવાનું હિંદમાં ન બની શક્યું. હિંદના અંગ્રેજ માલિકો હિંદના ઉદ્યોગો ખીલવી હિંદને ઇન્ગ્લેન્ડના ઉદ્યોગ–હરીફ તરીકે શાના તૈયાર કરે ?

(૮) પરિણામે

(ક) ખેતીની દુર્દશા થઇ.

(ખ) ગ્રામજનતાના દેવામાં ગજબનો વધારો થયો.

(ગ) ચારે પાસ દારિદ્રય ફેલાયું.

(ઘ) અને હિંદના આખા ગ્રામજીવનમાં નિરાશા, નિરૂત્સાહ અને નિસ્તેજપણું વ્યાપી ગયાં. ટૂંકામાં ગ્રામ-જીવન જીવવાને પાત્ર રહ્યું નહિ. તેનાં અનેક આકર્ષક તત્ત્વો ભસ્મિભૂત થયાં અને ગ્રામજીવન સ્મશાનવત્ બની ગયું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021

## ૧૪

# ગૃહઉદ્યોગનું વર્ગીકરણ

**ગૃહઉદ્યોગનું મહત્ત્વ**

આ સ્થિતિની ભયંકરતા રાજકર્તાને, વિચારકોને તેમ જ સમાજ-સેવકોને સમજાઈ છે. હિંદની મોટા ભાગની વસતિ સાત લાખ ગામડાંમાં વહેંચાયલી છે. વસતિના એંશી ટકા જેટલો ભાગ ગ્રામજીવન ગુજારનારો–ખેતી કરનારો. હિંદુસ્તાનનું રાજ્ય, હિંદુસ્તાનના રાજ્યકર્તા – ગોરા અને કાળા–તથા હિંદુસ્તાનના ધનિકોનો એના ઉપર આધાર. ખેતીનો ધંધો લાભકારક ન રહે, ખેડૂત દેવામાં દટાઇ જાય, તેને જીવવામાં રસ ન રહે એવી સ્થિતિમાં રાજ્યના અને સમાજના પાયા સહુને ડગમગતા દેખાયા અને એકાએક ગ્રામ અને ગ્રામજનતાનું મહત્ત્વ સમજાયું.

ગ્રામઉન્નતિ તરફ સહુનું લક્ષ દોરાયું અને ગૃહઉદ્યોગ તરફ ગ્રામજનતાને પાછી વાળવાની વિચારણા જાગૃત થઇ. ગૃહઉદ્યોગ માટે જુદા જુદા પ્રયોગો પણ થવા લાગ્યા અને સરકારે અને લોકસેવકોએ ગૃહઉદ્યોગના અખતરાઓ પણ કરાવવા માંડ્યા.

ગૃહઉદ્યોગનું મહત્ત્વ નીચેના કારણોને લીધે છેઃ—

(૧) ખેતીનું ઉત્પન્ન એક કુટુંબનું પોષણ કરી શકે એવું ન હોય ત્યાં ખેડૂતના ઉત્પન્નમાં ગૃહઉદ્યોગ થોડો પણ ઉમેરો કરી શકે એમ છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



(૨) વર્ષમાં નિદાન ચારથી છ માસ ખેડૂતને ઓછી વધતી નવરાશ મળે છે, અને એ નવરાશનો ઉપયોગ તે ઉત્પાદન કાર્યોમાં કરી શકે એ માટે ગૃહઉદ્યોગ જરૂરી છે.

(૩) યંત્રથી વિવિધતા જતી રહે છે; Individuality–વ્યક્તિ-વલણ–ઘટી જાય છે–સપાટ બની જાય છે; એથી કામનું મમત્વ અને કામની મોજ ઘટી જાય છે; બીબામય એકતાનપણું કામમાં અને જીવનમાં આવી જાય છે. એટલે સૌંદર્યની–વ્યક્તિગત ભાવનાઓની–અંગત રસિકતાની સાધના થતી નથી અને યંત્રવાદ કલાનો દુશ્મન બની જાય છે. યંત્રવાદથી નિયંત્રિત થતી કલા એક હથ્થુ અને નકલી બની જાય છે. ગ્રામજીવનમાં તેમ જ ગ્રામકાર્યોમાં કલાનાં તત્ત્વો–સૌંદર્યનાં તત્ત્વો જાળવી રાખવા માટે પણ ગૃહઉદ્યોગની જરૂર છે.

(૪) હવે વર્ધા–યોજના પછી આખી કેળવણીનું મધ્યબિંદુ કોઇ પણ શકય ઉદ્યોગ કે ગૃહઉદ્યોગ બનવા માંડયું છે, એટલે ઉદ્યોગરહિત પાંગળી કેળવણીમાંથી ગ્રામજનતાને બચાવી લેવા માટે પણ ગૃહઉદ્યોગની જરૂર છે.

સ્થાનિક સ્થિતિ અનુસાર ગૃહઉદ્યોગોના નીચે પ્રમાણે વિભાગો પડી શકે એમ છે :—

**ગૃહઉદ્યોગોના વિભાગ**

(અ) પોષણના–ખોરાકના અંગના–ગૃહઉદ્યોગો. જેમાં નીચેના ગૃહઉદ્યોગોનો સમાવેશ થઇ શકે :—

**પોષણના અંગના**

(૧) શાકભાજીના વાડા, બગીચા કે આંગણાં–Kitchen–

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

Gardens. પોતપોતાનાં આંગણાંમાં પતરવેલીઆં, દુધી, ટીંડોરાં અગર કારેલાંની વેલ, કેળ, કોથમીર, મરચાં, આદુ, ફુદીનો, જુદી જુદી ભાજી, પપૈયા વગેરે ઉપજાવી લેવાની આપણા ગામડામાં જૂની રીત હતી. એ રીત ફરી પાછી જીવંત બનાવવાની જરૂર ઉભી થઇ છે. એથી ગ્રામજનતાના ખોરાકમાં સ્વાદ અને વૈવિધ્યભર્યું પોષણ દાખલ થાય એમ છે.

(૨) ગોરસ ઉદ્યોગો–Dairy. હજી ગામડામાં ગાય, ભેંશ પાળવાની પ્રથા છેક નાબૂદ થઇ નથી. ગાય, ભેંશ દ્વારા દૂધ, દહીં, છાશ, માખણ, ઘી, માવો, મીઠાઇ, માવાનાં રમકડાં એ બધું બનાવવામાં આવે તો આપણાં ગ્રામકુટુંબોને પૌષ્ટિક ખોરાક મળે અને તેમની આવકમાં થોડો ઘણો પણ વધારો થઈ શકે.

ગોરસ ઉદ્યોગની પાછળ આપણું સંસ્કાર–જીવન પણ સંકળાયલું છે. ઘણી ઘણી કવિતાઓ ગોરસને અનુલક્ષીને રચાઇ છે, અને કૃષ્ણ સરખા સાહિત્યના સર્વોત્તમ નાયકને પણ ગોરસની સાથે આપણે જોડી દીધા છે. આપણી સંસ્કૃતિમાં ગોરસ અને ગોરસઉદ્યોગનું સ્થાન બહુ જ મહત્ત્વનું અને માનીતું છે એ આપણે ભૂલવા સરખું નથી. ગાયને તો આપણે માતા કહી પૂજીએ છીએ.

(૩) ગુલાબનાં ફૂલ, કેરી, સફરજન, આંબળાં, કરમદાં, ફાલસાં, લીંબુ, વગેરે ફળફળાદીમાંથી શરબત, ગુલકંદ, મુરબ્બા, અથાણાં અને ચટણીઓ પણ બનાવી શકાય. વળી ફળને ડબામાં લાંબો સમય

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



સાચવી રાખવાની આવડત પ્રાપ્ત થાય તો નિરર્થક જતાં અનેક ફળ પૈસો આપતાં બની જાય.

(૪) પક્ષી ઉછેર–Poultry. હસી કઢાતો મરઘાં, બતકના ઉછેરનો ઉદ્યોગ માંસાહારીઓ માટે બહુ જ મહત્ત્વનો છે અને ઇંડાંનું વેચાણ એ પણ એક ઉત્પન્નનો પ્રકાર બની જાય છે.

(આ) કૃષિઉપયોગી ગૃહઉદ્યોગ–એનું વિગતવાર વર્ણન ન આપતાં માત્ર તેના પ્રકાર ગણાવી જવા એટલું જ અત્રે બસ થઇ જશે. કૃષિ-ઉપયોગી ગૃહઉદ્યોગો નીચે પ્રમાણે હોઈ શકે :

**કૃષિ ઉપયોગી**

(૧) કોસ. (૨) વરત. (૩) પાલાં. (૪) ટોપલા. (૫) કોઠીઓ વગેરે.

(ઇ) વળી કેટલાક ગૃહઉદ્યોગોને ઘરકામના ઉપયોગમાં આવતાં સાધનો બનાવવા માટે ખીલવી શકાય. દૃષ્ટાંત તરીકે :—

**ઘરકામના ઉદ્યોગો**

(૧) સાદડીઓ (૨) સક્કરા (૩) પાટીવણાટ (૪) નાડાં (૫) શેતરંજી (૬) પતરાળાં (૭) પંખા (૮) કાથી, વગેરે.

(ઈ) કેટલાક ગૃહઉદ્યોગો કૌટુંબિક ખર્ચ બચાવવા ઉપરાંત ગ્રામજનતાને પૈસો પણ અપાવી શકે એવા છે. દૃષ્ટાંત તરીકેઃ—

**કૌટુમ્બીક સંપત્તિ વધારનારા**

(૧) ધાબળી (૨) શીવણકામ (૩) રમકડાંની બનાવટ (૪) બુક બાઇન્ડીંગ–પોર્ટફોલીયો (૫) થેલી, દફ્તર,

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



પાકીટ ( ૬ ) હાથવણાટ જેમાં તકલી, રેંટીયો અને શાળનો સમાવેશ થાય છે તે.

તકલી, રેંટીયો અને શાળના સંબંધમાં મહાત્મા ગાંધીએ પૂરતાં વિવેચનનો કરેલાં છે અને એ ધંધાનું મહત્ત્વ સમજાવેલું છે. એટલું તો ચોક્કસ કે હાથકંતામણ અને હાથવણાટ સરખો સર્વોપયોગી ગૃહઉદ્યોગ હજી બીજો હાથ લાગ્યો નથી. હિંદનાં પાંતરીસ કરોડ મનુષ્યો હાથકંતામણ અને હાથવણાટનાં જ કપડાં એક દસકો પહેરવાનું વ્રત લે તો હિંદના અનેક આર્થિક અને રાજકીય પ્રશ્નોનો ઉકેલ આવે એમ છે.

( ૩ ) કલાપ્રધાન ગૃહઉદ્યોગો—જેમાં

**કલાપ્રધાન ગૃહ-ઉદ્યોગ**

(૧) પડદા (૨) તોરણ (૩) આસનીઓ (૪) બરૂ અને ઘાસનાં રમકડાં (૫) ભીંત ઉપરનાં ચિત્રો (૬) ઘરલીપણ અને આંગણાંનાં રંગોળી સાથીયા (૭) ફૂલક્યારા અને નાનામોટા બગીચા (૮) વૃક્ષારોપણ (૯) ભરતગુંથણ વગેરેનો સમાવેશ થઇ શકે છે.

ગૃહઉદ્યોગો શ્રીમંત તેમ જ ગરીબ બંને વર્ગને માટે જરૂરી છે.

**ગૃહઉદ્યોગ અને હિંદનો શ્રીમંત વર્ગ**

શ્રીમંતને પૈસો વધારવાની જરૂર નહિ હોય પરંતુ અંગમહેનત દ્વારા દેશનું ધન વધારવાની ધનિકની ફરજ તો છે જ. ધન-ઉપાર્જન આ યુગમાં તો સાહસ કે અકસ્માતના ફળ સરખું બની ગયું છે. ધનિક વર્ગ એ દેશની દૃષ્ટિએ ઉપયોગી વર્ગ મટી ગયો છે, અને ધીમે ધીમે તે પોતાની નિરર્થકતા સાબિત કરતો ચાલ્યો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

જાય છે. એ સ્થિતિ અટકાવવી હોય તો ધનિકવર્ગે જાતે મહેનત કરીને એકાદ ગૃહઉદ્યોગનો સ્વીકાર કરી સ્વાવલંબી બનવાના દેશના પ્રયત્નમાં સહાય આપવી જોઇએ. ગાંધીજી ધનિકને ધનનો માલિક નહિ પરંતુ વાલી કહે છે. વાલીપણું બાજુએ મૂકી માલકીમાં ધસી જનાર મનુષ્ય ગુનેગાર બને છે. એટલે અંગત જરૂર ન હોય છતાં ધનિકવર્ગે ગૃહઉદ્યોગનો સ્વીકાર કરવો જરૂરનો છે. એથી તે સામાન્ય અને ગરીબ વર્ગ સાથેનો પોતાનો સંબંધ જીવંત રાખે છે. ગરીબોને દાખલો બેસાડવા ખાતર પણ શ્રીમંતોએ ગૃહઉદ્યોગ હાથ કરવો જોઇએ. શ્રીમંતાઇનાં અનુકરણ ઘણાં થાય છે, અને મોટા-ભાગનાં અનુકરણ નિરર્થક નીવડે છે. અનુકરણને પણ સફળ કરવા માટે ધનિકો ગૃહઉદ્યોગ પોતાના બનાવી લે.

**ગરીબવર્ગ અને ગૃહ-ઉદ્યોગ**

ગરીબોએ તો ગૃહઉદ્યોગનો આશ્રય લેવો જ રહ્યો. ગરીબને પૈસાની જરૂર છે જ. એની ક્ષણેક્ષણ ઉત્પાદક કાર્યમાં ગાળવાનો માર્ગ ગૃહઉદ્યોગ જ આપી શકે છે. એટલે,

(૧) પોતાનો સમય ઉત્પાદનના કાર્યમાં ગાળવા માટે,
(૨) ધન વધારવા માટે,
(૩) જતો પૈસો અટકાવવા માટે,
(૪) ભારરૂપ બની ગયેલી પોતાની જાતને સમાજ–ઉપયોગી બનાવવા માટે

ગરીબોએ એક કરતાં પણ વધારે ગૃહઉદ્યોગો તરફ પોતાનું જીવન વાળવું જોઇએ. એ ઉદ્યોગો સહેલા છે, સોંઘા છે, જીવનને ઉપયોગી થઈ પડે એવા છે, ગરીબીનો ઘટાડો કરનારા છે, અને સમયને રસમય બનાવે એવા કલામય છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



હિંદુસ્તાનની પાંત્રીસ કરોડની વસતિ માત્ર એક જ દસકો—

દસકાનો પ્રયોગ

(૧) એકાદ ગૃહઉદ્યોગ પસંદ કરી તેને જીવન વ્યવસ્થામાં વણી લે,
(૨) પરદેશી માલ ન વાપરે,
(૩) અને ખરીદીમાં પણ ગૃહઉદ્યોગના માલને પસંદગી આપે,


તો ગ્રામપુનર્ઘટનાનું કાર્ય કેટલું વેગવાળું, જીવંત અને સરળ બને ?

ગ્રામજીવનની આર્થિક ઉન્નતિ માટે સહાયભૂત બનનારા તત્ત્વોનો વિચાર પૂરો કરતા પહેલાં ફરીથી અત્રે ભાર મૂકવો જોઇએ કે આર્થિક અને સામાજીક ઉન્નતિ એ બન્ને જુદી જુદી ઉન્નતિ નથી; ઢાલની માત્ર બે બાજુઓ જ તે છે. એક બાજુ બીજી ઉપર જીવી શકે છે. ભેદ માત્ર પ્રત્યેકને છૂટક છૂટક વિગતવાર સમજવા માટે જ પાડયો છે.

ગ્રામજીવન સમસ્તનો વિચાર કરીએ તો તેમાં આર્થિક ઉન્નતિ અર્થે ગ્રામ અને ગૃહ-ઉદ્યોગનું સ્થાન નીચે પ્રમાણે દર્શાવી શકાય.

- ગ્રામજીવન
  - આર્થિક ઉન્નતિ
    - ઉત્પન્નમાં વધારો
  - સામાજીક ઉન્નતિ
    - આરોગ્ય રક્ષણ
    - કેળવણી
    - કલા–સૌંદર્ય અંગ
    - નાગરીકત્વ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ




Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૧૫

# સ્વદેશી શા માટે?

## ઇતિહાસ દૃષ્ટિએ

**સ્વદેશી આંદોલન**

રાજકીય ચળવળ આટલી વ્યાપક નહોતી ત્યારે પણ સ્વદેશીની ભાવના છેક અવ્યક્ત નહોતી. સ્વદેશી સંબંધી બહુ ઝળકતા વિચારો નર્મદે કર્યા છે. દલપતરામની હુન્નરખાનની ચઢાઇ પણ તે સમયના સ્વદેશી આંદોલનની સૂચક છે. સદ્ગત રા. બ. કાંટાવાળાનું 'દેશી કારીગીરીને ઉત્તેજન' નામનું પુસ્તક આજ પણ આપણે વાંચીને લાભ મેળવી શકીએ એમ છે. લોકપ્રિય લેખમાળા નામની ઉપયોગી લેખશ્રેણી શ્રેયઃસાધક વર્ગ તરફથી બહાર પડતી હતી. તેમાં 'વિલાયતી' નામનો એક લેખ આવ્યો હતો. એ લેખ આજની જ્વલંત સ્વદેશી ભાવનાને પણ પોષે એવો અસરકારક છે.

**બંગભંગથી ગાંધીયુગ સુધી**

પછી તો બંગભંગ વખતે સ્વદેશી ભાવના વ્યાપક બની ગઈ, અને રાજકીય પ્રકરણમાં તેણે મહત્ત્વનું સ્થાન મેળવ્યું. એ મહત્ત્વ દિવસે દિવસે વધતું ચાલ્યું અને મહાત્મા ગાંધીજીએ તેને ધર્મનું સ્વરુપ આપી દીધું. રાજ્ય પ્રકરણમાં જે વસ્તુ ભળે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તેની રાજ્યકર્તાને બીક લાગ્યા જ કરે છે. સ્વદેશીની ભાવનામાં બે તત્ત્વો ભળેલાં હતાં : (૧) પરદેશી માલનો બહિષ્કાર (૨) સ્વદેશી માલની વપરાશ. પહેલું તત્ત્વ વેરઝેર ઉત્પન્ન કરે છે એમ માની મનાવી પરદેશી રાજ્યકર્તાઓએ તેને ગુનો માન્યો હતો. એ ખરેખર ગુનો હોઇ શકે કે કેમ એનો નિર્ણય નીતિની દૃષ્ટિએ જે થાય તે ખરો. સજા ખમવાની શકિત ન ધરાવતી જનતા તો બહિષ્કાર વિષે કાંઇ બોલતી નથી. જેનામાં શકિત છે તે બહિષ્કારની બાંગ પોકારી હસતે મુખે સજા સહી લે છે. પરંતુ બીજા તત્ત્વમાં પણ કડવાશ ઉત્પન્ન થાય છે એમ કહેવા જેટલું મગજનું સમતોલપણું રાજ્યકરતી કોમે ખોયું નથી એટલે સ્વદેશી સંબંધી વાત થઇ શકે છે.

**સ્વદેશીને ટેકો**

દુનિયાની લગભગ બધી પ્રજાઓને સ્વદેશીની જરૂર સમજાઇ છે. માલ ઉત્પન્ન કરી બીજી પ્રજાઓને ગળે તે વળગાડી દઇ પૈસા સ્વદેશમાં ખેંચી લાવવાની હરીફાઇ એટલી વધી ગઇ છે કે સહુ સહુને પોતપોતાનાં ઘર સંભાળવાની જરૂર ઊભી થઇ છે. બ્રિટિશ પ્રજા બ્રિટિશ માલને ઉત્તેજન આપવા ઢંઢેરો પીટાવે છે. તેમને પગલે ચાલતી હિંદી પ્રજા ખુશીથી હવે કહી શકે કે ' હિંદી માલ વાપરો. '

## સ્વાર્થ દૃષ્ટિએ

સ્વદેશીની ફીલસુફીમાં આપણે ઉતરીશું નહિ. એ માત્ર રાજકારણનું અંગ જ નથી. તે હવે તો ધર્મ બની ગયો છે. એ શા માટે ધર્મ બની ગયો છે? એના કાંઇક ઉત્તરો આપી સ્વદેશી ધર્મને આપણે સામાન્ય બુદ્ધિ વડે સમજવા મથીશું.

સ્વદેશી એટલા માટે કેઃ—



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



**ગરીબી ટાળવા સ્વદેશી**

(૧) આપણો દેશ ગરીબમાં ગરીબ દેશ છે.
(૨) કરોડો માણસોને પેટપૂર ખાવા મળતું નથી.
(૩) કરોડો માણસોને અંગઢાંકણ પૂરતું મળતું નથી.
(૪) કરોડો માણસોનાં રહેઠાણ માનવીને રહેવા યોગ્ય નથી.

**એ સ્થિતિ ટાળવા માટે સ્વદેશી.**

હિંદવાસીઓ દયાળુ કહેવાય છે. ગરીબીના ઘા રૂઝવવા હોય, કરોડો માણસો એ ટંક અનાજ પામે, કરોડો માણસો આછુંપાતળું વસ્ત્ર મેળવી દેહ ઢાંકે, અને કરોડો માણસો છાપરાં નીચે સૂઈ શકે એમ કરવું હોય તો હિંદવાસીઓ સ્વદેશી વાપરે. જરા પણ દયાળુ વૃત્તિ હિંદવાસીમાં રહી હોય તો તે સ્વદેશી માલ વાપરે.

**સ્વદેશી એટલા માટે કે,**

(૧) કરોડો રૂપિયાનું કાપડ હિંદ પરદેશથી ખરીદે છે.
(૨) કરોડો રૂપિયાનાં સાંચાકામ બહારથી હિંદમાં આવે છે.
(૩) મોજશોખનાં સાધન અને ઝીણીમોટી વસ્તુઓ માટે હિંદને પરદેશનું અવલંબન કરવું પડે છે, અને કરોડો રૂપિયા તે પરદેશ મોકલાવ્યે જાય છે.

**પરદેશ જતું અઢળક નાણું બચાવવા સ્વદેશી**

એ અબજબંધ નાણું પરદેશ જતું અટકાવવું હોય તો તેટલા માટે સ્વદેશી. આટઆટલું નાણું પરદેશ ઘસડાઈ જાય છે અને ગરીબોની ગરીબી વધ્યે જાય છે એ જોયા કરવાની કઠોરતા હજી કેટલાના હૃદયમાં રહી છે?

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## વળી

**હિંદનાં જ સાધનોવડે સમૃદ્ધ થવા માટે સ્વદેશી**

(૧) હિંદમાં અઢળક કાચો માલ થાય છે. હિંદમાં સોનું, લોખંડ અને કોલસા થાય છે. ચામડાં, હાડકાં, હાથીદાંત, અને લાકડાંનો શુમાર નથી. આખા જગતનું પોષણ થાય એટલો પાક જમીનમાંથી ઊતરે એમ છે. એ કશુંએ આપણે વાપરીશું નહિ ? બધું ઓછે ભાવે પરદેશને સોંપી દઇશું ? પરદેશમાંથી એની એ જ ચીજો દેખાવફેર થઇ આવે તે વખાણીને વાપરવાની સમાજદ્રોહી વૃત્તિ આપણે બતાવ્યા જ કરીશું ?

(૨) ઘર આંગણે નદીઓ વહે છે; યોજને યોજને ધોધ પડે છે; અઢળક મીઠું દરીયો આપે છે; ઔષધિભર્યાં વન હજી વેડયા વગરનાં પડયાં છે; રસાયણ જોઇએ એટલાં છે; તો ય આપણે ગરીબના ગરીબ ! વીજળી પરદેશથી આવે, મીઠું પરદેશથી આવે, દવા તો પરદેશની હોય જ, અને રસાયણોની શીશીઓ પશ્ચિમ આપે તે વાપરવાની. આપણી દેશલક્ષ્મીને આપણે અપૂજ્ય જ રાખવી છે ?

(૩) આજ આટલાં સાધનો છતાં આપણા ભણેલાઓ બેકાર: સરકારી નોકરી અને વકીલાત સિવાય એકકે ધંધો ભણતરને પોષતો નથી. એ ધંધાઓને પણ પોષણ–મર્યાદા છે. પરદેશીના મોહમાં આથી વધારે કયી પાયમાલી હજી જોવાની રહી છે?

કાચો માલ આપણે ઘેર જ સાફ થાય, દેશની લક્ષ્મીનું પૂજન આપણા દેશમાં જ થાય અને આપણા ભણેલાઓ ઉદ્યોગ આદરે એ માટે સ્વદેશી. પ્રત્યેક હિંદવાસી પાસે હિંદમાતાની માગણી છે કે 'સ્વદેશી વાપરો.'

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## સંસ્કાર દૃષ્ટિએ

**સંસ્કારસ્વાતંત્ર્ય માટે સ્વદેશી**

(૧) આપણા સંસ્કારનું સ્વાતંત્ર્ય સાચવવા માટે સ્વદેશી. હિંદવાસીઓને પરાયા સંસ્કારોમાં જ તણાયે જવું છે ? એ પરાયા સંસ્કારો શુદ્ધ અને કલ્યાણકારક હોય તો ભલે તે સંસ્કારો આપણે ગ્રહણ કરીએ. પરંતુ બધા ય પરાયા સંસ્કારો શુદ્ધ અને કલ્યાણકારક છે ?

(૨) આપણા દેખાવ અને પહેરવેશનું સ્વાતંત્ર્ય સાચવવા માટે સ્વદેશી. દેશકાળને અનુસરી જરૂર પહેરવેશને આપણે ફેરવીએ. પરંતુ પરદેશી પહેરવેશ વગર આપણી શિષ્ટતા નહિ જ સચવાય એવી પરાધીન મનોવૃત્તિથી રચાતો પહેરવેશ તો બાળી જ મૂકવો જોઇએ.

(૩) આપણી ભાવિ પ્રજાને દેખાવ અને સંસ્કારની ગુલામીમાંથી મુક્ત કરવા માટે સ્વદેશી. આપણી જવાબદારી આજની જ નથી. ભાવિ પ્રજા આપણા યુગને પ્રશ્ન પૂછશે : 'અમારે માટે તમે શું કર્યું ?' 'સંસ્કારની પરાધીનતા અમે તમારે માટે સ્વીકારી'–એવો જવાબ ન આપવો પડે એ માટે સ્વદેશી.

### ઉપરાંત સ્વદેશી

**સ્વાભિમાન, સ્વદેશાભિમાન તથા જગતકલ્યાણની ભાવના અર્થે સ્વદેશી**

(૧) સ્વાભિમાનની લાગણી પોષવા માટે. આપણી શરમો અનેક છે. પરદેશી માલ વગર આપણને નથી ચાલતું એમ કહી સ્વાભિમાનની લાગણીને છેવટનો ફટકો આપણે મારવો છે ?

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૨) સ્વદેશાભિમાનની લાગણી પોષવા માટે. આપણો દેશ ભલે પરાધીન હોય! પરંતુ શું ખાવું, શું પીવું, શું નિદાન પહેરવું અને શું વાપરવું એ પ્રશ્નોના ઉકેલમાં તો આપણે સ્વતંત્ર જ છીએ. આપણે આપણું રાજ્ય ચલાવવા ભલે નાલાયક કહેવાઇએ. પણ આપણે આપણા દેશની બનાવટ વાપરવા માટે પણ નાલાયક કહેવાવું છે?

(૩) માનવજાતના કલ્યાણ માટે. માનવજાત ભેગી મળી આગળ વધી શકે; એકમેકનો હાથ ઝાલી પ્રગતિ સાધી શકે. આપણે દુર્બળ, પરાધીન, પરાશ્રયી રહી માનવજાતને ભારરૂપ નીવડી ઘસડાઇશું? કે જગતનો ભાર હળવો કરી પ્રગતિની દોડમાં આપણો વેગ પૂરીશું? પોતાની જરુરિયાતો પૂરી ન પાડી શકતો, પોતે ઉપજાવેલી ચીજો વાપરવાની અશક્તિ ધરાવતો દેશ માનવજાતનું શું કલ્યાણ સાધશે?

## એકંદર વિચાર કરતાં સ્વદેશી

(૧) દેશની ગરીબી ટાળવા માટે,

**આજથી જ સ્વદેશી** (૨) દેશને સમૃદ્ધ બનાવવા માટે,

(૩) આપણી સંસ્કારસ્વતંત્રતા જાળવવા માટે,

(૪) ગરીબોના પોષણ માટે,

(૫) સ્વાભિમાન અને સ્વદેશાભિમાન સજીવ રાખવા માટે,

(૬) જગતકલ્યાણની ભાવના પોષવા માટે

છે.

દયાભાવથી, શરમથી, ધર્મ માનીને, જરુરીયાત સમજીને પણ સ્વદેશી ધર્મ આપણે પાળવો જ જોઇએ. આજે ચૂકીશું તો કાલ આપણી નથી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૧૬

# સામાજિક ઉન્નતિ

ગ્રામજીવનની ઉન્નતિના પ્રશ્નો આપણે બહુ જ સામાન્ય ધોરણ પ્રમાણે બે વિભાગમાં વહેંચી નાખ્યા હતા : આર્થિક અને સામાજિક.

**અર્થ અને સમાજનું પરસ્પર અવલંબન**

આર્થિક અને સામાજિક ઉન્નતિ એ બે વિભક્ત પ્રકાર નથી પરંતુ એક બીજા ઉપર અવલંબન કરી રહેલાં જીવનનાં બે પાસાં છે એ પ્રશ્ન ઉપર પણ આપણે ભાર મૂકયો હતો. ખેડૂતના હાથમાં પૈસો હોય તો તે કેળવણી પણ મેળવી શકે, ચોખ્ખાઇ રાખી શકે અને માંદગીમાં સારી સારવાર પામી શકે. સામે પક્ષે એમ પણ કહી શકાય કે તેને કેળવણી મળે તો તે વધારે સારી ખેતી કરી શકે. ખેડૂત ચોખ્ખો રહે તો તેનું આરોગ્ય વધારે સારી રીતે સચવાય અને તે વધારે કામ કરી શકે, અને તે વધારે ધન મેળવી શકે.

**પરાધીન પ્રજાનું અર્થશાસ્ત્ર**

પરંતુ આજના જગતમાં આર્થિક સિદ્ધાન્તો અતિ સ્વાર્થભર્યા, અનુદાર અને આંટીઘૂંટીવાળા બની ગયા છે. એમાં પૈસો માનવી માટે છે એવી ભાવના રહી નથી : માનવી પૈસા માટે છે એવી ભાવના આજની અર્થવ્યવસ્થા પાછળ રહી છે. ધન-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

વહેંચણીની શ્રેણી કોઇને પણ ખૂંચે નહિ એવી ચઢતી ઊતરતી રાખવાને બદલે એક પાસ ધનના ડુંગર રચાય છે અને બીજી પાસ ધન વગરના ખાલી ખાડા પડે છે. વ્યાપાર એ શરાફોને હાથ નહિ પણ જુગારીઓને હાથ ચઢયો છે. પ્રજાભાવના–Nationalism એ વ્યક્તિગત સ્વાર્થનો વિસ્તૃત ઓળો બની ગઇ છે. એટલે સમૃદ્ધ અને શક્તિશાળી પ્રજાઓ છડેચોક પરાયા દેશ કબજે કરે છે અને નિર્બળ પ્રજાઓને વેઠીયાં વસવાયાંની સ્થિતિમાં મૂકી દે છે. અણ-કેળવાયલી પરાઈ પ્રજાના ઉદ્ધારને બહાને જેટલાં પાપ થતાં હશે એટલાં કોઇપણ ભાવનાની પાછળ નહિ થયાં હોય. એટલે અર્થશાસ્ત્ર પણ બે જાતનું બની ગયું છે: એક વિજેતા પ્રજાનું અર્થશાસ્ત્ર અને એક પરાજિત અને પરાધીન પ્રજાનું અર્થશાસ્ત્ર. પરાધીન પ્રજા કાચો માલ ઉપજાવે, વિજેતા પ્રજાને તે માગે એ ભાવે પૂરો પાડે અને એ કાચા માલમાંથી બનાવટ બને તે પણ સામાને ફાવતે ભાવે ખરીદી કરે એ વિજયી પ્રજાનું અર્થસૂત્ર.

કેળવાયલી પ્રજાના એક એક હાથમાં યંત્રે હજાર હજાર હાથનું બળ મૂક્યું. એ યંત્રનો લાભ પરાધીન પ્રજાને ન જ હોય.

અને એ વિજેતાઓનું અર્થશાસ્ત્ર લશ્કરીઓ, નૌકા સૈનિકો અને મુત્સદ્દીઓના વ્યવસ્થિત સત્તાધિકારથી રક્ષાયલું! પરાધીન હિંદનો રૂપિયો પણ બ્રિટિશ પાઉન્ડનો દાસ!

એટલે પરાધીન પ્રજાએ પોતાનું વિશિષ્ટ અર્થશાસ્ત્ર વિકસાવવું રહ્યું–જો તેને પરાધીનતા ટાળવી હોય તો. સત્તા વગર, પૈસા વગર, યંત્રો વગર, રક્ષણ વગર તેણે આગળ વધવાનું. વિદ્યા અને બુદ્ધિ ઝડપથી વેચાઇ જાય છે. સત્તાના પડછાયાને પ્રલોભનમાં વહેવરાવી શકાય છે. રોટલીનો ટુકડો ટોળામાં ફેંકી ભીખારીઓને અંદર અંદર લઢાવી શકાય છે. સ્વાધીન પ્રજાને કદી ન નડતાં ભૂત પરાધીન

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પ્રજામાં જાગ્રત કરી શકાય છે. જેટલી આપણી નબળાઇઓ એટલી બધી જ આપણી વિરુદ્ધ વાપરી શકાય છે.

એમાં શહેર અને ગ્રામના ભેદ; હિંદુ મુસલીમના ભેદ; શીયા સુન્નીનાં તડ, બ્રાહ્મણ અબ્રાહ્મણ અસ્પૃશ્યનાં તડ; એ બધું આપણા દેશહિત વિરુદ્ધ ઉપયોગમાં લેઇ શકાય.

પ્રજાએ સ્વાતંત્ર્ય મેળવવું હોય તો સાધારણ પ્રયત્ને તે ન મળી શકે. મૃત્યુની તૈયારી અને નિદ્રાજીતપણું એ બે વૃત્તિઓને કેળવવી રહી. ગ્રામોન્નતિ એ સ્વાતંત્ર્યનો પાયો છે – એટલું જ નહિ, સ્વાતંત્ર્યની નિશાની છે. જેટલે દરજ્જે ગામડાં આગળ આવે એટલે દરજ્જે આપણે સ્વાતંત્ર્યની આપણી પાત્રતા વધારી એમ કહી શકાય.

આર્થિક ઉન્નતિ કેટકેટલાં તત્ત્વો ઉપર રચાઇ છે તે આપણે જોઇ ગયા. એ આર્થિક ઉન્નતિમાં પરિણામ પામે એવી સમાજ–રચના કરવાના પ્રયત્નમાં સામાજિક પ્રગતિની સાધના થઈ શકે એમ છે. ઉન્નતિ–બન્ને પ્રકારની–દુર્ઘટ છે એ બહાના નીચે હાથ જોડી બેસી રહેવાય એમ નથી જ. દુર્ઘટને શક્ય બનાવવાના સર્વ પ્રયત્નો થવા જ જોઇએ : ધ્યેયને પહોંચાય ત્યાં સુધી થવા જોઇએ. ગ્રામોન્નતિમાં નિરાશાને સ્થાન હોય જ નહિ. જે ક્ષણે નિરાશાને વશ થવાય તે ક્ષણે સમજવું કે આપણે પાછળ પગલું ભર્યું છે.

સામાજિક ઉન્નતિ એટલે શું ? સમગ્ર ગ્રામજનતાની સર્વ બાજુએ ઉન્નતિ થાય એને સામાજિક ઉન્નતિ કહીએ.

પરંતુ સર્વ બાજુ એટલે ?

ગામડાં ગ્રામસમાજનાં બનેલાં છે. ગ્રામસમાજ એટલે ગામડાંમાં વસતો માનવસમૂહ. સમૂહ અનેક વ્યક્તિઓનો બનેલો હોય. એટલે વ્યક્તિ–એકલ

**વ્યક્તિ અને સમાજ**

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



મનુષ્ય અને તેનો અન્ય મનુષ્યો સાથેનો સંસર્ગ–સંબંધ એ સર્વ સામાજિક ઘટનામાં આવી જાય.

સામાજિક ઉન્નતિનો વિગતવાર ખ્યાલ આવે એ અર્થે આપણે આપણા ગ્રામસમાજનું સહજ પૃથઃકરણ કરીએ.

**તંદુરસ્તી**

ગ્રામસમાજ ગ્રામજનતાનો બનેલો હોય. ગામડામાં રહેતાં માનવીઓ એ આપણો સમાજ. એમાં પુરુષો પણ હોય અને સ્ત્રીઓ પણ હોય. કૂબા, ઝૂંપડી કે મકાનમાં એ માનવીઓ રહે છે. એમને પોષણ મેળવવું પડે છે, એમને તંદુરસ્તી સાચવવાની હોય છે, કામકાજ કરવાનાં હોય છે, પડોશી અને સગાંસંબંધીઓ સાથે વ્યવહાર કરવાના હોય છે, અને અરસપરસ શોક–આનંદના પ્રસંગોએ એક બીજાને સાથ આપવાનો હોય છે.

**કેળવણી**

એ લોકોનાં ભણતર અને સંસ્કાર ઉપર ગ્રામજીવનની હૃદયસંપત્તિ રચાયલી હોય છે. અતિથીસત્કાર, ઉદારતા, અજાણ્યાને પણ ઉપયોગી થઇ પડવાની વૃત્તિ આપણે ગ્રામજીવનમાં કલ્પીએ છીએ એમાં આપણે ગ્રામજીવનના ઉચ્ચ સંસ્કારની જ કદર કરીએ છીએ.

ભણતરનો અભાવ તેમની વાણીમાં, પહેરવેશમાં, રીતરિવાજમાં એક પ્રકારનું બેડોળપણું લાવે છે એ પણ ભૂલવા સરખું નથી. તેમના માનસમાં એક પ્રકારનું શિથિલપણું, ભય આળસ, નવીનતા પ્રત્યે ઉદાસીનતા, સ્થિતિચુસ્તપણું પણ દાખલ કરી દે છે. કુદરત ઉપર આધાર રાખ્યા કરતી ગ્રામજનતા નસીબને દોષ આપવામાં પોતાના દોષને ન ઓળખવાની ભૂલ કરતી પણ થઇ જાય છે.

દેખાદેખીમાં ખર્ચાળપણું તે વધારી દે છે, અને વ્યસન તેની પાસે મૂકવામાં આવે તો તેનો ભોગ એ જલદી થઈ પડે છે. છક્કા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પંજાની રમત, અમેરીકન ફ્યુચર્સ વગેરે જુગારના પ્રકારોમાં ગ્રામ-પ્રજા કેટલી ઝડપથી ફસાય છે તે જોવા માટે લાંબે દષ્ટિ કરવાની જરૂર નથી. છેલ્લાં પાંચ દસ વર્ષ એ જુગારની અસર સમજવા માટે બસ થાય એમ છે.

સંપની સામાન્ય વૃત્તિ તેનામાં હોય છે, પરંતુ સંપથી આખા જીવનને રંગી તેનો લાભ લેવાની ઝીણવટ કે આવડત તેનામાં ભાગ્યે ખીલી હોય છે. સંગઠિત થવાનો ઉત્સાહ તે જવલ્લે જ બતાવે છે.

આપણામાં સામાન્ય માન્યતા એવી હોય છે કે ગામડિયા પ્રજા બહુ સશક્ત, આરોગ્યભરી અને સ્ફૂર્તિવાળી હોય છે. અમુક ઢબની મહેનત કરવામાં તે ટેવાયલી હોય છે એ ખરું. પરંતુ એ ટેવ અને શારીરિક બળમાં બહુ ફેર છે. ગામડામાં રોગ પણ ઘણા હોય છે, અને રોગને મટાડવાનાં સાધનો ઓછામાં ઓછાં હોય છે.

**આગેવાની.**

અને ગામને દોરતા આગેવાનો સ્વાર્થી, ખુશામદખોર, નિર્બળને રંજાડે એવા, અને ઉચ્ચ ગુણો કે વ્યવસ્થા-શક્તિથી રહિત હોય છે. એટલે ગ્રામજીવન નિર્બળ, નિસ્તેજ, જડ, શોભારહિત, સંગઠનરહિત અને ઉદ્દેશ-રહિત લાગ્યા કરે છે. આવા ગ્રામસમાજને સામાજિક ઉન્નતિના માર્ગે મૂકવો હોય તો કયા માર્ગ લેવા જોઇએ એ સંબંધી વિચાર કરવાની તત્કાળ જરૂર ઊભી થાય છે. ગ્રામજનતાને ઉન્નત કરવી હોય તો પ્રથમ આપણે તેના દેહ તરફ નજર નાખીશું. ગ્રામવાસી સશક્ત અને પ્રફુલ્લ આરોગ્યભર્યો તો જોઇએ જ. ગ્રામજનતાનું શરીર સુખી ન હોય તો એનાથી કામ નહિ થાય અને જીવન આનંદથી ભોગવી નહિ શકાય.

એકલી તનદુરસ્તી ઉન્નતિનું લક્ષણ નથી. માનસિક જડતા, નિષ્ક્રિયપણું, સમયને ઓળખી તે સાથે ન રહેવાય એવું રેઢિયાળપણું,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

નિયમિતતાની ખામી એ બધું ગ્રામમાનસમાંથી નીકળી જવું જોઇએ. કેળવણી જ એ સર્વ અશુદ્ધિઓને દૂર કરે એમ છે. એટલે ગ્રામવાસી સામાજિક ઉન્નતિ માટે કેળવણી પણ માગી જ લે. કેળવણી વગરનો માણસ–શહેરી કે ગ્રામવાસી–આંખે પાટા બાંધી ફરે છે.

**કલાદષ્ટિ**

તંદુરસ્તી, નિરોગ શરીર અને કેળવાયલું મન ગ્રામજનતા પાસે હોય તો સ્વાભાવિક રીતે જ તેને પોતાના ગામ પ્રત્યે, પોતાના ધંધા પ્રત્યે, પોતાનાં પરિવેષ્ટનો પ્રત્યે અને આખા ગ્રામવાતાવરણ પ્રત્યે કલામય દષ્ટિ ઊઘડે છે. કલાદષ્ટિ વગર જીવન જડ, પશુતાભર્યું, અંધકારમય બની રહે છે. ગ્રામજીવનમાં નૈસર્ગિક સૌન્દર્ય ભર્યુંભર્યું હોય છે. એ સૌન્દર્યને ઓળખવાની, એ સૌન્દર્યને સજવાની અને એ સૌન્દર્યને ભોગવવાની શક્તિ ગ્રામજનતામાં વિકસે તો ગ્રામજીવન પ્રત્યેની ઉપેક્ષા અને ઘૃણા દૂર થઇ ગ્રામજીવન પ્રત્યે અભિમુખ થવાની પ્રેરણા મળે.

શહેરમાં નિસર્ગને ખેંચીખેંચી લાવવું પડે, અને તો ય સૂક્ષ્મ-દર્શક યંત્ર લઈ ફરીએ ત્યારે સૃષ્ટિસૌન્દર્ય દેખાય. ગ્રામજીવનમાં તે પળે પળે સામે આવે, અને સહજ-જીવન તરીકે અનુભવાય. ગ્રામજનતાની આંખે પડળ આવવાથી કવિત્વથી ભરેલી પ્રકૃતિ ઉપર પડદો જ પડેલો રહે છે. એ પડળ કાઢવા માટે ગ્રામજીવ-નમાં તંદુરસ્તી, કેળવણી અને આર્થિક સ્વસ્થતાની જરૂર રહે જ. ગ્રામજીવનમાં નૈસર્ગિક કલાભાવના જાગ્રત થાય ત્યારે જાણવુ કે ગ્રામજીવન ખરેખર ઉન્નત થયું છે.

**ગ્રામજીવન પ્રત્યે મમત્વ.**

એ કલાદષ્ટિ ખીલતાં ગ્રામજીવન પ્રત્યે મમત્વ, અભિમાન, પ્રેમ ઉત્પન્ન થાય છે અને ગ્રામજીવનને ઉપ-યોગી થઈ પડવાની, ગ્રામજીવનને સેવા અર્પણ કરવાની, ગ્રામજીવનને સમસ્ત રાષ્ટ્ર-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

જીવનના જીવંત વિભાગ તરીકે ખીલવવાની ભાવના જાગ્રત થાય છે. ગામ પ્રત્યે આવા મમત્વ અને અભિમાનમાં નાગરિકપણાનાં બીજ રહેલાં છે. આપણાં પરિવેષ્ટનો, આપણી બાહ્ય ઉપાધિ, આપણાં બાહ્ય સાધનો અને આપણને વીંટળાઈ વળેલી આપણી નાનકડી સૃષ્ટિ આપણા દેહને અને આપણા મનને ખૂબ ઘડે છે. શહેરની સંકડાશ આપણને પરોણાગતથી વિમુખ બનાવે છે એ આપણો સહજ અનુભવ છે. ગ્રામજીવનની નિષ્ક્રિય, ઊંઘરેટી અને ઉર્મિમંદ ઉદાસીનતા આપણામાં પણ નિષ્ક્રિયતા, સુસ્તી અને નિરુત્સાહની છાયા પાથરી દે છે એ આપણો ગામડાંનો અનુભવ સહજ છે. એ જ ગ્રામવાતાવરણમાં તંદુરસ્તી ઉભરાય, કેળવણીના પરિણામે બુદ્ધિના ચમકારા પ્રગટ થયા કરે, કલાયોજના અને સૌન્દર્યવૃદ્ધિના પ્રયોગો નિત્ય થાય તથા ગ્રામને જીવંત બનાવવામાં –અન્ય ગામો કરતાં આગળ વધારવામાં આપણું અભિમાન દોરાય ત્યારે ગ્રામજનતાનો સામાજિક વિકાસ થયો એમ આપણે કહી શકીએ.

એમ કહી શકાય કે આર્થિક ઉન્નતિ પણ સામાજિક ઉન્નતિનો એક વિભાગ છે. સામાજિક વિકાસ આર્થિક ઉન્નતિની અમુક અપેક્ષા રાખે પણ છે, અને સાથે સાથે સામાજિક ઉન્નતિનાં વિવિધ અંગોમાં તે પરિણામ પણ પામે છે. છતાં બંને અંગો વધારે વિસ્તૃત વિવરણથી વધારે સમજાય એ અર્થે સામાજિક ઉન્નતિને આર્થિક અંગોથી છૂટી પાડી જોવાનો પ્રયત્ન કર્યો છે.

નૈતિક ઉન્નતિ અને ધાર્મિક ઉન્નતિના વિભાગો પાડવાની જરૂર નથી. સ્વાર્થરહિત સંબંધ એ મોટામાં મોટી નીતિ છે, અને ધર્મ જો કે સામાજિક સ્વરૂપ જગતમાં ધારણ કરી રહ્યો છે, છતાં ધર્મભેદ પ્રગતિરોધક બને છે અને સર્વ ધર્મમાં રહેલું સત્ય જગતનો


Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



સ્વીકાર પામતા ધર્મસમન્વયની ભાવના તરફ સહુને વાળતું હોવાથી ધર્મની ચર્ચા અત્રે કરવી બિનજરૂરી લાગે છે. સામાજિક ઉન્નતિમાં નીતિ અને ધર્મ આપોઆપ સમાઇ જાય છે. જે ધર્મો આપણને વ્યક્તિ તરીકે, ગ્રામવાસી કે શહેરી તરીકે અને પ્રજા તરીકે નીચે ઉતરતાં અટકાવી શકતા નથી એ ધર્મો અધર્મ છે એમ કહેવામાં કશી જ અડચણ નથી.

ગ્રામજીવનની સામાજિક ઉન્નતિને આપણે નીચે પ્રમાણેના વિભાગોમાં જોઈ શકાય :




Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૧૭

## આરોગ્ય-રક્ષણ

**ગામડાંની તંદુરસ્તી**

સામાન્ય માન્યતા એવા પ્રકારની છે કે ગામડાં તંદુરસ્તીની ખાણ સરખાં છે: ગ્રામજનતા શહેરની કેળવાયલી જનતા કરતાં વધારે મજબૂત, દીર્ઘજીવી અને નિરોગી છે. આમ હોવું જોઇએ એ વાત ખરી. પરંતુ આમ છે એમ કહેવું એ અભ્યાસ અને નિરીક્ષણથી ભાગ્યે જ સાચું ઠરે.

ગામડાંની પ્રજા વધારે મજૂરી કરતી દેખાય એટલા માટે તે વધારે તંદુરસ્ત છે એમ કહી શકાય નહિ. મહેનતના ઘણા પ્રકાર ટેવરૂપ બની જાય છે. કોથળા ઊંચકવા ટેવાયલો પુરુષ આપણને નવાઇ પમાડે એટલો ભાર ઊંચકી શકે. પરંતુ તેનો અર્થ એમ નહિ કે એટલા જ કારણે તે આપણા કરતાં વધારે મજબૂત છે. લાકડાં ચીરનાર, ઘણ મારનાર અને એવી સખ્ત મજૂરી કરનાર માણસોના સ્નાયુઓ અમુક કામ કરવાને એવા ટેવાઇ ગએલા હોય છે કે બીજાને અશક્ય લાગતું કામ તેઓ સરળતાથી કરી શકે છે. એવાં કામ ટેવ ઉપર વધારે આધાર રાખે છે.

અને મજૂરીનો મોટો ભાગ તો અનિચ્છાએ આદરવાનો હોય છે. પોષણને માટે જરૂરની મજૂરી કર્યા સિવાય ગ્રામજનતાનો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

છૂટકો હોતો નથી માટે શક્તિ બહારની મહેનત તે ઘણી વખત કરે છે. આમ ટેવ અને જરૂરિયાત નબળી ગ્રામજનતાને સશક્ત દેખાડી સહુને ભ્રમમાં નાખે છે. ગ્રામજનતાનાં હાડચામડાં તેના અનારોગ્યની સાક્ષીરૂપ છે. ઝડપથી વૃદ્ધ બની જતો ગામડિયો ગ્રામઆરોગ્યના – કે અનારોગ્યના પ્રદર્શનરૂપ છે. કરમાઇ ગએલો કરચલીવાળો ગામડિયો ગ્રામશક્તિનું દર્શન નથી જ કરાવતો.

આરોગ્યભર્યું જીવન કોને કહેવાય ?

### રોગ અને આરોગ્ય

રોગરહિત જીવનને આપણે આરોગ્યમય જીવન કહીએ. પણ હિંદુસ્તાન તો રોગનું ઘર છે! એક નહિ અનેક! હિંદમાં કયા રોગ નથી ?

ટાઢિયો તાવ–મૅલેરિયા એ તો કૃષિજીવનનો નિત્યસાથી. ચોમાસુ અને શિયાળાનો મોટો ભાગ હિંદની પ્રજા ટાઢિયા તાવમાં સપડાયલી રહે છે. હિંદની પોણા ભાગની જનતા ટાઢિયા તાવનો દર વર્ષે અનુભવ કરે છે.

પ્લેગ–ગ્રંથીકજ્વર તો ગમે ત્યારે ગમે ત્યાં દેખા દે. ઇન્ફ્લ્યુ-અન્ઝા તો લગભગ મૅલેરિયાની હરીફાઇ કરતો દેખાય છે. પ્લેગ અને ઇન્ફ્લ્યુએન્ઝાએ હિંદની અંદર ભયંકર સંહાર કરી હવે કાયમનું સ્થાન મેળવ્યું હોય એમ લાગે છે. હિંદમાં એકલા માનવ–હુમલા જ આવે છે એમ નહિ. રોગ પણ હિંદ ઉપર ફાવે ત્યાંથી તૂટી પડે છે, અને માનવીઓની માફક કાયમનું સ્થાન મેળવે છે.

કૉલેરા પણ વખત બેવખત ફાટી નીકળે.

ઓરી, અછબડા અને બળિયાનાં દર્દીને આપણે દેવ બનાવી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



પૂજીએ છીએ. એ તો સહુને થવાં જ જોઇએ એવી આપણી માન્યતા છે. ઉંટાટિયો પણ આપણો દેવ !

ફેફસાંનાં દર્દો વગર પણ કેમ ચાલે? સામાન્ય ઉધરસને આપણે બાજુએ મૂકીએ, તો પણ ક્ષય અને દમનાં દર્દ કેટકેટલાં જીવનનો ભોગ લે છે એનો આપણે હિસાબ કાઢયો છે? ન્યુમોનિયા, ટાઇ-ફૉઇડ એ હવે આપણાં ઓળખીતાં દર્દો બની ગયાં છે, અને ડીપ્થે-રીયા, મેનીન્જાઈટીઝ, કાલાઆઝાર તથા બેરીબેરી જેવાં ભવ્ય કલ્પનાપ્રેરક નામવાળાં દર્દો આપણને ધીમે ધીમે સોડમાં લેતાં થયાં છે એ ભૂલવા સરખું નથી.

આંખો દુખવી એ પણ એક સામાન્ય દર્દ થઈ પડયું છે. ચામડીનાં દર્દો વિસ્તૃત હોવા છતાં તેમને સંતાડી શકાય છે અને વાઢકાપને પાત્ર ન થાય ત્યાં સુધી તેમને મહત્ત્વ અપાતું નથી. એનીમીયા, મંદાગ્નિ અને અસ્વસ્થતાને તો આપણે ગણકારતા નથી— જો કે તેમની બૂમો તો બહુ જ પાડીએ છીએ. સ્ત્રીઓએ તો સ્વયંવર રચી હિસ્ટીરિયાને વરમાળ આરોપી દીધી છે.

**થોડા ચોંકાવનારા આંકડા**

એક અભ્યાસીએ હિસાબ કાઢયો છે કે બ્રિટીશ હિંદમાં દર વર્ષે સાડાચાર કરોડ માનવીઓ રોગમાં સપ-ડાય છે, તેમાંથી પોણો કરોડ ઉપરાંત માણસો મરણવશ થાય છે. એનો વધારે અસરકારક હિસાબ કરીએ તો દર એક દિવસે લગભગ એકવીસ હજાર માણસો મરે છે, અને દર કલાકે ૮૭૦ માણસોને આપણે બ્રિટીશ હિંદમાંથી ખોઇએ છીએ.

બ્રિટિશ હિંદ ઉપરાંત રાજસ્થાની હિંદને આમાં વધારીએ તો એ પ્રત્યેક આંકડાનો ચોથો ભાગ તેમાં ઉમેરી દેવો રહ્યો !

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

કલાકનાં હજાર સવાહજાર માણસો અને ચોવીસ કલાકનાં પચીસ ત્રીસ હજાર માણસોનો ભોગ લેતા રોગનું ભયંકરપણું સમજવું જોઇએ. અને એ મરણપ્રમાણ ગ્રામજનતામાં જરા ય ઓછું નથી.

ગયા દસકામાં – ઘણું કરી સને ૧૯૨૬ની સાલમાં – સમગ્ર હિંદના વૈદ્યકીય સંશોધકોની એક પરિષદ મળી હતી. તેનો એક ઠરાવ આપણા અનારોગ્ય સંબંધમાં આપણી આંખ ઉઘાડે એવો છે. એ ઠરાવ કહે છે કે :

૧ અટકાવી શકાય એવા રોગથી દર વર્ષે હિંદમાં થતાં મરણની સંખ્યા પચાસથી સાઠ લાખ જેટલી છે.

૨ અટકાવી શકાય એવા રોગથી પીડાતો પ્રત્યેક મનુષ્ય એથી ત્રણ અઠવાડિયાં જેટલી મહેનત અને તેનું ઉત્પાદન દર વર્ષે અચૂક ગુમાવે છે.

૩ અટકાવી શકાય એવા રોગને વશ થનારો પ્રત્યેક મનુષ્ય પોતાની શકિત, આવડત, હોંશિયારી અને દક્ષતામાં વીસ ટકા જેટલી ખામી અનુભવે છે, અને માંદા પડવાનો વારો તો લગભગ બધાને જ વારાફરતી આવે છે. એક વર્ષમાં આમ છ સાત કરોડ માનવીઓની શકિત વીસ ટકા જેટલી ઘટી જાય છે.

૪ જે બાળકો જન્મે છે તેમાંનાં માત્ર અડધાં જ – પચાસ ટકા જેટલાં જ બાળકો રોજી મેળવી શકે એટલી ઉમર પ્રાપ્ત કરે છે. અડધોઅડધ બાળકો તો બાળક તરીકે જ મરી જાય છે.

૫ આ જન્મેલાં બાળકોમાં ૮૦ થી ૯૦ ટકા જેટલાં બાળકો તો લાંબુ જીવી શકે એમ છે.

૬ આ આંકડા વધારે પડતા મૂકાયા નથી. ઊલટ છે તેના કરતાં હળવી સ્થિતિના તે દર્શક છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

૭ એટલું તો ચોક્કસ કે અટકાવી શકાય એવાં દર્દોને લીધે જિંદગી-માં અને જીવનની કાર્યદક્ષતામાં જે અપવ્યય થાય છે અને ઘસારો પડે છે તેનું આર્થિક નુકસાન હિંદમાં તો પ્રતિવર્ષ અબજો રૂપિયા જેટલું થવા જાય છે. આવાં દર્દને અટકાવાય તો માણસની જિંદગી અને શક્તિ હિંદમાં પ્રતિવર્ષે અબજો રૂપિયાની સમૃદ્ધિ ઊભી કરે.

૮ ઉપરાંત આ અટકાવી શકાય એવાં દર્દોને લીધે પ્રતિવર્ષ લાખો માનવી ભારે યાતના ભોગવી રહે છે એનો તો હિસાબ કેમ નીકળી શકે ?

૯ આર્થિક દૃષ્ટિએ પણ આ રોગ અટકાવવાની જરૂર છે. રોગ અટકાવવામાં જેટલો પૈસો ખર્ચાય એટલો ઓછો છે.

આવા અટકાવી શકાય એવા રોગોને આપણે શા માટે અટકાવતા નથી ? હિંદીજનતા દયાધર્મમાં માને છે એવું વારંવાર કહેવાય છે. અટકાવી શકાય એવા રોગનો ભોગ થતાં લાખો માનવીઓનો આપણે વિચાર કરીએ ત્યારે આપણને શંકા પડે છે કે ખરેખર હિંદ દયાધર્મ પાળે છે ખરો ! આપણે – એટલે સરકાર, ધનિક વર્ગ અને સમજદાર વર્ગ – જે પચાસ સાઠ લાખ માણસો જીવતા રહેવા જોઇએ તેમને ખુલ્લી આંખે મરવા દઇએ છીએ.

અને હિંદની સંપત્તિ વધારવા આતુર બનેલા અર્થશાસ્ત્રીઓ અને ઉદ્યોગપતિઓ માનવજીવન અને માનવશક્તિમાં રહેલી અબજો રૂપિયાની સંપત્તિને આમ રોગની ઝાળમાં પ્રજળી જવા દે એ શું સાચા અર્થશાસ્ત્રનું અનુસરણ છે ?

ગ્રામજનતાના રોગ અને અનારોગ્યનાં કેટલાંક કારણો સમજી લેવાં જોઇએ.

Gandhi Heritage Portal

ગામડાંની સાથે આપણને મોકળાશનો જ ખ્યાલ આવ્યા કરે છે. પરંતુ સીમની ખુલ્લી જમીનના ભ્રમમાં ગામઠાણની પણ જમીન એવી જ ખુલ્લી હશે એમ માનવું એ ભૂલભરેલું છે. વસતીની સંખ્યા ઉપર આપણે આપણા નિવાસસમૂહને–રહેઠાણોને શહેર, કસ્બા અને ગામડામાં વહેંચી નાખ્યાં છે. લાખ ઉપરાંતની વસતીવાળાં રહેઠાણને આપણે શહેર કહીએ છીએ, પાંચ હજાર ઉપરાંતની વસ્તીવાળાં નિવાસસ્થાનોને આપણે કસ્બા કહીએ છીએ, અને તેથી ઓછી વસતીવાળાં રહેઠાણને ગામડાં કહીએ છીએ. આમ શહેર, કસ્બા અને ગામડાંનો તફાવત વસતી ઉપર જ મુખ્યત્વે આધાર રાખતો હોવાથી કૃત્રિમ છે–આપણો બનાવેલો બન્યો છે, અને જો કે તેને જ અંગે રહેઠાણના, સાફસુફીના, પાણીપુરવઠાના, અન્ય સાધનોના કેટલાક તફાવતો લાક્ષણિક બને એ ખરું, છતાં એ તફાવતોમાંના ઘણા દૂર થઇ શકે એવા છે, અને તે દૂર કરવાની જરૂર જ છે. મોટે અંશે ગ્રામવિભાગ નગરોની અનુકૂળતા ભોગવી શકે એ પણ ગ્રામોન્નતિનો એક મહા પ્રશ્ન છે.

**ગામ અને શહેર**

આ તફાવતોને અંગે આપણે સહજ શહેરો અને ગામડાંનો સરખામણી વિચારીએ. તફાવત સમજ્યા પછી તે દૂર કરવાના અવિરત પ્રયત્નો તો કરવા જ પડશે. ગ્રામ્યતા — ગામડિયાપણામાં જે તુચ્છકાર સમાયલો છે તે આજ સકારણ હોય તો પણ તે દૂર કરવામાં જ ગ્રામોન્નતિ સમાયલી છે એ એમાંથી પ્રત્યક્ષ થશે અને ગ્રામોન્નતિની સામાજિક બાજુ પણ કેટલેક અંશે સમજાઇ જશે.

**ગામ અને શહેરના તફાવત**

૧ શહેર અને ગામડાંનો તફાવત બંનેની કેળવણી વિષયક પરિસ્થિતિમાં રહ્યો છે. શહેરની વસતી કેળવણીમાં આગળ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પડતી છે, જ્યારે ગામડાંની વસતી કેળવણીમાં બહુ પછાત છે. વડોદરા રાજ્યની છેલ્લી વસતી ગણતરીને અંગે ઉપલબ્ધ થતા આંકડા બહુ સૂચક નીવડે એમ છે. ફરજીયાત કેળવણીનો પ્રયોગ વડોદરામાં થઇ રહેલો હોવાથી તેની પરિસ્થિતિ બ્રિટિશ પ્રદેશો કરતાં કેળવણીમાં ચઢિયાતી છે. એ ચઢિયાતા પ્રદેશમાં પણ નાગરિક વસતીના દર હજાર પુરુષોએ ૫૪૧ પુરુષો ભણેલા છે, અને દર હજાર સ્ત્રીઓએ ૧૭૫ ભણેલી સ્ત્રીઓ છે. ગ્રામવસતીની સ્થિતિ તપાસીશું તો જણાઇ આવશે કે દર હજાર પુરુષે ૨૯૨ પુરુષો અને દર હજાર સ્ત્રીએ ૫૮ સ્ત્રીઓ ભણેલી છે. આ તફાવત નાનોસૂનો નથી. પરંતુ એ તફાવત ગ્રામજનતાને ઉપયોગી કેળવણીદ્વારા કેળવણીનાં સાધનો ગામડેગામડે મૂકવાથી દૂર થઈ શકે એવો છે એમાં તો જરા ય શક નથી. અલબત્ત મહેનતની કાયર કેળવણી ગામડાંને માટે તો ન જ પરવડી શકે.

૨ ધંધાવિષયક તફાવત એ બીજો તફાવત શહેર અને ગામડાંના ભેદને સાચવી રહ્યો છે. શહેરી જનતામાં માત્ર ૨૪ ટકા વસતી ખેતી સાથે સંબંધ ધરાવે છે, જ્યારે ગ્રામજનતામાં ૭૭ ટકાની વસતી ખેતી સાથે સંબંધ ધરાવે છે.

૩ ત્રીજો તફાવત જે આરોગ્યરક્ષણની વિચારણામાં મહત્ત્વનો છે તે વસતીવિષયક છે. શહેર કસ્બાની સરેરાશ વસતી દસહજારની ગણાય. જ્યારે ગામડાંની સરેરાશ વસ્તી ૭૦૦ માણસની આવે છે.

૪ રહેણીકરણી અને દષ્ટિબિંદુનો તફાવત પણ શહેર અને ગામડાંને જુદાં પાડી દે છે એ સ્પષ્ટ છે. એક શહેરી અને એક ગામડિયાને ઓળખી કાઢવું બહુ અઘરું નથી.

Gandhi Heritage Portal

4/25/2021

श्री महादेव देसाई ग्रंथालय
क्रमांक
वर्गांक



પરિણામે આપણી આંખ આગળ તરી રહે એવા શહેર અને ગામડાંના તફાવત દેખાડી આપે છે કે ગામડાં અનારોગ્ય, ઘીચ વસતીવાળાં અને અવ્યવસ્થિત બંધારણવાળાં હોય છે, જ્યારે શહેરો પ્રમાણમાં વધારે આરોગ્ય, ઓછી ઘીચવસતિવાળાં અને વ્યવસ્થિત બંધારણવાળાં હોય છે.

**તફાવત**

શહેરોની પરિસ્થિતિ દરેક રીતે સંપૂર્ણ છે એમ આ કથન ઉપરથી અનુમાન કરવાનું નથી. પરંતુ ગામડાંને પડછે શહેરો વધારે લાભકારક સ્થિતિ ભોગવે છે એમાં શક નથી. શહેર અને ગામડાં વચ્ચેનો તફાવત શહેરની ઉચ્ચ કક્ષાને જ સાબિત કરે છે. એ તફાવત સમજવાથી જ તે ઓછા કરવાના પ્રયત્નો થઈ શકે.

શહેરની વસતી કરતાં ગામડાંની વસતી વધારે ઘીચ છે એ કથન ઘણાને આશ્ચર્યજનક લાગશે. ગામડાં માટેની સામાન્ય કલ્પના એવી છે કે ત્યાંની વસતીને શહેર કરતાં રહેવાની ઘણી વધારે મોકળાશ હોય. પરંતુ ગામડાંની તંદુરસ્તીના સરખો ગામડાંની મોકળાશનો ખ્યાલ પણ ભ્રમરૂપ છે એમ આંકડાથી સાબિત થાય એમ છે.

**ગામડાંની ઘીચ વસતી**

વડોદરા રાજ્યની માહિતી મને સહજ ઉપલબ્ધ હોવાથી હું દૃષ્ટાંતમાં વડોદરાનો વધારે ઉપયોગ કરું છું. વળી સામાજિક પ્રગતિનાં આંદોલનો વડોદરામાં ખૂબ ઝીલાયાં છે, અને શ્રી. સયાજીરાવ સરખા દક્ષ ચિંતકે પ્રગતિના અનેકાનેક રાજપ્રયત્નો વડોદરા માટે કરેલા છે. એટલે ગુજરાત માટે તો નિદાન વડોદરા ઝટ નજરે ચઢે એમ છે.

**આંકડા**

વસતીના નિવાસસ્થાનને આપણે ગામઠાણ તરીકે ઓળખીએ છીએ. વડોદરા રાજ્યની ઓગણીસ લાખની ગ્રામજનતા ૨૯૦૨

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ગામડાંમાં પથરાઈ છે. એ બધાં ય ગામડાંનાં ગામઠાણ ભેગાં કરીએ તો ૧૨૦૦૦ વીઘાં જેટલો વિસ્તાર થાય. આનો અર્થ એટલો જ કે ઓગણીસ લાખ ગામડિયાઓ માત્ર ૧૨૦૦૦ વીઘાંમાં પુરાયલા છે. આમ આપણી ગ્રામજનતાનાં રહેઠાણ એટલાં સાંકડાં છે કે એક વીઘામાં ૧૫૮ જેટલાં માણસો ભચડાઈ રહ્યાં છે!

આની સામે આપણે વડોદરા શહેરનો જ વિચાર કરીએ. વડોદરા શહેરની વસતી એક લાખ દશહજાર માણસની, અને તેનું ગામઠાણ દસહજાર વીઘાંનું! વડોદરા શહેરની એક વીઘા જેટલી જમીનમાં માત્ર અગિયાર માણસો જ વસે છે, જ્યારે ગામડામાં એક વીઘે ૧૫૮ માણસોનો વસવાટ!

ગામડાંની ભયંકર સંકડાશનો ખ્યાલ હવે આપણને આવી શકશે. કોણ કહેશે કે ગામડાંમાં બહુ મોકળાશ છે? રાજ્યબહારનાં ગામડાંની સ્થિતિ વડોદરાનાં ગામડાં કરતાં વધારે સારી નથી જ. એટલે હિંદભરનાં ગામડાંની સંકડાશનો ખ્યાલ આપણને તરત આવી શકશે. સીમનું નજીકપણું ગામડાંની ભયંકર સંકડાશને સહજ હળવી બનાવે છે એ ખરું. પરંતુ તેથી તેની ભયંકરતા સમૂળ જતી રહેતી નથી. ગામડાંમાં ઘણી ઘીચ વસતી કહેવાય. તેનું પરિણામ ગંદકી, ધૂળ, અવ્યવસ્થિત મકાનરચના અને ઢંગધડા વગરના રસ્તાઓમાં જ આવે!

સંકડાશ

આમ સંકડાશ એ પ્રથમ મુશ્કેલી આરોગ્યરક્ષણના કાર્યક્રમમાં વિચારવાની રહી. સંકડાશને લઇને મકાનો અનારોગ્ય બંધાય. વસતીના પ્રમાણમાં અમુક ખુલ્લાશ હોવી જ જોઇએ – મકાનમાં તેમ જ મકાન બહાર. હવાની અવરજવર માટે મકાનોમાં બારીબારણાંની કે જાળીઓની પણ સગવડ જોઇએ. શુદ્ધ હવા એ આરોગ્યરક્ષણનો આત્મા છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





સાંકડાં ગામઠાણ અને અંધિયાર મકાનોમાં એ અશકય જ હોય.

**સ્વચ્છ પાણી**

શુદ્ધ હવા જેટલું જ શુદ્ધ સ્વચ્છ પાણી જરૂરી છે. અસ્વચ્છ પાણીને લીધે કૉલેરા જેવા રોગ ફાટી નીકળે છે. પાણી સ્વચ્છ, શુદ્ધ, ગુણકારી અને મબલખ હોવું જોઇએ. ગામડાંમાં પૂરતા કૂવા હોતા નથી. કૂવા હોય તો પણ તેમનો વાપર એવા પ્રકારનો હોય કે પાણીની વિશુદ્ધિ જળવાય નહિ. કૂવાની આસપાસ પાણી ઢોળાય, અને કાદવ થાય. એ પગ લઇ પનિહારીઓ પાણી ભરે. પગ અને દોરડાંનો કચરો કૂવામાં ઉતરે અને એ પાણી પીવામાં અને રસોઇમાં વપરાય. આમ પાણી જેવું જંતુવાહક તત્ત્વ એકાદ રોગનાં જંતુ ફેલાવે જ.

કદાચ ઉકરડા પણ પાણીનાં સાધન પાસે જ હોય. ઉકરડાની ગંદકી પાણીનાં મૂળને ઝડપથી દૂષિત કરે છે.

કપડાં ધોવાનું કાર્ય પણ કૂવાના થાળા ઉપર જ થાય. કપડાંનો મેલ પીવાના પાણીમાં ઊતરે અને તેથી તંદુરસ્તી બગડે એનો ખ્યાલ પણ ગ્રામજનતામાં આવતો નથી.

કૂવા ન હોય ત્યાં તો પાણીનું ભારે દુઃખ હોય જ. કૂવા હોય ત્યાં જનતા તેનો ઉપયોગ જ એવો કરે કે જેથી આરોગ્ય સચવાય નહિ. કૂવા ન હોય ત્યાં નદી તથા તલાવની એવી જ દુર્દશા કરવામાં આવે છે. નદી–તલાવનાં પાણીમાં માણસ અને જાનવર સાથે પાણી પીએ ત્યાં સુધી તો આપણે કદાચ વાંધો ન ઉઠાવીએ. પરંતુ એ નદી–તલાવમાં તથા આસપાસ હરેક પ્રકારની ગંદકી કરવાનો સહુ હક્ક કરી બેસે છે ત્યારે ગ્રામજનતાનું અજ્ઞાન પાપ બની જાય છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

## ૧૮

### સ્વચ્છતા

**દેહરચના અને સ્વચ્છતા**

માનવદેહની રચના જ એવી છે કે તે ખાદ્યપેય પદાર્થોનાં પૌષ્ટિક તત્ત્વોને સંગ્રહી નિરુપયોગી તત્ત્વોને પોતાનાથી અળગાં પાડી દે. જગતમાં કશી જ વસ્તુ તત્ત્વતઃ નિરુપયોગી નથી – જો આપણને તેનો ઉપયોગ કરતાં આવડે તો. આવડત ન હોય તો ચોખ્ખામાં ચોખ્ખી વસ્તુ પણ ગંદકીનો ભંડાર બની જાય. એટલે દેહને નિરૂપયોગી થઇ પડતાં દ્રવ્યો કેવી રીતે અને ક્યાં રાખવાં, ખસેડવાં, ઉપયોગમાં લેવાં કે ફેંકી દેવાં એ પ્રશ્ન પણ આપણી ગૃહ તથા ગ્રામ-રચનાનો અતિ મહત્ત્વનો પ્રશ્ન બની જાય છે. એમાં નળ, નીક, મોરી, ચોક, ચોકડી, ખાળ, સ્નાનગૃહ, શૌચસ્થાન એ સર્વની વ્યક્તિ-ગત તેમ જ સામુદાયિક વિચારણા જરૂરી છે.

કુદરત તો કથીરમાંથી કંચન બનાવવા મથી રહી છે. એનો કીમિયો સતત આબેહયાત–અમૃતને જ ઉપજાવે છે. એને સહુ સરખાં. માનવદેહે નિરુપયોગી ગણેલાં દ્રવ્યોમાં જ કુદરતની પ્રયોગશાળા જીવન ઉપયોગી તત્ત્વો ભરે છે. એટલે કુદરતનાં વલણ પરખી આપણા દેહની ખોટી રીતે મલિન ગણાતી ક્રિયાઓને આપણે વિશુદ્ધ કરીએ તો આપણે આપણું આરોગ્ય સુધારીએ એટલું જ નહિ પણ આપણે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

આપણા ગ્રામજીવનની આખી આર્થિક બાજુને સુધારી શકીએ એમ છે. એટલે આપણી સ્વચ્છતાના પ્રશ્નો વ્યક્તિગત અને સામુદાયિક બની જાય છે.

દેહની સ્વચ્છતા સ્નાનવિધિ માગી લે. હિંદમાં માનવી બે વાર નાહી લે તો તેનું અંગ જરૂર સ્વચ્છ રહે.

નિરુપયોગી તત્ત્વોના ઉત્સર્ગ માટે પણ યોજના હોવી જોઇએ. એનાં સ્થાન અનિશ્ચિત ન જ રાખી શકાય. એ તત્ત્વો ગંદકીનું સ્વરૂપ ધારણ કરી આપણને ઘૃણા ઉપજાવે તો જાણવું કે આપણને સ્વચ્છ રહેતાં આવડતું નથી. દુર્વાસ એ કુદરતની સાવચેતી છે. દુર્વાસથી માનવી ન ચેતે તો એની પાછળ જરૂર રોગના હુમલા થવાના જ. આપણા ગ્રામજીવનના અનેક રોગ આપણી અસ્વચ્છતાને જ આભારી છે.

**આપણી ગંદી ટેવો**

આપણને દાતણ કરતાં ન આવડે. આપણાં દાતણ જગતના બધા ' પેસ્ટ ' અને ' પાઉડર 'ને શિક્ષણ આપી શકે એમ છે. દાતણથી ન સંતોષાતા વર્તમાન યુવકને જીરા-મીઠાનાં મંજન જરૂર ઉપયોગી થઇ પડશે. પરંતુ આપણી અવ્યવસ્થા આપણી દાતણની ક્રિયાને પણ હાનિકારક બનાવી દે છે. દાતણની ચીરીઓ ફાવે તેમ ફેંકવાની આપણી ટેવ અજાણી નથી. આપણી વધારેમાં વધારે કાળજી-હોય તો-એટલી કે આપણા આંગણાંમાં ચીરીઓ ન નાખતાં પડોશીના આંગણામાં નાખવી. આપણો પડોશી પણ એ જ કાર્ય કરે. એટલે અસ્વચ્છતાની પરંપરા ચાલ્યા જ કરે. આ ચીરીઓની ફેંકાફેંકીમાંથી પડોશીઓ વચ્ચે થતા ઝઘડા પણ આપણા ગ્રામ તથા શહેરજીવનમાં અજાણ્યા નથી. પડોશીનાં સુખસગવડનો વિચાર ન કરનાર કુટુંબને આપણે ટૂંકી નજરનાં કહી શકીએ. પડોશીને થતા ત્રાસનો કશો જ વિચાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

આપણને ન આવે તો આપણે બીજાનું ભલું કરવાનો ઢોંગ જતો કરવો જોઇએ. પડોશીના વિચારમાં જ આખી સામાજિક ઘટનાના વિચારોનો પાયો નખાય છે. સામાજિક જીવનનું પ્રથમ પગલું પડોશભાવમાં જ મૂકાય છે. પડોશી સાથેનું આપણું વર્તન એ આપણા આખા વર્તનનું મધ્યબિંદુ છે. પડોશીના આંગણામાં ગંદકી કરનાર કુટુંબ સ્વાર્થી, ટૂંકી દૃષ્ટિવાળું અને સમાજવિઘાતક છે.

અને આવી વ્યક્તિઓ, આવાં ઘર અને આવાં કુટુંબો કેટલાં હશે ?

આમ રોગથી બચવા માટે આપણે વ્યક્તિગત અને કૌટુંબિક સ્વચ્છતા રાખવા ઉપરાંત આપણી આસપાસ આપણે લીધે અસ્વચ્છતા ન થાય એની ખાસ કાળજી રાખવાની જરૂર છે.

**સભ્યતા અને સ્વચ્છતા**

સ્વચ્છતાને લગતાં ઘણાં વ્યક્તિગત કાર્યો સાથે આપણી સભ્યતા, સંસ્કાર અને શિષ્ટતાનો સંબંધ સ્વાભાવિક રીતે જ બંધાઈ જાય છે. એની આસપાસ આપણે સાહજિક રીતે મર્યાદા અને લજ્જાના પડદા ઢાંકીએ છીએ, અને તે જ યોગ્ય છે. ગમે ત્યાં ગમે તે પ્રકારની ગંદકી કરવાની આપણી ટેવ આપણા માનસમાં રહેલી—આપણા સમગ્ર જીવનમાં રહેલી અવ્યવસ્થા, અસભ્યતા, સંસ્કારહીનતા અને અશિષ્ટતાનું જ પ્રતિબિંબ છે એમ કહેવામાં જરા ય હરકત નથી. વ્યક્તિગત અને સામાજીક સ્વચ્છતા ઉપર જ આપણી પ્રગતિ ઘણે અંશે અવલંબન કરે છે એ ભૂલવાનું નથી. એટલે દંતધાવન, મલોત્સર્ગ, સ્નાન જેવી આવશ્યક સ્વચ્છતાની વિધિમાં જેટલી મર્યાદા સચવાય અને જેટલું એકાંત સાધી શકાય તેટલે અંશે આપણે આપણી શિષ્ટતા અને સંસ્કાર વધારે નિર્મળ બનાવી શકીએ એમ છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



અને એ સભ્યતાના રક્ષણુ સાથે સાથે જ આપણી સ્વચ્છ બનવાની બધી જ ક્રિયાઓ આરોગ્યવર્ધની બને એ પણુ આપણે શીખવું જોઇએ. ગંદકી અશિષ્ટ છે એમ કરી તેનાથી ભાગવામાં આપણી શિષ્ટતા જરા ય વધતી નથી. આપણી સુગ દૂર કરી ગંદકીના નિવારણુ અર્થે આપણે અંગતરીતે ઉપાયો લઈ શકીએ એટલી આવડત અને તૈયારી પણુ આપણી હોવી જોઇએ. આપણા સંસ્કાર આપણુને prudish – અતિ ડાહ્યા – અતિ શિષ્ટ – બનાવી ગંદકીનિવારણુથી વિમુખ બનાવે એમ પણુ થવું ન જોઇએ.

ગામડાં તો હજી આ સ્વચ્છતાની બાબતમાં બહુ જ પછાત છે. ગ્રામવાસીઓ સ્નાન કરે છે એ ખરું. પરંતુ એ વિધિ બહુ સુધારવાની જરૂર છે. શહેરમાં વપરાતા સાબુ ગ્રામજીવનમાં પ્રવેશે એમ આપણે ભાગ્યે જ ઇચ્છીએ. પરંતુ દેહ સમગ્રને પાણીથી સ્વચ્છ બનાવો દેહને પ્રફુલ્લતા મળે એટલું કરતાં તો ગ્રામજનતાને આવડવું જ જોઇએ.

આપણી અસ્વચ્છતા આપણા પડોશીને હાનિકર ન બનવી જોઇએ.

નિરુપયોગી તત્ત્વોના ઉત્સર્ગની ક્રિયા માટે સ્થળ મુકરર હોવાં જોઇએ, અમુક ઢબની તેમાં મર્યાદા પળાવી જોઇએ, અને તળાવ તથા નદીનાં પાણીને જંતુમય બનાવે એવી બેજવાબદારી ઉપર ખૂબ અંકુશ મુકાવો જોઇએ.

**શહેરો અને ગામડાં**

આ વ્યક્તિગત અને સામાજિક સ્વચ્છતા ઉપર હજી શહેરોએ અને શહેરવાસીઓએ પણુ પૂરતું ધ્યાન આપ્યું નથી. સૂરત હજી ઘણું ગંદુ શહેર છે. અમદાવાદ થોડાં વર્ષ પહેલાં એવું જ ગંદુ હતું. સદ્ગત શ્રીમંત સયાજીરાવ મહારાજની કાળજીને લીધે વડોદરા સ્વચ્છતાની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

બાબતમાં ખૂબ આગળ આવી શક્યું છે. પરંતુ તે પહેલાંનું વડોદરા જોનાર વૃદ્ધો આજ પણ તેની જૂની ગંદકી યાદ કરી કમકમી ઊઠે છે. નાનાં શહેરોની તો વાત જ શી કરવી ?

ગામડાં અને શહેરના સ્વચ્છતાને લગતા પ્રશ્નોમાં ઘણો તફાવત છે. ગામડાંમાં સ્વચ્છતા સાચવવા માટે શહેર કરતાં વધારે સગવડ થાય એમ છે – જો વિચારપૂર્વક તેની યોજના કરવામાં આવે તો. શહેર કરતાં ગામડાંની વસતી ઓછી. વસતીના પ્રમાણમાં ગામઠાણ ઓછું છતાં સીમની નિકટતા સ્થળસંકોચના ઘણા પ્રશ્નોને ઉકેલી શકે. ગ્રામસાધનો સોંઘાં અને સહજ અંગમહેનતવડે સહેલાઇથી મળે એવાં હોય. એટલે ગ્રામસ્વચ્છતાનો પ્રશ્ન શહેરસફાઇ કરતાં વધારે સહેલાઇથી ઉકલી શકે એવો છે.

**સ્વચ્છતા અને અંગમહેનત**

અંગમહેનત એ પ્રજાનો અખૂટ ખજાનો છે. પૈસાથી ન બને એ અંગમહેનત વડે બને, અને તે વધારે સરળતાથી અને સારી રીતે. અંગમહેનતને જ્યારથી આપણે શરમ માની ત્યારથી આપણું પતન થયું છે. હજી અંગમહેનતની આપણી શરમ મટી નથી એટલું જ નહિ, આપણાં ભણતર અને શિષ્ટતાભ્રમ આપણને અંગમહેનત પ્રત્યે અભાવ જ પ્રેરે છે. સ્વચ્છતાને અંગે ગ્રામજીવનમાં અંગમહેનતની કેટલી બધી જરૂર છે તેનો ખ્યાલ ગ્રામધંધાઓની વહેંચણી ઉપરથી આવી શકશે. આમાં પણ મને ઉપલબ્ધ એવા વડોદરા રાજ્યના આંકડાનો આધાર લઉં છું.

**સ્વચ્છતાના ધંધાદારીઓની ખોટ**

એક ગામડાંની સરેરાશ વસતી ૭૦૦ માણસોની. એ સાતસો માણસો ૧૭૫ કુટુંબોમાં વહેંચાયલાં છે, અને ધંધાની દૃષ્ટિએ એ કુટુંબો નીચે પ્રમાણે વહેંચાઇ જાય છે :

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



૧૦૦ – કૃષિકારો–માલિક તથા ગણોતિયા ખેડૂત મળીને.
૩૬ – મજૂરો અને ખેતીની મજૂરીમાં રોકાયલા નોકરો.
૪ – ગોપાલન અને પશુઉછેરમાં રોકાયલાં કુટુંબો.
૪ – શાહુકારો.
૪ – કપાસના ધંધાદારી.
૩ – હજામ.
૨ – દરજી.
૪ – કુંભાર.
૪ – ચમાર.
૧ – ધોબી.
૨ – ભંગી.
૧૧ – પરચુરણ ધંધાદારી–મજૂર, સોની, લુહાર ઇત્યાદિ.

આમ ધંધાની દૃષ્ટિએ આપણાં સરેરાશ ગામડાંની વસ્તી વહેંચાઈ જાય છે. સો ખેડૂત કુટુંબે બીજા ધંધાદારીઓના કુટુંબનું પ્રમાણ જોવાથી ઘણીઘણી બાબતો પ્રકાશિત બની જાય એમ છે. સો ખેડૂત કુટુંબો સાથે જ આપણે ૩૬ મજૂરો અને ચાર પશુપાલનમાં રોકાયલાં કુટુંબોને મૂકી દઈએ તો ચાર શાહુકાર કુટુંબો એકસોચાળીસ ખેડૂત કુટુંબોનાં નાણાંનું તંત્ર પોતાના હાથમાં રાખી રહે છે એ સ્પષ્ટ થાય છે. એ શાહુકારોનું સામર્થ્ય આપણે વિચારી ગયા છીએ. પરંતુ સ્વચ્છતાનું સ્થાન ક્યાં છે તે તો આપણે તરત જ સમજી શકીશું. ગામની અંગત સ્વચ્છતા ધોબી ઉપર આધાર રાખે છે, અને સાર્વજનિક સ્વચ્છતા ભંગી ઉપર અવલંબીને રહે છે. સાતસો માણસો નવસીતીમાં એક ધોબી કુટુંબ અને બે ભંગી કુટુંબ કેટલી સ્વચ્છતા જાળવી શકે એ સહુએ વિચારવા સરખું છે. ગામડાંની અનારોગ્ય સ્થિતિ મટાડવી હોય તો આરોગ્યરક્ષણનાં સાધ-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

નોનું પ્રમાણ વધારવું પડશે, આરોગ્યરક્ષણ માટેની કાર્યપરંપરા ચલાવવા વધારે માણસો તેમાં રોકવાં પડશે, અને સ્વચ્છતાના બાપોતી ધંધામાં રોકાયલાં માણસો પૂરતાં ન હોય તો ગ્રામજનતાએ સ્વચ્છતાનાં ઘણાં કામ હાથે કરી લેવાં પડશે.

આ સ્વચ્છતા એટલે શું ?

**સ્વચ્છતાની વિગતો**

એક તો અંગત – વ્યક્તિગત સ્વચ્છતા. ગામડાંમાં ધૂળમાટી અને કાદવનો ખૂબ સંસર્ગ. પશુપાલન પણ સ્વચ્છતાના કંઇ કંઇ પ્રશ્નો ઊભા કરે. એટલે પ્રથમ તો જાતની સ્વચ્છતા ઉપર ખૂબ લક્ષ રાખવાની જરૂર છે. એ અંગત સ્વચ્છતાનો ખ્યાલ પોતાના ધંધા પ્રત્યે અણગમો ન પ્રેરે એની પણ કાળજી રાખવી જોઇએ. એમાં સ્નાનવિધિ આવી જાય, અસ્વચ્છ દ્રવ્યોના ઉત્સર્ગની વ્યવસ્થા પણ આવી જાય અને આપણી અસ્વચ્છ ટેવો છોડવાના પ્રયત્નો પણ આવી જાય.

**કપડાં અને સ્વચ્છતા**

અંગની બહુ જ પાસે કપડાં આવે. એ કપડાં આપણી વ્યક્તિગત સ્વચ્છતાનો એક મહત્ત્વનો વિભાગ છે. હિંદમાં ખરું જોતાં બહુ વસ્ત્રોની જરૂર જ નથી. આપણા દુર્ભાગ્યે પશ્ચિમે આપણને અતિશય અને નિરુપયોગી કપડાં પહેરતા બનાવ્યા છે. બારમાંથી છસાત માસ તો આપણે ત્યાં ગરમી જ હોય છે. સભ્યતા ભલે વસ્ત્રો માગે. ગુપ્ત, પવિત્ર અને ઉત્તેજક અંગો ભલે આચ્છાદિત રખાય. પરંતુ આખું શરીર ઉપરાછાપરી વસ્ત્રોથી ઢબુરી દેવામાં કયો અર્થ સધાતો હશે તે સમજાતું નથી. હિંદમાં તો ઓઢણ – drapery – પૂરતાં થઇ પડે એમ છે. ત્રીજી પેઢી ઉપરના પુરુષો શહેરમાં પણ દેહ ઉપર એક દુપટ્ટો ઓઢી લઇ ફાવે ત્યાં ફરી શકતા. ગામડામાં વસ્ત્રોની એથી પણ ઓછી જરૂર. છતાં આપણી અનુકરણવૃત્તિ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



આપણને તદ્દન પ્રતિકૂળ એવાં ગંદાં મોજાં, તદ્દન નિરર્થક એવાં કૉલર તથા ટાઇ અને ખુલતાં પહેરણોને બદલે ઘાટઘુટ વગરનાં અનેક કાપકુપીવાળાં ખમીસ અને કોટનો સ્વાંગ ધારણ કરવા પ્રેરે છે. ગ્રામજનતામાં બાળકો ઢંગ વગરનો સાહેબી પોશાક પહેરી માબાપની પ્રસન્નતા જ્યારે વધારતાં દેખાય છે ત્યારે આપણી સંસ્કાર-પરાધીનતા આપણો સ્વભાવ બની જતી દેખાય છે. એથી વધારે ઊંડું પતન કયું ! હિંદમાં તો ધોતિયું, પહેરણ અને ચંપલ પૂરતાં થઈ પડે એમ છે.

**વસ્ત્રોની અતિશયતા**

ટાઢ અને તાપથી દેહનું રક્ષણ કરવાનો વસ્ત્રનો ઉદ્દેશ સમજી શકાય એમ છે. શોખ અને સારા દેખાવાની વૃત્તિ એ કાઢી નાખવા જેવાં વલણો ન કહી શકાય. સામાની આંખને ગમે એવાં વસ્ત્ર અને દેહ રાખવામાં આપણે સમાજસમસ્તને માન આપીએ છીએ એ ખરું. પરંતુ તેમ કરવા માટે આપણે વસ્ત્રો કે વસ્ત્રોના ટુકડા વધાર્યા જ કરવા એ જરા ય ઇચ્છવાયોગ્ય નથી. અંડરવેર, પહેરણ, ખમીસ, જૅકેટ, કોટ, કૉલર, ટાઇ પહેરેલાં મનુષ્યોને જોતાં ઘણીવાર નવસો-નવાણું વસ્ત્રોમાં ઢંકાઇ રહેલી દ્રૌપદીનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી. પડ ઉપર પડ રચી રહેલાં એ પ્રાણી મનુષ્ય છે કે કોબીજ તેની ઘણીવાર સમજણ પડતી નથી.

વસ્ત્રોની અતિશયતા શહેરમાં જ બિનજરૂરી છે તો ગામડાંમાં તેમ હોય એમાં નવાઇ નથી. વસ્ત્રોની અતિશયતા અસ્વચ્છતાને પોષે છે. એટલે ગ્રામજીવનમાં બિનજરૂરી વસ્ત્રોને તો અવકાશ હોવો જ ન જોઇએ; અને જેટલાં હોય એટલાં અત્યંત સ્વચ્છ હોવાં જોઇએ. દિવસમાં એક ધોતિયું અને એક પહેરણ સારી રીતે ઝીકી ધોવામાં બહુ સમય બગડે એમ નથી. અને ધોબીની તંગીનો વિચાર કરીએ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

અગર ન કરીએ તો પણ શહેરી કે ગ્રામવાસીને પોતાનાં એ વસ્ત્રો જાતે ધોઈ સાફ રાખવામાં શરમ આવવી ન જોઈએ. એટલું તો હરકોઈ માણસ સહેલાઈથી કરી શકે.

**ગૃહસ્વચ્છતા**

વ્યક્તિગત સ્વચ્છતાનો સહજ વિસ્તાર સામુદાયિક સ્વચ્છતાને આપોઆપ ઊભી કરશે. સ્વચ્છ મનુષ્ય બીજાં મનુષ્યોને દૃષ્ટાંત રૂપ બને છે. વ્યક્તિગત સ્વચ્છતા ઘરને પણ સ્વચ્છ બનાવશે – કારણ ઘર એ વ્યક્તિનું પ્રથમ સામાજીક વર્તુલ કહી શકાય. સ્વચ્છ મનુષ્યને ઘરમાં કચરો ન ગમે. એ ઘરની ભીંતે ડાઘાડુઘી ન રહેવા દે. એના ઓરડામાં જાળાં ન હોય· ઘાસ, લાકડાં, છાણાં અને કોઠી જેવાં સાધનોનો નિત્ય સહવાસી ગામડિયો સ્વચ્છ હોય તો તે જેને તેને એવી રીતે ગોઠવે કે જેથી ઘર કે વાડો અવ્યવસ્થિત ન દેખાય. એનું રસોડું અને પાણિયારું પણ ચોખ્ખાં જ હોય. ગમે ત્યાં પાણી ઢોળાય એ તેને ન જ ગમે. એ પોતાનું સ્નાનગૃહ સ્વચ્છ રાખે. શૌચસ્થાન પણ ગમે ત્યાં ન જ હોય. પેટીપટારા, હાંલ્લાં ગાગર એ બધું યોગ્ય સ્થળે તેણે મૂકેલું હોય.

**ગ્રામ સ્વચ્છતા**

આમ વ્યક્તિગત સ્વચ્છતા એક ડગલું આગળ ભરે એટલે ઘરને પણ સ્વચ્છ બનાવે. સ્વચ્છતાનું વર્તુલ ઘરથી આગળ વધે એટલે આંગણા ઉપર ફરી વળે, આંગણા ઉપરથી તે શેરી ઉપર પ્રસરે અને શેરીમાંથી આગળ વધી તે આખા ગામને પોતાની અસર નીચે લાવી મૂકે. ઘર અને આંગણાં વ્યક્તિગત રીતે સ્વચ્છ રહે તો શેરી અને ગામની સ્વચ્છતા અતિશય સરળ બની જાય, કારણ પ્રત્યેક ઘરનું આંગણું સ્વચ્છ રહે એટલે આપોઆપ સ્વચ્છતા વિસ્તાર પામે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

આમ જાત, ઘર, આંગણું, શેરી અને આખું ગામ સ્વચ્છ રાખી આરોગ્યવૃદ્ધિ કરી શકાય એમ છે.

પોતાનાં આંગણાં સંભાળનારને પડોશીનાં આંગણાં અસ્વચ્છ કરવાની વૃત્તિ નહિ થાય. શેરી સ્વચ્છ કરવા માટે જરૂર પડ્યે શેરીનાં બધાં જ માણસો સામેલ થઈ જશે, અને સામેલ ન થાય તો પણ સમજદાર ગ્રામવાસીઓએ એકલે હાથે થોડો સમય કામ કરવું પડશે. એક વખત સ્વચ્છતાનો રસ લાગ્યો એટલે તે કાયમની થઈ સમજવી.

**સ્વચ્છતા એટલે આરોગ્ય**


સ્વચ્છતા માત્ર દેખાવ પૂરતી નથી. સ્વચ્છતા આંખને સારી લાગે એટલા માટે જ તે પાળવાની નથી. એનાથી રોગ અટકે છે અને આરોગ્યની વૃદ્ધિ થાય છે. અનારોગ્ય ગ્રામજનતાનો કદી ઉત્કર્ષ થાય નહિ. સ્વચ્છતા ત્રણ તત્ત્વો ઉપર આધાર રાખે છે – પૂરતી હવા, પૂરતું પાણી અને પૂરતો સૂર્યપ્રકાશ : દેહને, ઘરને અને આખા ગામને એ ત્રણે તત્ત્વો પૂરતા પ્રમાણમાં મળે એવી સગવડ એનું નામ સ્વચ્છતા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૧૬૨ : ગ્રામોન્નતિ

સ્વચ્છતાને આપણે નીચેની વિગતોમાં જોઇ શકીએ :




Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

૧૯

# આંગણું

## આંગણું કે ઉકરડો ?

સ્ત્રીઓ ગરબામાં ગાય છે :

**કંકુ લીપ્યાં આંગણાં**

'મેં તો કુમકુમે લીપ્યું મારું આંગણું રે લોલ !'

એમ કંકુથી લીપેલાં કેટલાં આંગણાં હશે ?

કંકુથી આંગણું લીપવાની વાત જવા દો. માટીથી લીપેલાં આંગણાં પણ આજના સમયમાં હશે ખરાં ? બહુ જૂજ.

માટીથી લીપી આંગણું ચોખ્ખું રાખવામાં કાંઇ મુશ્કેલી હશે એમ આપણે માનીએ. માત્ર સાવરણીથી જ સાફ કરેલાં આંગણાં કેટલાં જોવામાં આવે છે ? આંગળીને ટેરવે ગણાય એટલાં ! સો આંગણે એકાદ !

આપણે તો આંગણાંના ઉકરડા બનાવી દીધા છે. આંગણું એટલે ઘરનો કચરો ફેંકવાની જગા; ગંદું પાણી ઢોળવાની જગા; અજીઠવાડ નાખવાની જગા; રદ્દી કાગળો ફેંકવા હોય તે પણ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

આંગણામાં; ચૂલાની રાખનો ઢગલો કરવો હોય તો તે પણ આંગણામાં; જમી રહીને પતરાળાં નાખવાં હોય તો તે પણ આંગણામાં; બાળકોને કુદરતી હાજતે લઈ જવાં હોય તો તે આંગણામાં; ઢોર બાંધવાનાં હોય તો તે યે આંગણામાં. ઉકરડા અને આંગણામાં આપણે શો ફેર રહેવા દીધો છે?

## ઘરને દીપાવનાર આંગણું

જેટલું ઘરતું મહત્ત્વ એટલું જ મહત્ત્વ શું આંગણાનું નથી?

**ઉચ્ચ કોમોની એ-કાળજી**

એક સુંદર ઇમારત હોય અને તેના જ ઓટલા નીચે ઘાસનાં તણખલાં, કાગળના ડૂચા, છાણના ઢગલા અને ગંદા પાણીના રેલા દેખાતા હોય. તમને તે જોઇને કેવું લાગશે? તમે સુઘડ હશો તો તુરત નાકે હાથ દેશો; ઘરની ઉંચાઇ પહોળાઇ કે કારીગરી જોવા એક પણ ક્ષણ થોભશો નહિ; સંભાળીને પગ મૂકવાની અગવડ ભોગવતા તમે બબડી ઊઠશો, અને ઘરના માલિકને એક સુસ્ત, કાળજી વગરના ગોબરા માણસ તરીકે કલ્પનામાં ધારી લેશો. એના મોટા ઘરની કિંમત કેટલી ઘટી ગઇ?

હવે તમે કોઇ સારા ઢેડવાડામાં જાઓ. તમને ખબર છે? ઢેડવાડા એવા સ્વચ્છ હોય છે કે તેમની આગળ શેઠશેરી, બ્રહ્મપોળ, દેસાઇવગો, નાગરવાડો કે મહાજન ચકલો એવા મોટા મોટા નામવાળા ચકલા બિલકુલ અસ્વચ્છ લાગે. ત્યાં મોટી મોટી હવેલીઓ નથી હોતી; થોડાં નાનાં ઇંટેરી મકાનો અને મોટે ભાગે માટીથી થાપેલાં ઝૂંપડાં તમારી નજરે પડશે. પરંતુ એ ઝૂંપડાંનાં આંગણાં કેવાં હોય છે?

ઝૂંપડાં વચ્ચે પહોળી જગા; સ્વચ્છ લીપીને તૈયાર કરેલું આંગણું;

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



આંગણામાં તુળશી ક્યારો ! આ દેખાવ શું સારો નથી ? તમે ઝૂંપડીનો વિચાર ભૂલી જાઓ છો અને આંગણું કેવું ચોખ્ખું છે એનો વિચાર કરતા હો છો. કહો, સ્વચ્છ આંગણાવાળી ઝૂંપડી સારી ? કે ગંદા આંગણાવાળી હવેલી સારી ? તમને ઝૂંપડી આનંદ આપશે કે હવેલી ? જે હવેલી આગળથી તમારે નાશી જવું પડે તેના કરતાં જે ઝૂંપડી પાસે જરા ઊભા રહેવાનું મન થાય એ જ વધારે પ્રશંસાપાત્ર ગણાય. અલબત્ત ઢેડ લોકોનાં રહેઠાણ બધે જ સ્વચ્છ હોય છે એમ કહેવાનો આશય નથી.

## આંગણાનું મહત્ત્વ

આંગણાંનું મહત્ત્વ હવે કાંઈ સમજાય છે ? જેટલું સુંદર આંગણું એટલું જ સુંદર ઘર દેખાય. ખરાબ આંગણે ઘરનો બધો મોખ માર્યો જાય છે.

**સુંદર આંગણાથી ઉપજવું સુંદર માનસ**

ઘરઆંગણાંની સુંદરતા એ એક વાત થઇ. બીજાને આપણું આંગણું કેવું લાગે છે તેની આપણે દરકાર કદાચ ન રાખીએ. પણ આપણે પોતાને માટે શું આંગણું સાફ રાખવાની જરૂર ઓછી છે ?

ઘરનું સાથી આંગણું. તમે બારીએ નજર કરો તો આંગણું પહેલું નજરે પડે. ઘર બહાર પગ મૂકવો હોય તો ય તે આંગણામાં થઇને. બહારથી ઘેર આવવું હોય તો યે તેમ જ. તમારાં બાળકોને રમવું હોય તો ય તે આંગણામાં જ. વિવાહવાજનનો પ્રસંગ આવ્યો હોય તે આંગણે જ ઉજવાય. ઘરમાં સંકડાશ હોય તો પાટ પાથરી મળવા આવનારને આંગણામાં બેસાડાય. સંધ્યાકાળે અણગમો આવે તો પડોશીઓ સાથે આંગણે બેસીને વાતો થાય. ગરમીના દિવસોમાં ખાટલા પાથરી આંગણામાં સુવાય.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



**આરોગ્ય અને આંગણું**

તમે જ કહો, તમે નજર કરો અને તમારું આંગણું કચરાથી ભરેલું હોય એ તમને જ કેવું કદરૂપું લાગશે? ઘર બહાર પગ મૂકતાં જ તમે ગંદકી જુઓ એટલે તમને કમકમી આવશે કે નહિ? ગંદા આંગણામાં થઇને ઘરમાં દાખલ થવું એ કેટલું જોખમ ભરેલું છે તે જાણો છો? ગંદકી એ રોગના જંતુઓનું ઘર. તમે ઘરની અંદર આવો તે વખતે ગંદા આંગણાંમાંથી જોડા અગર પગ સાથે રોગના કેટલા યે જંતુ ઘરમાં દાખલ કરતા હશો તેનો હિસાબ કાઢ્યો છે? ધૂળ ભરેલા આંગણામાં રમીને તમારાં બાળકો કેવાં થઇ જાય છે એ તમે ધ્યાન રાખીને કદી જોયું છે?

**પવિત્ર પ્રસંગો અને આંગણું**

વિવાહ પ્રસંગે એક પાસ ચોરી જેવી પવિત્ર જગા બાંધી હોય અને તેની જ પાસે ખાળકૂંડીનાં પાણી વહેતાં હોય! પ્રસંગની પવિત્રતા ક્યાં રહી? પાટ પાથરીને તમે પરોણાઓને બેસાડો અગર કોથળો પાથરી પડોશીઓને બોલાવી વાત કરો. તે વખત તમારી જ બાજુમાં દુર્ગંધવાળું છાણ પડ્યું હોય એ જોઇને શું તમને શરમ નહિ આવે? કોઇ દિવસ આંગણામાં તમારે સૂવાનો પ્રસંગ આવ્યો! માથા આગળ કોલસા, પગ આગળ ખાળકૂંડી અને ખાટલા નીચે રાખોડીનો ઢગલો પડ્યો હોય : તમે સમજુ હો તો જરૂર તમને કમકમાટી થવી જોઇએ. અને શું આવા પ્રસંગો ઘણી વખત અનુભવમાં નથી આવતા? ઘણી વખત તો શું પણ સોએ નવ્વાણું આંગણાંમાં જ ઉપર પ્રમાણે દશા હોય છે. ત્યારે આપણે સમજુ કે અણસમજુ?

## ગરીબીનું બહાનું

આંગણું સ્વચ્છ રાખવું એ બહુ મુશ્કેલીની વાત છે એમ માનશો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



**ગરીબીનું બહાનું**

નહિ. ગરીબ કે તવંગર બધા જ પોતાનાં આંગણાં સાફ રાખી શકે છે. જો તેઓ ધારે તો એમાં ભારે સાધનની જરૂર નથી. એક સાવરણી અને બે ઘડા પાણી : એટલામાં હરકોઇ ગરીબ પોતાનું આંગણું ચંદની જેવું ચોખ્ખું બનાવી શકે છે.

ગરીબ માણસને ઘેર નોકરચાકર હોતા નથી એ વાત ખરી છે. ગરીબ માણસ પોતાની ગરીબીને લીધે ઘણી બાબતોમાં તવંગર કરતાં પાછળ રહી જાય છે; પરંતુ એક બાબત એવી છે કે જેમાં એક ગરીબ માણસ લક્ષાાધપતિને કોરાણે મૂકી શકે છે. એ કઇ બાબત ?

**આંગણું અને અંગમહેનત**

લક્ષાધિપતિને અગર તેના કુટુંબીઓને સાવરણી ઝાલતાં શરમ આવે છે; તેનાથી અંગમહેનત થઇ શકતી નથી; ઘણાં કામોમાં તેમને નોકર ઉપર આધાર રાખવો પડે છે. તવંગરના નોકરો તેમને મુબારક હો ! તેમની ઇચ્છામાં આવે તો તેઓ આંગણાં ભલે નોકરો પાસે સાફ કરાવે ! પરંતુ નોકરો ઉપર આધાર રાખનાર ધનાઢ્યો કેટલા પરતંત્ર છે તે તેમની જ ફરિયાદ ઉપરથી સમજાઇ આવશે. જગતનો મોટો ભાગ ગરીબ છે. ગરીબોને અંગમહેનત કરતાં શરમ આવતી નથી. તવંગરોને નોકર વગર બેસી રહેવું પડે છે, નોકર કરે તેટલાથી ચલાવી લેવું પડે છે, જ્યારે ગરીબ માણસ જાતે જ પોતાનું કામ પોતાની ઇચ્છા મુજબ કરી શકે છે. અંગમહેનતની છૂટ એ ગરીબોને તવંગર કરતાં વધારે અનુકૂળ સ્થિતિએ શું મૂકતી નથી ? તવંગરો જે કરી ન શકે તે ગરીબો અંગમહેનતથી કરી શકે છે. અંગમહેનત એ ગરીબોને એક જાતની સ્વતંત્રતા આપે છે જેનો લાભ તવંગરો લેઇ શકતા નથી. એ બાબતમાં શું ગરીબો શ્રેષ્ઠતા નથી ભોગવતા ?

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**સ્વચ્છતામાં રહેલી સહેલાઈ**

અંગમહેનત જેવું સમર્થ સાધન જેને મળ્યું છે તેનાથી ગંદકીનો બચાવ થઇ શકે જ નહિ; ગરીબીનું બહાનું કાઢી તેનાથી આંગણું અસ્વચ્છ રાખી શકાય જ નહિ. આંગણું સ્વચ્છ રાખવામાં દરરોજ દસ મિનિટ કરતાં વધારે વખત જાય એમ નથી. સાવરણીથી પંદર વીસ ફૂટનું આપણું આંગણું ચોખ્ખું કરી તેના ઉપર માત્ર બે જ ઘડા પાણી નાખવાથી આંગણાની આખી રોનક બદલાઇ જાય છે, અને તે ઘણું રળિયામણું લાગે છે. રળિયામણી જગા એ જ પવિત્ર જગા. આપણાં આંગણાંને શું આપણે પવિત્ર ન બનાવવાં જોઇએ? ગરીબ કે તવંગર આંગણું અસ્વચ્છ રાખવા માટે કશું બહાનું કાઢી શકે એમ નથી. આંગણું અસ્વચ્છ રહે એ આપણો જ દોષ!

## બીજા લોકોનાં આંગણાં

**જૂનો યુગ**

આપણે ધારીએ છીએ ત્યારે આપણે આપણાં આંગણાં કેવાં સ્વચ્છ રાખી શકીએ છીએ તેની ખાતરી કરવી હોય તો આપણા જૂના સમયનો સહજ ખ્યાલ કરો. જૂના સમયમાં આંગણાં હાલ કરતાં વધારે શોભાયમાન રહેતાં એનો અનુભવ દરેક જણને હશે. જૂના સમયનો વિચાર ન કરવો હોય તો આપણા દીવાળી ટાંકણાને યાદ કરો. આપણો સ્ત્રીવર્ગ સવારમાં વહેલો ઊઠી આંગણું વાળી ઝાડી તેના ઉપર સહજ લીપીગુંપી અગર તેવી સગવડ ન હોય તો માત્ર આંગણામાં પાણી છાંટી સાથીયા કરે છે, એ તો બધાએ જોયું હોય જ. એ દશ્ય કેવું સુંદર લાગે છે? તહેવારને દિવસે જે સફાઇ આંગણાંમાં રહે તે દરરોજ કેમ ન રહી શકે?

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**પારસીઓનાં આંગણાં**

તમે પારસીઓના મહોલ્લા જોયા છે ? બધા જ પારસીઓ ધનવાન છે એમ માનવાની કદી ભૂલ કરશો નહિ. તેમનામાં પણ ઘણાં ગરીબ કુટુંબો હોય છે. પારસણોને પણ સ્થિતિ પરત્વે બેડું લેઈ કૂવે પાણી ભરવા જવું પડે છે. તેમનામાં પણ નાનકડા ઘરમાં વસતાં ગરીબ કુટુંબો હોય છે. તથાપિ તાલેવન કે ગરીબ ગમે તે પારસીનું આંગણું જોશો તો સ્વચ્છ અને ચકચકીત દેખાશે. એવાં સ્વચ્છ આંગણામાં ધોળાં, લાલ, પીળાં એવાં રંગીન છાપાં પાડી આંગણાને સુંદર ચિત્ર જેવું શોભીતું બનાવ્યું હોય છે. આવી આંગણાની સ્વચ્છતા તહેવારના જ દિવસોમાં તેઓ રાખે છે એમ નહિ. દરરોજ સવારમાં પારસણો મોટે ભાગે જાતે આંગણાં એટલા સ્વચ્છ કરી બીબાં વડે છાપાં પાડે છે. રોજ સુંદર આંગણાં જોવા ટેવાયલી પારસી કોમ ગંદાં આંગણાં સહન કરી શકતી નથી.

આપણે પણ એ જ સ્વચ્છતાની ટેવ પાડીએ તો આપણાં આંગણાં પણ સુશોભિત બને. સૂરત નવસારી બાજુએ પારસી સિવાય પણ કેટલાંક હિંદુ કુટુંબોમાં આંગણે છાપાં પાડવાનો રિવાજ દાખલ થઇ ગયો છે.

**દક્ષિણી કુટુંબોનાં આંગણાં**

એ જ પ્રમાણે દક્ષિણી કુટુંબોમાં પણ આંગણાં સ્વચ્છ રાખવાની ભારે ચીવટ જોવામાં આવે છે. દક્ષિણનાં ગામડાંમાં આંગણાંની છૂટ સારી હોય છે. લોકો આંગણે ફળ ઝાડ વાવે છે, ફૂલ છોડ રોપે છે, અને રંગોળી પૂરી આંગણાંને બહુ જ સુંદર બનાવે છે. આ સ્વચ્છતાની ટેવ તેઓ ગુજરાતમાં પણ સાથે લાવે છે. દક્ષિણી કુટુંબનાં આંગણાં આગળ હાલ આપણે સ્વચ્છતા જોઇ શકીએ છીએ; બે ચાર કેળના રોપ આંગણે હોય જ. દરરોજ જુદી જુદી જાતના સ્વસ્તિકો જુદા જુદા રંગથી પૂરી તેમનાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

આંગણાં તેમણે ઝાકઝમાળ બનાવ્યાં જ હોય. એવાં આંગણાંમાં બેસીએ તો આપણને મંદિરમાં બેઠા જેવી પવિત્રતા લાગે. આ બધા દક્ષિણીઓ વધારે પૈસાદાર હોય છે એમ માનશો નહિ. એમના દાખલા ઉપરથી એટલું સમજવાનું છે કે આંગણાં સ્વચ્છ રાખવામાં પૈસાની બિલકુલ જરૂર નથી. રંગોળીના રંગ મોંઘા હોતા નથી. ધોળો રંગ તો પથરા અગર ખડીમાંથી પણ મેળવી શકાય. સાથીયા ચીતરવાની આવડતમાં આપણી ચિત્રકળાનું સહજ રક્ષણ થાય છે એ ભૂલવા જેવું નથી.

પરંતુ ભલે તમારે આંગણે રંગોળી ન ચીતરી શકાય. તમારાથી આંગણે કચરો તો ન જ રખાય. અને કચરો દસ મિનીટમાં સાફ કરી તમે બે ઘડા પાણી છાંટી તમારું આગણું સુશોભિત નહિ તો સાફ કેમ ન રાખી શકો? એમાં ભારે મહેનત નથી અને એક પૈસાનું પણ ખર્ચ નથી.

## આપણો નિશ્ચય.

**સ્વચ્છતાનો નિશ્ચય**

એક જણ આંગણું સાફ રાખે તે જોઇને પાડોશીને પણ દેખાદેખી તેમ કરવાની ઇચ્છા થાય. ધીમે ધીમે આખું ગામ આંગણાં સાફ રાખતાં શીખે. ગામના પાંચ આગેવાનો—પંચાયતના સભ્યો જ આવા કામની શરૂઆત કરી ગામને દાખલો કેમ ન બેસાડે?

જે આંખને ગમે તે હૃદયને પણ ગમે. ગંદુ આંગણું જોઇ આપણી આંખ કંટાળશે, અને સાથે સાથે આપણું હૃદય પણ કંટાળશે. આપણે સુસ્ત, નિર્જીવ અને ચીડિયા બનીશું.

એના કરતાં આંગણું સ્વચ્છ રાખી તેને પવિત્ર બનાવી આપણી આંખને અને હૃદયને પવિત્ર બનાવીએ તો કેવું સારું? એક આંગણું સાફ કરવાથી કેટલા લાભ થાય? દેહને આરોગ્ય મળે, આંખને સૌન્દર્ય મળે અને હૃદયને પવિત્રતા પ્રાપ્ત થાય.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

૨૦

# શેરી અને ગામ

ઘર અને આંગણું સ્વચ્છ રાખ્યા પછી શેરી અને ગામની સ્વચ્છતાનો પોણોભાગ આપો આપ સિદ્ધ થઈ જાય છે.

**સાખ પડોશી**

પરંતુ એ સિદ્ધિ મેળવવામાં જ આપણે શેરી અને ગામનો વિચાર કરવો પડે છે.

ઘરનો કચરો આંગણામાં ન નાખવો એ પહેલી વાત. પડોશીના આંગણામાં ન નાખવો એ બીજી વાત. તો પછી તે ક્યાં નાંખવો? પાડોશી ન હોય એવા કોઇના આંગણામાં?

ના. આપણી સ્વચ્છતાની ભાવના જ આપણને તેમ કરતાં રોકશે. આપણો સાખ પડોશી ન હોય તે પણ ક્રમવાર આપણો જ પડોશી છે. શેરીમાં રહેતાં સઘળાં માણસો આપણાં પડોશી. એમ ન માનીએ તો જેના આંગણામાં આપણે કચરો નાખીએ તે આપણા આંગણામાં સ્વાભાવિક રીતે જ કચરો નાખી જશે.

તો કોઇ બીજી શેરીમાં આપણે આપણી અસ્વચ્છતા ફેંકવી? નહિ જ. એ પણ એવું જ અપકૃત્ય છે કે જેનો બદલો સ્વાભાવિક રીતે જ આપણને મળે. આપણે આપણા ઘરને અને આંગણાને સ્વચ્છ રાખવાં

**બીજી શેરી**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



હોય તો પડોશીના તેમ જ હરકોઇના ઘર આંગણાને આપણાં માની લેવાં પડશે. નહિ તો હાલ થાય છે તેમ કચરાની ફેંકાફેંકી ચાલુ રહી આપણને તે જરા ય આગળ વધવા નહિ દે.

પછી કચરો ક્યાં નાખવો ?

**સ્વચ્છતા અને અંગ-મહેનત**

શહેરોને તો કચરાના નિકાલ માટે વિશિષ્ટ નોકરશાહી નીભાવવી પડે છે. ગામડાંમાં એ નોકરશાહી ઊભી થાય તો ઠીક. પરંતુ આપણે જોઇ ગયા છીએ કે ૭૦૦ માણસના ગામડાંમાં ભંગીનાં એ કુટુંબ પૂરતી સ્વચ્છતા ન જ રાખી શકે.

આ તો સરેરાશ ગામડાની વાત. ઘણાં ગામડાંમાં તો ભંગીનો અભાવ પણ હોય. અને પછાત અસ્પૃશ્ય જાતોની ઉન્નતિના થતા પ્રયત્નોની એક સ્વાભાવિક અસર એ પણ થાય કે એ જાતો પેઢી દર પેઢી ચાલતો આવેલો ધંધો કરવા ના પાડે. આજનું ભણતર અંગમહેનત પ્રત્યે અણગમો લાવે છે એ સહુનો અનુભવ છે. ભણતરની સાથે અમુક અંશે તુમાખી પણ આવે. અને ઉચ્ચ કોમોએ સ્વચ્છતાનું કામ કરનારી કોમ તરફ જાણ્યે અજાણ્યે એવો તિરસ્કાર કેળવ્યો છે કે એ કોમ સમજતી થતાં એ તિરસ્કારનો તિરસ્કારથી જ જવાબ આપે, અને જે અસ્પૃશ્યતાની દિવાલ ઊભી થઇ છે તે ભાંગવા માટે સ્વચ્છતાનું કામ કરવાની જ સ્પષ્ટ ના પાડે એ બહુ જ સંભવિત છે.

આ પ્રસંગ ઝડપથી આવતો જાય છે એ કોઇએ ભૂલવાનું નથી. આપણી સ્વચ્છતાનું કામ માત્ર અસ્પૃશ્ય કહેવાતી જાતો સદાકાળ કર્યા જ કરશે એવો ભ્રમ વહેલો દૂર કરીએ તો સારું. આપણી સ્વચ્છતાનું કામ આપણે હાથે જ કરવું પડશે. અને એમાં શા માટે વાંધો લેવો જોઇએ ? આપણો નિશ્ચય હોય તો શેરીની સાફસૂફી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



એ મુશ્કેલી ભર્યું કામ ન કહેવાય. અમુક અંશે તો ગામડાં અંગ-મહેનતને ઓળખે છે, અંગમહેનતને સેવે છે, અને અંગમહેનતથી જીવતાં રહે છે. એ જ અંગમહેનત ગામડાંને સ્વચ્છ પણ રાખી શકે છે.

**સ્ત્રીઓ અને અંગ-મહેનત**

આ સ્થળે ગ્રામજીવનની એક ઊજળી બાજુ તરફ આપણે નજર કરીએ. પુરુષોનાં કેટલાંક મહેનત માગતાં કામ અને મજૂરીમાં ભાગ લેવાની ગામડાના સ્ત્રીવર્ગની તત્પરતા એ ગ્રામજીવનનો બહુ ઊજળો યશસ્વી ભાગ છે. ગામડાની સ્ત્રી પશુની માવજત કરી શકે છે. એ ઘરની રસોઇ કરે છે એટલું જ નહિ. એ રસોઇ લઈ તે ખેતરમાં જાય છે અને ત્યાં કામ કરતાં ઘરનાં માણસોને રસોઇ પૂરી પાડે છે. જરૂર પડયે ખેતરમાં નિંદવા વાઢવાનું કામ કરે છે અને પાછાં ફરતાં માથે ચારનો ભારો મૂકી લાવતાં તેને શિષ્ટતા નડતી નથી. ટોપલા ભરી તે ખાતર પોતાના ઉકરડામાં નાખી આવે છે. ખળામાં ઉપણવાનું કામ પુરુષોની બરાબર કરે છે, અને બળદ હાંકતાં અને ગાડું ચલાવતાં પણ તેને આવડે છે. વહેલાં ઊઠી ઘરની અને આંગણાંની સાફસૂફી પણ સ્ત્રી જ કરે છે. ચૂલો સળગાવી ઊનું પાણી મૂકી નહાવા નવડાવવાનું કામ પણ સ્ત્રીનું જ. ભણતર અને શહેરનિવાસને પરિણામે ભાગેલાં શરીરવાળી કહેવાતી સુઘડ શિષ્ટ સ્ત્રીમાં દેખાઇ આવતી અંગ-મહેનતની અરૂચિ એ ગામડાંની સ્ત્રીમાં નથી દેખાતી. ગ્રામસ્ત્રીના પગમાં જ અજબ ઝડપ હોય છે. એના દેહમાં જ અજબ સ્ફૂર્તિ હોય છે. ગ્રામસ્ત્રીઓની કામ કરવાની તત્પરતા આશ્ચર્ય ઉપજાવે એવી હોય છે. ગામડાંની સ્ત્રી એ શહેરી સ્ત્રી માફક માત્ર ઢીંગલી કે રોગનો ભારો બની પુરુષને માથે ભારણ રૂપ બની રહેતી નથી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

એનામાં કેળવણી અને ઓપ ઓછાં હશે એ ખરું. પરંતુ જે કેળ-વણી, સુધારો કે ઓપ પુરુષ અગર સ્ત્રીમાં મહેનતનો કંટાળો કે શરમ ઉપજાવે એ કેળવણી, સુધારો કે ઓપ જરા ય ઇચ્છવા યોગ્ય નથી. સર્વ સુધારાનો પાયો સ્ત્રી છે. ગ્રામોન્નતિ પણ સ્ત્રી ઉપર આધાર રાખી રહી છે. સ્વચ્છતા તો સ્ત્રી વગર સંભવે જ નહિ. અને અંગમહેનત માગતી સ્વચ્છતા અંગમહેનતને આવકારતી ગ્રામસ્ત્રીદ્વારા બહુ ઝડપ અને સરળતાથી સાધ્ય થઇ શકે એમ છે.

**કચરો નાખવા મુકરર જગા**

કચરો ઘર આંગણે ન ફેંકાય; કોઇના આંગણામાં ન ફેંકાય; ગમે ત્યાં ન ફેંકાય. જ્યાં ખાલી અરક્ષિત જગા જોઇ ત્યાં કચરો ફેંકવો અને ગંદકી કરવી એ હિંદવાસીની તિરસ્કારપાત્ર ટેવ સમૂળ જવી જોઇએ. શેરીના લોકો ધારે તો શેરીમાં ગમે તે એક જગા મુકરર કરી રોજનો કચરો એક જ મુકરર જગાએ નાખે એ શીખવાની જરૂર છે. ઠરેલી જગા સિવાય બીજે કોઇ પણ સ્થળે કચરો ન જ નખાય. શેરીનાં સહુ વસનારાં એટલો નિશ્ચય તો કરી જ લે.

અને એ શેરીનો કચરો ચોવીસ અગર અડતાળીસ કલાકે ત્યાંથી ખસવો જ જોઇએ.

કચરો ઘર આગળ પણ એક ખોખામાં, ટોપલીમાં કે ડોલમાં રાખવાની ટેવ પાડવી પડશે અને મુકરર કરેલી જગાએ લેઇ જઇ મોટી કોઠી, પેટી કે એવી જ કોઇ રચનાવાળા સ્થળમાં નાખવી પડે.

પરંતુ સમસ્ત શેરીનો કચરો કોણ ઉપાડે ?

સ્વચ્છતાનું કાર્ય કરનાર નોકરો પંચાયત કે સરકાર તરફથી રાખ્યા હોય તો તેમણે તે કામ કરવાનું છે. ગામનોકર તરીકે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

રાખેલા ભંગીઓની સંખ્યા આખા ગામની શેરીઓ સાફ રાખવા માટે પૂરતી નથી. એટલે હાથે કામ ન થઇ શકે એમ હોય તો સ્વચ્છતાનું કામ કરનાર માણસો વધારવા જ પડશે.

અહીં શેરી અને સમસ્ત ગામનો સંબંધ સ્પષ્ટ થાય છે. એક શેરીનો પ્રશ્ન એ આખા ગામનો પ્રશ્ન બની જાય છે. એક શેરીની મુશ્કેલી એટલે આખા ગામની મુશ્કેલી. એક શેરીની સરળતા એટલે આખા ગામને માટે એક સરળ માર્ગ.

**ગામાત સ્વચ્છતા**

સ્વચ્છતાનું કામ કરનાર નોકરો હોય તો તે અને તે ન હોય તો શેરીના ઘરદીઠ જરૂર પૂરતાં માણસો ભેગાં થઇ મુકરર સ્થળનો કચરો ગામ બહાર લઈ જવાની વ્યવસ્થા સરળતાપૂર્વક કરી શકે એમ છે. એ કચરામાંથી ગામાત ઉકરડા પણ બનાવી શકાય અને તેમાંથી કૃષિ ઉપયોગી ખાતર બનાવી શકાય. કચરાના ઘણા ભાગને બાળી નાખી નિરર્થક બનાવી શકાય. અગર કચરાનો કેટલોક ભાગ સૂર્યના તાપમાં ખુલ્લો રાખી તેનાં દુષિત તત્ત્વોનો આપોઆપ નાશ થાય એમ કરી શકાય. માત્ર કૂવા, નદી જેવાં જળાશયો પાસે ગામાત કચરો ન નાખવો. વળી ગામની એટલે નજીક ન નાખવો જોઇએ કે જેથી દુર્વાસ ગામમાં આવે. એ માટે પવનની દિશા પણ સમજવી જોઇએ.

ગામનો કચરો એટલે ?

છાણ, અજીઠવાડ, ઘાસ, કાપલીઓ, ચીંથરાં, ફૂટેલાં ઠોબરાં, લાકડાંના કકડા, કાંટા, પાંદડાં, છાલાંકુશકા વગેરે. એનો નિવેડ ધારીએ એટલો મુશ્કેલ નથી.

ઉપરાંત માનવ ગંદકી. એ તો સ્વીકૃત વાત છે કે માનવીને પાંચ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

સાત વાર કુદરતી રીતે જ દેહસ્વચ્છતાની ક્રિયા કરવી જ પડે. આ કાર્ય માટે એકાંત, ચોખ્ખાઇ અને અસ્વચ્છ દ્રવ્યોનો નિવેડ કરવાની યોજના ગ્રામજનતાએ પોતાના સંયોગાનુસાર વિકસાવવાં જ જોઈએ. ઘર પાછળ વાડાની જગા અને તે ન હોય તો શેરીને સગવડ પડતી જગા એ માટે મુકરર કરવી જ પડે. ગંદકી કરવાનો જાણે બાળકોનો હક્ક હોય એવી રીતની મનોવૃત્તિ રાખવામાં આવે છે તે તદ્દન દૂર કરવી જોઇએ. ગંદકી કરવાનો હક્ક કોઇને પણ હોઇ શકે નહિ– બાળકને પણ નહિ. બાળક, અશક્ત અને રોગીઓની ગંદકી અન્યને હાનિકારક ન થઈ પડે એ માટે તે દૂર કરવાની જવાબદારી જેનાં તેનાં સગાંસંબંધીઓએ જ ઉપાડી લેવી જોઇએ.

ઊંડા ખાડા, માટીનો ઉપયોગ અને અગ્નિ ગામના કચરા અને ગંદકીને દૂર કરી શકે એમ છે. ઉપયોગી ખાતર પણ તેમાંથી બનાવી શકાય.

**ગ્રામરચનામાં યોજનાનો અભાવ**

વળી આપણી ગ્રામશેરીની રચના પણ પૂરતા વિચાર પછી થતી નથી. પારકી અગર સરકારી જમીનનું દબાણ કરવાનો લોભ ગ્રામજનતામાં ઘેલછાની હદે પહોંચ્યો છે. એ ઘેલછાને પરિણામે પડોશીઓમાં ઝઘડા, દીવાની ફોજદારી અને મુલ્કી કચેરીઓમાં થતી રખડપટ્ટી અને ખર્ચ, સરકારી નોકરોને લાંચ રૂશ્વતની થતી સરળતા અને કનડગતની પડતી ટેવ માટે આ વૃત્તિ અમુક અંશે જવાબદાર છે જ.

ગ્રામરચના સગવડ ભરેલી, બુદ્ધિપૂર્વક અને સૌન્દર્યદૃષ્ટિથી થવી જોઇએ. તેને બદલે એક મકાન આગળ અને બીજું પાછળ; એકનું છજું રસ્તા ઉપર પડતું હોય અને બીજાનો ઓટલો રસ્તે જનારને વાગે એવો હોય; કોઇનું છાપરું આગળ આવતું હોય તો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

કોઈનો થાંભલો આગળ આવતો હોય. એને લીધે ગામડાં બેડોળ, અવ્યવસ્થિત અને ઢંગ વગરનાં લાગે છે. એથી શેરીઓના રસ્તા વાંકાચૂંકા અને સ્વચ્છતા ન સચવાય એવા બની જાય છે.

ગામડાની શેરીઓમાં પાણીના અવરજવર માટે સાધનો હોતાં નથી. શિયાળા અને ઉનાળામાં પાણી સંબંધી ખાસ મુશ્કેલી હોતી નથી. પરંતુ ચોમાસામાં શેરીઓ કાદવવાળી બની જાય છે, જાનવરોની ગંદકી અસ્વચ્છતામાં ઉમેરો કરે છે અને ગામેગામથી વહી આવતાં પાણી ખાડાઓમાં ભરાઈ ગામની અસ્વચ્છતામાં અતિશય વધારો કરી મૂકે છે. કેટલાક ખાડાઓનાં પાણી તો આખો શિયાળો ચાલે છે, અને તે બંધિયાર હોવાથી જીવજંતુ અને માખીમચ્છરનાં મોટાં ઉત્પત્તિસ્થાન બની જાય છે. અટકાવી શકાય તેવા રોગ-જંતુઓ વ્યાપક બનાવવામાં મચ્છર અને માખીનો ઘણો જ મોટો ફાળો છે, એ હવે તો ગામડિયાએ પણ સમજવાની જરૂર છે. એટલે યોજનારહિત મકાનો, રસ્તા અને શેરીઓ રાખ્યે ચાલે એમ નથી. ગ્રામજીવનમાં સ્વચ્છતા લાવવી હોય તો મકાનોમાં એક પ્રકારનું નિયમિતપણું, સંકડાશનો અભાવ, પાણી વહી જાય એવી રસ્તાઓની ચઢતી ઊતરતી યોજના અને પૂરતી પહોળાઈ રાખવી પડશે. ગામડાની ખરેખર દરકાર રાખવી હોય તો યોજનાબદ્ધ ગ્રામ-રચનાને હસી કાઢયે ચાલે એમ નથો.

વળી ગામડાનો અને કૃષિનો સંબંધ જોતાં ગાડાં, હળ, લાકડાં તથા બીજી વસ્તુઓ મૂકવા માટે છૂટી જમીનો પણ વિચારપૂર્વક શેરીઓમાં રાખવી જોઈએ.

**નવાં ગામ અને પરાં**

નવાં વસેલાં કેટલાંક ગામ અને પરાં યોજનાપૂર્વક રચાયેલાં હોય છે. એ ઉપરથી ગામડાની વ્યવસ્થિત રચના થઈ શકે એમ છે, એટલું તો આપણે



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

સમજી શકીએ છીએ. અલબત્ત જૂનાં ગામોમાં ઘર, શેરીઓ અને મહોલ્લા સ્થાયી થઇ ગયેલા હોવાથી તેમાં ફેરફાર કરવાની મુશ્કેલીઓ ઊભી થાય છે, અને મિથ્યા મમત્વ ઘણીવાર તસુ જમીનના ફેરફાર માટે આખા ગામને હોબાળે ચઢાવી ગામના સેંકડો રૂપિયા ખર્ચાવી નાખે છે. છતાં એ મુશ્કેલીનો સામનો કર્યે જ છૂટકો છે. અનિયમિત ગ્રામરચનામાં સ્વચ્છતાને પોષે એવી નિયમિતતા જરૂર આવવી જોઇએ. કેટલાંક પરાં અગર નવા ગામના મહોલ્લા એટલા પહોળા રહેલા જોવામાં આવે છે કે તેમની વચમાં વૃક્ષારોપણ કરી સ્થળનું સૌંદર્ય અને સ્થળની સગવડ વધારી શકાય એમ હોય છે.

**પાદર**

ગામડાની સરેરાશ વસતી સાતસો માણસોની : એટલે એક ઘર અને બીજા ઘર વચ્ચે, એક શેરી અને બીજી શેરી વચ્ચે, એટલું બધું અંતર તો ન જ હોય કે જેથી સૌને હળવા મળવામાં, એક બીજાને ઓળખવામાં અગર એક બીજાને ઉપયોગી થઇ પડવામાં ખાસ અડચણ આવે. ગામનું ગોંદરું પાદર અગર ભાગોળ એ પણ આખા ગામની સગવડ સાચવનારું મહત્ત્વનું સ્થાન કહી શકાય. એમાં ઢોરનાં ટોળાં પણ બેસી શકે, થાકેલો ખેડૂત કે વટેમાર્ગુ પણ બેસી શકે અને ગામનાં છોકરાં રમતગમત માટે પણ સહેલાઇથી ભેગાં થઇ શકે. ગુજરાતમાં ઘણાં ગામોની ભાગોળ સ્વાભાવિક રીતે જ સુંદર અને સગવડવાળી હોય છે. માનવી જો તેને ન જ બગાડવી એવો નિશ્ચય કરે તો એ ભાગોળ ગામનું સ્વચ્છ રંજનસ્થાન બની શકે. પરંતુ આપણાં અવ્યવસ્થિત માનસને લઇને આપણે ભાગોળના ઉકરડા બનાવી દઇએ છીએ.

**ગુજરાતની સગવડ**

ગામડું બાંધવામાં મુખ્ય વિચાર ખેતીની સગવડનો જ હોય છે. ખેતી ઘણે દૂર ન પડે એવી રીતે માનવ-સમૂહ એક સ્થળ પસંદ કરી તેમાં ઘરબાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



કે ઝૂંપડાં બાંધી વસવાટ કરે છે. માણસ વસે એટલે તેને પિવા માટે તથા નાહવાધોવા માટે નદી, કૂવા કે તળાવની સગવડ પણ હોવી જોઇએ. જવરઅવર માટે ગામમાં અને સીમમાં સાધારણ રસ્તા પણ હોવા જોઇએ. મજૂરો અને કારીગરોની પણ તેમાં જરૂર. ગુજરાતમાં તો સામાન્યતઃ જમીન સપાટ છે એટલે ડુંગરાળ અને દરિયા કિનારાનાં ગામો જેવી મુશ્કેલીઓ મોટા ભાગનાં ગામડાંને પડતી નથી. નદીકિનારા ઉપર ઘણાં ગામો છે તે વાત ખરી. અને નદીનાં પૂર તથા પૂરથી પડેલાં કોતર ગામ અને સીમની જમીનનું ધોવાણ કરી કેટલાક મહત્ત્વના જમીનસંરક્ષણના પ્રશ્નો પણ ઊભા કરે છે. કોતરો પડતાં અટકાવવાં એ પણ આપણા ગ્રામજીવનનો એક મહત્ત્વનો પ્રશ્ન બનતો જાય છે.

આમ ગામડું એ વગર વિચાર્યે બાજુએ નાખી મૂકવા જેવું નથી. એમાં કુશળતાભરી યોજનાની જરૂર છે, અને સરળતાભર્યાં ધનિક શહેરોના કરતાં ગ્રામરચના વધારે બુદ્ધિ, વધારે મહેનત, વધારે સહાનુભૂતિ અને વધારે ઊંચી કલ્પના માગી લે છે. સારું શહેર રચનાર ઇજનેરનું નામ આપણે જરૂર ભૂલી જઇશું. પરંતુ નમૂનેદાર સુંદર ગામડું રચનાર ઇજનેરને તો વર્તમાન હિંદે કીર્તિસ્થંભ રચી અમર કરવો પડશે.

**ગ્રામસ્વચ્છતા**

ગામની સ્વચ્છતા એટલે ઘરની, આંગણાંની, શેરીની, રસ્તાની, ભાગોળોની તેમ જ સીમની સ્વચ્છતા. ઘર, શેરી કે ગામના કૂવાનાં થાળાં સ્વચ્છ રાખવાં જોઇએ અને વખતોવખત કૂવાને ગાળવા જોઇએ. જરૂર પડયે પાણીને શુદ્ધ કરવાને માટે પોટાશ–પરમેન્ગેનેટ કે ફટકડી જેવી દવાઓ પણ નાખવી જોઇએ. ગામનાં તળાવો પણ સ્વચ્છ રાખવાં જોઇએ. એવી ગામસમગ્રની સ્વચ્છતા થાય ત્યારે ગ્રામજનતાનું

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ


આરોગ્ય પણ સારી રીતે સાચવી શકાય. ધૂળ એ ગામડાનો મહા ઉપદ્રવ છે. ગુજરાતમાં પથરાળી જમીન ન હોવાથી રસ્તાની સપાટી દડ કે રેતીવાળી સહજ બની જાય છે. પાકી સડક ઇજનેરોની ગણત્રી પ્રમાણે કરવા બેસીએ તો ખર્ચનો અને કૉંટ્રાક્ટરોના નફાનો પાર આવે તેમ નથી. છતાં ગામડાની નજીક નદીઓ, નાળાં, ઝરણાં, વગેરે તો હોય જ; અને તેમાની રેતી તથા કાંકરીનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો આપણા ગામના રસ્તા પાકા જેવા જ બની જાય અને રસ્તાની સપાટી ધૂળરહિત બનાવી શકાય.

**સમગ્ર વિચાર**


ગ્રામસ્વચ્છતા આ પ્રમાણે કેટકેટલી વસ્તુઓ માગે છે, તે આ ઉપરથી આપણે સમજી શકીશું. સ્વચ્છતાનો આખો પ્રશ્ન નીચેના સ્ફોટન પ્રમાણે સામાન્યતઃ ગોઠવી શકીએ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ





© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ




Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ




Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૨૧

## આરોગ્યરક્ષણ અને જીવજંતુ

**રોગ ન થાય એવી સાવચેતી**

સ્વચ્છતા એ આરોગ્યરક્ષણનો મૂળભૂત પાયો છે. એ આપણી ઉન્નતિનું આવશ્યક ચિહ્ન પણ છે. ગ્રામ-જનતાની વ્યક્તિથી માંડી એ સ્વચ્છતા આખા ગામ ઉપર પથરાવી જોઇએ. સ્વચ્છતામાંથી આપણે આપોઆપ નિરોગી રહેવાના માર્ગે ચઢી શકીએ છીએ. રોગ મટાડવાના ઇલાજ તો કરવા જ જોઇએ. પરંતુ વધારે સારો માર્ગ તો એ જ કે રોગ થાય જ નહિ એવી સાવચેતી-ભરી સ્થિતિ ઊભી કરવી. ઘણાં દર્દ મટી શકે એવાં હોય છે; અને ઘણાં દર્દ તો થવાં જ ન જોઇએ. થવાં ન જોઇએ એવાં દર્દો આપણા ગ્રામજીવનને નિર્જીવ બનાવતાં હોય તો એમાં આપણો જ દોષ ગણાય.

**સાવચેતીનું માપ**

ગ્રામજીવનની સ્વચ્છતાનું માપ આપણે સમજી લઇએ. સ્વચ્છતાને ધૂળ ન ગમે; સ્વચ્છતામાં દુર્વાસને સ્થાન ન હોય; સ્વચ્છતાને જીવજંતુનો ઉપદ્રવ ન ખપે. ધૂળ અને દુર્વાસ પરાંત આપણાં ગામડાંમાં જંતુઓનો કેટલો ઉપદ્રવ હોય છે એ આપણે સહુ જાણીએ છીએ. શિયાળામાં મચ્છર, ઉનાળામાં માખી અને ચોમાસામાં મચ્છરમાખી ઉપરાંત અનેકાનેક જંતુઓની પરંપરા! આ ગામડાનો નિત્ય અનુભવ. સ્વચ્છતામાં આવાં જીવજંતુની શકયતા હોઇ શકે જ નહિ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**માખી અને મચ્છર**

આપણી સુઘડતાને માખી ન ગમે એટલો જ વાંધો હોત તો આપણે ગ્રામજીવનમાં માખીઓને ચલાવી લેત. પરંતુ આપણી આંખને ન ગમતી ઘણી વસ્તુઓ ખરેખર આપણા આરોગ્યને હાનિકારક હોય છે. માખી આપણી આંખને નથી ગમતી એટલું જ નહિ. એ જંતુની ઉત્પત્તિ ગંદકીમાં હોય છે, અને એ જ્યાં બેસે છે ત્યાં ટાઇફોડ–વિષમજ્વર, કોલેરા અને આંતરડાના અનેક રોગને ઉપજાવતા જંતુઓની સ્થાપના કરે છે. મચ્છર અને મેલેરિયાનો ગાઢ સંબંધ સિદ્ધ થઈ ચૂક્યો છે અને હવે તો ગામડાં પણ એટલું જાણતાં થયાં છે કે મચ્છરને લીધે જ મેલેરિયા-ટાઢીઓ તાવ આખા હિંદભરમાં ફેલાય છે–પછી ભલે એ વાતને ખરી ન માનતાં તેઓ તેને હસી કાઢે. ગ્રામજનતાનો–ખેડૂતોનો મેલેરિયા તો કટ્ટો દુશ્મન છે. રોગથી બચવું હોય, રોગ સામે સાવચેતી રાખવી હોય, રોગની શક્યતા જ નિર્મૂળ કરવી હોય તો માખી અને મચ્છર જેવા રોગવાહકોની ઉત્પત્તિ જ ન થવા દેવી.

ગ્રામજનતાને માખી તથા મચ્છરનો રોગ કે તાવના ઉપદ્રવ સાથેનો સંબંધ પૂરો સમજાતો નથી. પરંતુ એ તો શાસ્ત્રીય રીતે સાબિત થઇ ચૂક્યું છે. માખી તથા મચ્છર અનેક ન થવા પાત્ર રોગનો ફેલાવો કરનાર બેપિયા છે. ગંદી કહોડ, ઉકરડા, અજીઠવાડ તથા કહોવાણ એ માખીઓની ઉત્પત્તિ તથા વૃદ્ધિનાં પોષક છે. પાણીની નીકો, ખાબોચિયાં, ખાડા, બંધિયાર પાણી, કાદવ કીચડ એ સર્વ મચ્છરનાં પોષક સ્થાન છે. એ માખી તથા મચ્છરનાં ઉત્પત્તિ સ્થાન ઉપર આપણે નજર રાખીએ તો ઘણા ઘણા રોગમાંથી આપણે બચી શકીએ.

ગ્રામજીવનની ઉન્નતિની ખરી કસોટી કાઢવી હોય તો એક સ્પષ્ટ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



**ચલાવી લેવાની ટેવ**

માર્ગ છે. ગામડામાં માખી છે? મચ્છર છે? એ પ્રશ્નોના ઉત્તર નકારમાં આવે તો જાણવું કે ગામડું ખરેખર ઉન્નતિને શિખરે સ્થિત થયું છે. માખી મચ્છરને ચલાવી લેવાનું નિર્માલ્ય માનસ જ્યાં સુધી ગ્રામજનતા ધરાવશે ત્યાં સુધી તે એક ડગલું પણ આગળ વધી શકશે નહિ. ગામડામાં માખી તો હોય! ગામડાંમાં મચ્છર ન હોય એ કેમ બને! અમુક ગંદકી તો આપણે ચલાવી જ લેવી જોઇએ! આવું આપણું માનસ થઇ પડેલું છે. ચલાવી લેવાની પાછળ જો ખરેખર સેવાભાવ રહેલો હોય તો તે ઇચ્છવા જોગ છે, અને સેવા અર્થે નીકળેલા કંઇક સેવાભાવીઓએ ગામડાંની મુશ્કેલીઓ પોતાની જાત પૂરતી ચલાવી લેવી પડશે. પરંતુ એનો અર્થ એમ નથી કે ગ્રામસેવકોએ જે ચલાવી લેવું જોઇએ તે ગ્રામજનતાને પણ ચલાવી લેવા દેવું જોઇએ. એટલે ગામડામાંથી માખી અને મચ્છર સમૂળ અદશ્ય થાય એમ કરવાની સહુની ફરજ થઈ પડે છે. ચોખ્ખાઇ વિષે આગ્રહ રાખવાની ટેવ આપણે યુરોપિયનો પાસેથી ખરેખર શીખવી જોઇએ. યુરોપિયનો સહરાના રણમાં, હિમાલયના બરફમાં અને બ્રાઝિલનાં જંગલમાં પણ જાય છે, અને આપણે કલ્પી ન શકીએ એવાં દેહકષ્ટ સહન પણ કરે છે. છતાં મુસાફરીના મુખ્ય ધ્યેયની સાથે બીજું એક ધ્યેય તો એ સદા યે રાખે છે કે જેથી તેઓ રહેવામાં અને જમવાખાવામાં તેમણે નક્કી કરેલી સ્વચ્છતાની કક્ષા તો મેળવી જ લે છે. આપણે પણ ઇચ્છીએ તો ગામડાંને માખી અને મચ્છર વગરનાં બનાવી શકીએ.

ઘરની ગંદકી, ગામની ગંદકી અને સાથે સાથે ગામની હદમાં આવેલી સીમની ગંદકી દૂર કરીએ તો વર્ષે બે વર્ષે નિદાન દસવર્ષે તો આપણી ગ્રામજનતા માખી અને મચ્છર વગરની

**માખી અને મચ્છર રહિત ગ્રામનિવાસ**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



બની નાની નાની અગવડોમાંથી મુકત થવા ઉપરાંત કોલેરા અને મેલેરિયા જેવા મહા રોગોમાંથી પણ મુકિત મેળવી શકે.

**નાની નાની બાબતોનાં ભયંકર પરિણામ**

આપણે જોઇએ છીએ કે કેરીનો ચૂસેલો ગોટલો પડેલો હોય ત્યાં માખી ભેગી થાય છે. મલોત્સર્ગને સ્થાને માખીઓ ભેગી થઇ જાય છે. સહેજ-સાજ ગંદકી હોય ત્યાં માખીઓ ભેગી થઇ જાય છે. અને આમ નાની મોટી ગંદકીઓમાંથી તે આપણા ઉપર અને આપણા ખોરાક ઉપર બેસી અનેક રોગજંતુઓને આપણા દેહમાં દાખલ કરી દે છે.

પાણીનું કૂંડું બે દિવસ એમનું એમ પડી રહે તો એમાં મચ્છર પેદા થાય. પાણીનું ખાબોચિયું ઉલેચાયા વગરનું રહે તો તેમાંથી મચ્છર પેદા થાય. ખાડામાં પાણી અને કાદવ ભરાઇ રહે તો તેમાંથી મચ્છરની ઉત્પત્તિ. અને આવાં મચ્છરનાં ઉત્પત્તિસ્થાનો આપણા ઘર આગળ, આપણી શેરીમાં, આપણી ભાગોળે અને સીમમાં જોઇએ એટલાં હોય છે.

વળી એક ગામના મચ્છરો લાંબે સુધી પહોંચી શકે છે. મચ્છર માખીની ઉત્પત્તિ એટલા મોટા પ્રમાણમાં થાય છે કે તેમનાં મૂળને ન અટકાવીએ તો તેમની વૃદ્ધિને અટકાવવી અશકય થઇ પડે એમ છે. અને જયાં સુધી માખી અને મચ્છરની ઉત્પત્તિ આપણે અટકાવી શકીશું નહિ ત્યાં સુધી ગ્રામજનતાના અનેકાનેક રોગને પણ આપણે અટકાવી શકીશું નહિ.

હિંદુસ્તાનનાં શહેરોમાં યે મચ્છર અને માખીનો ઉપદ્રવ ઘણો જ હોય છે. અડધો ઉનાળો અને પોણા ભાગનું ચોમાસું તો શહેર અને ગામડાં માખીમચ્છરમય બની જાય છે. માખીમય વાતાવરણમાં જમવા બેસવું એ પાપ બની જાય છે અને છતાં આખું હિંદ એ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પાપમય વાતાવરણમાં પવિત્ર ગણાતું ભોજનકાર્ય કર્યે જ જાય છે. એ પાપકાર્યનો બદલો આપણને રોગના રૂપમાં મળે તેમાં શું આશ્ચર્ય !

**જંતુ ઉપદ્રવ દૂર કરવાનાં સાધનો**

હિંદને પશ્ચિમની ખર્ચાળ યોજનાઓ ભાગ્યે જ કામ લાગે. માખી તથા મચ્છરથી બચવા માટે ફ્લાય–પેપર, જાળીવાળાંબારણાં, મચ્છરદાની, ફ્લીટ, પાઉડર, ખાડાઓમાં તેલનું છાંટણુ વગેરે યોજનાઓ કરવામાં આવે છે. મોટા પ્રમાણમાં ગ્રામજનતાને આ બધું મળી શકે એમ હોય તો તે ઇચ્છવા જોગ છે. પરંતુ બે ટંક ખાવાનું પૂરું ન પામતી ગ્રામજનતા આની પાછળ કંઇ પણ પૈસા ખર્ચે એ માનવું અશક્ય છે. રાજ્યો, પંચાયતો, ધાર્મિક વૃત્તિવાળા ધનિકો અને સેવાસંસ્થાઓ કંઈ અંશે થોડા વિસ્તારમાં આવાં કાર્યો ઉપાડી શકે. પરંતુ આ પ્રશ્ન તો સમસ્ત હિંદનો છે. હિંદનાં સાતે લાખ ગામડાંનો છે. તેને માટે બધે જ ખર્ચાળ યોજના ન થઈ શકે. પણ એક કાર્ય તો થઇ શકે : તે એ જ કે ગંદકી પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થાય એવી સુઘડતા કેળવવી, અંગત ટેવો સુધારવા ઉપર ભાર દેવો અને સાદામાં સાદી રીતે ગંદકી દૂર કરવાના ઇલાજો યોજવા. ગંદકી દૂર કરવાના સાદામાં સાદા ઇલાજ આપણને ચોખ્ખી માટી, ચોખ્ખી ધૂળ અને અગ્નિ તથા સૂર્યના તાપમાંથી મળી રહે એમ છે. ઘણી ગંદકી તો ધૂળ માટી અને રાખોડી પૂરતા પ્રમાણમાં વાપરવાથી અદૃશ્ય થશે. ગંદાં પાણી અને ખાબોચિયાં ઉલેચી નાખવાથી ઘણી ગંદકી તડકો દૂર કરી દેશે, અને નિરર્થક પડેલાં કાદવનાં ખાબોચિયાં તો ગામ લોકોએ ભેગા મળી સીમમાં ફરી પૂરી નાખવાં જોઇએ.

**આરોગ્યનાં ભયસ્થાનો**

માખી અને મચ્છર એ બન્ને ગ્રામઆરોગ્યનાં ભયસ્થાનો છે. રોગ થાય જ નહિ એમ કરવું હોય તો આ બન્ને જંતુઓને સમૂળ અદૃશ્ય કરવાં.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તેમને અદૃશ્ય કરવાને માટે પશ્ચિમમાં તો લાખ્ખો અને કરોડો રૂપિયા ખર્ચાય છે. પનામાની સંયોગીભૂમિને ખોદી તેમાંથી સામુદ્રધુની બનાવી એ આપણી નજર આગળની વાત છે. એ ખોદતી વખતે દરિયાના મચ્છરમાખી જેવા જંતુઓએ અવર્ણનીય ત્રાસ આપેલો. માખીના સ્પર્શથી અને મચ્છરના ડંખથી લાખ્ખો મજૂરો માંદા પડતા અને મરી જતા. આગ્રહી, વિજયી માનસવાળી પશ્ચિમની પ્રજાએ એ અમાનુષી જંતુદુશ્મનોનો સામનો કર્યો અને તેમણે વિજય મેળવ્યો. આજ પનામાની નહેરમાં થઈને વહાણો જાય છે. એ જ સ્થળ જ્યારે જમીન હતું ત્યારે મચ્છર અને માખી માનવીને ઊભા પણ રહેવા દેતાં ન હતાં. રાખોડી, માટી, ધૂણી અને અગ્નિ એટલી જ વસ્તુઓ જો આપણને શાસ્ત્રીય ઢબે વાપરતાં આવડે તો આપણે ગ્રામજનતામાંથી માખી અને મચ્છરને દૂર કરી શકીએ. અલબત, એની સાથે આપણા હાથ, પાવડા, કોદાળા અને સાવરણા તો સાબીત રહેવા જોઈએ.

**અન્ય જંતુઓ**

માખી અને મચ્છરની સાથે જૂ, જૂવા અને ચાંચડનો પણ વિચાર કરવા જેવો છે. જૂથી વિષમજ્વર–ટાઇફોડ–નો ફેલાવો થાય છે અને ચાંચડના કૂદકા સાથે પ્લેગ–ગ્રંથિકજ્વર–પણ આપણા ગ્રામજનોને મોતના મુખમાં ધકેલી દે છે. પ્લેગ વખતે ઉંદરોનો નાશ કરવાની ઘોષણા જાગે છે અને સંખ્યાબંધ ઉંદરોને પકડી બાળી નાખવાની એક મહા ક્રૂર પ્રથા શરૂ થાય છે. તેનું કારણ એટલું જ કે ઉંદરનો દેહ પ્લેગનાં જંતુઓને ફેલાવતા ચાંચડનું નિવાસસ્થાન છે. ઉંદર ખેતીના પાકનું તો ભયંકર નુકસાન કરે છે જ, પરંતુ માખી અને મચ્છરની સાથે મેળ સાધી ચાંચડ દ્વારા ગ્રામજીવનનાં આરોગ્યને હણે છે એ ભૂલવા સરખું નથી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**જંતુવિનાશ**

આરોગ્યવિરોધી જંતુઓને અગર પ્રાણીઓને અને ખાસ કરીને ઉંદરોને જીવતા બાળી મૂકવામાં આવે છે તે ખરેખર ક્રૂરતાભર્યું, અણઘડ અને માણસાઈને ન શોભે એવું તો હોય છે જ. પરંતુ આ જંતુઓને ઉત્પન્ન જ ન થવા દેવાની કાંઈ યોજના આપણને જડી ના આવે અગર તેમનું રોગવાહકપણું અદૃશ્ય ન થાય ત્યાં સુધી આ અણઘડ પ્રકાર ચાલુ રહેવાનો સંભવ છે. માનવજાતની સાથે અન્ય પ્રાણી-સૃષ્ટિનો સમન્વય હજી થઈ શક્યો નથી — અરે માણસ માણસ વચ્ચે પણ હજી સમન્વય ક્યાં થઈ શક્યો છે? રોગવાહક પ્રાણી-ઓને અને જંતુઓને જીવતા બાળી દેવાની ક્રૂરતા અસહ્ય હોય તો સ્વચ્છતાનો અતિ આગ્રહ રાખવો પડશે.

**સાદા ઇલાજો**

આમ રોગ ન થાય એ માટેની સાવચેતી સ્વચ્છતા, શુદ્ધ હવા, પ્રકાશ, પૂરતું પાણી, જંતુઓના ઉપદ્રવનો અટકાવ અને ખાસ કરીને માખી તથા મચ્છર જેવા પ્રાણીઓની ઉત્પત્તિને નિર્મૂળ કરવાની શક્યતા માગી લે છે. મચ્છરનાં ઉત્પત્તિસ્થાનોનાં પૂરાણ કરવા ઉપરાંત લીમડાના પાનની ધૂણી અને મચ્છરદાનીનો ઉપયોગ મેલેરિયા સરખા રોગને અટકાવવા જરૂરનો છે.

જો કે ગ્રામજનતા મચ્છરદાની વાપરી શકે એવી સધન છે કે કેમ એ શંકાસ્પદ છે. 'છતાં યે જ્યાં બની શકે એમ હોય ત્યાં મચ્છર-દાનીનો ઉપયોગ ખરેખર રોગપ્રતિબંધનું એક મહત્ત્વનું સાધન બની શકશે. હાથે કામ કરનારને તો આ કામમાં હરકત આવે જ નહિ.


અને માખી માટે? અતિ સ્વચ્છતા સિવાય બીજો ઇલાજ ઉપયો-ગમાં આવે એમ લાગતું નથી. નિદાન રસોડામાં અને જમવાના સ્થળે લોખંડી જાળીઓ ગામડામાં ન બની શકે તો છેવટે કપડાના કે બરૂ અગર રાડાના ઝીણી ગૂંથણીવાળા પડદાની શક્યતાનો કોઈ પ્રયોગ કરી જોશે?

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

જંતુઓનો ત્રાસ ઘટાડવા માટે આપણે ત્યાં ચાલતી કેટલીક જૂની પ્રથાનો પણ અભ્યાસ અને ઉપયોગ કરવા જેવો છે. હોમ-હવન દ્વારા ગામડાંને સ્વચ્છતા આપી શકાતી. પરંતુ ધર્મ તરફની શ્રદ્ધા ઘટી ગઇ છે, અને ધર્મ તથા આરોગ્યને ભેળવવાના એ જૂના પ્રયત્નો અંધશ્રદ્ધાનો બીજો રોગ ઊભો કરે છે. લીમડાની ધૂણીથી મચ્છર અને અડાયાંની ધૂણીથી માખી દૂર થાય છે એ તો આજ પણ અનુભવી શકાય એમ છે. વળી કુમારપાઠાંના રોપ, તુલસી, ડમરો જેવા તીવ્ર વાસવાળા છોડ પણ મચ્છરની ઉત્પત્તિ ઉપર અંકુશરૂપ ગણાય છે એ ભૂલવા સરખું નથી.

રોગ સામે સાવચેતી રાખવા એકી વખતે વિચાર કરવા માટે નીચેની રચના ઉપયોગી થઇ પડશે :—




Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

# ૨૨

## રોગનિવારણ

**રોગના ઈલાજ**

રોગ થાય જ નહિ અને ફેલાય જ નહિ એવી પરિસ્થિતિ ઊભી કરવી એ જ આરોગ્યરક્ષણનો અને ખાસ કરીને ગ્રામઆરોગ્યરક્ષણનો ઉદ્દેશ હોવો જોઇએ. ઇશ્વરનાં આપ્યાં કહો કે કુદરતનાં આપ્યાં હવાઅજવાળાં અને સૂર્યપ્રકાશ તો છે જ. વિપૂલ પાણી સંગ્રહ — કૂવા, નદી, તળાવ – માં કુદરતને સહાયભૂત થવા માનવીએ પ્રયત્ન કરવાનો છે. હિંદમાં મરુભૂમિ છે. પાણી ન મળે એવા પ્રદેશો છે. ઉત્તર ગુજરાતનો રેતાળ પ્રદેશ, કાઠિયાવાડનાં કેટલાંક પથરાળાં સ્થાનો અને પૂર્વ દક્ષિણ ગુજરાતનાં જંગલોમાં પાણીની વિપુલતા ઓછી ખરી અને જંગલનાં પાણી રોગભર્યાં પણ ખરાં; છતાં મોટા ભાગે ગુજરાતમાં પાણીનો છેક જ દુષ્કાળ છે એમ કહેવું વાસ્તવિક નથી. જ્યાં પાણી પૂરતાં ન મળતાં હોય ત્યાં જમીનમાં ઘણા ભાગમાંથી પથરા ફોડીને અગર યુગયુગથી સંતાઇ ગયેલાં પાણીનાં ઝરણ ખોલીને આપણે ધારીએ તો પાણી ખૂબ મેળવી શકીએ એમ છે. નદીઓને કેળવતાં પણ આપણને હજી આવડયું નથી. નહિ તો મિથ્યા વહી જતા ગંજાવર વારિસમૂહને આપણે માત્ર ખેતીના જ નહિ પરંતુ પીવા તથા નહાવાનાં કાર્ય માટે પણ ઉપયોગમાં લઇ શકીએ. સ્વચ્છતાના સાથી સરખાં અગ્નિ, રાખોડી, માટી અને રેતી એ સર્વ દ્વારા આરોગ્ય

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

રક્ષણ બહુ સરળતાથી કરી શકાય એમ છે. અલબત્ત એ સહુનો ઉપયોગ કરવા માટે આપણા મનને અને શરીરને – કહો કે આખી ગ્રામસમાજને ટેવાવું પડશે. પરંતુ તેમ થાય ત્યાં સુધી તો રોગ, તાવ અને દર્દ ગ્રામજનતાને પીડયા કરવાનાં. એ દર્દોના અસ્તિત્વનો સ્વીકાર કરીને રોગના ઇલાજ લેવાની વ્યવસ્થા ગામડાંમાં રાખવી જ પડશે.

**જૂની ગ્રામવૈદ્ય-સંસ્થા**

પચીસ-ત્રીશ વર્ષ પહેલાં ઘણી જગાએ અને હજી પણ કોઇ કોઇ ગામડાંમાં વૈદ્યો અને હકીમો જોવામાં આવે છે. આ વૈદ્યો અને હકીમો આપણા ગ્રામજીવનમાં આરોગ્યરક્ષણનું અને ખાસ કરીને રોગનિવારણનું અતિ મહત્ત્વનું કાર્ય કરતા હતા. અંગ્રેજી શિક્ષણે આપણી ઘણી ઘણી સારી સંસ્થાઓને સૂકવી દીધી છે. જૂની વૈદ્યકીય સારવારની સંસ્થા પણ આપણી પાસેથી નવા યુગે ખૂંચવી લીધી છે—એટલું જ નહિ, પરંતુ એને બદલે એનું સ્થાન લે એવી બીજી કોઇ સંસ્થા પણ તેની જગાએ ઉત્પન્ન કરી નથી. અને આજ તો ગામડાં આરોગ્યરક્ષણનાં સાધનવગર રોગનો ભોગ થઇ પડે છે અને રોગનું નિવારણ કરવાનો ગામડાંમાં માર્ગ જ રહ્યો ન હોવાથી અપાર દેહકષ્ટ અને લાચારી ભોગવી રહે છે. ગ્રામજીવનનાં કંઇક મૃત્યુ ઔષધના અભાવનું જ પરિણામ છે. વૈદ્યો ઉપરથી આપણી શ્રદ્ધા ઘટી ગઇ છે અને ડૉકટરોના મોહમાં આપણે આપણા જૂના વૈદ્યો અને હકીમોને વિસારે પાડયા છે. એટલે તે વર્ગ ગામડામાંથી અદૃશ્ય થતો જાય છે, અને ગામડાં રોગ સમયે નિરાધારપણું અનુભવે છે.

**ડૉકટરો**

જૂની ઢબના કહેવાતા વૈદ્યો અને હકીમો સમયના પ્રવાહ સાથે આગળ વધી શકયા નથી એ ખરું છે. આરોગ્યરક્ષણની શાસ્ત્રીય વિચારણામાં



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



ઉપયોગી થઇ શકે એવી એમની પદ્ધતિ ન રહી એટલે જૂની સંસ્થા આપોઆપ પાછળ પડી ગઇ એ પણ ખરું. પશ્ચિમની વૈદ્યકીય પ્રગતિનું શાસ્ત્રીયપણું નવા યુગને વધારે માફક આવતું ગયું એટલે આપણે વૈદ્ય હકીમને વિસારે પાડચા, પરંતુ પાશ્ચિમાત્ય પદ્ધતિએ કેળવાયેલા ડૉકટરો પણ ગ્રામજનતાને જરા યે ઉપયોગી નીવડચા હોય એમ લાગતું નથી. અંગ્રેજી પદ્ધતિએ વૈદ્યકીય જ્ઞાન મેળવેલા ત્રીસ હજારથી ચાળીસ હજાર ડૉકટરો હિંદમાં પોતાનો ધંધો ચલાવે છે, પરંતુ તેમની બધી પ્રવૃત્તિ નગર વિભાગમાં જ—Urban areaમાં જ—એકત્રિત થયેલી છે. સાત લાખ ગામડાંને તો ભાગ્યે જ ડૉકટરનાં દર્શન થાય છે.

**સેવાભાવનાનો અભાવ**

અને એ ડૉકટરો પણ ભાગ્યે જ સેવાભાવી હોય છે. અંગ્રેજી અસરે ભણેલાઓ અને અભણ વચ્ચે મોટા ભેદ પાડી દીધેલા છે અને એ ભેદ ડૉકટરોએ બહુ સારી રીતે પાળ્યાપોષ્યા છે. ડૉકટરો મોટા ભાગે સરકારી નોકરી શોધે. તે ન મળતાં તેઓ પોતાનો ખાનગી ધંધો શહેરોમાં જ શરૂ કરે. રોગીને રોગમુક્ત કરવાનું ધ્યેય નહિ, પણ પૈસા મેળવવાનું તેમનું ધ્યેય હોય. જીંદગીના રક્ષણ અર્થે કરવામાં આવતા ધંધામાં બદલાનાં, ભારે કીંમતનાં અને દર્દી કરતાં ડૉકટરની વધારે મરજી સાચવવાનાં તત્ત્વો દાખલ થાય એટલે ડૉકટરી સંસ્થા સ્વાર્થી, ભાડુઆતી અને પરિણામે નિર્દય અને નિષ્ઠુર બની જાય છે. ડૉકટર ધંધો શરૂ કરે એટલે તે પોતાનો દેખાવ રૌનકભર્યો રાખવાથી જ શરૂઆત કરે. દર્દી ભય પામે એવો તો ડૉકટરનો દિમાગ. ડૉકટરની તાત્કાલિક અભિલાષા મોટરમાલિક બનવાની. મોટરકાર વગરનો ડૉકટર ભારે અસંતોષી હોય છે. દર્દી કેટલી ફી આપી શકશે તેનો ખ્યાલ ડૉકટરે કરવાનો હોતો જ નથી. એ તો પોતાની કિંમત નક્કી કરી બેસે છે અને દર્દીને ગરજ હોય તો તેની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

કિંમત આપી સારવાર મેળવે એ ડૉકટરી જીવનવિધાનમાં તેમની વ્યૂહરચના હોય છે.

'હું ગરીબ માણસનો ડૉક્ટર નથી' એમ અભિમાનથી જાહેર કરી ગરીબ દર્દીઓને ઠોકરે મારતા અનેક ડૉક્ટરો આપણે જોયા અને સાંભળ્યા છે. ગરીબ હિંદુસ્તાનની ગરીબાઇને તિરસ્કારનારા એ ડૉક્ટરો હિંદને માથે લદાયેલા ધોળા હાથીઓ છે, એમાં જરા યે શક નથી. હિંદની ગરીબીને તિરસ્કારનાર સર્વ માણસો મહાભયાનક પાપ કરે છે એ જેમ બને તેમ વહેલું સમજાય એમાં આપણું શ્રેય છે. ઇંગ્રેજી અધિકારીઓ ભારે પગાર માગે. દેશી અધિકારીઓ તેમને પગલે ચાલી એટલું જ ભારણ હિંદને માથે લાદે અને આપણા ઇજિનેરો, ન્યાયાધીશો અને આરોગ્યનું રક્ષણ કરવાનો ડોળ ઘાલનાર ડૉક્ટરો પણ ધનના ઢગલાને પૂજે! આ ભાર હિંદ ક્યાં લગી સહન કરી શકશે? હિંદની સરેરાશ આવક કરતાં જેટલી વધારે આવક મળે એટલી લૂંટની મિલકત છે એમ માન્યા વગર રહેવાતું નથી.

આનો અર્થ એમ નથી કે બધા ડૉક્ટરો જ ખરાબ છે. હિંદુસ્તાનની ગરીબી ઘટાડવામાં જે કોઇ સહાયભૂત ન થાય એ સઘળું જ ખરાબ છે. પછી તે ડૉક્ટરની સંસ્થા હો, વાઇસરૉય, ગર્વનર કે બ્રિટિશ સનદી નોકરશાહી હો કે હિંદનાં રજવાડાં હો. જ્યાં સુધી વૈદ્યકીય ધંધો ગ્રામઅભિમુખ ન થાય ત્યાં સુધી તે નિરર્થક તો છે જ અને ધનિકતાની, મોટરકારની, રૂવાબદાર દેખાવની લાલસા આજના ડૉક્ટરી વર્ગમાં રહેશે ત્યાં સુધી એ સંસ્થા ગ્રામોન્નતિમાં નિરર્થક જ નીવડશે.

#### ગ્રામાભિમુખ વૈદ્યકીય સારવાર

હવે સમય આવ્યો છે કે જ્યારે ડૉક્ટરોએ ગામડાં તરફ દૃષ્ટિ કરવી પડશે; એટલું જ નહિ પણ ગ્રામવિભાગમાં કાયમનું રહેઠાણ રાખવું પડશે. જ્યાં સુધી ડૉક્ટરી સારવાર મેળવવાના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

સગવડ ગ્રામજનતા મેળવી શકે નહિ ત્યાં સુધી ગ્રામજનતામાં રોગના ઇલાજ કરવાની મુશ્કેલી રહ્યા જ કરવાની. એટલે પહેલી તકે ડૉકટરોને ગ્રામવિભાગ સાથે સંસર્ગમાં લાવવાની પ્રથમ જરૂર ઊભી થાય છે. વૈદ્યકીય સારવાર થોડા જ સમયમાં સરળતાથી દર્દી મેળવી શકે એવી રીતે ગામડાંમાં અગર ગામડાંના સમૂહમાં ડૉકટરનો નિવાસ હોવો જોઇએ.

**હકીમી અને આયુર્વેદિક પદ્ધતિ**

હકીમી અને આયુર્વેદ એ બન્ને આપણી જૂની વૈદ્યકીય વ્યવસ્થાઃ એને પણ વર્તમાન જીવનને અનુકૂળ બનાવવાની જરૂર ઊભી થઇ ચૂકી છે. એથી આપણી લુપ્ત થતી જતી જૂની વૈદ્યકીય સંસ્થાને પુર્નજીવન મળશે અને પાશ્ચિમાત્ય વૈદ્યકીય પ્રગતિના સંસર્ગથી આપણી દેશી વ્યવસ્થા ગ્રામજનતાને વધારે ઉપકારક થઇ પડશે.

શહેરોના મોહમાં ફસેલા ડૉકટરોને ગામડાંમાં આકર્ષવા અને જૂની ઢબના વૈદ્યહકીમોને વર્તમાન યુગ માટે લાયક બનાવી ગ્રામજનતાને પાછા સોંપવા એ બે પ્રશ્નો હાલ હિંદમાં મહત્ત્વના થઇ પડેલા છે.

**ગામડે સારવાર પહોંચાડવાની રીત**

ગામડાંમાં દવાખાનાં સ્થાપવાના પ્રયત્નો થયા કરે છે. પરંતુ થોડાં દવાખાનાં વિશાળ ગ્રામજનતાની જરુરિયાતોને પહોંચી વળે એમ નથી. ગ્રામજનતાના કોઈ પણ વિભાગમાં પાંચ માઇલની અંદર વૈદ્યકીય સારવાર મળી જ રહે એવી વડોદરા રાજ્યની યોજના આ સંબંધમાં વિચારવા સરખી છે. ઉપરાંત ગ્રામવિભાગમાં ફરનારા ડૉકટરો રાખી ગ્રામજનતાના રોગો ટાળવાના અખતરા પણ કરવામાં આવે છે. સરકાર તરફથી દવાની અને ડૉકટરના પોષણની રકમનો કેટલોક ભાગ આપી ડૉકટરોને ગામડાંમાં વસાવવાની યોજનાઓ પણ વિચારાય છે, અને નિશ્ચિત થયેલા રોગોમાં નિશ્ચિત થયેલી દવાઓ ગામના આગેવાનો મારફત વહેંચવાની પણ પ્રથા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



અમલમાં મુકાય છે. આમ દવાખાનાં સ્થાપીને, વૈદ્ય ડૉકટરોને ગામડાંમાં સ્થાયી વસવાટ માટે ઉત્તેજન આપીને, ગ્રામજનતામાં ડૉકટરવૈદ્યની ફેરણીઓ કરાવીને તથા વગર ડૉકટરે જાણીતી દવાઓ જાણીતા રોગ માટે ગામડાંના આગેવાનો અગર સેવાભાવી સ્ત્રીપુરુષો દ્વારા વહેંચાવીને ગ્રામજનતાના રોગનું નિવારણ કરવાના પ્રયત્નો થઇ શકે એમ છે.

દવાનો પ્રશ્ન એ પણ કૂટ પ્રશ્ન બની ગયો છે. ડૉકટરોની દવા ખૂબ મોંઘી. પરદેશથી આવતી દવાઓની બનાવટ હિંદને ચૂસવાના ઉદ્દેશથી અગર ધનિક પરદેશીઓની કક્ષાનો વિચાર કરી કરવામાં આવી હોય : એટલે ગરીબ ગામડું એ દવાઓ વાપરી શકે નહિ. વાપરે તો મોંઘા ડૉકટરો અને એથી યે મોંઘી દવાઓના ભારણમાં વધારે દેવાદાર થાય. સુંદર શીશીઓમાં ભરાઇને આવતી ‘પેટન્ટ’ દવાઓએ હિંદની ગરીબી વધારવામાં ખરેખર કેટલો ભાગ લીધો છે એ શોધી કાઢવા સરખું છે.

હિંદ વનસ્પતિનો ભંડાર છે. પરદેશી દવાઓ પણ વનસ્પતિની જ બનાવટ હોય છે. હીંગને મોટું વૈદ્યકીય નામ આપી આઇસાફ્ટીડા કહ્યાથી એ હીંગ મટતી નથી. છતાં નામફેર કે દેખાવફેરથી કીંમત વધી જાય છે. વનસ્પતિ ઉપરાંતની દવાઓ – ધાતુ, ભસ્મ, અર્ક, અહીં પણ બનતાં હતાં, અને હજી પણ બનાવી શકાય એમ છે. ગ્રામજનતાને અને મોંઘા ડૉકટરોને ન બને; ગ્રામજનતાને અને મોંઘી દવાઓને પણ ન બને. મોંઘા ડૉકટરો વગર ચલાવી શકાશે; મોંઘી દવાઓ વગર ચલાવી શકાશે. ગ્રામજનતા સિવાય હિંદને ચાલે એમ નથી. અને એ ગ્રામજનતાનું આરોગ્ય મોંઘા ડૉકટરો અને ખર્ચાળ દવાઓ ન સાચવી શકે તો આપણે તેમને સોંઘા ડૉકટરો, વૈદ્યો અને સાહજિક દવાઓ આપવી જ પડશે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

વૈદ્યો અને ડૉક્ટરો ધારે તો ગ્રામજીવનમાં મહત્ત્વના સુધારા કરી શકે. તેમના સારા વર્તનથી અને મીઠાશભરી માવજતથી તેઓ ગ્રામજનતામાં દેવ સરખા પૂજાય. તે મોટા બંગલાઓ અને હવેલીઓ કદાચ ગામડાંને પૈસે બંધાવી ન શકે; એકે એક હવેલી ગ્રામજનતાની ઝૂંપડીને ભોગે રચાય છે; પરંતુ સાદું સુખમય આરામભર્યું અને ઉપયોગી જીવન ગામડાંમાં રહીને પણ વૈદ્ય ડૉક્ટરો ગાળી શકે એમ છે. એટલે સેવાભાવી યુવકોમાંથી ઘણો મોટો ભાગ વૈદ્ય ડૉક્ટર તરીકે ગામડે ઊતરી ગ્રામપુનર્ઘટનામાં મહત્ત્વનો ફાળો આપી શકે એમ છે.

**સોંઘી દવા**

ગામડાંને મોંઘી દવા ન જ પોષાય. ડૉક્ટર વૈદ્ય ધારે તો ગામડાંને માફક આવે એવી અનેક સોંઘી દવાઓ તેઓ ઉપજાવી શકે. સેવાભાવ અંતે તો સહુને સફળતા આપે છે. સુંઠ, અજમો, મીઠું, કરિયાતું, ગળો, કાચકાં, હરડાં, બેડાં, આમળાં, જેઠીમધ, તુલસી, લીમડો, ખાખરો, અળશી, મેંદી, થોર, વડ, આકડો, બાવળ વગેરે અનેક વસ્તુઓ એવી છે કે જે ગામડાંને સહજ મળે અને એમાંથી સોંઘી દવા ઉપજાવી શકાય. દસ દસ વીસ વીસ રૂપિયાનાં પરદેશી ઇન્જેકશનો આપવાની શરમભરેલી સરળતાનો લાભ લેવા કરતાં દેશને અનુકૂળ સોંઘી દવાઓ ઉપજાવવામાં ડૉક્ટરો રોકાય તો ય તેમની ભારે કીંમત વળી ગણાય. હિંદને માથે પડેલા આ ડૉક્ટરો આ દષ્ટિએ વિચારતા નહિ થાય ત્યાં સુધી તો હિન્દની આઇ. સી. એસ. માફક બોજારૂપ જ ગણાશે.

આમ ગ્રામજીવનમાં સહજલભ્ય દવાઓ ઉપજાવવી એ ગ્રામોન્નતિનું એક અંગ બની જાય છે.

વળી બીજી સોંઘી દવાઓ, લેપો, સાધનો પણ ગ્રામજનતાને ઝડપથી મળવાં જોઇએ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



જ્યાં નિષ્ણાત વૈદ્ય કે ડૉકટર ન મળી શકે ત્યાં સામાન્ય વૈદ્યકીય જ્ઞાન અને સામાન્ય સારવાર કરી શકે એવા ગ્રામઆગેવાનોએ આ કામ ઉઠાવી લેવું જોઇએ, અને દવાઓની વહેંચણી કરવા તત્પરતા બતાવવી જોઇએ.

**ગ્રામ આગેવાનો**

મેલેરિયા માટે ક્વીનીનની વિસ્તૃત વહેંચણી ગ્રામજનતામાં કરી શકાય છે એ તો સહુના અનુભવની વાત છે. જે થાય છે એ ઘણું થોડું અને અવ્યવસ્થિત છે. છતાં એ માર્ગે આપણે ઔષધની વહેંચણી કરી શકીએ એટલું તો સાબિત થાય છે જ.


ગ્રામજીવનમાં અકસ્માતના પણ સંભવ ખરા. અકસ્માતને માટે તૈયાર રહેવાની, અને ઘટતા પ્રસંગે ઘટતી દવા આપવાની પણ આવડત ગ્રામજીવનમાં જરૂરી છે.

ઘરવૈદું આપણે ભૂલી ગયા છીએ. આપણી માતાઓ અને દાદીઓ નાની નાની ફરિયાદો માટે ડૉકટરો પાસે દોડી જતી ન હતી. સ્ત્રીસમાજ —અને ગ્રામસ્ત્રીસમાજ પાછો વૈદકની વસ્તુઓ ઓળખી વાપરતો થાય એ બહુ જ ઇચ્છવા યોગ્ય છે.

**ઘરવૈદું**

રોગનિવારણ માટે આપણો સમગ્ર વિચાર નીચે પ્રમાણે ગોઠવી શકાય :

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ




Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# ૨૩

## ખોરાક, બાળઉછેર અને કેળવણી

આરોગ્યરક્ષણનાં બીજાં અંગોને આપણે ઝડપથી જોઇ લઇએ. જેમ હવા, પાણી અને પ્રકાશ જીવનનાં આવશ્યક તત્ત્વો છે તેમ ખોરાક પણ જીવનનું આવશ્યક તત્ત્વ છે. ખોરાકમાંથી શરીરને પોષનારાં તત્ત્વો મળે છે, અને દેહના ઘડતરમાં એ તત્ત્વો અગત્યનું સ્થાન ભોગવે છે. શરીરની રચના અને ખોરાકના સંબંધની શાસ્ત્રીય વાતમાં આપણે ઊંડા ઉતરવાની અત્રે જરૂર નથી. એટલું જાણવું બસ થશે કે ખોરાક એ જીવન છે, ખોરાક ઉપર આરોગ્યરક્ષણનો મોટો આધાર છે, અને ખોરાક પ્રત્યે આપણે નિષ્કાળજી રાખી શકીએ નહિ.

**ખોરાક**

ખોરાકના પદાર્થોમાં પ્રજીવનક–Vitamins રહેલાં છે, અને વર્ગીકરણનો શોખ ધરાવતી શાસ્ત્રીયતા એ પ્રજીવનકોને અ-બ–ક–ડ જેવા વિભાગોમાં વહેંચી નાખે છે. આ ગૂંચવણભર્યાં શાસ્ત્રને વિજ્ઞાનવિદો માટે રાખી આપણે એટલું જ સમજી લઇએ કે દેહના સંરક્ષણ અને વર્ધન માટે એ જીવન આપનારાં પૌષ્ટિક તત્ત્વોની દેહને ખૂબ જરૂર છે.

**પ્રજીવનક-વિટેમિન્સ**

ખોરાકની પ્રત્યેક વસ્તુમાં એ બધાં ય પૌષ્ટિક તત્ત્વો પૂરા પ્રમાણમાં હોતાં નથી. એટલે ખોરાકની વસ્તુઓમાં વિવિધતા પ્રવેશ કરે છે. ખોરાકમાં મિશ્રણ કરવું પડે છે, ખોરાકને બાફવાની, શેકવાની,

**મિશ્રણ અને વિવિધતા**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021



ઉકાળવાની, તળવાની, આથવાની કે ઠારવાની ક્રિયાદ્વારા પ્રજીવનકોને જાગ્રત કરવાની જરૂર પડે છે, અને રૂચિ તથા પાચનક્રિયાનો સંબંધ નિકટનો હોવાથી રુચિપ્રેરક ખાદ્યપેય પદાર્થો બનાવવાની પ્રવૃત્તિ વિસ્તૃત બની એક મોટા શાસ્ત્રનું સ્વરૂપ ધારણ કરી પાકશાસ્ત્રને નામે ઓળખાય છે.

આમાં કોઇ સ્થળે ખામી આવે એટલે આપણું આરોગ્ય ભયમાં આવી પડે છે. ખોરાકની સ્વચ્છતા તો અતિશય જરૂરી છે જ. પરંતુ ખોરાકનું પ્રમાણ, મિશ્રણનું પ્રમાણ, સમય અને ઋતુની અસર એ બધું સમજવા સરખું છે. એકલા ઘંઉ કે એકલી બાજરી, એકલા ચોખા કે એકલી દાળ દેહને જોઇતાં સઘળાં તત્ત્વો આપી શકતાં નથી. એટલે ખોરાકમાં મિશ્રણ અને વિવિધતા જોવામાં આવે છે. આપણાં ચાલુ ખોરાક મિશ્રણોમાં આવો કાંઇ વિચાર રહેલો છે એમ તો દેખાઇ આવે છે. અને શોધકો જેમ જેમ તપાસ કરે છે તેમ તેમ તેમની સાર્થકતા પણ સમજાઇ આવે છે.

અનાજ ઉપરાંત દૂધ, ઘી, માખણ, છાશ, શાક અને ફળ પણ આપણા ખોરાકની વસ્તુઓ છે જેમાં રહેલાં તત્ત્વો સમજી આપણે તેમનો ઉપયોગ કરીએ તો આપણું આરોગ્ય સચવાઈ રહે.

ખોરાક, સ્વાદ અને આરોગ્ય પરસ્પર સંકળાયલાં છે.

પરંતુ આ તો જાણે આપણે બધા ખૂબ ખોરાક મેળવતા હોઇએ એવી વાત થઇ. સુખી–એટલે ધનિક અગર ઊંચો મધ્યમ વર્ગ વિવિધતા ભર્યો ખોરાક મેળવી શકે–જો કે એ વર્ગે ભાગ્યે જ ખોરાકની બાબતમાં જગતને બહુ સારો દાખલો બેસાડયો હોય. આમે ધનિક વર્ગે કે એ વર્ગની લગોલગ આવતા ઉચ્ચ મધ્યમ વર્ગે કશી યે બાબતમાં સારું દૃષ્ટાંત પૂરું પાડયું હશે કે કેમ એની જ હવે સહુને શંકા ઉપજવા માંડી

**ધનિક વર્ગનો ખોરાક**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



છે. ખોરાકની બાબતમાં યે ઉચ્ચ વર્ગે દોરેલા માર્ગે જતાં રોગનો ભય વધી જાય એમ છે.

પરંતુ એ તો ખોરાકની અતિશયતા અને બિનજરૂરી વિપુલતાનું પરિણામ. ગ્રામજનતાને તો ખોરાક પૂરતો મળતો નથી એવી બૂમ છે. પૂરતો ખોરાક ન મળવાથી મનુષ્ય તત્કાલ મરી જતો નથી. પરંતુ તેનો દેહ પૂરો ખીલતો નથી, જે કાંઈ ખિલાવટ થઈ હોય તેમાં ખામી આવે છે, તેની શક્તિ ઘટી જાય છે, તેનું માનસ મનુષ્યત્વ ભૂલતું જાય છે અને જોતજોતામાં તે રોગનો ભોગ થઈ પડે છે અને મૃત્યુવશ ન થાય તો નિરુપયોગી કંટાળાભરેલી જિંદગી લંબાવી તે વધારે દુઃખી થાય છે.

**ખોરાકનો અભાવ અને આરોગ્ય**

એ જ પ્રમાણે પૌષ્ટિક તત્ત્વોરહિત ખોરાક ખાનાર ગરીબ ગ્રામજનતામાં એટલા જ કારણે રોગ ફેલાય છે. વળી સંયોગાનુસાર ફેરફાર અને મિશ્રણ ન કરવાથી પણ ખોરાકનું સામર્થ્ય ઘટે છે અને તેથી પણ રોગ ફેલાય છે. ચોખાની અતિશયતાથી 'બેરી બેરી' નામનો રોગ થાય છે એ જાણીતી વાત છે.

આમ ખોરાક પૂરતો ન હોવાથી, ખોરાકમાં પૌષ્ટિક તત્ત્વો ન હોવાથી અને ખોરાકમાં યોગ્ય મિશ્રણનો અભાવ હોવાથી ઘણા રોગ થાય છે.

પૂરતો ખોરાક કેવી રીતે ગ્રામજનતાને પહોંચાડવો ?

સહુનો ખોરાક ઉપજાવનાર ગ્રામજનતાને જ પૂરતો ખોરાક ન મળે તો આપણે સમજી જ લેવાનું કે કોઈ ભયંકર ખામીઓ આપણી આર્થિક વ્યવસ્થામાં પ્રવેશ કરી ચુકી છે. હિંદ સ્વાતંત્ર્ય માગે છે એનો અર્થ એક દૃષ્ટિએ એટલો જ કે તે પોતાનાં કરોડો

**પૂરતા ખોરાકનો અભાવ**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ગ્રામનિવાસીઓને પેટભર ખોરાક આપવા માગે છે. ગ્રામ ઉદ્યોગોનો વિકાસ, બૃહદ ઉદ્યોગોની સ્થાપના, ખેતીનો સુધારો, મિલકતની પુનર્ઘટના એ બધી જ યોજનાઓની પાછળ એક જ વિચાર ચમકી રહ્યો છે: હિંદનાં ભૂખે મરતાં માનવીઓને પોષણ આપવું! ગાંધીજીએ તો પોતાની પયગંબરી ભાષામાં કહ્યું જ છે કે આજનો ઇશ્વર રોટલીના સ્વરૂપમાં જ ગરીબોને દર્શન દે. એટલે આજનો મહત્ત્વનો–જીવ સટોસટનો–પ્રશ્ન એક જ છે: પૂરતો ખોરાક સહુને શી રીતે પહોંચાડવો. પાક વધારીને, નિકાસ અટકાવીને, ભાવ ઉપર પ્રતિબંધ મૂકીને, ધનિકો ઉપર વધારે ભારણ નાખીને, કામો નવાં નવાં ઉપાડીને, ગ્રામઉદ્યોગની વસ્તુઓ ખરીદવાનું ફરજિયાત કરીને, અને છેવટે મફત અનાજ આપીને પણ સાત લાખ ગામડાંની વસતી બે ટંક પોષણ અને તે પૂરતું પોષણ પામે એ માર્ગ લેવાની જરૂર છે. ગ્રામોન્નતિનો મુખ્ય પ્રશ્ન–આત્મા–પોષણ છે. જે ગામડામાં એકાદ માણસને પણ ભૂખે સુવું પડે એ ગામડાની ઉન્નતિ થઇ નથી એમ જ માનીને ચાલવાનું.

**ખોરાક અને તેમાં રહેલાં તત્ત્વો**

બીજા પ્રશ્નો અગત્યના છે, અને ખોરાકની વસ્તુઓનાં પ્રથઃકરણો કરી તેમાં રહેલાં તત્ત્વોનો અભ્યાસ કરવાના પ્રયત્નો પણ સરકારી રાહે થાય છે. કુનૂરમાં ખાદ્ય વસ્તુઓના અભ્યાસપ્રયોગ હિંદ માટે ચાલ્યા કરે છે. મિલમાં સાફ થએલા ચોખા રોગવર્ધક છે, અને ઘેર ખાંડેલા ચોખા વધારે પૌષ્ટિક છે એમ પણ લગભગ સિદ્ધ થઇ ગયું છે. દૂધ ઘી જેવા પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવાનાં પગલાં પણ ધીમે ધીમે વિચારાય છે. સરસ પેય પદાર્થ તરીકે થતી છાશની ગણના આપણાં ગરીબ ગ્રામ ભાઇબહેનને બહુ ઉપયોગી થઇ પડશે. ફળના ઉપયોગ તરફ જનતાને વાળવાના પ્રયત્નો પણ થાય છે. મગફળી, પાઉં અને બકરીના દૂધનો ગાંધીજીનો પ્રયોગ ગાંધીજીના

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

યુગપુરુષપણાની સાબિતી આપે છે. એમની દૃષ્ટિમાં શું નહિ આવ્યું હોય એ જ એક પ્રશ્ન છે. સદ્‌ગત શ્રીમંત સયાજીરાવ પણ અદ્‌ભુત પ્રયોગશીલ પુરુષ હતા. સોયાબીન વિષે તેમણે પણ સરસ અભ્યાસો કરાવ્યા છે. એકંદરમાં ખોરાક પ્રત્યે શાસ્ત્રીય દૃષ્ટિ ફેંકાવા માંડી છે અને આપણે આશા રાખીશું કે હવામાન પ્રદેશ વગેરેને અનુકૂળ થઈ પડે એવી રસોઈરચનાનું આપણું જ્ઞાન વધતું જશે. એ બધું ખૂબ ઉપયોગી છે. પરંતુ એથીયે વધારે ઉપયોગી તો એ છે કે ગ્રામજનતાને પૂરતો ખોરાક પહોંચાડવો. ઘઉંમાં પ્રજીવનક કેટલાં છે એ જાણવું જરૂરી છે. પરંતુ વધારે જરૂરી તો એ છે કે ગ્રામજનતાને પૂરતા ઘઉં કેમ કરીને મળે.

**માંસાહાર**

માંસાહાર અને વનસ્પતિ–આહારનો પ્રશ્ન અહીં બહુ મહત્ત્વનો નથી. ગુજરાત તો મોટે ભાગે વનસ્પતિનો જ આહાર લે છે. ગ્રામજનતામાં અનાજ, કઠોળ અને શાક એ જ મુખ્ય ખોરાક. માંસનો બાધ ન માનનાર વર્ગોનું પણ નિત્ય ખાણું તો વનસ્પતિ જ.

**જમવાનું મહત્ત્વ**

જમવું એ અતિ મહત્ત્વની ક્રિયા છે. જીવવા માટે જમવું તો જોઈએ જ–જગતના મોટા ભાગને. એને યજ્ઞનું, ધાર્મિક ક્રિયાનું, આનંદવિધિનું, સમારંભનું સ્વરૂપ આપી સમાજે તેનું મહત્ત્વ સ્વીકાર્યું છે, અને એ મહત્ત્વ ચાલુ જ રહેશે. માત્ર ધનિકો, બ્રાહ્મણો કે શોખીનોનો નિરુપયોગી હાનિકારક વ્યવસાય એ ન બની રહે, અને સામાન્ય, ગ્રામજનતા પણ તેનું મહત્ત્વ સમજતી થાય એમ કરવાની પ્રવૃત્તિ હાથ ધરવી જોઈએ. ખોરાક પૌષ્ટિક, સ્વાદિષ્ટ અને પૂરતો હોવો જોઈએ. ગ્રામજનતાને એ ન મળતો હોય તો ગ્રામોદ્ધારમાં એનું અગ્રસ્થાન જોઈએ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**વસ્તિની વૃદ્ધિ**

વળી બાળઉછેરનો પ્રશ્ન પણ ગ્રામઆરોગ્ય સાથે બહુ જ સંબંધ ધરાવે છે. સાથે સાથે સંતતિ-નિયમનનો અતિ ચર્ચાપાત્ર બની ગએલો પ્રશ્ન પણ વિચારણા માગે છે.

હિંદની પાંત્રીસ કરોડની વસતિ હવેની ગણતરીમાં ચાળીસ કરોડની સંખ્યાએ પહોંચવાની આશા રખાય છે. વસતિ હોવી એ સારું છે, પરંતુ એ વસતિ ગુલામોની બનેલી હોય તો વસતિનો વધારો માત્ર બંદીવાનોની જ સંખ્યા વધારે છે.

**સાધનોની વૃદ્ધિનો અભાવ**

વળી વસતિ વધે તેમ વસતિનાં પોષણસાધનો વધતાં હોય તો એ વધારાની હરકત નહિ. પરંતુ સાધનો એનાં એ રહે અને પોષણપાત્ર સંખ્યા વધ્યા કરે તો એ સાધનોની વહેંચણી ઘટતી ચાલવાની.

**ઉદ્યગનો અભાવ**

દેશમાં ઉદ્યોગ એટલો બધો વધતો નથી કે જેથી વધારાની વસતિને રોજગાર મળી શકે.

**સરકારી નોકરીની મર્યાદા**

સરકારી નોકરીમાં તો સ્થાન મર્યાદિત જ હોય. એટલે ગ્રામજનતાને જમીન ઉપર જ આધાર રાખવાનો. જમીન એટલીને એટલી જ રહે અને વસતિ વધે એટલે તે પ્રમાણમાં પોષણ પણ ઘટવાનું. પોષણ ઘટે એટલે આરોગ્ય પણ ઊતરતી કક્ષાનું થાય. પરદેશી સત્તાએ ઉપજાવેલી ભયંકર શાંતિએ વસતિ વધારી અને સાથે સાથે દરિદ્રતા પણ વધારી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



ગ્રામજનતા આમ વસતિના વધારાનો પણ ભોગ થઇ પડેલી છે.

**સંતતિનિયમન**

ફ્રાન્સ, જર્મની, ઈટાલી જેવા દેશોમાં સંતતિવર્ધન તરફ પ્રજાનું લક્ષ દોરવામાં આવે છે. જ્યારે હિંદુસ્તાન જેવા ગરીબ દેશને તો સંતતિનિયમન એ મહા પ્રશ્ન થઇ પડયો છે. સંતતિનિયમનની જરૂર સહુ કોઇ સ્વીકારે છે. પરંતુ ગાંધીજીનો સંયમ માર્ગ અને અન્ય વિચારકોનો સંતતિરોધક સાધનોના વપરાશનો માર્ગ, એ બન્ને વચ્ચે વિરોધ ઊભો રહે છે. ગાંધીજીનો માર્ગ ઉત્તમ છે એ ખરું, પરંતુ એને માટે જે ઉચ્ચ કક્ષાનું માનસ જોઇએ તે શિક્ષિત અને સંસ્કારી વર્ગમાં પણ નથી. એટલે ગ્રામજનતામાં તો એવું માનસ ક્યાંથી કલ્પી શકાય ? એવું માનસ જ્યાં સુધી વિકસે નહિ ત્યાં સુધી બ્રહ્મચર્ય-પાલનનો આગ્રહ રાખી વસતિવર્ધન થવા જ દેવું કે વસતિનિરોધનાં સાધનોનો પ્રચાર કરવો એ પ્રશ્ન નિર્ણય માગે છે. સામાન્યતા તો એમ જ માને કે વસતિનિરોધ અર્થે સંતતિ થતી અટકાવવાનાં ભૌતિક અને શાસ્ત્રીય સાધનોનો ગ્રામજનતામાં પ્રચાર કરી નિરર્થક અને ભારરૂપ થઇ પડતી ગ્રામવસતિને વધતી અટકાવવી જોઇએ.

**બાળક**

આને જ સંકળાઇને રહેલો બાલઉછેરનો પણ પ્રશ્ન અતિ મહત્ત્વનો છે. સંતતિનિયમન વધારેમાં વધારે વ્યક્તિગત પ્રશ્ન તરીકે લઈ શકાય. એને સામાજિક કે કાયદાબદ્ધ નિગ્રહનું સ્વરૂપ ઘણાં વર્ષ સુધી આપવું અશક્ય છે. એટલે બાળકોના જન્મ પણ થવાના અને બાળકોના ઉછેરના પ્રશ્નો પણ આપણે ઉકેલવાના રહ્યા.

**સુવાવડ અને મરણ-પ્રમાણ**

સને ૧૯૩૬ના બ્રિટિશ હિંદના નિવેદનમાં બ્રિટિશ હિંદના કેટલાક આંકડા આપેલા છે તે સુવાવડ અને બાલ-ઉછેરની ગંભીરતાનો કંઇક ખ્યાલ આપે એમ છે. એક વર્ષમાં ત્રીસ લાખ ઉપરાંત

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

સ્ત્રીઓ સુવાવડમાં કાયમની અગર થોડા સમય માટે શક્તિ સામર્થ્યથી હીન બની નિરુપયોગી બની જાય છે. તે ઉપરાંત એક લાખ સાઠ હજાર સ્ત્રીઓ તો એ સાલમાં સુવાવડને જ લીધે મૃત્યુવશ થઇ. એમાંથી એંશી ટકા જેટલી સ્ત્રીઓ સારવાર પામી હોત તો ખરેખર બચી શકત. આમ માતાઓ પ્રત્યે અને તેમના બાળકો પ્રત્યે જનસમાજની બેદરકારી લગભગ ગુન્હાનું સ્વરૂપ ધારણ કરે છે. બચાવી શકાય છતાં જિંદગી ન બચાવીએ એ માત્ર ગુનો જ નહિ પરંતુ નિર્દયતા–ક્રૂરતા–પાપ છે.

**શિક્ષિત દાયણો**

ગામડાંમાં દાયણોની પૂરતી સગવડ હોતી નથી. દાયણો હોય તો તેઓ તદ્દન અજ્ઞાન હોય. બાલજન્મ સરખી શરીરની નાજુકમાં નાજુક અને ભવ્યમાં ભવ્ય ક્રિયાનું મહત્ત્વ એને સમજાતું નથી. એટલું જ નહિ પણ અંગવિજ્ઞાનની બારાખડીનું પણ તેને ભાન હોતું નથી. સ્વચ્છતાની કીમત એને કશી જ હોતી નથી, અને દાયણના અભાવ અને ભયંકર અજ્ઞાનને લીધે અસંખ્ય સ્ત્રીઓનાં મૃત્યુ થાય છે. દાયણનો ધંધો બહુ પવિત્ર, ઉપયોગી અને જરૂરી છે. પરંતુ એ ધંધા માટેની પાત્રતા ઘણી વધારે જોઇએ. એટલે દાયણોને શરીરવિજ્ઞાન, સુવાવડ, સ્વચ્છતા, બાળઉછેર એ સર્વ વિષયોનું જ્ઞાન હોવું બહુ જરૂરી છે.

એટલું જ નહિ. એવી શિક્ષિત દાયણોની સંખ્યા પણ ખૂબ વધારવી જોઇએ. સ્ત્રીઓને આ જમાનામાં સરખા જ હક્ક હોવા જોઇએ એ વાત સાચી. કોઈ પણ ધંધો કરવા માટે સ્ત્રીઓને છૂટ હોવી જોઇએ એ સિદ્ધાન્ત તરીકે આપણે કબૂલ રાખીએ. પરંતુ સ્ત્રીઓની કુદરતપ્રેરી દેહરચના તેમને અમુક પ્રકારના ધંધા માટે વધારે પાત્રતા અર્પે છે. શિક્ષણ, વૈદક અને પરિચાર–સારવાર એ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

કાર્યો તેમને સહજ ફાવી જાય છે. એટલે ઘણી મોટી સંખ્યામાં સ્ત્રીઓ આ કાર્ય કરે તો સ્ત્રીઓને ઉપજીવિકાનાં સાધન મળે અને આરોગ્યરક્ષણનું કામ દક્ષતાપૂર્વક કરી શકાય.

**બાળજન્મ પૂર્વે સારવાર**

એ જ પ્રમાણે બાળઉછેરનો પ્રશ્ન પણ આરોગ્યરક્ષણમાં મહત્ત્વને સ્થાને રહેલો છે. બાળકના જન્મ પહેલાં પણ બાળકની થનારી માતા બહુ જ કાળજીભરી સારવાર માગી લે છે. ભાવિ માતાને અણઘટતી મહેનત કરવી પડે તો તેની અસર બાળક ઉપર જરૂર થવાની. એને પૂરતું પોષણ ન મળે તો ભાવિ બાળક નિર્બળ જન્મવાનું. માત્ર તેને બેસાડી રાખવામાં આવે તો પણ માતાનું અનારોગ્ય બાળકમાં ઉતરવાનું.

ઉપરાંત માતાના વિચારો પણ બાળકના માનસને ઘડવામાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે એ ભૂલવાનું નથી. માતાનું અશાંત-અસ્વસ્થ માનસ ઘડાતા બાળકને અશાંતિ અને સ્વાસ્થ્યહીનતાનો જ વારસો આપે છે. અતિ ઉગ્રતા, ચીડ, રીસ, વેરઝેર એ બધી લાગણીઓની રેષાઓ માતાના હૃદયમાંથી બાળકના હૃદયમાં છપાઇ જાય છે. એટલે બાળકને સામાજિક જવાબદારી તરીકે સ્વીકારવું હોય—અને ખરેખર બાળકનું ઘડતર એ સામાજિક કાર્ય ગણાવું જ જોઇએ—તો સમાજની ફરજ છે કે માતા બનતી સ્ત્રીને પૂરતું પોષણ તથા પૂરતી કસરત આપવાં જોઇએ અને સ્વચ્છ, આનંદમય તથા શાંતિભર્યું વાતાવરણ તેની આસપાસ રચી આપવું જ જોઇએ.

ગામડામાં આ બની શકશે? બનવું જ જોઇએ. ન બને તો નિર્બળ, નિર્માલ્ય, ક્લેશી અને સંકુચિત માનસવાળાં અવિકસિત બાળકોમાંથી જ આપણે આપણી ભાવિ પ્રજા ઊભી કરવી રહી. એ બાળકો દેશનું દળદર ફેડે એ આશા રાખવી એ ઝેર વાવી અમૃત



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



ઉગાડવાની ઇચ્છા કરવા સરખું છે. Prenatal – બાળજન્મ પહેલાંની માતાની માવજત ઉપર ભાવિ પ્રજાની શારીરિક અને માનસિક પ્રગતિનો ખૂબ આધાર રહેલો છે. પશુઓની જાત માટે કાળજી રાખનાર માનવી પોતાની જાત વિષે ઓછામાં ઓછી કાળજી રાખે છે. એ નિષ્કાળજી સમગ્ર જનતાના વિકાસની રોધક છે. જન્મપૂર્વના સંસ્કાર અને માનવજાતની પ્રગતિ સાથેનો સંબંધ પૂરેપૂરાં સમજાશે ત્યારે માનવજાતની ક્રૂરતા, કજિયા, અન્યાય અને રોગગ્રસ્ત સ્થિતિ ઘણાં ઘટી જશે. ગ્રામોદ્ધાર કરવો હોય તો ગ્રામ-બાળકો પણ નિરોગી અને સંસ્કારસંપન્ન અવતરે એમ થવું જ જોઇએ.

**બાળઉછેર**

અને બાળકના જન્મ પછી તો બાળઉછેરના અનેક પ્રશ્નો સામે આવી ઊભા રહે છે. અમુક વયના બાળકની ઉંચાઇ, પહોળાઇ અને તેનું વજન એ તેના આરોગ્યનાં માપ ઠરેલાં હોય છે. એથી ઓછી ઉંચાઇ, પહોળાઇ કે વજન એ અનારોગ્યનાં સૂચક છે. એટલે બાળકો આરોગ્યવાળાં ગણાય એવી કક્ષાએ લાવવાં જ જોઇએ.

બાળકોને પોષણ કેમ આપવું અને કેટલું આપવું, એને કેટલી નિદ્રા લેવા દેવી, એને કેવી રીતે નવરાવવું, કેમ રમાડવું, શું પહેરાવવું એ બધા પ્રશ્નો બાળઉછેરને લાગીને રહ્યા છે. માતા બનવું, પિતા બનવું એ મહા ગંભીર જવાબદારીનું કામ છે. એને માટે શારીરિક અને માનસિક આરોગ્ય ઊંચા પ્રકારનું હોવું જોઇએ. અનારોગ્ય દેહ અને અનારોગ્ય માનસવાળાં માતાપિતા પ્રજોત્પત્તિમાં બિન-જવાબદાર વર્તન રાખે એટલે ભાવિ પ્રજા માટે રોગ, ઉગ્ર માનસ, ચાંચલ્ય અને ગુનેહગારીભર્યાં તત્ત્વો સજીવન રહે છે અને તેમાં ખૂબ ઉમેરો થયા કરે છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ગ્રામજનતાનાં બાળકોને તો પોષણના, સ્વચ્છતાના, પહેરવેશના અનેક પ્રશ્નો ગૂંચવે છે. એમાંથી માર્ગ કાઢી વાતાવરણને અનુકૂળ જીવન ઘડતાં માતાપિતા–ખાસ કરીને માતાની સંખ્યા ગ્રામજનતામાં વધતી ચાલે એ ગ્રામોન્નતિનો મહા પ્રશ્ન આખી ગ્રામજીવનની કાયાપલટ કરવા સરખો છે.

**કેળવણી દ્વારા કાયાપલટ**

એ કાયાપલટનો મહા મંત્ર કેળવણી. શિક્ષણ એ સમગ્ર જીવનનું ઉચ્ચાલન છે. મનુષ્યને માનવતા અર્પનાર શક્તિ એટલે તાલીમ. કેળવણીના મધ્યબિંદુની આસપાસ આખા ગ્રામોદ્ધારની સામાજીક રચના ઘડી શકાય–જેવી રીતે કૃષિની આસપાસ આખી આર્થિક પુનર્ઘટના રચી શકાય એમ. કૃષિ અને કેળવણી એ બે ગ્રામોન્નતિનાં મહા ચક્ર. એ ચક્રને પૂરતી ગતિ મળે તો જ ગ્રામોન્નતિ સાધ્ય થાય

કેળવણી એટલે ?

**કેળવણી એટલે ?**

બી. એ., એમ. એ., એલ.એલ. બી., બી. ઇ. કે એમ. બી. બી. એસ થવું એનું નામ કેળવણી ? હા. એ કેળવણી ખરી. પરંતુ એનો મોટો ભાગ નિરુપયોગી, સ્વાર્થસાધક અને સમાજવિરોધી નીવડે છે. સમાજરચનામાં કારકુને ય જોઇએ, વિદ્વાન પણ જોઇએ, વકીલ પણ જોઇએ, ઇજનેર પણ જોઇએ અને ડૉકટર પણ જોઇએ. પરંતુ જે કેળવણી આપણા ગ્રામજીવનને વેગ આપતી ન હોય એ કેળવણી ગ્રામોન્નતિની દષ્ટિએ નિષ્ફળ નીવડે છે. ભણવા માટે સારા સારા બુદ્ધિશાળી ગ્રામયુવકો ગ્રામ–વાતાવરણની બહાર ચાલ્યા જાય છે, અથવા આસાયેશભરી કારકુની કે શીરસ્તેદારીમાં, તુમાખીભરી અમલદારીમાં, જુઠાણું અને તકરાર વધારતી વકીલાતમાં, મોટરકાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

અને બંગલામાં ભરાઇ રહેતા વૈદકમાં અને મોઘા કન્ટ્રાક્ટરોની કાવાદાવાભરી સૃષ્ટિ જગાડતા સ્થાપત્યમાં જ એ યુવકો ગરકી જાય છે. એમની આવડતનો ઉપયોગ ગ્રામજનતાની દૃષ્ટિએ કશો જ થયો નથી એમ કહીએ તો સત્યથી આપણે દૂર નથી જતા.

અંગ્રેજી રાજ્યનો સ્વીકાર અમુક અંશે અંગ્રેજી ભણતર માગી જ લે છે. અને પશ્ચિમની આશ્ચર્યજનક પ્રગતિ અંગ્રેજી ભાષા દ્વારા બહુ સારી રીતે પ્રત્યક્ષ થાય છે. પરંતુ આખા હિંદને અંગ્રેજી ભાષાનું જ્ઞાન આપવું અશક્ય છે એટલું જ નહિ પણ બિનજરૂરી અને પ્રજાવિકાસનું રોધક છે. હિંદની પ્રાંતિક ભાષાઓ સમર્થ અને સમૃદ્ધ બનતી જાય છે. પશ્ચિમની પ્રગતિનો ધબકાર ઝીલવાનું બળ તેમનામાં આવ્યું છે, અને રાજકીય-રાષ્ટ્રિય જાગૃતિ અંગ્રેજી ભાષા અને સંસ્કારનો આશ્રય લેતી હોવા છતાં તેનું હિંદમાં અવતરતું સત્ત્વ તેને એ ભાષા અને સંસ્કારનું વિરોધી બનાવે છે. હિંદી ધીમે ધીમે રાષ્ટ્રભાષાનું સ્થાન લે છે.

**અજ્ઞાન-અભણપણું**

અંગ્રેજી રાજ્યની એક મહાન નિષ્ફળતા હિંદવાસીઓના ભયંકર અજ્ઞાનથી સાબિત થઈ ચૂકી છે. પશ્ચિમમાં અભણ કોઇ નહિ. હિંદની પાંતરીસ કરોડની વસતિમાંથી એકત્રીસ કરોડ અભણ હોય. એટલે પુનર્ઘટના થાય પણ શી રીતે? અંગ્રેજી અસરવાળી કેળવણી નિષ્ફળ નીવડી અને મોટા ભાગને તે સુલભ બની પણ નહિ. જૂની ઢબના કેળવણી કે સંસ્કારમાર્ગો અદૃશ્ય થયા, અને ધર્મને નામે પણ જે આશ્વાસન પ્રજાને મળતું હતું તે અદૃશ્ય થયું. ગ્રામજીવન ઘોર તિમિરાવસ્થા અનુભવી રહ્યું. આર્થિક અશક્તિ અને સંસ્કારરહિત માનસસંકોચે ગ્રામજીવનને છિન્નભિન્ન, અશક્ત, જડ, નિરાશામય, અને ચૈતન્ય રહિત બનાવી દીધું. શ્રીમંત સયાજીરાવના ફરજીયાત કેળવણીના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પ્રયોગ એ ગ્રામોન્નતિના અંધકારમાં ચમકતા દીપકરૂપ છે. પરંતુ એમના સર્વ પ્રયોગોને રાજકીય મર્યાદા સહન કરવાની રહી. ગાંધીજીની વિદ્યુતશકિત ગામડાંને–ગ્રામજનતાને સુષુપ્તિમાંથી જાગ્રત કરી રહી છે. અને હવે સહુને એટલું તો સ્પષ્ટ જ થયું છે કે ગ્રામ-પુનર્ઘટનાનો કોઇ પણ પ્રશ્ન કેળવણી વગર સફળતાથી ઉકલે જ નહિ.

**ગ્રામકેળવણી**

આખા હિંદને અંગ્રેજી ભણતરની જરૂર નથી. ભણતરની ચાલુ પ્રથા ગ્રામજનતાને જરા ય અનુકૂળ નથી. ચાલુ પ્રથા અતિખર્ચાળ. એમાં કશું ધ્યેય નહિ. ધ્યેય હોય તો ય કારકૂનો ઉપજાવવાનું. ગ્રામજનતાને કારકૂનો ઉપજાવવા નથી. ગ્રામજનતાને મોટે ભાગે પ્રફુલ્લ આરોગ્યભર્યા સંસ્કારી કૃષિકારો જોઇએ. એટલે ગ્રામકેળવણીનો પ્રશ્ન જુદી જ ઢબે ઉકેલી શકાય.

**સામાન્ય જ્ઞાન**

ગ્રામજનતાને અક્ષરજ્ઞાન જોઇએ. સામાન્ય વાચન પણ જોઇએ. વર્તમાનપત્રો ગામડે ગામડે ફેલાવા માંડ્યાં છે, અને ગ્રામજનતા પશ્ચિમ પૂર્વની ઝડપને માનસિક રીતે પણ ઓળખે એમ થવાની જરૂર છે. એટલે સામાન્ય લેખન વાચન, ભૂગોળનો સહજ ખ્યાલ, હિંદનો અને જગતનો સામાન્ય ઇતિહાસ તથા ગણિત એટલું આવડે તો ઘણું.

**ાજના**

આજની કેળવણી માત્ર માનસિક ધુમસને વળગી રહી છે. એ સ્થિતિ બદલી નાખવી જોઇએ. વર્ધા શિક્ષણ-યોજનાએ આખા હિંદનું ધ્યાન અત્યારે તો ખેંચ્યું છે, અને મહાત્મા ગાંધીની સર્વસ્પર્શી અસરનું એ એક ભવ્ય ઉદાહરણ છે. કેળવણી કોઇપણ ઉદ્યોગની આસપાસ ગુંથવી જોઇએ, કેળવણી લેનાર ઉત્પાદન કાર્ય માટે અશક્ત અને નિરુપયોગી ન બની રહે એવી ઢબે કારીગરી અને માનસશિક્ષણનું મિશ્રણ થવું જોઇએ, અને કેળવણી સ્વાવલંબી બની શકે એટલી સોંઘી અને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ઉત્પાદક કાર્ય સાથે સંકળાયલી હોવી જોઇએ. આ સિદ્ધાંતો જો વર્ધા-યોજનામાં રહેલા હોય તો એ વધાવી લેવા સરખા છે. અલબત્ત, પ્રસંગાનુસાર એમાં ફેરફાર થઇ શકે એમ છે. છતાં એટલું તો ચોક્કસ કે ગ્રામજનતાને કેળવણી આપવી હોય તો આ માર્ગે આપી શકાય.

**કેળવણીની અસર**

કેળવણી વગર જ્ઞાન નથી; જ્ઞાન વગર પ્રકાશ નથી; પ્રકાશ વગર જીવન નથી; જીવન વગર શક્તિ, ઉત્સાહ, સાહસ, ધૈર્ય, નીતિ એ કશું ન આવી શકે. એ ન આવે ત્યાં સુધી ગ્રામજીવનની જાગ્રતિ પણ ન થાય. અને ગ્રામજનતા જાગ્રત નહિ થાય તો આખું હિંદ સુષુપ્ત, નિર્ધન અને પરાધીન જ રહેશે. કેળવણી લેઇ સ્વાવલંબી અને સાહસિક બનેલી ત્રીસ એકત્રીસ કરોડ જેટલી ગ્રામજનતા સુતેલી ઊભી થાય અને ઊભી થઇ ચાલવા માંડે તો એની પ્રગતિને કોણ રોધી શકે? અને એ મહા પ્રગતિમાં જગતને ફેરવી નાખવાનું કેટકેટલું બળ ઉભરાતું હશે? ગ્રામજનતાને કેળવણી આપનાર જગતની પ્રગતિને વેગ આપવાનું મહા કાર્ય કરે છે.

**કેળવણીનો આદર્શ**

કેળવણીમાં સામાન્ય જ્ઞાન જોઇએ. કેળવણી ગ્રામથી વિમુખ રાખે એવી હોવી ન જોઇએ. ભણીને શહેરની ચમક અને સરળતા તરફ આકર્ષણ રહ્યા જ કરે તો એ કેળવણી ગ્રામજનતાને જરૂરની નથી. કેળવણી પરાવલંબી બનાવે એવી હોવી ન જોઇએ. ભણીને શું ખાવું, ક્યાંથી ખાવું એ પ્રશ્ન ઊભો થાય તો તે ખરી કેળવણી કહેવાય નહિ. ખેતી, ગૃહઉદ્યોગ અને કારીગરી સાથે એ કેળવણી સંકળાયલી જ હોવી જોઇએ. અંગમહેનતમાં કાયરતા કે શરમ ઊભી કરે એ કેળવણી તો ગ્રામ અને શહેર એ બંને વિભાગમાંથી દૂર થવી જોઇએ. માનસિક સ્વચ્છતા અને લાગણીઓની વિશુદ્ધિ તરફ વાળે એવી એ કેળવણી હોવી જોઇએ. સાથે સાથે એ કેળવણી ગ્રામજનતામાં સ્વમાન અને સ્વભાન પ્રેરે એવી હોવી જોઇએ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

૨૪

## ગ્રામજીવન અને વ્યાયામ

**ગ્રામજીવનની કસોટીએ**

આજનાં સર્વ મૂલ્યાંકનમાં ગ્રામજીવન બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. કેળવણી, વ્યાપાર, હુન્નર ઉદ્યોગ, રાજકારણ, સાહિત્ય તેમ જ કલા એ સર્વની કસોટી કરતી વખતે આપણે ગ્રામજીવનને આગળ લાવીએ છીએ, અને પૂછીએ છીએ કે એ સર્વ ગ્રામજીવનને ઉપયોગી થઇ પડે એમ છે કે નહિ? ગ્રામજીવનને જે ન આપી શકાય, ગ્રામજીવન સુધી જે ન પહોંચાડી શકાય, ગ્રામજીવન પાસે જેનો સ્વીકાર ન કરાવી શકાય એની કીંમત નજીવી બની જાય છે. કારણ ગ્રામ, ગ્રામજીવન અને ગ્રામજનતાનું ભુલાયલું મૂલ્ય પરિવર્તન પામી રહ્યું છે. ગ્રામ એ હિંદ–બ્રહ્માણ્ડનો પિંડ બની ગયું છે. ગામની પ્રગતિ એટલે જ દેશની પ્રગતિ એમ સર્વત્ર સ્વીકાર થવા લાગ્યો છે.

વ્યાયામને પણ એ જ કસોટીએ ચઢાવવાની જરૂર રહે છે. આપણે વ્યાયામસંમેલનો કરીએ છીએ, વ્યાયામ પરિષદો ભરીએ છીએ, વ્યાયામનો પ્રચાર કરીએ છીએ; એ બધું ગ્રામજીવનની દૃષ્ટિએ ઉપયોગી નિવડે તો જ તેમાં સફળતા માની શકાય.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

વ્યાયામ – કસરતનો ઉદ્દેશ

**વ્યાયામનો ઉદ્દેશ**

(૧) આરોગ્યરક્ષણ અને આરોગ્યવર્ધનનો,
(૨) સ્વરક્ષણ અને પરરક્ષણનો,
(૩) આનંદભરી સ્ફૂર્તિ મેળવવાનો, અને
(૪) વ્યવસ્થિત કેળવાયલું સંયમબદ્ધ સમૂહજીવન ગાળવાનો હોઇ શકે.

**હરીફાઈ**

હરીફાઇ એ માત્ર વ્યાયામનો ઉદ્દેશ સિદ્ધ કરવાનું વેગભર્યું સાધન છેઃ વ્યાયામનો એ ઉદ્દેશ નથી. વ્યાયામની હરીફાઇ પાછળ સંયમ છે, ગૃહસ્થાઇ છે, હરીફને પરાજય ન સાલે એવી એમાં ઉદારતા છે, એટલું જ નહિ, હરીફાઇ મૈત્રીમાં પરિણામ પામે એવી મહાનુભાવતા તેમાં રહેલી છે. અંગ્રેજી ભાષાએ આપેલો શબ્દ ‘ Sportsmanship ’ અને આપણી ભાષાએ વિકસાવેલો શબ્દ ‘ ખેલદીલી ’ આ બધા જ ભાવનું સંયોગીકરણ બની રહે છે.

**વ્યાયામ : આરોગ્યનો વિભાગ**

લાંબા સમયનો અનુભવ અને પ્રયોગશીલતા વ્યાયામની અનેક ક્રિયા વિકસાવે છે. કેટલાંક નિત્યવ્યવહારનાં કામોમાંથી સ્વાભાવિક કસરત મળી રહે છે. નિત્યવ્યવહારનાં કામો એકમાર્ગી બની જાય ત્યારે તેમાં નીરસતા પ્રવેશે છે અને આખા દેહને મજબૂતી આપવાની તેની શક્તિ મર્યાદિત બની જાય છે. એટલે નિત્યકામને આનંદભર્યું બનાવવાના અને આખા દેહને કસનારા પ્રયોગો તરફ લક્ષ્ય દોરાય છે. વ્યાયામમાં પણ એકાંતિકપણું કંટાળાભર્યું બનતાં એમાં સાથ શોધાય છે અને સમૂહવ્યાયામના માર્ગે પ્રગતિ થાય છે. આમ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

વ્યાયામ એ એક અંગત–વ્યક્તિગત તેમ જ સામુદાયિક–સામાજિક આરોગ્યશાસ્ત્ર અને આરોગ્યકલાનો એક અતિ મહત્ત્વનો ભાગ બની જાય છે.

**સોંઘો વ્યાયામ**

વ્યાયામમાં દેહ, સમગ્ર દેહનાં અંગ અને દેહના સ્નાયુઓ કસવાનો અને પુષ્ટ બનાવવાનો પ્રાથમિક પ્રયત્ન હોય છે. એને માટે દંડ, બેઠક, આસન, સૂર્યનમસ્કાર, કમાન જેવા કશું ય સાધન ન માગતા અત્યંત સાદા છતાં અત્યંત અસરકારક વ્યાયામપ્રકારો આપણી પાસે વિકસેલા પડ્યા છે. કોઇ પણ માણસ પોતાની નાની સરખી ઓરડીમાં એક પૈસાનું પણ ખર્ચ કર્યા વગર આ સોંઘા વ્યાયામનો લાભ લઇ શકે એમ છે. ચાલવું અને દોડવું એ પણ સારી વ્યક્તિગત કસરતો બની શકે એમ છે.

**સામાન્ય સાધનો**

સાધન માગતી કસરતો પણ આપણી પાસે સારા પ્રમાણમાં છે. મલખમ, મુગદળ, કુસ્તી, લેજીમ, લાઠી, બનેટી, ફરીગદકા, ડબલબાર, સીંગલબાર એવી એવી કસરતો સ્થળ અને સાધન પણ માગી લે છે. સાધનો માગતી કસરત સામુદાયિક પણ બની જાય છે. એમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે મળી વ્યાયામને સામાજિક સ્વરુપ આપે છે.

**સમાજ અને વ્યાયામ**

સામાજિક સ્વરુપ ધારણ કરતી કસરત ભાગ લેનાર વ્યક્તિઓને અરસપરસ ગૂંથી લે છે; તે ઉપરાંત તે શોખીનોનો એક પ્રેક્ષક વર્ગ ઊભો કરી જનતા સાથે અતિ નિકટ સંસર્ગમાં આવી એક સામાજિક બલ બની રહે છે. એ લાગણીઓને પ્રેરે છે, ઉશ્કેરે છે અને ઘડે છે. કદી માનસિક હલકાઇને તે ઉપર લાવે છે, તો કદી ઉદારતાના ઊભરા પણ ઉપજાવે છે. ટીકાખોર વૃત્તિને તે પ્રેરે છે, માન–અપમાનની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

લાગણીને સુંવાળી—આળી બનાવી દે છે, પક્ષાપક્ષીને પણ તે ઉશ્કેરે છે, છતાં તે સહુને સહનશીલ થવાની ફરજ પાડે છે, નિર્ણયોનો સ્વીકાર હસતે મુખે કરવાની ટેવ કેળવે છે, અને અંતે પક્ષથી પર બની ઉત્તમ વ્યાયામ કે ખેલને જ વધાવી લેવાની વૃત્તિને મજબૂત બનાવે છે. ઉત્તમ ખેલાડીને સામો પક્ષ જ્યારે તાળીઓથી વધાવી લે છે ત્યારે વ્યાયામ ખેલદીલીની—ગૃહસ્થાઇની—માણસાઇની ટોચે બેસે છે.

**પશ્ચિમનો વ્યાયામ**

પશ્ચિમે વ્યાયામનું સામાજિક સ્વરુપ બહુ જ સરસ રીતે વિકસાવ્યું છે. ક્રીકેટ, ફુટબોલ, હૉકી, ટેનીસ જેવી રાજરમતો મોટાં મોટાં પ્રેક્ષક ટોળાંને આકર્ષે છે, અને હિંદનાં શહેરોએ તો એ રમતોને અમુક અંશે—ઠીક ઠીક અંશે સ્વીકારી લીધી છે. પરંતુ ગ્રામજનતાની ગરીબી એ રમતોને ગામડાંમાં જીવવા દે કે કેમ એ પ્રશ્ન છે. ગરીબી એ હિંદનું અને ખાસ કરી હિંદી ગ્રામજનતાનું વિશિષ્ટ લક્ષણ છે. પશ્ચિમની રમતો મોઘાં રમતનાં સાધનો ઉપરાંત મોઘા પોશાકો અને મોઘાં ખર્ચાળ સ્થળો પણ માગે છે. હૉકી, ફુટબોલ કે વૉલીબોલ સુધી આપણી ગ્રામજનતા ધનિકવર્ગની સહાયથી કદાચ દોડી શકે—મહા-મહેનતે. પણ ક્રીકેટ, ટેનીસ જેવી રમતોનો તે સ્વીકાર કરે તે પહેલાં ગ્રામજનતાની આર્થિક સંપત્તિ દસગણી વધવી જોઇએ, અને હિંદમાં એ રમતગમતનાં સાધનો સારા પ્રમાણમાં ઉપજાવવાની શક્તિ આવવી જોઇએ.

**ગુજરાત અને વ્યાયામ**

સદ્‌ભાગ્યે ગુજરાતને—ગ્રામગુજરાતને પણ ધીમે ધીમે વ્યાયામનો શોખ થવા લાગ્યો છે. વડોદરા વ્યાયામની બાબતમાં ભાગ્યશાળી છે એમ કહી શકાય. શ્રીમંત ખંડેરાવ મહારાજના નામોચ્ચારણ સાથે વ્યાયામની જૂની સૃષ્ટિ આપણી આંખ આગળ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ખડી થાય છે. સદ્‌ગત શ્રીમંત સયાજીરાવની સર્વતોભદ્ર પ્રજા-વિકાસની યોજનામાં વ્યાયામને ઉચ્ચ સ્થાન હતું. તેઓ જાતે કસરતી હતા એટલે સમસ્ત પ્રજામાં વ્યાયામનો પ્રચાર થાય એવી યોજનાઓ તેમણે ઘડી હતી. પ્રજાને ફરજીયાત લશ્કરી તાલીમ આપી પ્રજાની શારીરિક દૃઢતા વિકસાવવાનું તેમનું સ્વપ્ન ફળીભૂત થાય એવા સંજોગો તેમને પ્રાપ્ત ન થયા એ ખરું. છતાં શારી-રિક કેળવણીને ફરજિયાત બનાવવાની તેમની પ્રવૃત્તિઓ માર્ગદર્શક છે. શ્રીમંત મહારાજા પ્રતાપસિંહ તો વ્યાયામમાં અપૂર્વ અંગત રસ લેતા રાજવી છે. રાજ્ય બહારનું તેમનું પ્રથમ મહત્ત્વનું કાર્ય અખિલ મહારાષ્ટ્ર શારીરિક શિક્ષણ પરિષદને પ્રમુખપદે વિરાજી તેની દોરવણી કરવાનું હતું. એ બહુ જ સૂચક પ્રસંગ છે. હિંદ-વાસીનો દેહ પશ્ચિમનિવાસીની સરખામણીમાં કેમ કરીને ઉત્કૃષ્ટ નીવડે એ પ્રશ્નની આખી વિચારણામાં તેમણે પોતાનું માનસ વાળ્યું છે. આપણે ગુજરાતીઓએ દેહને પૂરતું મહત્ત્વ આપ્યું નથી. પ્રજા તરીકે આપણી એ ભારેમાં ભારે ખામી છે. એ ખામી દૂર કરવાના રાજપ્રયત્નો સાથે પ્રજાપ્રયત્નો સંયુક્ત થાય તો ગુર્જર પ્રજા શારીરિક લઘુતાના મહેણાથી જોતજોતામાં મુક્ત થઇ શકશે.

અમદાવાદ, સૂરત, કાઠિયાવાડ, ભરૂચ એ બધાં શહેરો વ્યાયામની ઓછી વધતી કીંમત કરતાં થયાં છે, અને કસ્બા તથા ગામડાં પણ વ્યાયામને અમુક અંશે ઓળખતાં થયાં છે.

**દક્ષિણની વ્યાયામ-પ્રિયતા**

ગુજરાત અને મહારાષ્ટ્રનો પડોશ અને નિકટ સંબંધ અહીં આપણને બહુ ઉપયોગી થઈ પડે એમ છે. મહારાષ્ટ્ર પાસેથી ગુજરાત ઘણુંઘણું શીખી શકે એમ છે. તેમાં સહુથી પ્રથમ શિક્ષણ તો વ્યાયામની બાબતમાં લેવાનું છે. સામાન્યતઃ પ્રત્યેક મહારાષ્ટ્રી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

શરીરની કાળજી રાખે છે, કસરત અત્યંત ચીવટાઇથી કરે છે, અને શરીરને સુદઢ બનાવી બળમાં, સ્ફૂર્તિમાં, આરોગ્યમાં પ્રગતિ સાધવાની નિત્ય સાવધાની રાખે છે. મહારાષ્ટ્રનો સંસર્ગ ગુજરાતની શારીરિક ઉન્નતિ સાધવામાં સહાયભૂત બનાવી શકાય એટલી શિષ્યવૃત્તિ અને આતુરતા ગુજરાતીઓએ કેળવવી જોઇએ. દુર્બળ દેહ–અતિસ્થૂલ દેહ એ ગુજરાતીની, ભણેલા ગુજરાતીની, સુખી ગુજરાતીની ભારેમાં ભારે શરમ છે.

પ્રોફેસર માણેકરાવ તથા સરદાર મજમુદારના વ્યાયામપ્રયત્નો, છોટુભાઈ તથા અંબુભાઈ પુરાણીની વ્યાયામપ્રવૃત્તિઓ, હિંદ વિજય જીમખાનું, વિવિધ વ્યાયામ તથા ક્રીડામંડળો, સ્વામી કુવલયાનંદની શારીરિક શિક્ષણ સમિતિ અને શારીરિક ખીલવણી પોષતી સરકારી તથા બિનસરકારી સંસ્થાઓ ગુજરાતના વધતા જતા વ્યાયામ પ્રેમની સાક્ષી પૂરે છે.

વ્યાયામના ત્રણ પ્રકાર :—

**વ્યાયામ પ્રકાર**

૧ કસરત – વ્યકિતગત દેહસામર્થ્ય, દેહસૌન્દર્ય અને સ્નાયુ-બદ્ધતા ઉપર ભાર મૂકનારી ક્રિયા;

૨ રમતગમત – સમગ્ર દેહને સ્ફૂર્તિ તથા આનંદ મળે અને સામુદાયિક ઢબે ચપળતાપૂર્વક ખેલી શકાય એવી ક્રિયા.

૩ કવાયત – શિસ્ત – આજ્ઞાપાલનદ્વારા થતી સંઘની સમસ્ત એકાગ્ર એકલક્ષી ક્રિયા.

આ ત્રણે પ્રકારના સુભગ મિશ્રણમાં વ્યાયામની સફળતા રહેલી છે.

**સાદી પદ્ધતિ**

પશ્ચિમની પદ્ધતિ ખર્ચાળ હોય તો આપણે આપણી સોંઘી રમતો વિકસાવવી જ જોઇએ. ક્રીકેટ, ફુટબૉલ તથા હૉકી જ્યાં અસંભવિત બને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



ત્યાં આટાપાટા, ખો, ગેડીદડા, મારદડી, દોડ, આમલીપીપળી, તલ્લક છાંયો, વાઘબકરી, ડુબકીદાવ, ઘોડેસ્વારી વગેરે સુલભ રમતોને વ્યવસ્થિત સ્વરૂપ આપી ગ્રામજનતા પાસે પાછી મૂકવી પડશે.

**કવાયત**

અને કવાયત – સંયમબદ્ધ, આજ્ઞાબદ્ધ હલનચલનનો અભ્યાસ – આખા હિંદે હાથ કરવાની જરૂર છે. આપણા જીવનમાં અતિશય અનિયમિતપણું છે. સમયની કિંમત આપણને બહુ નથી જ. એક જ પ્રવાહમાં આપણી શક્તિઓ વાળતાં આપણને આવડતું નથી. આપણે સરખું બોલી શકતા નથી, સરખું ચાલી શકતા નથી, અરે એક સાથે બૂમ પણ પાડી શકતા નથી. આપણાં ટોળાં અવ્યવસ્થાને લીધે શકિતહીન, ભયપ્રેરક, પ્રગતિરોધક તત્ત્વો બની જાય છે. એને લીધે આપણી કાર્યસિદ્ધિ અલ્પ બની રહે છે. હજાર હાથ ભેગા થાય તો સહસ્રાર્જુનની માફક વહેતી નદીના પ્રવાહને પણ ખાળી શકાય. પરંતુ આપણા સમૂહજીવનના હજાર હાથ તો ગમે તેમ વીંઝાતાં, ગમે તેમ અથડાતાં, અથડાઈને નિષ્ક્રિય બની જતાં અને અંતે તૂટી જઈ પ્રવાહમાં તણાઈ જતાં તણખલાં બની રહે છે. કવાયત આપણા જીવનને ઉદ્દેશભર્યું બનાવે છે, આપણી પ્રવૃત્તિને લક્ષ્ય આપે છે, આપણા કાર્યને વેગ આપે છે અને સામુદાયિક એકતાની સાધનાવડે આપણા જીવનને, આપણી પ્રવૃત્તિને અને આપણા કાર્યને સંપૂર્ણ સિદ્ધિ અર્પે છે. કવાયતની પાછળ સમગ્રતાનું બળ રહેલું છે, સમુદાયની સ્ફૂર્તિ રહેલી છે અને સંઘ-પ્રવૃત્તિનો પ્રફુલ્લ આનંદ રહેલો છે. આપણું જીવન જેમ બને તેમ વહેલું કવાયતી બનવું જોઈએ. આપણા સ્વભાવનાં, આપણી બુદ્ધિનાં અને આપણા જીવનનાં વિરોધી, છિન્નભિન્ન કરતાં, ખેંચાખેંચી કરતાં, કદરૂપાં તત્ત્વો કવાયત દ્વારા ધ્યેયલક્ષી, પરસ્પર ઉપકારક, સૌન્દર્યભર્યાં, બલપ્રદ અંગો બની જશે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પરંતુ આ કસરત, રમતગમત અને કવાયત એ ત્રણ વિભાગમાં વહેંચાયલી વ્યાયામપ્રથા ગ્રામજીવનને જરૂરી છે કે કેમ એ પ્રશ્નનો ઉકેલ ન થાય ત્યાં સુધી વ્યાયામની જરા સરખી મીમાંસા પણ નિરૂપયોગી થઈ પડશે. ગ્રામજીવનને ઘડવાની, તેને ઉપયોગી થઈ પડવાની વ્યાયામમાં શક્તિ હોય તો જ વ્યાયામને ગ્રામજનતા – ખરા હિંદ– પાસે રજુ કરી શકાય.

**ગ્રામજનતા અને વ્યાયામ**

વ્યાયામનો ઉદ્દેશ આરોગ્યરક્ષણ અને આરોગ્યવર્ધનનો હોય તો જરૂર ગ્રામજનતાને વ્યાયામ ઉપયોગી થઈ પડશે. ગ્રામજનતાનું આરોગ્ય જરા ય ઉંચી કક્ષાનું નથી. ઘણી વખત ગ્રામવાસીઓની શારીરિક શક્તિની વાતો કરી આપણે શહેરીઓને શરમાવવા મથીએ છીએ. ગ્રામવાસીઓની મહેનતુ ટેવો કેટલેક દરજ્જે ગ્રામવાસીઓને શ્રમ સહન કરવાની વધારે શક્તિ આપે એ સંભવિત છે. પરંતુ આપણું – આપણી ગ્રામજનતાનું મરણપ્રમાણ, રોગપ્રમાણ અને શરીરપ્રમાણ ગ્રામજનતાના આરોગ્ય અને બળને માત્ર કલ્પિત બનાવી દે એમ છે. પચીસ કે છવીસ વર્ષે ગુજરી જતો હિંદવાસી આરોગ્યનો નમૂનો કદી ન બની શકે. આરોગ્યરક્ષણની અને આરોગ્યવર્ધનની શહેરીને જેટલી જરૂર છે તેટલી જ ગ્રામવાસીને જરૂર છે. અને કસરતથી તે મળે એમ હોય તો જરૂર એ ગ્રામવાસીને મળવી જ જોઇએ. ગ્રામવાસીને જેટલે દરજ્જે આપણે મજબૂત અને તંદુરસ્ત બનાવી શકીશું તેટલે દરજ્જે સમગ્ર હિંદની સમૃદ્ધિમાં આપણે વધારો કરી શકીશું. ગ્રામજનતાનું અનારોગ્ય, ગ્રામજનતાની શક્તિહીનતા આર્થિક દૃષ્ટિએ – સ્વાર્થદૃષ્ટિએ પણ હાનિકારક છે.

સ્વરક્ષણની શક્તિ જેનામાં હોય તે પરરક્ષણની હિંમત કરી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



**સ્વરક્ષણ અને વ્યાયામ**

શકે. હિંદમાં સ્વરક્ષણની શક્તિ છે ખરી ? પૂર્વજોની જીતોને આગળ કરી અંદર અંદર ગાળો દેવામાં વીરત્વ ધરાવતા હિંદુ-મુસલમાનોએ સ્વતંત્ર પૂર્વજોનું નામ લેતાં શરમાવું જોઇએ. ભાષણીઆ ગાળાગાળી, પોકળ વીરત્વભરી બોલાબોલી, નાનીનાની મારામારી, પથરાની ફેંકાફેંકી, અસાવધ નિર્દોષોનાં ખૂન, અને અરક્ષિત મકાનોનો અગ્નિદાહ કરતા પરાધીન પાગલ હિંદુ મુસલમાનોએ અને ખાસ કરી તેમને ઉશ્કેરી સલામતીમાં સરકી જનાર આગેવાનોએ આપણી જૂની કહેવત પ્રમાણે ઢાંકણીમાં પાણી ઘાલી ડૂબી મરવું જોઇએ. હિંદના આજકાલના હિંદુમુસ્લીમ ઝઘડા એ હિંદે કદી ન જોયલી બેવકુફીની, હલકટપણાની અને પાપ નીતરતા ઝનુનની પરાકાષ્ટા છે. પ્રભુ એ ઝેરથી ગ્રામજનતાને બચાવે !

ગ્રામજનતામાં સ્વરક્ષણની શક્તિ પણ ખીલવી જ જોઇએ. સાધુ-ફકીરની ગાળો ખાતા, ડગલે પગલે ગભરાઇ ઉઠતા, ચોર અને ધાડપાડુઓની વાતોથી છળી જતા, દબડાવી ખાનાર ચૌદશીયાઓ અને મવાલીઓથી કાંપી જતા, સહુની શેહમાં તણાતા ગ્રામવાસીઓ આપણી નજર આગળ હોય એ શું કોઇને પણ શોભાસ્પદ છે ? પ્રજાનો મોટો ભાગ મારેલ, હીન અને તુચ્છતા અનુભવતો હોય તો તેની પાસેથી હીમ્મતભર્યાં, મર્દાનગીભર્યાં, સાહસભર્યાં કે ઉપયોગી કાર્યોની આશા આપણાથી રાખી શકાય જ નહિ. સ્વરક્ષણનો હક્ક ગ્રામપ્રજા સમજે અને સ્વરક્ષણનું બળ મેળવે એમ કરવાની સહુની ફરજ છે. પણ એ સ્વરક્ષણનું બળ નગરવાસીઓને કસરતથી મળે તો ગ્રામ-જનતાને કસરતથી શા માટે ન મળે ?

સ્વરક્ષણનું બળ આપોઆપ પરરક્ષણના કાર્યમાં માનવીને દોરશે.

**પરરક્ષણ**

સ્વરક્ષણની શક્તિથી હીન બનેલો માનવી ક્રૂર, સ્વાર્થી, બીજાનો ભોગ આપવામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

તત્પર, લુચ્ચાઇભર્યો અને દગાફટકા કરનારો નીવડે છે. બહાદુરીને એ અવગુણો ન ખપે. અને આપણે તો આપણી ગ્રામજનતાને પણ બહાદુર જોવી છે. કસરત બહાદુરી આપી શકશે.

**વ્યાયામ અને આનંદ**

કસરતથી જીવનમાં આનંદ ઉભરાતો હોય, કસરતથી જીવન સ્ફૂર્તિમય બનતું હોય તો ખરેખર એ આનંદ અને એ સ્ફૂર્તિ આપણી નિરાશ, નિસ્તેજ, નિર્જીવ બની ગએલી ગ્રામજનતાને પહોંચાડવાના માર્ગ પહેલી જ તકે લેવા જોઇએ. શહેરવાસીઓ આનંદ ઉત્સવ કરે, નગરવાસીઓ રમતગમત નૃત્ય વાદ્ય ગીતદ્વારા અગર ડ્રીલ પેરેડ કરીને સ્ફૂર્તિ વ્યક્ત કરે ! ગ્રામજનતા પણ શા માટે એ પ્રયોગો કરી આનંદ અને સ્ફૂર્તિ ન મેળવે ? ગ્રામજનતાની કસરત એટલે એકત્રીસ કરોડ માનવીઓની કસરત, ગ્રામજનતાની સ્ફૂર્તિ એટલે એકત્રીસ કરોડ માનવ ભાઇબહેનોની સ્ફૂર્તિ, ગ્રામજનતાનો આનંદ એટલે માનવજાતનો હર્ષફુવારો. એ સ્ફૂર્તિ એટલે આખી દુનિયાને વેગ આપી વાળે એવી વીજળી. એ હર્ષ એટલે આખાં જગતને હસતું બનાવતો પ્રવાહ.

**એક કલ્પના**

અને એક ક્ષણ માટે આપણે કલ્પી લઇએ કે એકત્રીસ કરોડ માનવીઓ એકસરખાં ટટાર ઉભાં છે, એક સરખાં ડગ ભરે છે, એક જ માર્ગે આગળ ધપે છે, એક જ લક્ષ્ય તરફ દૃષ્ટિ રાખે છે, એક જ કુચગીત ગાય છે, અને એક જ ઝંડો ફરકાવે છે ! કલ્પના પણ આપણા મનને મુગ્ધ કરે એવી છે. એ સત્ય બને તો ? તો શું શું ન થઇ શકે ? એકત્રીસ કરોડ માનવીઓને આગળ વધતાં કોણ રોકી શકે એમ છે ? પછી ભલે ને એ સંખ્યા નિઃશસ્ત્ર હોય !

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**લશ્કરી શિક્ષણ**

અને એ શસ્ત્રસજ્જ હોય તો? શ્રીમંત મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડ એક સ્થળે કહે છે કે "રાષ્ટ્રનું શરીરબળસંવર્ધન એ શારીરિક શિક્ષણનું અંતિમ ધ્યેય: એ સાધ્ય કરવા માટે આપણા તરુણોને શારીરિક શિક્ષણના ભાગ તરીકે જ લશ્કરી શિક્ષણ આપવું જોઇએ... લશ્કરી શિક્ષણ લીધા સિવાય આપણા તરુણો પરચક્રથી આપણા દેશનું સંરક્ષણ કરી શકે નહિ...આપણા દેશના રક્ષણની જવાબદારી સ્વીકારવા આપણે તૈયાર થવું જ પડશે." અને આ વિચારોને સહુનો ટેકો હોય. સાર્વભૌમ સત્તાએ આ નીતિ પ્રથમથી જ ધારણ કરી હોત તો જર્મની-રશિયાનો ભય હિંદ, ઇન્ગ્લંડ કે ફ્રાન્સને માથે ઝઝૂમી રહ્યો ન હોત. હજી પણ એ નીતિનો સચ્ચાઇથી સ્વીકાર થાય તો જગતભરની યુદ્ધબંધીનો પ્રશ્ન ઉકેલ અર્થે પાસે આવતો જશે.

લશ્કરી શિક્ષણ લેવું એ હજી સર્વથા આપણા હાથની વાત નથી રહી. વળી અહિંસાની પ્રચલિત ભાવના મારકણા લશ્કરી શિક્ષણને ન આવકારે એ સંભવિત છે. છતાં હિંસાની સામે અહિંસાનો મોરચો માંડવો હોય તો હિંસક પદ્ધતિનો અભ્યાસ-તેનો અનુભવ-તો જરૂરી છે જ. વળી હિંસાએ સ્વીકારેલી પદ્ધતિમાં રહેલું આજ્ઞાધારકપણું, કવાયત, કૂચ, આગળપાછળ વધવાની સમૂહયોજના, દુઃખસહનની શક્તિ, મારવાની નહિ તો માર ખાવાની અને મરવાની સામુદાયિક આવડત એ બધાં હિંસક લશ્કરનાં લક્ષણો અહિંસક લશ્કરોમાં પણ દાખલ કરવાં જ પડશે. અહિંસા એમ ધારતી હોય કે વ્યક્તિગત અને સામુદાયિક દેહાર્પણ વગર હિંસાને જીતી શકાય તો તે અશક્ય છે. અહિંસાની સ્થાપના પહેલાં અનેક અહિંસકોએ પોતાની કતલ માટે તૈયાર રહેવું પડશે.

આમ અહિંસા પણ અમુક અંશે વ્યૂહરચના માગી જ લે છે.

ગ્રા. ૧૫

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**અહિંસા અને વ્યાયામ**

ગાંધીજીની શાન્તિસ્થાપન ટુકડીઓ, અને વર્ષો પૂર્વે વિચારાતી માનવદિવાલ એ અહિંસક વ્યૂહરચનાનાં અસ્પષ્ટ સ્વરૂપો છે. અહિંસા સહુથી પ્રથમ પ્રાણાર્પણની તૈયારી માગે છે, અપાર દેહકષ્ટની તૈયારી માગે છે, અપૂર્વ મનસંયમનો આગ્રહ રાખે છે, પ્રેમની પરાકાષ્ટા ઇચ્છે છે, અને સમૂહ તરીકે થતા શાન્તિમય સામનાની શકયતા સ્વીકારી વ્યૂહરચનામાં પણ તે માને છે. નિરર્થક પ્રાણ ખોવામાં તો તેને અશ્રદ્ધા જ હોય. આમ હિંસાત્મક આક્રમણમાં જે ગુણો જરૂરી ગણાય છે તે ઉપરાંત અતિ મહત્ત્વના ગુણની અપેક્ષા અહિંસાત્મક વિરોધમાં જરૂરી છે. એટલે કસાયલું શરીર, ખેલદીલી અને શિસ્ત – સંયમ – આજ્ઞા-ધારકપણું અહિંસક યોદ્ધામાં તો પૂર્ણપણે વિકસાવવાં જોઇએ. હિંસા કે અહિંસા જે માર્ગ જગતને ગ્રહણ કરવો હોય તે કરે. અંતિમ ધ્યેય તો અહિંસાનું જ રહે. છતાં હિંસામાંથી અહિંસામાં જતાં જતાં અહિંસાનો સંપૂર્ણ સ્વીકાર કરવા છતાં વ્યાયામની જરૂર તો રહેશે જ, અને હિંસા કરતાં અહિંસામાં વ્યાયામની વધારે જરૂર રહેશે. કવાયત વગર તો કોઇથી આગળ ચલાય જ નહિ. હિંદને કવાયત કરતાં ન આવડયું એટલે એને પરાધીનતા મળી એમ કહીએ તો છેક ખોટું નથી.

ગ્રામજનતા પણ કવાયત માગે છે. એને પણ એક સરખા પગ મૂકવા છે, એક સરખા હાથ હલાવવા છે, એક સરખી ગતિ કરવી છે, અને એક ગીત ગાવું છે.

પરંતુ ગ્રામજનતા તો મહેનત કરે જ છે. સવારથી રાત સુધી

**કેટલીક મુશ્કેલીઓ**

ગ્રામજનતા કામગરી : પુરુષો ખેતી કરે, સ્ત્રીઓ ઘરકામ અને ઢોરઢાંક સંભાળે. એટલે ગ્રામજનતાને કસરત, રમતગમત કે કવાયતનો અવકાશ જ નથી એમ કદાચ દલીલ થાય.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



આ વાત ખરી છે? બારે માસ જરા ય વખત ન મળે એટલું બધું કામ ગ્રામજનતા ખરેખર કરે છે? ખેડૂતોને પૂરતી જમીન નથી, પૂરતો ઉદ્યોગ નથી એનો તો મોટો પોકાર છે. બાર માસમાંથી છ માસ નહિ તો ત્રણ ચાર માસ આળસ, નિવૃત્તિ કે નવરાશના હોય છે એમ સામાન્યતઃ મનાય છે. એ સાચું હોય તો ગ્રામજનતાને વ્યાયામ માટે પૂરતો વખત છે.

અને આપણે ધારીએ કે ગ્રામજનતાને પૂરતો વખત નથી. તો પણ તેને આરોગ્ય અને આનંદ મળી શકે એ માટે કાં તો ગ્રામજનતાને પૂરતો વખત આપવો જોઇએ અગર તેમના ભરપૂર નિત્ય કામમાં વ્યાયામનાં તત્ત્વો પ્રવેશ પામે એમ કરવું જોઇએ. દળવું, ખાંડવું, પાણી ભરવું, પુંજો કાઢવો, લૂગડાં ધોવાં, રાંધવું, વલોણું વલોવવું એ બધાં કામ નગરનિવાસ અને ભણતરને પ્રભાવે હલકાં મનાતાં બની ગયાં છે. એ ખરેખર હલકાં છે? માનવજીવનને માટે અત્યંત આવશ્યક કાર્યોને હલકાં માનવાની ભૂલ કે મૂર્ખાઇને લીધે આપણે ઘણું સહન કર્યું છે. એ ભૂલ અને મૂર્ખાઈ ગ્રામજનતામાં પણ પ્રવેશ કરતી બની ગઇ છે. એ જેમ બને તેમ વહેલી દૂર થાય એમાં ગ્રામજનતાને લાભ છે.

**સમયનો અભાવ**

આજ જેને ઘૃણાપાત્ર અને તિરસ્કારપાત્ર કામ ગણીએ છીએ એમાં આપણા જીવનની સારામાં સારી અને સાચામાં સાચી કવિતા સમાઇ હતી. ઘંટી અને દહીંમંથન, પાણીના ઘડા અને પનઘટ આજ પણ શહેરની સન્નારીઓને નૃત્યગીત અને અભિનયના વિષયો પૂરા પાડે છે, અને બતાવી આપે છે કે આપણા જીવન સાથે જડાયલાં નિત્યકામોને આપણે ચાહીએ તો કલા અને સંગીતમય બનાવી શકીએ અને તેમાંથી આનંદ અને બળ મેળવી શકીએ. ગ્રામજનતા-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

નાં નિત્યકાર્યોને આપણે ચહાતાં શીખવું જોઇએ. ખાલી ઘડા લઇ ગરબે ફરી લ્હાણી લઇ જનાર બ્હેનોએ ખરું પાણી ભરવાની ટેવ પાછી પાડવી પડશે. વલોણાનો અભિનય કરી તાળીઓ જીતી જનાર યુવતીઓએ દૂધ, દહીં, ગોરસ, વલોણું એ સર્વને ફરીથી ઓળખવાં પડશે. નહીં તો ગરબા અને અભિનય જોતજોતામાં નિષ્ફળ અને જૂઠાં બની જશે. કવિતા, ગીત તથા અભિનયને પાત્ર બનેલાં કામથી ગ્રામજનતાએ જરા ય શરમાવાની જરૂર નથી. ગ્રામજનતા વાસીદું વાળતાં, પશુપાલન કરતાં, જમીન ખેડતાં, ઉકરડા સમેટતાં, પાણી ભરતાં, રસોઇ કરતાં, લાકડાં ચીરતાં, બાળકને હીંચોળતાં, કે ઝૂંપડી–ઘર થેપતાં બહુ જ મહત્ત્વનું કાર્ય કરે છે. એ કાર્યની પ્રતિષ્ઠા કરવી જોઇએ. એ કાર્યમાં પૂજ્યભાવ રાખવો જોઇએ, એ કાર્યને કલામય – સંગીતમય બનાવવું જોઇએ. એમ થતાં નિત્યકાર્યમાંથી વ્યાયામ મળી રહેશે. સંસ્કારી અગ્રણીઓએ ગ્રામજનતાને પોતાના દાખલાથી આ બધું સાબિત કરી આપવું પડશે.

**નિ:રસ એકધાર્યાં કામ**

વળી ગ્રામજનતાની મહેનત કરવાની શકિતથી શહેરવાસીઓ વિસ્મય પામે છે અને માને છે કે એ નિત્ય મહેનત એ જ કસરત છે. નિત્ય મહેનતમાં કલા–રસ રહે ત્યાં સુધી એ ખરું છે. પરંતુ એક ગ્રામવાસી મણ પોણો મણ ભાર લઇ દસબાર ગાઉ ચાલી નાખે, અગર ઘાસના ભારા ઉંચકી લાવે કે ઝપાટાબંધ લાકડાં ચીરી નાખે એટલા જ ઉપરથી ગ્રામવાસીની શરીરશકિત વધારે માની લેવી એ વાસ્તવિક નથી. ટેવ માણસની પાસે યંત્રની માફક ઘણાં કામો કરાવે છે. કાર્યની એકધારી પરંપરા આંખને અને ઉપયોગમાં આવતા સ્નાયુઓને એક જાતની યંત્રવત્ સરળતા અને દક્ષતા અર્પે છે. એથી એ કાર્ય કરનાર કસરતી, તંદુરસ્ત અને સ્ફૂર્તિવાળો છે એમ માનવાની ભૂલ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



ન કરવી જોઈએ. આ દૃષ્ટિએ પણ ગ્રામજનતાને કસરતની-રમત-ગમતની ખૂબ જરુર છે.

અને શું ગામડાંમાં રમતગમતનો તથા આનંદપ્રદર્શનનો સંપૂર્ણ અભાવ જ હોય છે?

**સામુદાયિક વ્યાયામ**

ગ્રામજીવનમાં સ્વાસ્થ્ય હતું ત્યારે તો ગામડાંનો વર્ષભરનો કાર્ય-ક્રમ રમતગમત, લશ્કરીઢબની હરીફાઇ, ગ્રામગીતો, મેળા, ગરબા, ઉજાણી જેવી સામુદાયિક પ્રવૃત્તિઓથી ભરપૂર રહેતો હતો. હજી તેમાંના રહ્યાસહ્યા અંશ નિસ્તેજ છતાં જીવતા છે એટલું તો આજ પણ આપણે જોઇએ છીએ. એ જીવતા અંશોને પ્રફુલ્લ કરવા, સુષુપ્ત અંશોને જાગ્રત કરવા, મૃત અંશોમાં અમીસિંચન કરવું અને વર્તમાન પરિસ્થિતિને અનુકૂળ થઈ પડે એવી નૂતનતા તેમાં ઉમેરવી એ વ્યાયામનું ગ્રામજીવન પરત્વે કર્તવ્ય છે.

આજ આપણે ત્યાં ક્રીકેટ ભલે ન આવે – ગેડીદડા તો આપણે ગામડાંમાં ઉપજાવી શકીએ. સાઇકલ રેસ આપણે ત્યાં ભલે આજ શકય ન હોય–દોડ, હનુમાન અને અંગદ કુદકા, તરવાની હરીફાઇ એ બધું આપણે જરુર ગમે તે ગામડે યોજી શકીએ છીએ. આખા ગામની કવાયત ભલે શકય ન હોય. નિશાળિયા અને યુવાનોને તો ભેગા કરી સાથે પગ મૂકતા બનાવી શકાય, અને જૂથ દ્વારા કાંઇ પણ ગામાત કામ કરી શકાય.

સમૂહ દ્વારા થતાં કામની ગામડાંને ઘણી જ જરુર છે. ગામડાંની સ્વચ્છતા ટોળેબંધ બનીને કરી શકાય; માંદાની માવજતમાં કેળવાયલો સમૂહ કામ લાગે; સારે માઠે પ્રસંગે પણ ગ્રામયુવાનોનું સંયમબદ્ધ ટોળું સહુને ઉપયોગી થઇ પડે; આગ કે રેલના પ્રસંગે ગામડાંમાં–અને શહેરોમાં–જે ગભરાટ, અવ્યવસ્થા, નિરર્થક ઉશ્કેરાટ, ઘોંઘાટ અને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



ઉદ્દેશને અજાણતાં નિષ્ફળ કરતી રોધક પ્રવૃત્તિ જોવામાં આવે છે એ દૂર થાય અને સંઘબળથી કામ કરવા કેળવાયલા ટોળાને સંકટના પ્રસંગો સોંપી શકાય; સીમ અને ગામની સાચવણી પણ તેમને સોંપી શકાય; કેળવાયલા સંઘદ્વારા શિક્ષણપ્રચાર પણ કરી શકાય. આમ સમૂહબદ્ધતાની, સંઘબળની, કવાયતની ગામડાંને ડગલે અને પગલે જરૂર રહે છે. વ્યાયામ એ સઘળું ગામડાંને આપી શકશે.

**સ્ત્રીઓ અને વ્યાયામ**

ગ્રામબાલકો અને ગ્રામયુવકોની સાથે ગ્રામબાલિકાઓ અને યુવતીઓનો પ્રશ્ન પણ ઉકલી શકે છે. અંગમહેનત સહુને એક બનાવી દે છે. ગ્રામજીવનમાં તો સ્ત્રીઓ પુરુષોની બરાબરી કરી શકે એટલાં નાનાં મોટાં કામ કરે છે. નગરવાસી સ્ત્રીઓ જેટલી મિથ્યા નવરાશ ગ્રામસ્ત્રીઓને હોતી નથી એટલે પડદો, લાજ, ઘરમાં પુરાઇ રહેવું અને માત્ર વસ્ત્રાભૂષણ સજી નટીઓ બનવું એ બધું ગ્રામજીવનની સ્ત્રીપ્રવૃત્તિને રોધે એમ નથી. સ્ત્રીઓને પણ પુરુષોના જેટલી જ–તેમના કરતાં પણ વધારે–કાળજીભર્યા વ્યાયામની જરૂર છે. એમના ગરબા, રાસ, વલોણાં, ખળાં, રસોઇ, સમૂહજીવન, વ્યવસ્થા અને કવાયત માગે છે. ગીત ગાઇ કૂચ કરતા સ્કાઉટોએ ભૂલવું ન જોઇએ કે દળતાં અને ખાંડતાં સ્ત્રીઓ કાર્યને અનુરૂપ ગીત ગાઇ શકે છે, અને ડોલનબદ્ધ નિયમિત હલનચલન કરી શકે છે. જૂનાં ગીતો હજી છેક ભૂલાયાં નથી. આજના સાહિત્યકારો ગ્રામ-જીવનના પ્રસંગોને આનંદમય, ઉત્સાહમય, સંઘબલવર્ધક બનાવી શકાય એવાં ગીતો આપી શકશે? ગ્રામજીવનમાં સહુનો ખપ છે. વ્યાયામનો પણ.

ગ્રામજનતાને વ્યાયામ ખૂબ ઉપકારક છે. ગ્રામઆરોગ્ય એથી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**વ્યાયામના ગ્રામજીવનને લાભ**

ઘણું સુધરશે, ગ્રામજીવનમાં એથી સ્ફૂર્તિ આવશે, ગ્રામપ્રજા એથી સંગઠિત થશે, સંગઠનમાંથી સમૂહબળ કેળવાશે, પરસ્પર ઉપકારક થવાની વૃત્તિ–ભ્રાતૃભાવ જાગ્રત થશે, સુખદુઃખમાં ભેગાં થઇ જવાનું આપ્તપણું ફેલાશે; હલકાઇ, વેરઝેર, કજીયાળાપણું, મિથ્યા મમત્વ અને ઘમંડ ઘટી જઇ સાચી ખેલદીલી વિકસશે, અને ગ્રામજીવન આનંદ અને સુખને હીંચોળે હીંચશે.

**ગામડે ગામડે વ્યાયામ**

ગામડે ગામડે હીંચકા બાંધવાની એક પરોપકારી સજ્જનની પ્રવૃત્તિ મેં જોઇ હતી. કોઇ એને ઘેલછા ગણતું. ગામડે ગામડે દવાખાનાં અને શાળાઓ સ્થાપનાર જેટલી સમાજસેવા કરે છે તેટલી જ સમાજસેવા ગામડે ગામડે હીંચકો બાંધનાર, રમતગમત ગોઠવનાર, વ્યાયામસાધનો વસાવનાર અને અખાડાઓ સ્થાપનાર કરે છે એમાં જરા ય સંશય નથી. કસરત, રમતગમત અને કવાયતને ગ્રામજીવનમાં ખૂબ સ્થાન છે–ગ્રામજીવનમાં તેમને ખૂબ અવકાશ છે. જે એક ગામડે બની શકે તે બીજે ગામડે પણ બની શકે. જે ગામડામાં શક્ય બને એ જ સાચું, એ જ ખરું જરૂરનું. વ્યાયામ ગ્રામજીવનને જેટલે અંશે નિરૂપયોગી નીવડે એટલે અંશે એ નિષ્ફળ છે. સાચું હિંદ, સાચું ગુજરાત ગામડાંમાં છે.

એ સાચું હિંદ – એ સાચું ગુજરાત મજબૂત, સૌન્દર્યભરી દેહદીપ્તિવાળાં, સંગઠિત, સ્ફૂર્તિમય, આનંદી, સાથે ડગભરનારાં, ખેલદીલીભર્યાં સ્ત્રીપુરુષોથી ઉભરાય એ ગ્રામોન્નતિનું એક ધ્યેય. વ્યાયામમાં એ ધ્યેય સિદ્ધ કરવાની શકિત છે. વ્યાયામવીરો, વ્યાયામ શોખીનો, વ્યાયામ નિષ્ણાતો આ કાર્ય જેટલી ઝડપથી સાધે એટલી એમની સફળતા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

વ્યાયામસંમેલનો પણ વ્યાયામપ્રચાર માટે બહુ જરૂરનાં છે.

**સંમેલનો**

સંમેલનો ગ્રામજીવનને બહુ ઉપયોગી નીવડે છે.

સંમેલનો દ્વારા વ્યાયામની વિવિધતાનું ગ્રામજનતાને દર્શન થાય છે, અને વ્યાયામ પ્રત્યે તેને સહાનુભૂતિ તથા પ્રેમ થાય છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૨૫

## ગ્રામનેતૃત્વ : ગામડાંના આગેવાનો.

**આગેવાનીની ખામી**

ગામડાં ઉન્નત કેમ થતાં નથી એનાં અનેક કારણોમાં એક મહત્ત્વનું કારણ નેતૃત્વનો અભાવ છે. ગ્રામજનતા અજ્ઞાન, ભોળી, વિશ્વાસુ, પરાશ્રયી અને અસ્થિર માનસવાળી હોય છે. આવી જનતાને ઉન્નતિને માર્ગે લઇ જવી એ બહુ વિકટ કાર્ય છે. ભણેલાગણેલા અને સમજદાર મનુષ્યો નોકરીધંધાર્થે ગામડાં છોડી જાય છે. તેમને ગ્રામ-જીવનમાં જરા ય રસ રહેતો નથી. તેઓ ભાગ્યે વર્ષમાં એકાદ બે અઠવાડિયાં પોતાના ગામમાં આવતા હોય. ગામમાં તેઓ આવે તો કાંઇ લગ્ન, જનોઇ, કારજ જેવા પ્રસંગો તેમને ઉકેલવાના હોય, અગર માત્ર આરામ લેવાનો હોય. શહેરના સંસર્ગને લીધે ભણેલાઓ અને સાહસિકો ગામડાં ઉપર અને ગ્રામજનતા ઉપર સરસાઇ અનુ-ભવે છે, અને તેને પરિણામે ગ્રામજનતા તરફ એક પ્રકારનો અભાવ કેળવે છે. એટલે ગામડાંના ભણેલા, અક્કલવાળા અને સાહસિક વર્ગનો ગામને જરા ય ઉપયોગ થતો નથી. એ વર્ગ બહારગામ રહે છે, અને એકાદ સારું મકાન બનાવી સારો વરો કરી કે મહેરબાની દાખલ કાંઇ ઠીક રકમ ગામના કામમાં આપી પોતાની અને ગ્રામ-જનતાની વચ્ચેનું અંતર વધાર્યા સિવાય બીજું ભાગ્યે સારું કામ કરી શકે છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**ચાલુ આગેવાનોની અપાત્રતા**

ગ્રામનિવાસીઓ અક્કલ વગરના છે, એમ આ ઉપરથી માનવાનું નથી. પરંતુ અક્કલવાળા વર્ગનો મુખ્ય ભાગ ભણીગણી બહારગામ સેવે છે એટલે નેતૃત્વ ધારણ કરવાની યોગ્યતા ધરાવતા વર્ગનો મોટો ભાગ ગામડાંને નિરુપયોગી થઇ પડે છે. ગામમાં સ્થાયી રહેતા મનુષ્યોમાંના હુશિયાર, અને અક્કલવાળા મનુષ્યોને આગેવાની વરે છે. આ આગેવાનીનાં પરિણામ જોવાં હોય તો ગમે તે ગામડા તરફ દૃષ્ટિ નાખવી. ગામડાં ઉન્નત નથી એનું એક કારણ તો એ છે કે આપણા ગ્રામનેતાઓ—ગામડાંના આગેવાનો નેતૃત્વ માટે લાયકી ધરાવતા હોતા નથી.

**જેવો આગેવાન તેવું ગામડું**

ઘણી વખત આપણા અનુભવો કહેવતના રૂપમાં કાયમના જળવાઈ રહે છે. એક જૂની કહેવત છે: જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કૂવામાં. આ કહેવત આખા હિંદમાં ઘેર ઘેર, હૃદય હૃદયમાં, સંસ્થાઓ અને સભાઓમાં કોતરી રાખવાની જરૂર છે. હિંદ પરતંત્ર કેમ થયું ? હિંદના અગ્રેસરો નલાયક માટે જ. હિંદ સ્વતંત્ર કેમ થતું નથી ? હિંદમાં આગેવાનો તરફ સહજ દૃષ્ટિ કરવી એટલે જવાબ આપોઆપ મળી જશે. હિંદને માટે મરવાને કોણ અને કેટલા તૈયાર છે ? હિંદને માટે ફકીરી કોણે અને કેટલાએ લીધી ? હિંદ પરતંત્ર ન રહે તો બીજું શું થાય ?

**આગેવાનોના પ્રકાર**

ગામડાંની ઉન્નતિનો પ્રશ્ન હિંદસમગ્રના પ્રશ્નનો જ એક વિભાગ છે. ગ્રામજીવનમાં સારી આગેવાની મળતી નથી એટલે ગામડાં પણ અવનતજ રહે છે. ગાંમડાંની આગેવાનીનું ચાલુ સમયમાં કેવું સ્વરૂપ છે તેનો વિચાર આપણે કરીએ તો નીચે પ્રમાણે આગેવાની સ્વાભાવિક રીતે ગોઠવાઈ જતી લાગે છે :

Gandhi Heritage Portal

4/25/2021



ગ્રામ આગેવાનો

- પૂર્વપ્રતિષ્ઠા–વંશપરંપરાની પ્રતિષ્ઠાને બળે થયેલા આગેવાનોઃ વતનદાર, ઇનામદાર, જાગીરદાર, વગેરે
- સંપત્તિને બળે થએલા નેતા
  - શાહુકાર
  - જમીનદાર, મોટા ખાતેદાર
- સરકારી નોકરો : હોદ્દાની રૂઇએ અધિકાર અને પ્રતિષ્ઠા ભોગવતા નેતા; પટેલ, મતાદાર, તલાટી, શિક્ષક, ગ્રંથપાલ (લાયબ્રેરીઅન) ડૉક્ટર, પંચ વગેરે
- ખટપટીઆ–ચૌદશીયા–લોક ઉપર ભય, ત્રાસ વર્તાવી અગર તેમને લોભ લાલચમાં નાખી પોતાનું અગ્રસ્થાન દૃઢ કરતા આગેવાનો
- સેવાભાવી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

વકીલ કે પત્રકાર સરખા આગેવાનો સદ્ભાગ્યે ગામડાંમાં હોતા નથી, એટલે તેમની ગણત્રી આમાં થઇ શકે એમ નથી.

પ્રથમવર્ગના આગેવાનો ઘણુંખરું ગામમાં રહેતા નથી. તેઓ તાલુકાના મુખ્ય સ્થળે વસે છે. ગામડાંમાં રહેતા હોય તો ગામના કામમાં તેમની સલાહ પૂછાય છે, અને તેમને ગાદીતકીએ બેસાડી માનભર્યું સ્થાન આપવામાં આવે છે. પરંતુ ગામની ખરી આગેવાની કરવાની શક્તિ આ વર્ગ ખોઈ બેઠો છે. કુળની મોટાઇના ઘમંડમાં ઇનામદારો અને જાગીરદારો સામાન્ય જનતાની સાથે ભળતા નથી, અને તેથી સામાન્ય જનતાની જરૂરિયાતો સમજી શકતા નથી. પોતાના નામ પ્રમાણે કરા-વરા અને ખર્ચખૂટણમાં એ વર્ગ એટલો ઘસાઈ ગયેલો હોય છે કે જમીનજાગીરને ગીરો વેચાણ કરવાની, લહેણદારોના વાયદા પતાવવાની અને તેમ છતાં પોતાની મોટાઇ જાળવી રાખવાની જંજાળમાંથી તેઓ ઊંચા આવી શકતા નથી. ઉપરાંત ભાઇ-ભાઇ અને પિતરાઇઓ વચ્ચે ભાગલાગ તથા વહેંચણવહિવટ સંબંધમાં ઝગડાની એવી પરંપરા જામેલી હોય છે કે દીવાની ફોજદારીમાંથી તેનો પરવાર જ આવતો નથી. તકરાર ન હોય એવો વતનદાર શોધી કાઢનારને ઇનામ આપવાનું જાહેર થાય તો એ ઇનામ આપવાનો ભાગ્યે જ પ્રસંગ આવે.

**વતનદાર-ઈનામદાર**

આમ આ પ્રથમ વર્ગ ગામડાંમાં રહેતો હોય છતાં ગ્રામ્ય દુનિયાથી જુદી જ દુનિયામાં વસતો હોવાથી એની આગેવાની નિરર્થક છે,—નામની જ છે; ગામને તેની આગેવાની જરા ય કામની નથી. વળી પૂર્વજોના આશ્રયે માંદું જીવન ગાળી રહેલા એ વર્ગમાં ગામની આગેવાની—ખરી આગેવાની-કરવાની શકયતા પણ રહેલી હશે કે કેમ એ શંકાભરેલું છે.

**નિરર્થક આગેવાની**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



**શાહુકાર**

આગેવાનોનો બીજો વર્ગ એ ગ્રામજીવનની વિલક્ષણતા દર્શાવતો વર્ગ છે. દોરીલોટો લઇ ગામે આવેલા કે નાનકડી મીઠા-મરચાની દુકાન કરતા વણિકને તેની હયાતીમાં જ શેઠાઇ મળી જાય છે. અને તેની એક બે પેઢી થતાં તો તેનું કુટુંબ લક્ષાધિપતિની ગણતરીમાં આવી જાય છે. એટલું જ નહિ પણ વિશાળ જમીનની માલકી પણ એ કુટુંબની થાય છે. ગામડાંમાંથી આ સંપત્તિ મેળવનાર શાહુકાર કેવી રીતે સંપત્તિ મેળવે છે તેનુ વર્ણન અહીં કરવાની જરૂર નથી. અહીં એટલું જ જાણવું બસ થશે કે શાહુકાર ગામનો આગેવાન હોય છે, અને માત્ર પ્રતિષ્ઠાની દૃષ્ટિએ તેનું સ્થાન વતનદારોથી ઊતરતું હોય છતાં તેની આગેવાની પ્રથમ વર્ગ કરતાં વધારે જબરી અને વધારે અસરકારક હોય છે. ગામના ધનની શાહુકાર એ ધોરી નસ છે. એના વગર ખેડૂતોને ચાલતું નથી, એટલે શાહુકારની આગેવાની સ્વીકાર્યા વગર પણ ચાલતું નથી.

**શાહુકારનું ધ્યેય**

પરંતુ શાહુકારની આગેવાની બે કારણે ઇચ્છવા સરખી નથી : (૧) શાહુકારનું ધ્યેય માત્ર ધન-ઉપાર્જનનું જ હોય છે. એની દૃષ્ટિ ખુલ્લી રીતે સ્વાર્થથી વીંટળાયલી હોય છે. જે આગેવાની-જે કાર્યમાં શાહુકારનાં નાણાં વધારે નહિ એ આગેવાની-તરફ શાહુકારને જરા ય સહાનુભૂતિ હોતી નથી. (૨) ગ્રામજનતાની સંપૂર્ણ ઉન્નતિમાં શાહુકાર હજી પોતાનો વિનાશ અગર નિરર્થકતા જોઇ શકે છે. એટલે પોતાનો પૈસો વધારવાના તેમ જ પોતાની શેઠાઇ-શાહુકારી કાયમ રાખનારાં કાર્યો સિવાયનાં કાર્યોમાં શાહુકારોને કશું જ લાગતુંવળગતું નથી. નિશાળ કાઢવા માટે શાહુકારની પાસે પૈસો નથી; ગામના લોકો શાહુકાર પાસેથી સારા વ્યાજે રકમ લઇ નિશાળ ઉઘાડે તો તેમની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

પાસે પૈસો છે. શાહુકારને નિશાળ પ્રત્યે ભાવ નથી પણ તેની મૂડી વધારે તેવી નિશાળ પ્રત્યે અભાવ પણ નથી.

**ગ્રામજીવન અને ધ્યેયનો વિરોધ :**

આવી સ્પષ્ટ સ્વાર્થવૃત્તિ અને ગ્રામોન્નતિમાં સમાયલી તેમની અવનતિની માન્યતા શાહુકારોને ગામના આગેવાન તરીકે અપાત્ર ઠરાવે છે. શાહુકારોની આગેવાની ગામના લાભમાં વપરાતી હોય એમ જાણ્યામાં નથી. હિંદુસ્તાનના કોઈપણ ગામડાની પ્રજાને તેના કોઇ શાહુકારે તારી એમ સાબિત થાય તો એ શાહુકારની છબી સોનાના ચોકઠામાં મઢી ગામેગામ રાખવાની સૂચના વધારે પડતી નહિ ગણાય.

**જમીનદાર શાહુકાર :**

મોટે ભાગે આગેવાન શાહુકાર આગેવાન ખાતાદાર થઈ પડે છે, એ પણ ગ્રામજીવનના અભ્યાસીઓ સારી રીતે જાણે છે. વ્યાજ, વટાવ, કોથળી છોડામણી વગેરે વ્યાપારસૂચક નામોની પાછળ એવી કરામત રહેલી હોય છે કે શાહુકારના દેણદાર ખાતાદારો શાહુકારને જમીન સોંપી દઇ તેના જ ગણોતિયા બની જાય છે. એટલે શાહુકાર મોટા જમીનદાર પણ બની જાય છે.

**તેમની આગેવાનીના ગેરલાભ :**

પરદેશથી ધન કમાઇ લાવેલા, તેમ જ ગામમાં રહેતા હુંશિયાર માણસો પોતાની કુનેહથી અને પૈસાના જોરે ગામની ઘણી જમીનના માલિક બની જાય છે. એક પાસ મજૂરી કરતા સામાન્ય ખાતેદાર બે પાંચ વીઘાંમાં પોતાનું ગુજરાન ચલાવે છે જ્યારે બીજી પાસ બસો ને પાંચસો વીઘાંના ખાતેદારો પણ એ જ ગામમાંથી નીકળી આવે છે. આવા શાહુકાર તથા જમીનદાર જેવા સંપત્તિના બળે અગ્રણી બનેલા ગ્રામજનો શહેરના ધનિકોની માફક સામાન્ય જનતાથી ઊંચા અને અલગ બનીને બેસે છે. તેમનું ઉચ્ચ સ્થાન

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

કાયમ રહે એવા સામાજિક અને આર્થિક પ્રયત્નોમાં રોકાયલા આ બન્ને વર્ગોની આગેવાનીમાં પરમાર્થનો–સામાજિક સેવાનો અંશ પણ હોતો નથી. તેમની સંપત્તિના પ્રમાણમાં તેમને હાથે થતાં જૂજ સારાં કામ પણ તેમના સ્થાનરક્ષણને ખાતર કરવામાં આવે છે. એટલે તેમની આગેવાની પણ ગ્રામજીવનને લાભદાયક નથી.

**રાજસત્તાના પ્રતિનિધિઓ**

ગામડાંમાં રાજસત્તાના પ્રતિનિધિઓને પણ સ્થાન છે–મહત્ત્વનું સ્થાન છે. હિંદુસ્તાનમાં રાજસત્તા એ દેવસત્તા કરતાં પણ વધારે આદરપાત્ર બની ગઈ છે. રાજામાં વિષ્ણુનો અંશ જોનારી પ્રજા રાજવિષ્ણુના પાર્ષદોને પણ પૂજતી આવી છે. એટલે ગ્રામજનતાના માનસમાં જ રાજભક્તિ દૃઢીભૂત થયેલી હોય છે. રાજ્યને પણ ગામડાં સાથે અમુક અંશે તો સંબંધ રાખવો જ પડે છે. જમીનમહેસૂલ એ રાજ્યનું મુખ્ય ઉત્પન્ન હોવાથી ગામડે ગામડે સરકારનું વસૂલાત કરનારા નોકરો વેરાયલા હોય એ સહજ છે. જમીનવ્યવસ્થા અને જમીનમહેસૂલના અતિ મહત્ત્વના કાર્યની જવાબદારી ગામના જ કોઈ મુખ્ય માણસને માથે નાખવામાં આવે છે. અને તેને પટેલ અગર મુખી તરીકે ઓળખવામાં આવે છે. ગામનું દફતર–કામ કરવા સરકાર તરફથી પગારદાર તલાટીઓ મુખી કે પટેલની સહાયમાં નીમવામાં આવે છે. આ પટેલ તલાટીઓ ગામ પૂરતા સત્તાધિશ હોય છે. સત્તાના બળે તેમનું ગામમાં સારું માન હોય છે, અને અનેક રીતે તેઓ ગામના સક્રિય આગેવાનો બની જાય છે.

**શિક્ષક**

વળી શાળા કાઢવાની ઉદારતા સરકારે બતાવી હોય તો શાળાના શિક્ષક પણ સરકારના પગારદાર પ્રતિનિધિ તરીકે અમુક અંશની પ્રતિષ્ઠા અને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



આગેવાની મેળવી શકે છે. કવચિત્ કોઇ ગામડે પુસ્તકાલય પણ હોવાના સંભવો વધતા જાય છે. બનતા સુધી શિક્ષક જ પુસ્તકાલયનું કામ સંભાળતો હોય છે. છતાં પુસ્તકાલય પ્રવૃત્તિ સારી ચાલતી હોય તેવાં ગામડાંમાં જુદા ગ્રંથપાલો પણ રોકવા પડે એ સહજ છે.

મોટે ભાગે ગામડાં વૈદ્યકિય સારવારથી વંચિત રહેલાં હોય છે. છતાં કવચિત્ ગ્રામઔષધાલયો સ્થપાય તો ડૉકટરો અને વૈદ્યો પણ પોતાના ધંધાને લઇને સ્વાભાવિક રીતે આગેવાનોમાં દાખલ થઈ શકે છે.

**પંચો**

વડોદરા સરખા આગળ વધેલા રાજ્યમાં તેમ જ અમુક અંશે બ્રિટિશ હિંદમાં પણ ગ્રામપંચાયતની સ્થાપના દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ખીલવણીના પ્રયત્નો થાય છે. ગામનો કારભાર ચલાવવા ચૂંટાયલા અને નિમાયલા ગ્રામપંચાયતના સભ્યો પણ સભ્ય તરીકે અમુક અંશે આગેવાની ભોગવે છે. આમ સરકાર સાથે સીધો સંબંધ ધરાવતા, સરકારી નોકરો તથા સરકારે નીમેલા ગામઆગેવાનો સત્તાના પ્રભાવે આગેવાની કરવાની પાત્રતા ધરાવતા થાય છે.

**સરકારી કામમાં રહેલી મૂળભૂત ખામી**

આ સત્તાધારી ગામનેતાઓ ધારે તો ઘણું કામ કરી શકે એવી સ્થિતિમાં મુકાયલા હોય છે. પરંતુ કેટલાંક કારણો તેમની આગેવાનીને પણ વિષમ બનાવી દે છે. પ્રથમ તો ગામનું ભલું કરવાની તેમનામાં ભાવના જ હોતી નથી. સરકાર તરફથી નિમાવું એટલે સરકારી રાહે ઠર્યું હોય તે કામ કરવા ઉપરાંત બીજી કશી જ ફરજનો તેમને ખ્યાલ હોતો નથી. ઠરેલું કામ કરી ઠરેલો પગાર લેવાની યાંત્રિક સરળતાને લીધે તેમનું માનસ એવું શિથિલ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



બની જાય છે કે સરકારી કામથી આગળ તેમની દૃષ્ટિ જઇ શકતી જ નથી. ગ્રામજીવનને અને સરકારી કામને સમગ્ર દૃષ્ટિએ પિછાનવાની, એકના ભલામાં બીજાની ઉન્નતિ સમાઈ છે એ સમજવાની તેમનામાં શક્તિ હોતી નથી.

**સત્તાનું દુરૂપયોગ તરફ વલણ**

છતાં સરકારી નોકરોમાં ઊંચી આવડતનો અભાવ જ હોય એમ કહેવાય નહિ. ઘણા ય પટેલ તલાટી તથા શિક્ષકો અમુક પ્રકારની હોશિયારી અને કાબેલિયત બતાવી શકે છે. પરંતુ કમનસીબે સત્તામાં પોતાનો જ દુરૂપયોગ કરનારાં તત્ત્વો વાસ કરી રહેલાં હોય છે. સત્તાને જીરવવી સહેલ નથી; સત્તાનો સન્માર્ગે જ ઉપયોગ કરવો એ બહુ મુશ્કેલ છે; સત્તામાં તટસ્થપણું સાચવવું અત્યંત દુર્ઘટ છે. મોટા મોટા અમલદારો, અધિકારીઓ અને હોદ્દાદારો સત્તાના ઉપયોગમાં ગોથું ખાઇ જાય છે. ગ્રામઅધિકારીઓ સત્તાના ઉપયોગમાં સર્વાંગે ન્યાયી અગર લોકોપયોગી રહી શકે એમ બનવું કઠણ છે. તેમની ખામીનો આ બચાવ નથી. ખામીનું સ્વાભાવિક વ્યાપકપણું દર્શાવવાનો આ કથનનો હેતુ છે.

**સત્તાનું ગ્રામજીવન પર પરિણામ**

આ પટેલ, તલાટી, શિક્ષક, ગ્રંથપાલ, ડૉક્ટર જેવા સરકારી રાહે બની જતા ગ્રામઆગેવાનોમાં સત્તાનું તીવ્ર ભાન જાગૃત થાય છે, સત્તાને અંગે આળસ આવી જાય છે, પગારદારી સેવાવૃત્તિમાં સેવાભાવના જીવતી નથી, સત્તા સ્વાર્થી બને છે એટલે તે વિઘાતક અને સમાજને હાનિકારક થઈ પડે છે. આજ ગામડામાં જોઇએ તો પટેલો પોતાની સત્તાના જોરે પ્રજા ઉપર સારી છાપ પાડતા નથી. સહુ ઉપર પ્રભાવ પાડવા માટે જનતાને ખોટી ખોટી રીતે દબાવવાની તેમને ટેવ પડે છે. ગામની ભાંજગડમાં તેઓ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



પક્ષાપક્ષી વધારે છે. સરકારી ગામનોકરોને વગર પૈસે ખાનગી ખેતીમાં રોકે છે. ગામના મજૂરવર્ગ ઉપર સત્તાને બળે જૂલમ કરે છે, ઓછે પૈસે અને વગર પૈસે તેમની પાસે ખાનગી કામ કરાવે છે, ગુન્હા દાબી દે છે, ગુન્હાનાં સ્વરૂપ બદલી નાખે છે, ન હોય ત્યાં ગુન્હા ઊભા કરે છે અને પોલીસ તથા મુલ્કી નોકરો સાથે મળી જઈ ગુન્હામાંથી ગુજરાન થાય એટલો પૈસો મેળવવાની તરકીબોમાં રચ્યાપચ્યા રહે છે. સીમ સાચવવી, ગુન્હા અટકાવવા, શાન્તિ વધારવી, લોકોને સુમાર્ગે દોરી તેમને ભૂલો કરતા અટકાવવા: આવાં આવાં કામો કેટલા પટેલો કરતા હશે? અને પટેલ–મુખી એ ગામનો સહુથી પહેલો–મુખ્ય નાગરિક છે!

**તલાટી**

તલાટી પોતાને નિયમની માહિતી ધરાવતો માની આવડતના અભિમાનમાં નવી નવી કૂંચીઓ ખોળે છે અને દફતરી કામ તેના હાથમાં હોવાથી વળી પટેલ કરતાં પણ તે સત્તાનો વધારે ઘમંડ રાખે છે. પટેલો પૂરતું ભણેલા હોતા નથી; ભણેલા હોય તો તેમની મોટાઇમાં તેમની આવડત કટાઈ ગયેલી હોય છે; એટલે મુલ્કી, ફોજદારી તથા પંચાયતના લખાણમાં તલાટી ઉપર તેમને પૂરો આધાર રાખવો પડે છે. માહિતગાર પુરુષ તરીકે તલાટી આખા ગામનો સલાહકાર બને છે. એની સલાહ–non–commital પોતાની જાતને હરકતહેલો ન આવે એવી : પરંતુ ધણીને કહેશે ધા અને ચોરને કહેશે કે ન્હાશ, એવી બધા ય પક્ષને તેના સકંજામાં રાખે એવી હોય છે. વળી તેની સલાહ મફત મળતી નથી. નિયમને આધારે તલાટી ત્રાસ પણ આપી શકે અને આપેલા ત્રાસનું નિવારણ પણ યોગ્ય ખાનગી બદલો લઇ કરી શકે.

ગામમાં શિક્ષક હોય તો પટેલ તલાટી અને શિક્ષક વચ્ચે મોટાઇ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



**શિક્ષક :** બાબત હરીફાઈ જરૂર ચાલવાની. પટેલ તલાટીનો તાત્કાલિક ઉપયોગ બધાને હોવાથી ગ્રામમાનસ પટેલ તલાટી તરફ વધારે માનની દૃષ્ટિથી જુએ છે. માનનો આધાર સેવા અગર સંસ્કાર ઉપર હોતો નથી: સત્તા ઉપર રહે છે. સત્તાના અધિષ્ઠાતા પટેલ તલાટી અને સંસ્કારના અધિષ્ઠાતા શિક્ષક વચ્ચે આમ જુદી જુદી જાતની સાઠમારીઓ શરૂ થાય છે. શિક્ષક પણ પોતાની આવડતનો ઉપયોગ ગામના ઝગડા વધારવામાં કરતો થઈ જાય છે. અમુક અંશે શિક્ષક ગ્રામસલાહકાર તરીકે તલાટીનો હરીફ બને છે, અને ગામમાં નામજોગ કે નનામી અરજીઓનો પાતાળઝરો ફૂટી નીકળે છે. લોકોમાં જબરા પક્ષ પડે છે.

**ચૌદશિયા** આગળ વર્ણવેલા ત્રણે પ્રકારના આગેવાનોમાં એક મહત્ત્વનો ચોથો પ્રકાર સમજવો બહુ જરૂરનો છે. આ પ્રકાર ખટપટીયા તરીકે ઓળખાતા આગેવાનોનો છે. ઉત્તર ગુજરાતમાં આ પ્રકારના આગેવાનોને ચૌદ-શિયાને નામે ઓળખવામાં આવે છે. કાળી ચૌદશે કરવામાં આવતી મેલી સાધના જેવાં કામ આ લોકો કરે છે એ માટે, કે કાળી ચૌદશ જેવા ભયાનક દિવસે તેઓ જન્મવાને પાત્ર ગણાતા હોય એ માટે એ ચૌદશિયા કહેવાતા હશે કે કેમ એ શબ્દાભ્યાસીઓ જાણે. પરંતુ એટલું તો ખરું જ કે ચૌદશિયા શબ્દ બહુ સૂચક છે. તેમના સંબંધમાં એક સરસ લેખ થોડાં વર્ષો ઉપર ઘણું કરી 'સાહિત્ય' માસિકમાં આવ્યો હતો. બીજા ત્રણે પ્રકારના આગેવાનો આ ખટપટિયા વર્ગની આગળ ઝાંખા પડી જાય છે. ગ્રામજીવનમાં તેઓ ઝેરી નાગ સમાન છે.

ખટપટિયા આગેવાનો ખટપટ ઉપર, કાવાદાવા ઉપર, ઝઘડાઓ ઉપર જ જીવે છે, અને પુષ્ટ થાય છે. ભાંજઘડ એ તેમની રોજીનું

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

સાધન થઇ પડેલું હોય છે. આપણા વકીલવર્ગની માફક આ ખટપટિયા આગેવાનોને તેમનું ભણતર સહાયરૂપ થઇ પડે છે. ઓછું વધતું ભણતર, સહજ નિયમોની માહિતી, વાચાળપણું અને આડંબરની આવડત એ મૂડી ઉપર તેઓ વ્યાપાર ચલાવી ગ્રામશાન્તિને છિન્નભિન્ન કરી નાખે છે.

ગામના માણસોને અંદર અંદર ઉશ્કેરી લઢાવી મારવા, લઢાઇની સમાધાનીનો દેખાવ કરી બન્ને પક્ષનાં ખિસ્સાં હળવાં કરવાં, ન્યાય અપાવવા આગળ વળી અમલદારો અને સરકારી નોકરોને આડે રસ્તે દોરવા, પારકે પૈસે અમલદારોની મહેરબાની મેળવવી, એ મહેરબાનીના દેખાવનો લાભ લેઇ ગામલોકો ઉપર પોતાનો કાબુ જમાવવો, અને અમલદારો વિરુદ્ધ ખરી ખોટી હકીકત ચાડીચુગલી રૂપે અગર નનામી અરજીઓ દ્વારા ફેલાવી અમલદારોને પણ દાબમાં રાખવા કોશિશ કરવી : આવાં આવાં કાર્યોની જાળ ફેલાવનાર ચૌદશિયાઓ ગ્રામજીવનના વિકાસમાં ભારે અડચણરૂપ છે.

આવા આગેવાનોને હૃદય હોતું નથી; સ્વાર્થની સાધનામાં તેમને કશું જ નડતું નથી; ખાનદાની, પ્રતિષ્ઠા, ન્યાય, સત્ય એ માત્ર તેમને રમવાનાં રમકડાં રૂપ હોય છે. ગામનો એકે એક માણસ તેનાથી ડરતો રહે છે, અને એ ડરમાં અને ડરમાં તેની આગેવાની કાયમની બની જાય છે વિઘ્ન ઊભાં કરવાની તેની અજબ શક્તિ હોય છે. તેની સંમતિ વગર ગામનું કશું કામ થઈ શકતું નથી. આર્થિક લાભ વગર તેની સંમતિ મળતી નથી.

અમલદારોનું ઓળખાણ કરી લેવાની તેમનામાં ભારે આવડત હોય છે. અમલદારનો ફેરો ખાવામાં, અમલદારની સગવડ સાચવવામાં, અમલદારની જરૂરિયાતો પૂરી પાડવામાં આ વર્ગનો આગેવાન એકકો હોય છે. તેમાં યે તે નિસ્પૃહીપણાનો દેખાવ બહુ સફાઇથી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

લાંબા સમય સુધી કરી શકે છે. અમલદારોની મિજબાનીઓ, અમલદારોના ફૂલહાર, અમલદારોના મેળાવડા એ બધાની પાછળ આ ચૌદશિયાની મૂર્તિ સૂત્રધાર સરખી ખડી જ હોય છે.

આગેવાન તરીકે ખટપટિયો નિરુપયોગી છે એટલું જ નહિ; તે ભારે હાનિકર્તા છે. ગ્રામજીવનને તે ઝેરી બનાવે છે, કલુષિત બનાવે છે, નિર્માલ્ય બનાવે છે. પ્રજાની ખીલવણી તે અટકાવે છે. ગ્રામજીવનમાં તે ભયંકર મરકી સરખો છે. રાજાપ્રજાએ તેને પિછાની લેવો જોઇએ, તેને નિર્વિષ બનાવવો જોઇએ, અને તેની આવડતનો ઉપયોગ ગામનાં શુભ કાર્યોમાં થાય એવી તજવીજ કરવી જોઇએ. કારણ અમુક પ્રકારની આવડતવગર – અક્કલવગર – ચૌદશિયા થઇ શકાતું નથી.

**નેતૃત્વની કંગાલિયત**

આમ આપણા ગ્રામજીવનનું નેતૃત્વ બહુ જ કંગાલ સ્થિતિમાં છે. તેને લીધે આપણાં ગામડાં પણ કંગાલ બની રહ્યાં છે. નિઃરસ, નિર્ધન, નિરાશાદર્શક ગામડાંની આગેવાની અકુશળ, સ્વાર્થી, બિનજવાબદાર મનુષ્યોના હાથમાં રહેલી છે એ ગામડાં જોતાં બરોબર કહી શકાય. ઉપર કહેલા ચારે પ્રકારના આગેવાનોનું ગામમાં સ્થાન છે. તેઓ ધારે તો ઘણું ઉપયોગી કામ ઘણી સારી રીતે કરી શકે. પરંતુ જે કારણોએ તેમને ગામઆગેવાની મળેલી હોય છે તે કારણો ગ્રામઉન્નતિનાં વિરોધી હોય છે. ગામનું ભલું કરવામાં તેમને કશો લાભ હોતો નથી. તેમને લાભ થતો હોય એવા પ્રકારનું ગામનું ભલું કરવાની તેમની તૈયારી હોય છે. પરંતુ વ્યક્તિગત હિત અને સામાજિક હિત પરસ્પર આથડી પડે છે. એટલે આવા આગેવાનોનું અગ્રત્વ રચનાત્મક ન હોતાં વિઘાતક હોય છે.

ખરો આગેવાન તે જ કે જે માત્ર સેવાભાવી હોય. આગેવાની-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**સેવાભાવના**

માંથી જેને પૈસો કમાવો ન હોય, પોતાની સ્થિતિ આગેવાનીમાંથી જેને સુધારવી ન હોય, ગામનું ભલું કરવાની જેને ઘેલછા લાગી હોય, ગ્રામઉન્નતિ એ જ જેણે ધર્મ તરીકે સ્વીકારી હોય, દેશ અને દુનિયાના ભલાનો આધાર ગામડાંના ભલા ઉપર રહેલો છે એમ જેણે ખાતરીપૂર્વક સમજી લીધું હોય, અને ગામડાંને માટે જે સર્વસ્વ હોમવા તત્પર હોય તે જ આ યુગમાં ગ્રામનેતૃત્વ લેઇ શકે એમ છે. જ્યાં સુધી એવો નેતા મળ્યો નથી ત્યાં સુધી ગામડું પછાત રહેવાનું છે.

**ગ્રામોન્નતિ એટલે જીવનભરની તૈયારી**

આજકાલ ગ્રામસેવા માટે બહુ તૈયારીઓ થતી દેખાય છે. એ તૈયારીઓમાંની ઘણી તો ક્ષણિક તમાશા જેવી હોય છે. ક્ષણિક તમાશાઓ પણ અમુક અંશે ઉપયોગી છે એ સહુએ સમજી લેવું જોઇએ. પરંતુ ગ્રામોન્નતિને માટે તો જીવનભરની તૈયારી જરૂરની છે. એ ભાવના વગરની આગેવાનીમાં ઓછાપણું જ રહેવાનું. દેશ-સેવા કરવાની ઘણા યુવકો ઇચ્છા રાખે છે. ગ્રામસેવામાં ખરી દેશ-સેવા સમાઇ છે એ સહુને ઝડપથી સમજાય તો વધારે સારું. નેતૃત્વ સદાય અઘરું છે; તલવારની ધાર પર ચાલવા સરખું છે; એને માટે લાયકી મેળવવાની અને પાત્રતાને કેળવવાની જરૂર છે. માત્ર સેવા-ભાવનો ઉભરો કે ક્ષણિક ઉત્સાહ જરા ય કામ લાગે એમ નથી. ગ્રામનેતૃત્વ નીચેના ગુણો—નીચે બતાવેલી જરુરિયાતો માગી લે છે. એ સિવાય ગ્રામનેતૃત્વમાં તેટલા પૂરતી ખામી આવી જશે :

ગ્રામનેતૃત્વઃ—૧ ગ્રામ—નિવાસ.
૨ કેળવણી.
૩ તંદુરસ્તી.
૪ સહનશક્તિ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

૫ યોજનાશક્તિ.
૬ કુનેહ.
૭ ચારિત્ર્ય.
૮ સ્વાર્થત્યાગ.

ઉપર દર્શાવેલા આગેવાનીમાં સમાયલા ગુણો આગેવાનીનું મહત્ત્વ સૂચવે છે. પરંતુ તે સાથે એ ગુણો અશક્ય કે બહુ મુશ્કેલીભર્યા છે એમ માની ભડકવાનું પણ કારણ નથી. ચારિત્ર્ય અને સ્વાર્થત્યાગ એ બે સિવાયની બાબતો ચૌદશિયા ખટપટિયા આગેવાનો પણ કેળવી શકે છે. એટલે કોઈપણ ભાવનાશીલ પુરુષ–યુવક કે વૃદ્ધ–ગામને જોઈતું નેતૃત્વ પૂરું પાડી શકે એમ છે.

**સ્થાયી નિવાસ**

આગેવાન ગામનો સ્થાયી રહીશ હોય તો જ વધારે સારું. ખેતીના ધંધામાં તે પડેલો હોય તો તે વધારે ઇચ્છવા યોગ્ય છે. ખેડૂતના જીવનનો અને ખેડૂતની જરુરિયાતોનો તેને અંગત અનુભવ હોય તો જ તેની કાર્યદક્ષતા સચોટ બની શકે. ગાંધીજીએ કાર્યકર્તાઓને ગામડાંમાં દટાઈ જવાની જે સલાહ આપી છે એ તદ્દન વાસ્તવિક છે. ગામડાંના અંગ તરીકે જ તેણે જીવન ગુજારવું જોઇએ.

**કેળવણી**

કેળવણીનો અર્થ અંગ્રેજી કેળવણી જ નહિ. અંગ્રેજી ભાષાનો સહજ પરિચય હોય તો ઠીક. ન હોય તેથી નેતૃત્વમાં ભારે ખામી આવી જવાની નથી. પરંતુ અમુક કક્ષાની કેળવણી તો આગેવાનમાં જરૂરની છે જ. તેને સારી રીતે લખતાં વાંચતાં આવડવું જોઇએ. ચાલુ વર્તમાનપત્રો વાંચી સમજી શકે એવું શિક્ષણ જરૂરનું છે. સામાન્ય હિંદી રાજકીય પરિસ્થિતિ અને પરદેશમાં ચાલતી રાજકીય અને સામાજિક પરિસ્થિતિની તેને સમજ પડેલી હોવી જોઇએ. નવીન વિચારોનો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



તે સ્વીકાર કરે જ એમ આગ્રહ રાખી શકાય નહિ. તથાપિ નવીનતા તરફ તિરસ્કાર વૃત્તિ ન જાગે એવી ઉદારતા ભરી એ કેળવણી હોવી જોઇએ.

**શરીરબળ**

આગેવાન બનનારથી માંદગીની મૈત્રી સેવાય નહિ. આગેવાનને અંગમજૂરી તરફ સદ્દભાવ હોવો જોઇએ, અને અંગમહેનત માટે તેની સર્વદા તૈયારી હોવી જોઇએ. નવા યુગની નાજુકી, સફાઇ, આદતો, અને નબળાઇઓ મૂકીને તેણે ગ્રામપ્રવેશ કરવાનો છે. બપોરનો તાપ નહિ ખમાય; વરસતા વરસાદે બહાર નીકળતાં શરદી થશે; શિયાળાની મધરાતે ઠરી જવાશેઃ આવા આવા ભયથી જેનું શરીર ધ્રૂજી ઊઠે તેણે ગ્રામ–આગેવાનીનો ડોળ કરવાની જરૂર નથી.

**સહનશક્તિ**

આગેવાનની સહનશક્તિ બહુ ઊંચા પ્રકારની હોવી જોઇએ. આગેવાનીમાં દુઃખ પણ પડશે, અપમાન પણ મળશે, અને ડગલેપગલે નિષ્ફળતાના ભણકારા વાગ્યા કરશે. દુઃખ, અપમાન અને નિષ્ફળતાથી હારી બેસે એ આગેવાન નહિ. ગ્રામઉન્નતિનો હેતુ પાર પડે ત્યાં સુધી તેણે દુઃખ સામે લઢવું પડશે, અપમાન ગળી જવાં પડશે અને નિષ્ફળતાઓને હસતે મુખે વધાવી લેવી પડશે.

**યોજનાશક્તિ**

ગામડાંના પ્રશ્નો નાના ખરા; છતાં એ પ્રશ્નોનો ઉકેલ યોજનાશક્તિ માગી લે છે. ગામડાના લોકો અજ્ઞાન અને અર્ધજ્ઞાનવાળા. તેમને ઉન્નતિના પ્રશ્નમાં રસ લેતા કરવા અને તેમની પાસે યોજનાઓ અમલમાં મુકાવવી એમાં કુનેહની જરૂર છે. ધમકી, રોફ, મહેણાં એ કશાથી કામ થાય નહિ. માત્ર ભાષણો ગામડાં માટે નિરુપયોગી છે. ગામડાના થઇને રહેવું, ગામડિયા બનવું, યુક્તિપુરઃસર તેમનું મન સંપાદન

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



કરવું, અને ગ્રામજનતાને સમજ પડે એવી યોજના ઘડવી એમાં ખરી આગેવાની રહેલી છે.

**ચારિત્ર્ય**

આગેવાન ચારિત્ર્યશીલ હોવો જોઇએ – અને તે જૂની ઢબના ચારિત્ર્યને અનુસરતો હોવો જોઇએ. નવા જમાનાના કાર્ય કરનારને લગ્નની સંસ્થા નિરુપયોગી ભલે લાગે. પરંતુ લગ્નસંસ્થાનો તાત્કાલિક વિરોધ ગામડામાં કરવા તે બેસે તો તેના કાર્યને સફળતા નહિ મળે. સ્ત્રી પુરુષો ભેગાં મળી કાર્ય કરે, પરસ્પરના સહવાસ કેળવી ઔદાર્ય વિકસાવે એ બધું ભલે જરૂરતું હોય. પરંતુ તે કાર્ય હાલ તો શહેરની સીમામાં જ રાખવું. ગામડે જઇને ‘બહેનો ’નો અતિ પરિચય સેવવાનો લોભ તદ્દન છોડી દેવો જોઇએ. સ્ત્રીપુરુષના વ્યવહારમાં શંકાને પણ સ્થાન ન મળે એવું – જૂની ઢબનું કહેવાતું હોય તો તેમ –વર્તન આગેવાનોએ રાખવાનું છે.

**પૈસા સંબંધી ચોખવટ**

એ જ પ્રમાણે પૈસાની બાબતમાં બહુ જ ચોખવટ રાખવી જોઇએ. હિસાબ પાકો, માગે તે વખતે મળે એવો રાખવાની બહુ જ ચીવટ આગેવાને રાખવી જોઇએ. એક પાઇનો ગોટાળો પણ આગેવાનને કાર્ય માટે નલાયક બનાવી દે છે.

**સ્વાર્થત્યાગ**

એ જ પ્રમાણે સ્વાર્થત્યાગ પણ આગેવાને અવશ્ય કેળવવો જોઇએ. ગ્રામઉન્નતિની યોજનામાં પોતાને અને પોતાનાં કુટુંબને છેલ્લો લાભ મળે એવી કાળજી આગેવાને રાખવાની છે. દ્રષ્ટાંત તરીકે : જે રસ્તો પોતાને ઉપયોગમાં આવે એવો હોય તે બાજુએ મૂકી બીજાના ઉપયોગમાં આવતો રસ્તો દુરસ્ત કરાવવો એ આગેવાનો માટે શોભા-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



૨૫૬ છે. ગામખર્ચે મૂકાતાં ફાનસ આગેવાનોના ઘર આગળ ન રહે એમાં જ એનો સ્વાર્થત્યાગ રહેલો દેખાઇ આવશે.

**કીર્તિલોભ**

આવી સગવડોના સ્વાર્થ કરતાં પણ કીર્તિનો સ્વાર્થ વધારે પ્રબળ હોય છે. પોતે આગેવાન તરીકે ઓળખાય, ગામમાં અને તાલુકામાં પોતાનાં વખાણ થાય, અમલદારોને હાથે બિલ્લા મળે, સભામાં ગાદી ઉપર બેસવાનું માન મળે : આવી આવી લાલચો આગેવાનોના માર્ગમાં ભારે વિઘ્નરૂપ હોય છે. ખરો આગેવાન તે જ કે જે સહુથી ઓછું માન મેળવવા માટે તૈયાર હોય—જે તદ્દન ભૂલાઇ જવા માટે આતુર હોય. અલબત્ત, કીર્તિલોભથી કામ ઘણાં થાય છે એમ કહેવાય છે. તથાપિ એ કીર્તિલોભથી થતાં કામ શાશ્વત રહેતાં નથી. એમાં દુષિતપણું પ્રવેશે છે.

**નેતૃત્વની પરીક્ષા**

આમ ગામની આગેવાની બહુ વિકટ હોવા છતાં બહુ આવશ્યક છે. ગામના નેતા—આગેવાન તરીકે અભિમાન લેનાર વ્યક્તિએ નીચેનાં સૂત્ર પ્રમાણે પોતાની પરીક્ષા કરી લેવી :—

ખરો નેતા કોણ ?

૧ જેના ગામમાં ખાનગી લઢાઇટંટા ન હોય;

૨ લઢાઇટંટા કવચિત્ થાય તો લોકો અદાલતે ચઢતા ન હોય;

૩ જેના ગામમાં લોકો દેવાદાર ન હોય — પૈસાદાર ન હોય તો હરકત નહિ;

૪ ગામલોકો અંગ—મહેનતથી પોતાની જરુરિયાતો પૂરી પાડે એવા સ્વાશ્રયી હોય; સરકાર મદદ લેવામાં હરકત નથી,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/25/2021





પરંતુ તેવી મદદ માટે બેસી રહેનાર ગામનો આગેવાન નિષ્ફળ છે;

૫ જેના ગામમાં બધા ય લોક ભણેલા હોય – સ્ત્રીપુરુષ બંને;

૬ લોકો સ્વચ્છ અને સુદૃઢ આરોગ્યવાળા હોય;

૭ લોકજીવનમાં શુષ્કતા નહિ પણ રસ – આનંદ વ્યાપેલાં હોય.

ટૂંકામાં જે આદર્શ ગામ રચી શકે તે ખરો નેતા કહી શકાય. નેતૃત્વ માટેની પાત્રતા ઉપર દર્શાવેલા ગુણોમાં અને નેતૃત્વની પરીક્ષા આદર્શ ગામની સજાવટમાં જ દેખાઇ આવે છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

૨૬

## ગ્રામજીવનના પ્રદર્શનનો સહજ ખ્યાલ

ઘણી વખત ગ્રામજીવનને લગતાં પ્રદર્શનો ભરવામાં આવે છે: ગામડાનું જીવન એ પ્રદર્શનોમાં વ્યક્ત થાય એવા પ્રયત્નો કરવામાં આવે છે.

**પ્રદર્શન**

ગ્રામજીવનમાં રસ ઉપજાવવા, ગ્રામજીવનની રસભરી કે વિકૃતિભરી સ્થિતિનો ખ્યાલ સહુને કરાવવા માટે આવાં પ્રદર્શનો બહુ ઉપયોગી છે. ઘણુંખરું ઉદ્યોગ કે ખેતીના પાકના નમૂનાઓ ભેગા કરી પ્રદર્શન-ભર્યાનો સંતોષ ધારણ કરવામાં આવે છે. અને પ્રદર્શનો મોટે ભાગે ખેતીના પાક, કે ગ્રામઉદ્યોગની વસ્તુઓના સંગ્રહમાત્ર બની રહે છે. એ સંગ્રહો જરૂરના છે, પરંતુ ગ્રામજીવન એ માત્ર જુવાર, બાજરી કે ઘઉંની મૂઠીમાં જ સમાય છે, અગર હળ, કરબ કે ઇયળ કાતરા-નાં ચિત્રોથી જ ઓળખાય છે એમ માનવું ભૂલભરેલું છે. આવાં પ્રદર્શનો સંપૂર્ણ અને રસપ્રદ બને તે માટે ગ્રામજીવનને સમેટી લે એવી તેના અંગોની રૂપરેખાનું નિરૂપણ એ પ્રદર્શનોમાં હોવું જોઇએ.

ગામડાંની કુદરત સુંદર અને વિવિધતા ભરી છે. એ જ પ્રમાણે ગ્રામજનતા પણ ચિત્રવિચિત્ર મુખ, કેશ અને વસ્ત્રાલંકારોથી ગામડાને આકર્ષક બનાવી રહી છે. વળી ગામડાનાં પણ દશ્યો ગામડાની વિશિષ્ટ સુંદરતાને વ્યક્ત કરે એવાં હોય છે. આ બધાંનો ખ્યાલ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

રાખી નકશા, ચિત્રો, વસ્તુઓ, પૂતળાં, બનાવટો અને સજીવ માણસો-ની સુવ્યવસ્થિત ગોઠવણી કોઇ પણ ગ્રામપ્રદર્શનને ઉપયોગી અને ગ્રામના પ્રતિબિંબ સરખું બનાવી શકાશે. ગ્રામજીવનને માત્ર ધૂળકોટ માનનાર સુખવાસીઓ તથા નફો મેળવવા પૂરતું જ ગામને ઓળખ-નાર દલાલો અને વ્યાપારીઓ તેની બીજી બાજુ પણ એથી જોઇ શકશે અને ગામની અડચણોના ઓળા દેખી ભાગનારને ગામ તરફ વધારે આકર્ષણ થશે.

## ૧ ભૌગોલિક વિભાગો

પ્રથમ તો ગુજરાતનું ગ્રામજીવન લગભગ ચાર ભૌગોલિક વિભાગ Geographical divisions – માં વહેંચાઇ ગયેલું છે. એના નીચે પ્રમાણે ચાર મુખ્ય વિભાગો પાડી શકાય એમ છે:

**ભૌગોલિક વિભાગો**

(૧) કાઠિયાવાડનાં ગામ,
(૨) ઉત્તર ગુજરાતનાં ગામ,
(૩) મધ્ય ગુજરાતનાં ગામ,
(૪) દક્ષિણ ગુજરાતનાં ગામ.

આ ચારે વિભાગનાં ગામડાંની વિશિષ્ટતા અનેક રીતે પ્રદર્શનમાં લાવી શકાય એમ છે. જે તે વિભાગની જમીન, પાક, ફળ, ફૂલ, મંજરી, છોડ, પાન, કંદ, મુળ, વૃક્ષ, વરસાદના આંકડા, જાનવરો, પહાડ, નદી, જંગલ અને ખનિજના નમૂના આપી પ્રત્યેક વિભાગની વિશિષ્ટતા સમજી–સમજાવી શકાય એમ છે.

## ૨ અંગશૃંગાર – Personal Decorations.

આ ચારે ભૌગોલિક વિભાગનાં સ્ત્રી, પુરુષ અને બાળકોને તેમનાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**અંગશૃંગાર**

શરીર ઉપરથી તેમ જ પહેરવેશ ઉપરથી પણ આપણે ઓળખી શકીએ છીએ. ચોરણાવાળો કાઠિયાવાડી ખેડૂત, મારવાડનો પડોશ સૂચવતી ઉત્તર ગુજરાતની ફરતા ઘાઘરાવાળી ઠાકરડી, મધ્ય – ગુજરાતનો સાદો ખેડૂત અને ધાતુનાં કે કોડીનાં ઘરેણાંથી ખડકાયલી દક્ષિણ ગુજરાતની ચોધરણ એ બધાં મુખના તેમ જ વિવિધતા ભર્યા પોષાકના નમૂના પૂરા પાડે એમ છે. એ મુખ અને અલંકારમાંથી જાત, જાતમિશ્રણ અને સંસ્કૃતિનો ઉંડો અભ્યાસ થઈ શકે એમ છે. પ્રદર્શનમાં અંગશૃંગારને લગતાં સ્ત્રી, પુરુષ અને બાળકનાં નીચેનાં સાધનો યોજી શકાય :—

(૧) પોષાક,

(૨) ઘરેણાં, અને

(૩) મુખશૃંગાર – Toilet :

જેમાં વાળની ઢબ, તેલફૂલેલના પ્રકાર, કપુર કાચલી કે ચંદન સુખડ જેવાં અંગને સ્વચ્છ અને સુગંધીત બનાવનારાં દ્રવ્યો, કાજળ, છુંદણાં, મેંદી, રંગ વગેરે ગણાવી શકાય એમ છે.

**૩ ધ્યાન ખેંચે એવા વિશિષ્ટ દેખાવ કે પોશાકવાળા લોક :**

**વિશિષ્ટ મુખ અને વસ્ત્રવાળી જનતા**

ચિત્ર, છબી કે પૂતળાંદ્વારા મુખ – વિશિષ્ટતાથી કે પહેરવેશની ભિન્નતાથી નીચે દર્શાવ્યા પ્રમાણેના લોકોનો એક વિભાગ પણ પ્રદર્શનમાં રોકી શકાય:—

(अ) જાત ઉપરથી ઓળખાતા લોકો :

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૧) કાઠી,
(૨) ગીરાસીઆ,
(૩) ભરવાડ – રબારી,
(૪) વાઘેર,
(૫) કોળી – ભીલ, વસાવા, ઠાકરડા,
(૬) ધારાળા,
(૭) પાટીદાર,
(૮) દુબળા – ગામીત, ચોધરા, ધોડીઆ વગેરે રાનીપરજના લોકો,
(૯) મેમણ,
(૧૦) વહોરા,
(૧૧) વાણીઆ – શાહુકાર,
(૧૨) પારસી – શહેરી અને પીઠાંવાળા, વગેરે.

(બ) ધંધાદારી લોકો :

**ધંધાદારી લોકો**

(૧) ખેડૂત,
(૨) મજૂર,
(૩) સુતાર,
(૪) લુહાર,
(૫) વણકર,
(૬) ચમાર,
(૭) ગોવાળ,
(૮) વલોણું વલોવતી સ્ત્રી,
(૯) નટ,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૧૦) મદારી,
(૧૧) લવારિયાં, વણઝારા,
(૧૨) બ્રાહ્મણ – સાધુ – ફકીર વગેરે.

### ૪ ગૃહ અને ગૃહશૃંગાર.

**ગૃહરચના અને ગૃહ-શૃંગાર**

વળી ગૃહ અને ગૃહશૃંગારની પણ કેટલીક વસ્તુઓ ગ્રામજીવનમાં સહુને રસ લેતી કરે એવી હોય છે. તે વસ્તુઓદ્વારા પણ પ્રદર્શનનો એક વિભાગ રચી શકાય, જેમાં નીચેની વિગતો આવી શકે :—

(૧) પ્રદેશવાર ગામની રચનાના નમૂના.
(૨) પ્રદેશવાર મકાનોની રચનાના નમૂના.
(૩) પ્રદેશવાર તબેલા – ગમાણની રચના.
(૪) વાડા – બાગ – Kitchen Gardens.
(૫) આંગણું.
(૬) તુળસીક્યારા.
(૭) હીંચકા – ઘરમાં, આંગણામાં અગર ઝાડ ઉપર બાંધેલા.
(૮) છાપાં – સાથિયા.
(૯) ગણેશ, નાગ, માતા જેવાં ચિત્રકામ.
(૧૦) લીંપણની ઓકળીઓ.
(૧૧) પાણીઆરાં.
(૧૨) ઉતરેડ – વાણુસો મૂકવાની ગોઠવણ.
(૧૩) ખાટલો – સાંગામાચી.
(૧૪) દીવી – શમેદાની.
(૧૫) હીંચકાની સાંકળો.
(૧૬) બળદની ઘુઘરમાળ – શિંઘોટી – ઓઢા.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૧૭) ત્રાંબાકુંડી.
(૧૮) ચલાણાં, કાંસકી, આયના, કંકાવટી.
(૧૯) ઉઢાણી.
(૨૦) લાકડી – દંડા – ડાંગ.

## ૫ ગામને ઓળખાવતાં વિશિષ્ટ દશ્યો :

**વિશિષ્ટ દશ્યો**

એથી આગળ વધીશું તો ગ્રામજીવનની સાથે ઓતપ્રોત થએલાં છતાં ગામડાને સ્પષ્ટપણે ઓળખાવી દેતાં નીચેનાં દશ્યો પણ આપણે પ્રદર્શનમાં યોજી ગ્રામજીવનની તાદશ્યતા લાવી શકીએ :—

(૧) વિસામા.
(૨) પરબ.
(૩) તલાવ – ઓવારો – ખડીઆટ – બંધારો.
(૪) કૂવો – હવાડો.
(૫) વાવ.
(૬) પરબડી.
(૭) ચોરો.
(૮) ચોતરો – ઝાડની આસપાસનો.
(૯) મંદિર – દીપમાળ – માંડવી.
(૧૦) ધર્મશાળા.
(૧૧) શાળા.
(૧૨) વાડી.
(૧૩) ગૌચર.
(૧૪) આંબાવાડિયું – વૃક્ષરાજી – વૃક્ષોની જાત.
(૧૫) ગંજી.
(૧૬) સમાધિ.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૧૭) ખેતર – ખેતરનો માળો.

(૧૮) પશુઓની જાત અને તેમનાં ટોળાં – પાળેલાં અને ન પાળેલાં, નાનાં તથા મોટાં.

(૧૯) ગ્રામપક્ષીઓ – મોર, કોયલ, પોપટ, સુડા, સુગરી, ચકલી, કાબર, તીતર, હોલા, દીવાળીઘોડા, લક્કડ-ખોદ, ચાસ, કબૂતર, જળકુકડી, મરઘડાં, કાગડા, સમડી, ગીધ, સારસ, ઘુવડ, વાગોલ, બાજ, કળકળીયાં વગેરે.

(૨૦) પક્ષીઓના માળા.

(૨૧) પાળીયા – ગામડાનું શૌર્યદર્શન.

## ૬. સામાજિક જીવનનાં કલામય દૃશ્યો :—Cultural Expressions of Social life.

**કલામય દશ્યો**

ગ્રામજીવન રસરહિત બનતું જાય છે – નિર્જીવ બનતું જાય છે એ ખરું. પરંતુ નિર્જીવ બનતે બનતે પણ તે હજી સામાજિક અને સમૂહજીવનને વ્યક્ત-કરતા કલામય અંશો સાચવી રહ્યું છે. એના ઉપર ભાર મૂકવાથી, એને ખીલવવાથી, આપણે ગ્રામજીવનમાં રસ લઇ – લેવડાવી શકીશું. હજી પણ રમતગમત અને ઉજાણી મેળામાં સમૂહજીવનનાં સુંદર દશ્યો કેટલાંક ગામડામાં સચવાઇ રહ્યાં છે. ગ્રામજીવનનું પ્રદર્શન એ દશ્યો વગર અગર એ દશ્યોનાં પ્રતિબિંબ વગર ઉણું – અધૂરું રહેશે. એ દશ્યોની તારવણી નીચે પ્રમાણે કરી શકાય :—

(૧) ઉજાણી.

(૨) મેળા.

(૩) બજાર – હાટ.

(૪) ગરબા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૫) દાંડિયારાસ.

(૬) લોકનૃત્ય – Folk – dance. જેને દાંડિયા, ભૂંગળ, ઢોલ, તૂર, રણશિંગું, શંખ કે શરણાઇ જેવાં સાધનો હજી પણ અજબ વેગ આપી શકે છે.

(૭) રમતો.

(अ) ગૃહરમતો – Indoor–Games.

(૧) કુકા.
(૨) પાંચીકા.
(૩) શોકટાંબાજી.
(૪) ગંજીફો.
(૫) પાસાબાજી.
(૬) ઢીંગલાં.
(૭) અલ્લક દલ્લક.
(૮) ભમરડા દોરી.
(૯) લખોટીઓ.
(૧૦) બરુનાં રમકડાં.
(૧૧) ફેરફૂદડી.

(ब) ઘરબહારની – મયદાની રમતો – Outdoor Games.

(૧) ગીલીદંડા.
(૨) ગેડીદડા.
(૩) લકડીપટા.
(૪) આમળીપીપળી.
(૫) સાતતાળી.
(૬) વાઘબકરી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૭) દહીનો – ડાહીનો ઘોડો.
(૮) સંતાકુકડી.
(૯) તરવું.
(૧૦) કુસ્તી.
(૧૧) ઘોડેસ્વારી.
(૧૨) ડમણી – રથ – માફા – વ્હેલ–ની શરતો.
(૧૩) ગોફણ – ગલોલ.
(૧૪) તીર.
(૧૫) પાટ.
(૧૬) ચકભીલ્લુ.
(૧૭) પતંગ.

(૮) વરઘોડા.
(૯) ધાર્મિક સરઘસ.
(૧૦) ફૂલમંડળી, શિવકમળ વગેરે દેવસમીપની યોજનાઓ.
(૧૧) કથા, વાર્તા, ભજન જેમાં નીચેના લોકો મુખ્ય ભાગ ભજવે છે.

(૧) શાસ્ત્રી.
(૨) ભાટ.
(૩) ચારણ.
(૪) માણભટ્ટ.
(૫) ભજનિક.
(૬) મીર – ઢાઢી.

(૧૨) ઘાટ કે કૂવા ઉપરની પનિહારી.
(૧૩) વાંસળી વગાડતો અગર ખભે લાકડી મૂકી હાથ ટેકવતો ગોવાળ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

(૧૪) ભવાઇ – તુરી – રામલીલા.

(૧૫) નટ – મદારી – ચામખેડા – પૂતળીઓના ખેલ કરનારા, સ્વર્ગનિસરણી બતાવનારા, બહુરૂપી જેવા મનરંજન કરનારા ધંધાદારીઓ.

(૧૬) રાવણાં – કસુંબા – દાયરા.

(૧૭) લગ્નક્રિયા.

(૧૮) ભૂવા.

આ બધી વિગતો ગ્રામજનતાનું આખું માનસ સમજવા માટે જરૂરની છે. પ્રદર્શનમાં તેમને યોગ્ય રીતે ગોઠવીને આપણે ગ્રામ-જીવન તરફનો ઘટતો જતો રસ વધારી શકીએ એમ છે – દેખાવ પૂરતા રસને સાચો બનાવી શકીએ એમ છે. અલબત્ત ખેતીના પાક, ઓજાર અને જાનવર એ તો પ્રદર્શનમાં મુકાય છે તેમ મુકાવાં જ જોઇએ.

જે તે વિભાગના ઇતિહાસ – પ્રાચીન તેમ જ ચાલુ – ને પણ ગ્રામજીવનના પ્રદર્શનમાં યોજી શકાય, અને ગ્રામ અભિમાન પ્રફુલ્લિત થાય એવા સ્થાનિક પ્રસંગો અને બનાવોને પણ તેમાં સ્થાન આપી શકાય.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

# ૨૭

# ગ્રામોન્નતિ

## આ દ ર્શ ગા મ ડું

**ગ્રામોન્નતિનું ધ્યેય**

ગ્રામોન્નતિનું અંતિમ ધ્યેય શું ? દરેક ચળવળ, દરેક પ્રવૃત્તિ, દરેક સત્કાર્ય અમુક ઉદ્દેશને લક્ષમાં રાખી આગળ વધારાય છે. ઉદ્દેશ વગર કંઇપણ કાર્ય થતું નથી, અને થાય તો તે ફળ આપતું નથી. એટલે ધ્યેય–ઉદ્દેશની સ્પષ્ટતા એ પ્રગતિની ચાવી છે.

**આદર્શ ગામ**

ગ્રામોન્નતિનું અંતિમ ધ્યેય એટલે આદર્શ ગામવિકાસ. ગ્રામ-જીવન સુધારવાનો ઉદ્દેશ નમૂનેદાર ગામનું સર્જન કરવાનો જ હોઇ શકે. જ્યાં સુધી આદર્શ ગામ રચાય નહિ ત્યાં સુધી ગ્રામોન્નતિના પ્રયત્ન સફળ થયા કહેવાય નહિ. ગ્રામોન્નતિના પ્રયત્નોની સફળતા આદર્શ ગામની રચનામાં જ પ્રગટ થવી જોઇએ. સાધન – એટલે પ્રયોગ માટે પૂરતું ધન, સેવાભાવી કાર્યકર્તાઓ, પછી ભલે તે સરકારી નોકરો હોય કે બિનનોકરિયાત હોય, અને ગ્રામનિવાસીઓની સહાનુભૂતિ એ ત્રણ – મળે તો વર્ષે, પાંચ વર્ષે, છેવટે દસ વર્ષે પણ આદર્શ ગામ ઉપજાવી શકાય. એક ગામ આદર્શ બને એટલે બીજાં ગામ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

આદર્શ બની ચૂક્યાં એમ સમજી લેવું. સત્કાર્ય સર્વદા પ્રસરે છે. એક આદર્શ ગામ અનેક આદર્શ ગામો ઊભાં કરી શકશે.

**નિરાશાવાદ**

પરંતુ ધ્યેયને સફળ કરવાનો પ્રશ્ન જ્યારે આવે છે ત્યારે મનુષ્ય નિરાશાવાદી બની જાય છે. 'એ તે કાંઈ બને ? એ તો કલ્પના છે. આપણા ધાર્યા પ્રમાણે બધું બને જ નહિ. ઠીક છે ! જે થતું હોય તે સાધારણ કરવું. બાકી ગામ નમૂનેદાર બનાવવું અશક્ય છે.' આવા ઉદ્‌ગાર અને આવા નિરાશાસૂચક ભાવ આછા આછા સંભળાય છે. કારણ સાધનત્રય આપણી પાસે હોતાં નથી. કામ કરનાર હોય તો ધન ન હોય; ધન હોય તો લોકોનો વિરોધ હોય, અને લોકો તૈયાર હોય તો કાર્યકર્તાઓ ન મળે અગર મળ્યા હોય તો ખામીભરેલા હોય.

**કામ દુર્ઘટ પણ અશક્ય નહિ**

વાત ખરી છે કે નમૂનેદાર ગામ બનાવવું સહેલ નથી. એ દુર્ઘટ તો છે જ. પરંતુ કાર્યનું દુર્ઘટપણું ભીષણ પ્રયત્ન માગી લે છે, નહિ કે નિરાશા અને નિરુત્સાહ. ધ્યેય સફળ કરવું દુર્ઘટ હોય તેથી તે અશક્ય બનતું નથી. સત્તાનો શોખીન નેપોલિયન 'અશક્ય' શબ્દનો કોષમાંથી જ બહિષ્કાર કરવા કહેતો. નેપોલિયનના કરતાં પણ વધારે દૃઢ નિશ્ચય ગ્રામસેવકે કરવાનો છે. નેપોલિયનની માફક છેલ્લી ઘડીએ હારવું એ ગ્રામ-સેવકને જરાપણ પાલવે એમ નથી. આદર્શ સિદ્ધિમાં અવિશ્વાસ કે અશ્રદ્ધા રાખનારે એ કાર્યમાં બિલકૂલ પડવું જ ન જોઇએ. નિરાશાને ક્ષણ માટે પણ સેવનાર કાર્યકર્તા ગ્રામોન્નતિનું કાર્ય માથે ન જ લે એ ઇચ્છવા જેવું છે. એ જ પ્રમાણે ભાડુતી માણસો – ભાડુતી સેવકો પણ કાર્યને અશક્ય બનાવી મૂકે એમ છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



માનવીએ અનેક આદર્શો સિદ્ધ કર્યા છે. છતાં હજી ઘણું કરવાનું બાકી રહ્યું છે. એ બાકી રહેલા અસિદ્ધ આદર્શોમાં આદર્શગામનો અભાવ પણ ગણી શકાય. જગતનાં ગામડાં આદર્શરૂપ બનશે ત્યારે જ જગત આદર્શરૂપ બનશે. જગતમાં વહેતી સ્ફૂર્તિ, જગતમાં વિકસતું જ્ઞાન, જગતે ઉપજાવેલી સગવડ, જગતે ઉપજાવેલું સૌન્દર્ય જ્યાં સુધી ગામડાંમાં લાવી શકાય નહિ અને એ સ્ફૂર્તિ, જ્ઞાન, સગવડ અને સૌન્દર્ય ગ્રામજીવનમાં પ્રતિબિંબિત કરી શકાય નહિ ત્યાં સુધી જગતની પ્રગતિ પાંગળી રહેશે. માનવજાતનાં ઉપજાવેલાં સુખસાધન અને સમૃદ્ધિમાં આખી માનવજાતને ભાગ મળવો જોઇએ. અને સાચી સમજ આવે તો એ સુખ, એ સાધન અને એ સમૃદ્ધિ જેમ વહેંચાય તેમ વધતી જાય.

**ગામડાંનો અને જગતનો સંબંધ**

આદર્શ એટલે પૂર્ણતાની કલ્પના : સર્વાંગ વિકાસનો નકશો. એ કલ્પનામાં, એ નકશામાં સ્થળ સમયના ફેર અલબત પડે. છતાં આપણી શક્તિ અને આપણા સંસ્કારની મર્યાદા વિચારીને આપણે પૂર્ણપણાની છબી દોરી શકીએ. આજનો આદર્શ આવતી કાલે અપૂર્ણ લાગે એ સંભવિત છે, પરંતુ એમાં જ આપણી સનાતન પ્રગતિ રહેલી છે. આવતી કાલનો આદર્શ આજના આદર્શને અધૂરો ઠરાવશે એ ભયથી આજનો આદર્શ મૂકી દેવાય નહિ. આજમાંથી કાલ વિકસે છે. આજનો આદર્શ સિદ્ધ થયા વિના આવતી કાલનો આદર્શ ઘડાશે જ નહિ.

**આદર્શ એટલે ?**

એટલે આપણા હિંદુસ્તાનમાં કે ગુજરાતમાં સંપૂર્ણતા સૂચવતા આદર્શ ગામડાની આજ કલ્પના કેવી હોઇ શકે તેની આછી ઝાંખી સમાલોચના અત્યારે કરી શકાય. આદર્શ ગામની એક મનોમય

**આદર્શ ગામની કલ્પના**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



મૂર્તિ ઘડી રાખી આપણાં ગામડાંને તેવું સ્વરૂપ આપવા આપણે સહુ પ્રયત્નશીલ બનીએ. આજના ગામડાં શું માગી રહ્યાં છે તે એ કલ્પનામાંથી – એ મૂર્તિમાંથી – એ નકશામાંથી આપણને જડી આવશે. અને જ્યારે આપણે આદર્શ ગામની વિગતોનું પ્રથઃકરણ કરીશું ત્યારે એમ પણ લાગશે કે એમાંની ઘણી જરુરિયાતો પૂરી પાડી શકાય એમ છે.

**વ્યાવહારિક જરુરિયાતો**

ગામ એટલે લોકસમૂહનું રહેઠાણ. હિંદુસ્તાનમાં ગામ કૃષિપ્રધાન છે. એ કૃષિ ઉપર જીવતા લોકોને વ્યાવહારિક રીતે નીચેની વસ્તુઓ તો જરૂરની ખરી જ. સામાન્ય વિચાર કરતાં પણ એ જરુરિયાતો પૂરી પાડવી જોઇએ એમ સહજ જણાશે :—

(૧) સ્વચ્છ અને હવા અજવાળા વાળાં મકાન. ગામડું મહેલ માગતું નથી. પરંતુ તેમાં નિવાસ કરનારને સંકોચ ન પડે એટલી જગા તો તે જરૂર માગે. સૂર્યનાં કિરણો અને હવાની અવરજવર પૂરતી હોય, નાનાં મોટાં સહુ સહુની મર્યાદા અને એકાન્ત સચવાય એવી સગવડ હોય, નિત્ય કાર્યો માટે આરોગ્ય સચવાય એવી ગોઠવણ હોય તથા આંગણાં અને વાડાની મોકળાશ હોય એવી ઘરની રચના હોવી જોઇએ. ગામડાનું ઘર આટલું માગે એ શું વધારે પડતું છે ? કીમતી, ઇંટેરી, સીમેન્ટની હવેલીઓ વગર ચાલશે. પરંતુ સામાન્ય મકાન કે ઝૂંપડીમાં આટલી સગવડ તો જોઇએ જ.

(૨) પશુઓ માટેનાં સ્વચ્છ રહેઠાણ. જાનવરોને પણ માણસ જેટલી જ હવા અજવાળાની જરૂર છે. બની શકે તેમ બન્નેનાં રહેઠાણ જુદાં સારાં. ન બને ત્યાં બન્નેનાં રહેઠાણો વચ્ચે યોગ્ય આંતરા તો જોઇએ જ.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



(૩) સારા અને સ્વચ્છ રસ્તા. ઈજનેરો અંદાજ બનાવે છે એવા ખર્ચાળ પાકા રસ્તાની આપણે વાત જવા દેવી એ જ ઠીક છે. ગ્રામોન્નતિને અને મોંઘી વસ્તુઓ કે મોઘાં માણસોને ક્ષણવાર પણ બનતું નથી. પરંતુ ચાર કે પાંચ વર્ષની અંગમહેનતમાં રેતી કાંકરા પાથરેલા રસ્તા લગભગ બધાં ય ગામ ધારે તો બનાવી શકે એમ છે.

આ રસ્તામાં ગામઠાણુના તેમ જ સીમના રસ્તાઓનો સમાવેશ થાય છે. રસ્તાઓનાં દબાણુ કરવાં બહુ સહેલ છે. પરંતુ આદર્શ ગામમાં તો સાર્વજનિક રસ્તાનું દબાણુ કરવું એ પાપ માનવું જોઇએ.

વળી એ રસ્તાઓની સફાઇ ભંગીઓથી અગર સાફસૂફી કરનાર નોકરોથી બને તો રખાવવી. અને તેમ ન હોય તો ગામ લોકોએ પોતાની જાતે રાખવી જોઇએ. ઘરઆંગણે કે રસ્તા ઉપર કચરો પડ્યો રહે એ ગામ આદર્શ તરીકે ન જ ઓળખાય.

આજ ઊડતી ધૂળ પણ આદર્શ ગામડાંમાં ન જ હોય.

(૪) પીવાના પાણીનું પૂરતું સાધન. ગામડાંમાં વૉટરવર્કસ નહિ હોય તો ચાલશે. પરંતુ શેરીએ શેરીએ મીઠા પાણીનો કૂવો તો અવશ્ય હોવો જ જોઇએ. કૂવા સ્વચ્છ કરવા માટે ગાળવાની જરૂર સૌએ સમજવી જોઇએ. કૂવાની રચના પણ એવી જોઇએ કે જેથી પાણીમાં કચરો ન પડે અને જંતુઓદ્વારા રોગના ઉપદ્રવ ન ફેલાય.

(૫) માણસ સાથે ઢોરને પણ પીવાના પાણીનાં સાધન જોઇએ. કૂવે કૂવે હવાડા ભરાય તો સાધન મળી રહે. તળાવનો પણ ઉપયોગ સાચવીને થાય.

(૬) નાવા ધોવા માટે તળાવ. ગામના પ્રમાણમાં એકાદ બે ઓવારા માણસો માટે અને એકાદ બે ખડીઆટ જાનવરોની ચઢ ઉતર માટે હોવાં જોઇએ. તળાવમાં પાણી ચાલે એ માટે જરૂરી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ખોદકામ અને બાંધકામ પણ થવાં જોઇએ. ખોદકામ તો ગામલોકો ધારે તો વર્ષોવર્ષ ચાલ્યા કરે. કેટલીક પાળ કે બંધારા પણ ગામલોકો જાતે બાંધી શકે.

(૭) પાણી વહી જવાના કાંસ. વરસાદ કે નદીના પાણીને કેળવતાં આવડવું જોઇએ. નહિ તો ગામમાં ખાડાઓ પડી, પાણી ભરાઈ રહી, મચ્છર અને મચ્છરદ્વારા ટાઢીઆ તાવનો ઉપદ્રવ થયા વગર રહે નહિ. વરસાદનાં વહી જતાં પાણી સાથે આપણી જમીનની ફળદ્રુપતાનો કેટલોક ભાગ પણ ઘસડાઈ જાય છે. એ તરફ હજી અપણું ધ્યાન સુદ્ધાં ગયું નથી. પાણીના માર્ગ માટે ગરનાળાં અને પૂલ-પાકા ન બને ત્યાં લાકડીપૂલની પણ જરૂર ખરી.

(૮) અંધારિયામાં શેરીએ શેરીએ દિવાબત્તીની સગવડ. શેરીનાં માણસો ધારે તો વારાફરતી આ કામ માથે લઇ શકે છે. એક શેરીમાં એકએ દિવા હોય તો બસ થઇ જાય.

(૯) અતિથિ અભ્યાગતને માટે અગર ગામાત કામ – સમૂહ વિચારણા-સભા માટે ધર્મશાળા કે ચોરા સરખું મકાન.

ઉપરની જરુરિયાતો સ્થૂલ પ્રકારની – આંખે દેખી શકાય એવી – નિત્ય વ્યવહારની છે. તેને સ્થૂલ કહેવામાં તેમને ઉતારી પાડવાનો જરા પણ ભાસ થવો ન જોઇએ. આદર્શ ગામમાં ઉપરની એકે વસ્તુ વગર ન ચાલે.

**સૂક્ષ્મ જરુરિયાતો**

હવે આપણે આદર્શ ગામ માટેની કેટલીક સૂક્ષ્મ – સમાજના માનસને સીધી અસર કરનારી – જરુરિયાતો વિષે વિચાર કરીશું. એ જરુરિયાતો ગામના સામુદાયિક વિકાસનાં સંસ્થા રૂપે – સમૂહરૂપે વ્યક્ત થતાં પરિણામ છે. એમનો ખૂબ ઉપયોગ છે – સ્થૂલ ઉપયોગના પ્રકાર સરખો જ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



છતાં તેમાં સામુદાયિક સંસ્કારની ભાવના અને ગ્રામજીવનના માનસ-વિકાસનું પ્રતિબિંબ વધારે સ્પષ્ટતાથી પડે છે. ઓવારાનો પણ નિત્ય ઉપયોગ છે અને એક દવાખાનાનો પણ નિત્ય ઉપયોગ છે. પરંતુ સ્થૂલ ઓવારો બંધાઇ ગયા પછી તેના નિત્યઉપયોગ માટે સંસ્થા-બદ્ધ કાર્ય કરવાની જરૂર રહેતી નથી. પરંતુ દવાખાનું સ્થાપ્યા પછી વૈદ્ય ડૉક્ટરની હાજરીનો, દવાના જથાનો, દર્દીઓની નિત્ય સારવારનો એમ સતત રોજના પ્રશ્નો ઉકેલવાનો એમાં વિચાર રાખવો પડે છે. એટલે તે જ્ઞાનની, સંસ્કારની, અને નિત્ય સમૂહ ઉપયોગની વ્યવસ્થા માગે છે. જ્ઞાનસહ ઉપયોગ કરવાની આ સં-સ્થાઓને આપણે ગ્રામજીવનના ઉપયોગ અંગમાં જ્ઞાનઅંગ તરીકે ઓળખાવીએ તો ચાલી શકે – બીજા સારા વર્ગીકરણને અભાવે. તેમનો વિચાર કરતાં નીચેની યાદી તરત બનાવી શકાશે :—

(૧) શાળા. વર્તમાનયુગની કેળવણી વિષે અનેક ચર્ચાઓ અને મતભેદો ભલે હોય. પરંતુ એટલું તો સ્વીકારાયું છે જ કે સમાજની પ્રત્યેક વ્યક્તિને લખતાંવાંચતાં આવડવું જોઇએ. જ્ઞાનની ઓછામાં ઓછી યત્તા ઠરાવી આપણે તેને પ્રાથમિક નામ આપીએ છીએ. આદર્શ ગામની એકે ય વ્યક્તિ—પુરુષ કે સ્ત્રી – પ્રાથમિક શિક્ષણરહિત તો ન જ હોય.

(૨) પુસ્તકાલય. ભણેલું ભૂલાય નહિ અને સામાન્ય જ્ઞાન તેમ જ ચાલુ સમયની માહિતી ગ્રામજીવનમાં મળ્યા કરે એ ઉદ્દેશ સાચ-વવા આદર્શ ગામે પુસ્તકાલય વગર ન જ ચાલે.

(૩) દવાખાનું. ગામડાનો મુખ્ય ઉપદ્રવ મેલેરિયા – તાઢિયો તાવ – હિમજ્વર. તે ઉપરાંત આંખનાં અને ત્વચાનાં દરદો, સાધા-રણ પ્રકારની ઉધરસ, અચેની કે દુખાવો, સાધારણ ઘા, રુધિરવહન એવાં સહજસાધ્ય દર્દો કે પ્રસંગોને તાત્કાલિક પહોંચી વળવા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

માટે પૂરતી દવાઓ ગામે હોવી જોઇએ. મોટાં દવાખાનાં વગર ગામડાં ચલાવી લેશે.

(૪) અખાડો. ગ્રામજનતાને શીસ્ત એટલે શું? વ્યવસ્થિત સમૂહ એટલે શું? સંઘગતિ તથા સંઘશાસન એટલે શું? એ શીખવવું હોય તો અખાડો નભાવ્યા સિવાય છુટકો જ નથી. આદર્શ ગામે અખાડો તો હોય જ. શીસ્ત અને તંદુરસ્તી આપતી વ્યાયામશાળા શિક્ષણ આપતી શાળા જેટલી જ ઉપયોગી છે. સ્કાઉટ – બાલચમુ તેમ જ તાલીમબદ્ધ સ્વયંસેવકોની પ્રવૃત્તિઓ આ વ્યાયામશાળાના અંગની જ ગણાય. સ્વરક્ષણ, પરરક્ષણ, ગ્રામ-રક્ષણની વ્યક્તિગત તેમ જ સામુદાયિક પ્રવૃત્તિઓ અખાડામાં જ વિકાસ પામે.

(૫) પંચાયત. આ સંસ્થાનાં મૂળ આર્યાવર્તના અતિ પ્રાચીન કાળ સુધી પહોંચેલાં છે. ગ્રામવહીવટની સ્વતંત્રતા એમાં સમાયલી છે. પ્રજાસત્તાનો એમાં પ્રાચીન પડઘો પડેલો છે. એ પંચાયતદ્વારા ન્યાય ચુકવાતા, ઝઘડાઓની પતાવટ થતી, ગામનાં સામુદાયિક કામો થતાં, ફાળા ઉઘરાવાતા, ગામની જરુરિયાતોના વિચારો થઇ યોજનાઓ ઘડાતી. ગામડાંમાં પંચાયત અને શહેરમાં મહાજન એ ગ્રામ અને શહેર વહીવટનાં દૃઢ બંધારણોએ આપણા વિકાસમાં ભારે ફાળો આપ્યો છે. મૂળ કોમોનું બંધારણ ધંધાને અવલંબીને ઘડાયલું. એ કોમોનાં પ્રતિનિધાન વડે રચાયલી પંચાયત કેન્દ્રિત રાજસત્તાના ફેરફારોની અસરથી મુક્ત રહી પોતાનું અસ્તિત્વ છેક આજ સુધી અમુક અંશે જાળવી રહી છે. ગ્રામપુનર્ઘટનામાં પંચાયતનું સ્થાન બહુ મહત્ત્વનું છે. આગળ જણાવી ગયા તે બધાં ય કામ નવેસર અગર દુરસ્ત કરાવવા માટે અગર તે અને તે સિવાયનાં ગામાત કામો ઉપર દેખરેખ રાખવા માટે, ગામનું આરોગ્યરક્ષણ, ગામની સગવડ, ગામનું શિક્ષણ, ગામનો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ન્યાય એ સઘળી વિગતોનો ઉકેલ કરવા માટે, ટુંકામાં ગામનો વહીવટ કરવા માટે આગેવાનોનું એક મંડળ નીમાય કે ચૂંટાય એનું નામ પંચાયત. પછી તે ગામલોકોએ જાતે સ્થાપ્યું હોય કે સરકારી કાયદા અનુસાર તેનું ઘડતર ઘડાયું હોય. ગામની જરુરિયાતો સમજી, સરકાર અગર લોકમદદ મેળવી, ગામના ઝઘડા પતાવી, સૌને માર્ગદર્શક બને એવા સ્વાર્થરહિત આગેવાનો પંચાયતના સભ્યો તરીકે હોવા જોઇએ.

રાજવહીવટ અને ગામવહીવટ વચ્ચે પ્રત્યક્ષ સંબંધ બાંધી ગ્રામજનતામાં રાજકીય ભાન જાગ્રત રાખનાર આ જ સંસ્થા છે. એટલે આદર્શ ગામની પંચાયત પોતાનાં કર્તવ્યોનું પૂરું પાલન કરતી હોવી જોઇએ, મળી શકે એટલા હક્કો ભોગવતી હોવી જોઇએ અને પોતાની લાયકાત વડે ગામના વહીવટનું ભારણ સરકારને માથેથી ઓછું કરવા પ્રવૃત્ત રહેતી હોવી જોઇએ.

(૬) સહકારી મંડળી. હિંદનો ખેડૂત એવી સ્થિતિએ પહોંચ્યો છે કે તેનાથી એકલે હાથે સફળતા મેળવાય એમ નથી. ગામની ખેતી, ગામની પેદાશ, પેદાશનો વેપાર અને વેપારમાંથી મળતાં નાણાં એ સર્વમાં આખા ગામનો સમગ્ર અને વ્યક્તિગત હિતસંબંધ રહે તો જ ગામની આર્થિક સ્થિતિ સદ્ધર રહી શકે. નાણાંની આપલેમાં પણ એ જ ભાવના પ્રવર્તતી હોવી જોઇએ. એકની આંટ સાચવવા બીજી વ્યક્તિ તૈયાર રહે એવો નિકટ આર્થિક સંબંધ ઊભો કરવા માટે પણ સહકારી મંડળીની આવશ્યકતા છે.

(૭) વળી જરૂર પડે તો રાત્રિશાળા તેમ જ રાત્રિશાળા સામાન્યશાળા સાથે અને શિક્ષણવર્ગો પંચાયત કે સહકાર્યની સંસ્થા સાથે અગર વ્યાયામમંડળ સાથે ભેળવી પણ શકાય.

Gandhi Heritage Portal

4/25/2021



ઉપરની જરુરિયાતો સંસ્થારૂપે પૂરી પાડી શકાય એ સહજ સમજી શકાય એવું છે. એ સંસ્થાઓની પ્રવૃત્તિમાંથી એક ફળ એ આવવું જોઇએ કે:

**અવલોકન**

(अ) ગામનું શારીરિક, સામાજિક તેમજ આર્થિક અવલોકન—Survey દર વર્ષે તૈયાર રહેવું જોઇએ. એક વખત થઇ ગએલું અવલોકન બીજે વર્ષે માત્ર સહજ સુધારો કે ફેરફાર જ માગશે.

**કાર્યક્રમ**

(आ) ગામની જરુરિયાતો, તેમને પૂરી પાડવાનાં સાધન, અને આગળ પ્રવૃત્તિ ધપાવવા માટેની ભાવિ યોજના એટલો કાર્યક્રમ ત્રણ વર્ષ માટે, પાંચ વર્ષ માટે કે પછી નિદાન એક વર્ષ માટે રચેલો તૈયાર હોવો જોઇએ. આ અવલોકન અને કાર્યક્રમ ગામની આદર્શ સ્થિતિનો ખ્યાલ આપનાર માપ છે એમ કહી શકાય.

**યોજના.** એ રશિયાની જાણીતી થએલી 'પંચ વાર્ષિક યોજના' પછી ખૂબ ચર્ચાનો વિષય થઇ પડી છે. અલબત્ત, સફળતા માટે સર્વ કાર્યો અમુક ઢબનું યોજનાબદ્ધપણું તો માગી જ લે છે. છતાં રશિયાએ પાંચ વર્ષમાં કેળવણી, ખેતી, વ્યાપાર ઉદ્યોગ અને સૈનિક તૈયારીનો એક વિસ્તૃત તથા વિગતવાર કાર્યક્રમ તૈયાર કરી એ કાર્યક્રમ બહુ જ કાળજીથી સફળ કરી બતાવ્યો. ત્યારથી યોજના એ સર્વ કાર્યમાં મહત્ત્વનું તત્ત્વ બની રહી છે. યોજનામાં ધ્યેય નક્કી થાય છે, કાર્યની રૂપરેખા નક્કી થાય છે, ખર્ચ અને બીજાં સાધનો નક્કી થાય છે, અને તેને પરિપૂર્ણ કરવા માટે ઉત્સાહ અને વેગ વધે એવો પ્રચાર કરવામાં આવે છે. આપણા અવ્યવસ્થિત દેશમાં તો યોજનાની ખૂબ જરૂર છે. આદર્શ ગામની કલ્પનામાં આવી પ્રગતિસૂચક યોજના હોવી જ જોઇએ. અમુક

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



વર્ષે શું શું કાર્ય પૂરું કરવાનું છે તે જાણવાનું અને અમલમાં મૂકવાનું ભાન ગ્રામનેતાઓને તો હોવું જ જોઇએ.

**ઉપયોગ, જ્ઞાન, અને સૌન્દર્ય એ ત્રણ વિભાગમાં વહેંચાયલું ગ્રામજીવન**

આ પ્રમાણે આદર્શ ગામનાં સ્થૂલ–આંખે દેખાય એવાં ઉપયોગનાં કામો અને સૂક્ષ્મ ઉપયોગની સંસ્થાઓનો આપણે વિચાર કર્યો. સ્થૂલ ઉપયોગને આપણે માત્ર ઉપયોગ કે વ્યવહારના નામથી ઓળખીએ છીએ. સૂક્ષ્મ રીતે આપણા મન સાથે સીધી રીતે સંબંધમાં આવતા પ્રકારને જ્ઞાન વિભાગમાં મૂકીશું. પરંતુ ઉપયોગ અને જ્ઞાન એ બેમાં જ જીવન સમાઇ જતું નથી. ઉપયોગ અને જ્ઞાન ઉપરાંત જીવનનો એક રસવિભાગ – સૌન્દર્યવિભાગ – આનંદ વિભાગ છે કે જેની ખિલવણી વગર ગામનું આદર્શપણું અધૂરું જ રહેશે. રસનું અવલંબન સૌન્દર્ય, અને સૌન્દર્યનું પરિણામ આનંદ. ઉપયોગ અને જ્ઞાનમાં કલાના અંશો હોય છે, અને કલામાં ઉપયોગ અને જ્ઞાનનાં તત્ત્વો સમાયલાં છે. તથાપિ પૃથક્કરણથી વધારે સમજુતી થવાનો સંભવ હોવાથી જે વિભાગમાં જે તત્ત્વ આગળ પડતું હોય તેને તે નામે ઓળખવાનો અત્રે પ્રયત્ન થયો છે.

ત્યારે આદર્શ ગામમાં સૌન્દર્ય કયે કયે સ્વરૂપે વ્યક્ત થવું જોઇએ તે આપણે વિચારી લઇએ.

**બગીચો**

(૧) આદર્શ ગામમાં એકાદ બગીચો હોય. બગીચા માટે ગામડામાં સ્થળ શોધવાની બહુ મુસીબત પડે એમ નથી. શાળા, પુસ્તકાલય, ધર્મશાળા કે ચોરાની આસપાસની છૂટી જમીન એક નાનકડા બગીચા માટે ઉપયોગમાં આવી જશે. ગ્રામના નિત્ય શૃંગારમાં આ બગીચાને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ગણાવી શકાય. તથાપિ તેનું મહત્ત્વ વિચારતાં તેને આમ જુદો ક્રમ આપ્યો છે.

**ઉત્સવ**

(૨) ઉત્સવો પણ આપણા જીવનના આનંદવિભાગમાં આવી જાય. જે ગામ ઉત્સવ ન કરી શકે તેને આદર્શ ગણાવાનો અધિકાર નથી. આપણા જૂના જીવનમાં ઋતુઋતુના જાહેર ઉત્સવો ઉજવાય છે. આજની પરિસ્થિતિને અનુસરી આપણા ઉત્સવોને આપણે સજીવન કરીશું તો જ ગામડાનું જીવન રસભર્યું અને જીવવા યોગ્ય થશે.

ઉત્સવોની ઉજવણી અનેક રીતે થઈ શકે એમ છે. દૃષ્ટાંત તરીકે :

(૧) શાળાનો ઇનામસમારંભ,

(૨) વ્યાયામસંમેલનો અને શરતો,

(૩) સમૂહસંગીત – પ્રભાતફેરી, પ્રાર્થના તથા ગરબા, રાસ વગેરે સ્વરૂપમાં,

(૪) પ્રદર્શનો,

(૫) નાટકો,

(૬) ઉજાણી,

(૭) પર્યટન,

(૮) કથાવાર્તા,

(૯) મેળા તથા બજાર, જેમાં આનંદ જેટલું જ ઉપયોગનું તત્ત્વ રહેલું છે.

**ગૃહશૃંગાર**

(૩) આંખને ગમે એવી ચોખ્ખાઈ અને વ્યવસ્થાથી ઘરવખરો ગોઠવવાની કળા આપણે ત્યાં લુપ્ત થતી જાય છે. ઘર ગોઠવવા માટે બહુ વસ્તુઓ-ની જરૂર નથી. એક ઝૂંપડી પણ કલાકારને હાથે મહેલ કરતાં



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

વધારે ઝાકઝમાળ બનાવી શકાય. લગ્નપ્રસંગનાં ગણેશકોબાં, નાગપંચમીનાં નાગચિત્ર, નવરાત્રીના કુંભજવારાની સ્થાપના, અને દીવાળીનાં કોડિયાં, એ આપણાં બિનખર્ચાળ કલાચિત્રો આજના યુગને અનુસરતાં બનાવી શકાય એમ છે.

**આંગણાનો શૃંગાર**

(૪) આંગણાનું સ્થળ એવું છે કે જ્યાં ઘરમાલિકની વ્યક્તિગત મમતા અને તેનું ગ્રામજન તરીકેનું સાર્વજનિક અભિમાન ભેગું મળે છે. એ ઘડા પાણી છાંટી, આંગણામાં એક સાથીઓ કે ચાર છાપાં પાડવાં એમાં ઉદ્યોગી ગૃહપત્નીને જરા ય વસમું નહિ લાગે.

**ગ્રામશૃંગાર**

પ્રસંગવશાત્, ખાસ કરીને ઉત્સવોને ટાંકણે, શેરીઓ, ચોક, ખડકીઓ, પ્રવેશસ્થાનો કેળના થાંભલા, ખજુરીનાં ડાળાં, આંબા કે આસોપાલવનાં તોરણો વગેરેની ગોઠવણીથી એવાં સુંદર રીતે શણગારી શકાય છે કે શહેરોના ઉત્સવોમાં પણ તેમનું અનુકરણ કરવું પડે છે. આવા ગ્રામશૃંગારને આપણે પ્રાસંગિક ગણીશું. તથાપિ બગીચા ઉપરાંત કેટલાંક નિત્યશૃંગારનાં પણ સાધનો હોઇ શકે. એમાં વૃક્ષારોપણ, ચોતરા, બેઠકો વગેરેનો સમાવેશ થાય, જેને આશ્રયે લોકો શાંતિ, આરામ અને આનંદ મેળવી શકે.

**સૌન્દર્ય તત્ત્વો**

આદર્શ ગામમાં ઉપર કહ્યાં તેવાં સૌન્દર્યતત્ત્વો હોવાં જ જોઇએ. એ બધાં ય શક્ય છે. શક્ય ન હોય તો શક્ય બનાવવાં જોઇએ. રેડિયો, સિનેમા જેવાં આનંદનાં સાધનો, ટેનિસ બિલિયર્ડ જેવી રમતોની કલ્પના ગામડાંને અંગે કરવાની હજી વાર છે. એટલે તે બાજુએ રાખી ઉપર કહેલા આનંદ–અંશો આદર્શ ગામમાં વિકસાવી શકાય એમ માનીશું તો પણ ઘણું છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

આદર્શ ગામની આદર્શતાનો આપણે એક સામટો વિચાર કરી જઈએ. જીવનના ત્રણ અંશો એ જ ગ્રામજીવનના પણ અંશો: ૧ ઉપયોગ, ૨ જ્ઞાન, ૩ રસ–સૌન્દર્ય–આનંદ. આદર્શ ગામમાં એ ત્રણે અંશો તેના વિભાગોસહ ખીલવવા જોઇએ.

**મુશ્કેલ છતાં શક્ય**

આ કામ ઘણું મુશ્કેલ છે. એક એક અંગ જીવનભરની સેવા માગે તો ય તે ઓછી પડે એમ છે. છતાં આદર્શ સેવકો, આદર્શ નેતાઓ માટે એ મુશ્કેલ કહેવાય નહિ. દૃઢ નિશ્ચયથી કામ કરનાર ગ્રામસેવક ત્રણ વર્ષ કે પાંચ વર્ષમાં પોતાના ગામને જરૂર આદર્શરૂપ બનાવી શકે એમ છે. ઘણી વસ્તુઓ તો ગામમાં હોય છે જ. માત્ર તેમને ગોઠવવાની–સાફ કરવાની જ જરૂર છે.

**ગામડું એ દેશનો આયનો**

તો હવે આદર્શ ગામને આપણે કેવી રીતે ઓળખીશું? નીચે આપેલા નકશાને બંધબેસતું જે ગામ આવે તેને જ આદર્શ ગામ કહી શકાય. એમાંનું જે અંગ ન હોય તે ખીલવવું એમાં ખરી જનસેવા અને દેશસેવા રહેલી છે. ગામડું એ દેશનો આયનો છે. દેશની ખરી છબી જોવી હોય તો તેનાં ગામડાં તરફ નજર કરવી. જેટલે અંશે ગામડું આદર્શરૂપ દેખાય તેટલે અંશે દેશ આદર્શરૂપ બનતો જાય છે, એમ માનવું જોઇએ. પશ્ચિમનાં ગામડાં સમૃદ્ધિ અને સાધનોથી ભરેલાં છે. આપણે વિચાર કરીએ કે આપણા દેશનાં લાખો ગામડાંમાંથી કેટલાં ગામડાં પાછળ આપેલા ચોકઠામાં બેસાડી શકાશે.

Gandhi Heritage Portal


© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

**આદર્શ સિદ્ધિ**

કોષ્ટકમાં આપેલી વિગતોમાં ઘણું રહી ગયેલું લાગશે, વર્ગીકરણ ભૂલભરેલું લાગશે; છતાં આમાંનું એકાદ અંગ પણ સફળ કરવાનું જેને સદ્‌ભાગ્ય મળે તેનું જીવન સફળ થયું કહેવાશે. બધાં જ અંગ વિકસાવનારની ધન્યજિંદગી માટે કહેવું જ શું ?

શ્રી મહાદેવ દેસાઈ ગ્રંથાલય
क्रमांक
वर्गांक

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ




Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

## ૨૮

## ગ્રામોન્નતિના માર્ગ.

ગ્રામોન્નતિનું આ સ્વરૂપ. એમાં અનેક પ્રકારની વિશિષ્ટતા અને વિવિધતા. એમાં સહુનો ખપ. કૃષિકાર, ઇજનેર, ડૉક્ટર, શિક્ષક, ફિલસૂફ, કવિ, પરિચારક, કારીગર, મજૂર, પ્રચારક, અર્થશાસ્ત્રી અને ઉત્સાહી સેવક સહુ ગ્રામોન્નતિના કાર્યમાં સમાઇ શકે એમ છે.

**સહુનો ખપ**

ગ્રામોન્નતિની ઇચ્છા પણ કેળવાયલા વર્ગમાં પ્રબળ થવા લાગી છે. અમલદાર, શાહુકાર, જમીનદાર, ધારાશાસ્ત્રી, રાજનીતિજ્ઞ, શિક્ષક, વિદ્યાર્થી સહુ ગ્રામોન્નતિને સમજવા લાગ્યા છે, અને બની શકે તે કરવાની આતુરતા પણ દર્શાવવા લાગ્યા છે. છતાં સહુને એક પ્રશ્ન થાય છે: ગ્રામોન્નતિ કરવી શી રીતે? એની શરૂઆત કેમ થાય?

ગામડાંમાં રહેતા અગર ગામડાંમાં જવરઅવર કરતા અમલદારો અને સરકારી નોકરો ધારે તો પોતાની અમલદારી પ્રતિષ્ઠાદ્વારા ઘણું કરી શકે એમ છે. માત્ર તેમનામાં એક બે મહાગુણ ખીલવા જોઇએ: નાના મોટા સ્વાર્થનો તદ્દન અભાવ અને ગ્રામજનતા પ્રત્યે માયાભર્યું વર્તન. ગ્રામજનતાનાં સુખદુઃખ સાંભળી તેમનાં દુઃખ ટાળવાના

**નોકરશાહી**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

માર્ગ પ્રમાણિકપણે લેનાર સરકારી નોકર લોકપ્રીય બની લોકો પાસેથી ઘણું ઘણું પ્રગતિકાર્ય કરાવી શકે એમ છે. લોકો સાથે હળવા-મળવામાં નિર્બળતા ગણનાર જાતે જ નિર્બળ છે. તુમાખી, ઘમંડ, કડવી વાણી, સખ્ત થવાની અને સખ્ત દેખાવાની ઈંતેજારી તથા સત્તાનો પરચો દેખાડવાનો મોહ એ જો બાહોશ, કાબેલ અને દાબ પાડનાર અમલદારનાં લક્ષણ ગણાતાં હોય તો સરકારે અને સરકારના અમલદારોએ ગ્રામોન્નતિનું કાર્ય સરકારી નોકરોદ્વારા પાર પાડવાની આશા મૂકી દેવી. ધમકાવીને, દબાવીને, થથરાવીને કામ લેવામાં કાબેલિયત અને બાહોશી માનનાર નોકરશાહીનું કાર્ય ધૂળ ઉપર લીપણ સરખું મિથ્યા છે. અમુક અંશે નોકરશાહીની જરૂર તો રહેવાની જ છે એટલે એ પણ કાર્યસાધક માર્ગે જઈ શકે એમ છે.

**શાહુકાર**

શાહુકારો પોતાના ધનની સાચવણી અને વૃદ્ધિ સાથે પોતાના દેણદારોની જોડે સચ્ચાઈભર્યું વર્તન રાખે, વ્યાજના ભારણમાં તેમને દાટી ન દે, અને તેમની આર્થિક સ્થિતિ સુધરતી જાય એવા જાતે જ પ્રયાસો કરે તો શાહુકાર વર્ગ ગ્રામોન્નતિમાં સારો ભાગ ભજવી શકે. શાહુકારનું ધન એ હવાડાનું પાણી છે. એ હવાડો ગ્રામજનતાના કૂવામાંથી જ ભરી શકાય. એ કૂવો ખાલી કરી નાખનાર શાહુકાર પોતાના જ પગ ઉપર કુહાડી મારે છે.

**જમીનદાર**

મોટી ખેતીવાળા જમીનદારોનો એક વર્ગ ઊભો થતો જાય છે, અને જૂની ઢબના જાગીરદાર, ઈનામદાર અને વતનદારની માફક ગ્રામજીવનમાં તે ભારણરૂપ બનતો જાય છે. નિરુપયોગી અને ભારણ બનતી સંસ્થાઓ અને વ્યક્તિઓને કુદરતનાં જ બળ લુપ્ત કરી નાખે છે. કુદરતનાં કઠોર બળથી ઉગરવું હોય તો ગ્રામજીવનમાં આગેવાન તરીકે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

આ જમીનદારોએ સારો ફાળો આપવો પડશે. ખેતીમાં પ્રયોગો, નફામાં પ્રત્યક્ષ કામ કરનાર ખેડૂતોને ભાગ આપવાની સાચી વૃત્તિ, સહકાર્યની યોજના, અને ખેડૂતોનાં સુખદુઃખને પોતાનાં કરી લેવાની આવડત : એ તરફ જમીનદારો નહિ વળે તો કીસાનપ્રવૃત્તિ તથા ગણોતિયાઓની ચળવળ જેવા સામાજિક અને આર્થિક અસંતોષના ધરતીકંપ ગ્રામજીવનને હલાવી નાખશે એટલું જ નહિ પણ ઉથલાવી નાખશે. જમીન, જમીનદારી, શાહુકારી, અમલદારી અને રાજસત્તા એ સર્વ આ ભયાનક ધરતીકંપનો ભોગ થઇ પડે તે પહેલાં ભૂખી ગ્રામજનતાને પોષણ આપવાનું, વસ્ત્રહીન ગ્રામજનતાને ઢાંકણ આપવાનું, અને ઉપર આકાશ અને નીચે ધરતીની નિરાધારતા અથવા બે-જવાબદાર બેલગામ બની ગએલું ઝનુન અનુભવતી ગ્રામજનતાને રહેવા માટે ઘર, જીવવા માટે રોટલો, પહેરવા માટે વસ્ત્ર અને માનવતા સચવાય એ માટે આશાભર્યો ઉત્સાહ આપવાનું કાર્ય સહુએ કરવાનું છે.

**ગ્રામજીવનના આત્માની સંભાળ**

અમલદાર, શાહુકાર, જમીનદાર અને ગ્રામસેવક સહુએ ગ્રામજનતાને ગળે બંધાયલા દેવાનો વાગતો ઘંટ સાંભળવા જેવો છે :—

સને ૧૯૧૧માં મેકલેગન સમિતિએ બ્રિટિશ હિંદના ગ્રામવિભાગનું દેવું ૩ અબજ = ૩૦૦ કરોડ જેટલું હતું એવો હિસાબ કાઢયો હતો.

ચૌદ વર્ષ પછી સને ૧૯૨૪માં ડાર્લીંગે અંદાજ કાઢયો તો એ દેવું વધીને ૬ અબજ = ૬૦૦ કરોડ જેટલું થયેલું જણાયું.

પછી બેન્કીંગ તપાસસમિતિ મળી. તેણે ૯ અબજ = ૯૦૦ કરોડ જેટલો ગ્રામદેવાનો અંદાજ કાઢયો.

Gandhi Heritage Portal

આ અંદાજ પછી તો આર્થિક મંદીનાં એવાં વર્ષો આવવા માંડયાં છે કે એ દેવાના અંદાજનો ડુંગર ૯૦૦ કરોડ જેટલી રકમ કરતાં કૈંક વધી ગયો છે. એનો આંકડો નક્કી કરવાની કડાકૂટ જ નિરર્થક બની જાય છે. દેવું ૯૦૦ કરોડથી બમણું થઈ ગયાનું આંકડાશાસ્ત્રીઓ બ્હીતે બ્હીતે જણાવે છે. કૃષિની પેદાશના ભાવ બેસી ગયા, અને વધારે ભાવ વખતે કરેલાં દેવાંનો નિકાલ કરવાની જવાબદારી ગ્રામ જનતાને માથે ઊભી રહી છે.

બીજી બધી બાબતો બાજુએ મૂકીએ તો પણ આ એક ભયાનક બોથાર નીચે દબાયલી ગ્રામજનતામાં ગ્રામોન્નતિ માટે અભિલાષા જાગે એટલો ભાર તો જરૂર હળવો કરવો પડશે. શ્વાસ ન લેવાય એટલા બોજા નીચે કચરાયલી ગ્રામજનતા મૃતપ્રાય બને તો ગ્રામ-જીવન જ ભાગી પડશે, અલોપ થઈ જશે, અને સહુના ખજાના ખૂટી સહુ ભૂખે મરશે. ગ્રામજીવન મરતાં આખું હિંદ મર્યું સમજવું. ગ્રામોન્નતિનો સઘળો આધાર ગ્રામજનતાના આત્મા ઉપર, એ આત્માની જાગૃતિ ઉપર, એ જાગૃતિની ગ્રાહકશક્તિ ઉપર રહેલો છે. એ આત્મા જીવતો રહે, જાગૃત રહે, અસર ઝીલે એટલો પ્રફુલ્લ રહે તો જ ગ્રામોન્નતિ શકય છે. ભાડુતી માણસો રાખી અનાજ અને અન્ય સમૃદ્ધિ ઉપજાવવાનો સમય આવી પહોંચે તે પહેલાં કૃષિની આસપાસ વિકસી નીકળેલી ગ્રામસંસ્કૃતિને જીવંત રાખવામાં સહુનો સ્વાર્થ છે.

**ગ્રામજનતાનો સ્વાશ્રય**

અંતે તો ગ્રામોદ્ધાર એ ગ્રામજનતાના સ્વાશ્રય ઉપર આધાર રાખે છે. બહારથી કોઇ આવી ગ્રામોદ્ધાર કરી જાય એ કદી બનવાનું નથી, અને રશિયાની માફક રાજસત્તા જ ગ્રામજીવનનો ચહેરો બદલી નાખે એ આજના હિંદ માટે બહુ શકય નથી. જે કાંઇ થઇ શકે તે એટલું જ કે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



ગ્રામજનતાની મુશ્કેલીઓ સહાનુભૂતિથી સમજી લઇએ. ગ્રામજનતા સમજવાળી, સ્ફૂર્તિવાળી અને સ્વાશ્રયી થાય એવા પ્રયત્નો સતત કરવા. એનું નામ ગ્રામોદ્ધારનું કાર્ય. એટલે ગ્રામોદ્ધારનો મહામંત્ર તો ગ્રામજનતામાં જ ચેતન જગાડવાનો છે, ગ્રામજનતામાં જ ઉન્નતિની ઝંખના જાગ્રત કરવાનો છે. ગ્રામજનતા ઉન્નતિને, પ્રગતિને, વિકાસને ઓળખી તે માર્ગે આગળ વધ્યા જ કરે એવાં સાધનો ગ્રામજનતા પાસે મૂકવાનો, એવાં સાધનો ગ્રામજનતા મેળવે એ જોવાનો પ્રયત્ન એ આજની ગ્રામોન્નતિનું મહાકાર્ય. ગ્રામોન્નતિ ખરી રીતે ગ્રામ-જનતાની અભિલાષામાં જ રહેલી છે. એ અભિલાષા જાગ્રત કરવાનું, એ અભિલાષા પોષવાના માર્ગદર્શનનું કામમાત્ર ગ્રામોન્નતિમાં રસ લેનારે કરવાનું છે. એ કામ કાંઈ સહેલું નથી.

**કેન્દ્ર સ્થાપના**

ગ્રામોન્નતિની અભિલાષા ગ્રામજનતામાં જાગૃત કરવા માટે પ્રથમ તો એક ગામ અગર ગ્રામસમૂહની પસંદગી કરી ત્યાં કેન્દ્ર સ્થાપન કરી સ્થાપના કરનાર વ્યક્તિ કે સંસ્થાની આવડત, ચારિત્ર્ય અને સંસ્કારનાં દૃષ્ટાંત અને પદાર્થપાઠ દ્વારા બનતી પ્રવૃત્તિઓનો વિકાસ કરી શકાય. એક કેન્દ્રની સ્થાપના પ્રયોગ તરીકે સફળ નીવડે તો એ પ્રયોગ આપોઆપ અગર સહજ મહેનતથી આગળ વધારી શકાય.

એ કેન્દ્રમાં કેળવણીના પ્રયોગ થાય, દવા અને ઉપચાર પણ થાય, તથા ખેતીના કે ગૃહઉદ્યોગના અખતરાઓ પણ થઇ શકે. સગવડ પ્રમાણે અમુક તત્ત્વ ઉપર પ્રથમ ભાર મૂકી બીજાં તત્ત્વો દાખલ કરી શકાય. એટલે ગ્રામોન્નતિના પ્રયોગ શાળા, દવાખાનાં, કૃષિ-ક્ષેત્રો અને ઉદ્યોગમંદિરોની આસપાસ થઇ શકે.

આવાં કેન્દ્ર સરકાર પણ સ્થાપી શકે અને ખાનગી વ્યક્તિઓ પણ સ્થાપી શકે. આ યોજના સહજ ખર્ચ માગે—જો સેવાભાવી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

કાર્યકર્તાઓનો સમૂહ આ કેન્દ્રના કાર્યમાં જોડાયો ન હોય તો. પરંતુ એ ખર્ચ એવો ન હોવો જોઇએ કે જે કામ કરનારને સાહેબ બનાવી ગ્રામજનતાથી જુદો પાડી દે.

સ્વપોષણની શક્તિ જેનામાં ન હોય, જેને ગુજરાન ચલાવવાની ફીકર ચિંતા હોય, જેની જરુરિયાતો શહેરી ઢબની હોય, જેનાથી અડચણ વેઠી શકાય એમ ન હોય એનાથી ગ્રામોદ્ધારનું આખું કાર્ય માથે ન જ લેઇ શકાય. એવા માણસો ખાદી વાપરીને, ગ્રામ-ઉદ્યોગથી બનતી વસ્તુઓ ખરીદીને અને સાદાઇથી રહીને ગ્રામોદ્ધારના કાર્યમાં પરોક્ષ સહાય આપી શકે.

**સામાન્ય સહાયના માર્ગ**

ગ્રામોદ્ધાર ઇચ્છતા સેવકથી ગામ ઉપર ભારણ રૂપ ન જ બનાય. એનું પોષણ એણે જાતે મેળવી લેવું રહ્યું. ગામ ઉપર પોષણનું ભારણ નાખી ગ્રામસેવા કરવા જનારની પ્રતિષ્ઠા જામતી જ નથી અને તેના હેતુની પ્રમાણિકતા ઉપર જનતાનો વિશ્વાસ બેસતો જ નથી. આપણા દેશની ઘણી સેવાઓ આવી વૃત્તિને લીધે સફળ થઇ શકતી નથી.

**ધૂન**

એકલી ધૂનથી પણ ગ્રામોદ્ધારનું કાર્ય ન થાય. સેવાવૃત્તિ ઘણી વખત ઉભરા સરખી ક્ષણિક અને ધુમ્મસ સરખી પોકળ હોય છે. ધૂન એ આવશ્યક વસ્તુ છે, છતાં એ ધૂનની સાથે અભ્યાસ, લોકોની જરુરિયાતો અને લોકોના સ્વભાવનો સહાનુભૂતિભર્યો પરિચય, લોકોને રુચિકર થઇ પડવાની આવડત અને છાપ પડે એવું ચારિત્ર્ય, આર્થિક અને નૈતિક પ્રલોભનથી પર રહેવા જેટલો સંયમ અને નૈતિક બળ, ગામની પક્ષાપક્ષીથી દૂર રહેવા જેટલી અલિપ્તતા અને કીર્તિની ઝંખનાનો અભાવ એટલા ગુણ કેળવ્યા સિવાય એકલી ધૂન નિરર્થક

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



છે. એકલી ધૂન બહુ ઝડપથી ઓસરી જાય છે. એમાં નિરાશા, નિષ્ફળતા અને પ્રત્યાઘાત અચૂક ઉત્પન્ન થાય છે.

**થોડું થોડું કાર્ય**

આવી કેન્દ્ર સ્થાપના ઉપરાન્ત બીજા પ્રકારોનો પણ ગ્રામોન્નતિ અર્થે ઉપયોગ થઇ શકે એમ છે. અમલદાર પોતાની ફેરણીમાં ગ્રામોન્નતિનાં અનેક કાર્યો —સફાઈનાં, તંદુરસ્તીનાં, સમૂહ બળના ઉપયોગ દ્વારા રસ્તા ઠીક કરાવવાનાં વગેરે—કરી શકે; શિક્ષક ગામે રહીને શિક્ષણ વિસ્તારી શકે અને રમતગમત દ્વારા ગ્રામજીવનમાં બળ અને સ્ફૂર્તિ લાવી શકે; ડૉક્ટરો ગામડાંના દેહને તપાસી શકે; વિદ્યાર્થીઓ રજાના સમયનો ગ્રામોન્નતિમાં ઉપયોગ કરી શકે. આમ જેનાથી બને તેણે ધર્મ સમજીને ગ્રામોન્નતિના કાર્યમાં સહાય અને સમય આપવાં જ જોઇએ. વર્ષમાં મહિનો, મહિનામાં અઠવાડિયું અને અઠવાડિયામાં એક કલાક પણ સહુ કોઇ ગ્રામોન્નતિના કાર્યમાં ગાળે તો ગ્રામજનતાના કેન્દ્રમાં રોકાયા સિવાય અને પોષણના માર્ગો માટે શહેરનો વસવાટ જરૂરી હોય તે છતાં ગ્રામોન્નતિના કાર્યમાં કંઇક ફાળો સહુ કોઈ આપી શકે.

**મંડળો**

શહેરનાં મંડળો-સમાજ સેવાનાં, વ્યાયામનાં, બાળચમુનાં, સ્ત્રીઓનાં, વિદ્યાર્થીઓનાં—પણ ધારે તો શહેર પાસેનાં ગામડાંમાં ગ્રામોન્નતિનો કાર્યક્રમ ગોઠવી શકે. આર્થિક અને સામાજિક ઉન્નતિના બધા જ માર્ગ એક સાથે લેવા જ જોઇએ એમ નથી. ગ્રામજનતા સાથે હળવામળવાનું કાર્ય પણ બહુ જરૂરી છે. તેમના જીવનનો અભ્યાસ પણ થઈ શકે. તેમનાં ગીતો, રમતગમત વગેરેમાં પણ રસ લેઇ શકાય. તેમની સાથે વાર્તાલાપ થઇ શકે. તેમને સમજાય એવાં વ્યાખ્યાનો, વાર્તાઓ, ગીત, ભજન, રાસ, નાટકો, સંવાદો વગેરે પણ મંડળોદ્વારા યોજી શકાય, અને ગ્રામજનતામાં જાગૃતિ લાવી શકાય.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

ગ્રામોન્નતિની ધૂન હોય પરંતુ એમાં પ્રવેશ શી રીતે કરવો એ પ્રશ્ન ઘણી વાર ઊભો થાય છે. સેવાવૃત્તિ અને પોષણની ચિંતાનો અભાવ એ એ આવશ્યક લક્ષણોવાળી ધૂન હોય તો કેન્દ્રસ્થાપના કરી ગામડામાં બેસી જવું, અને તેમ ન હોય તો ગ્રામોન્નતિનાં અનેક પાસાંમાંથી એકાદને સહાયભૂત થવા માટે અંગશક્તિ, ધન અગર બુદ્ધિનો ઉપયોગ કરવો. સાચી ઉન્નતિ ઉપરછલી રમત નથી માગતી. ગ્રામોન્નતિ સાથે રમત ન જ થાય. ડોળ વગર, સાચા ભાવથી, જેટલી બને એટલી નમ્રતાપૂર્વક પ્રવૃત્તિ ગ્રામજીવન સાથે સંપર્કમાં આવીને કરવી એ સહુનું કામ બની જાય છે. હિંદની સર્વ શક્તિ, સર્વ બુદ્ધિ અને સર્વ લાગણીનો ગામડાંને ખપ છે. એને માટે પાત્રતા અને તૈયારી પણ જોઈએ. ગ્રામજીવનના પ્રશ્નોનો અભ્યાસ, ગ્રામજીવનમાં પ્રવેશવાની, તેમાં રહેવાની અગર તેમાં જવરઅવર કરવાની તાલીમ, ગ્રામજીવનની રસમય બાજુ ઓળખવાની અને તેને આગળ લાવવાની શક્તિ એટલું તો પ્રાથમિક પાત્રતા તરીકે ગણી શકાય.

**ગ્રામોન્નતિ રમત નથી**

એ પાત્રતા મેળવ્યા પછી કેન્દ્ર સ્થપાય તો તેમ અને તે ન બને તો કોઈ ગામડાંનો સંસર્ગ રાખી વર્ષ, બે વર્ષ, પાંચ વર્ષનો સતત કાર્યક્રમ પોતાની રુચિ, શક્તિ અને ગામડાની પરિસ્થિતિનો વિચાર કરી ગોઠવી રાખવો. એ કાર્યક્રમમાં શિક્ષણ હોય, અંત્યજોદ્ધાર હોય, સ્વચ્છતા હોય, અને આર્થિક પુનર્ઘટનાનો વિષય પણ હોય; એમાં ખેતી, ગૃહઉદ્યોગ, બજારબંધારણ, સહકાર્ય, દેવાંનો અભ્યાસ કે નિકાલ જેવી બાબતો પણ હાથ ઉપર લેઈ શકાય. વળી સમાજસુધારણાની પ્રવૃત્તિમાં વ્યક્ત થતો કાર્યક્રમ પણ ઘડી શકાય, જેમાં ખોટાં ખર્ચથી ગ્રામજનતાને ઉગારવા મથન થાય અને લાંચરુશ્વત વિરુદ્ધ ઝુંબેશ ઉઠાવી શકાય. રોગીની સારવાર, અને આરોગ્યરક્ષણ પણ મહત્ત્વનો કાર્યક્રમ બની

**કાર્યક્રમ**

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



શકે. ગ્રામજીવનના આનંદવિભાગને પણ નાટકો, ગીત, સંમેલનો, કવાયત, રમતગમત જેવાં કાર્યથી ખીલવી શકાય. આમ એક અગર એક કરતાં વધારે બાબતો હાથ ઉપર લેઇ તેમને વર્ષોવર્ષ વિકસાવ્યા કરવી એ જ ગ્રામોન્નતિનો માર્ગ. એ સહુને માટે ખુલ્લો છે. એક વિભાગ જાગ્રત થતાં બીજા વિભાગો ઉપર પણ અસર થશે જ, અને બે પાંચ વર્ષમાં ગામના જ કાર્યકર્તાઓ તૈયાર કરી શકાશે. ગામના જ રહીશોમાંથી કાર્યકર્તાઓ જાગે એટલે ગ્રામોન્નતિનો કાર્યક્રમ સફળતાને માર્ગે ચઢી ચૂક્યો એમ સમજવું.

**શહેર અને ગામડાં**

શહેર–નગરની અતિ પ્રવૃત્તિનો થાક ઉતારવા માટે ગ્રામકાર્યમાં થોડો સમય માનવી રોકી શકે. શહેરની હાયવરાળ, ધન શોધવાની લોલુપતા, શરીર અને મનની ચોવીસે કલાકની વ્યગ્રતા, કાર્યને ભચડી ભચડીને સમયમાં ભરવાની ઉતાવળ, ઊભે શ્વાસે સતત ચાલતી દોડધામ અને માનવતાનો ઉપરછલ્લો–ઝળકતો સ્પર્શ શહેરી જીવનને રોગીષ્ટ બનાવે છે. એ રોગનો ભાર હળવો કરવા માટે પણ ગામડાં જરૂરી છે. ઇશ્વરે – કુદરતે ગ્રામવિભાગમાં બગીચા સર્જ્યા છે, સાધનોના ભંડાર ભર્યા છે, જીવનને શાન્તિ આપતાં, આરોગ્ય આપતાં તત્ત્વો છૂટે હાથે વેર્યાં છે. એમાં શાન્તિ છે, નિવૃત્તિ છે, સંતોષ છે; જગતને સ્વાસ્થ્ય આપનારાં બલો છે. ગ્રામવર્તુલમાં કવિતા છે, સંગીત છે, સાત્ત્વિક સૌન્દર્ય છે, ફિલસૂફી છે, ભક્તિ છે. જગત અને જગતની પાર નજર નાખવાની બારીઓ ગ્રામજીવનમાં અસંખ્ય છે.

ગામડું આપણું દેવમંદિર.

**ગામડું આપણું દેવ મંદિર**

એ મંદિરના દેવ પોઢ્યા છે. એ દેવને જગાડવા એટલે હિંદ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: ગ્રામોન્નતિ

4/25/2021



સમસ્તના – જગત સમસ્તના આત્મદેવને જગાડવા.

પુષ્પ, પત્ર, ફળ, પાણી, કંકુ, ચંદન, ધૂપ જે કાંઈ લેઈ જવાય તે આપણે એ મંદિરમાં લઇ જઇએ, અને નાનો સરખો પણ ઘંટનાદ ભક્તિભાવ પૂર્વકકરીએ.

ગ્રામદેવતા જાગશે ત્યારે હિંદનો દેવતા જાગશે.

હિંદનો દેવતા જાગ્યે જગતમાંથી કલેશ, કંકાસ, યુદ્ધ, ખૂનામરકી, ખેંચાખેંચી અદશ્ય થઇ જશે; જગત સમસ્તમાં ફૂલની ખુશબો અને સંગીતનું માધૂર્ય ફેલાશે; ઉષારંગી કલાકૃતિઓ ખેંચાશે; માગ્યા મેહ વરસશે; અને ગરીબ તવંગર જેવા શબ્દો ભૂંસાઇ જઇ પ્રત્યેક માનવી સાચો સંસ્કાર ઝીલશે. જેટલી માનવતા ગામડાંમાં વિકસશે તેટલી જ આપણાં શહેરોમાં, આપણા સંસ્કારમાં, આપણા ચારિત્ર્યમાં, આપણા જીવનમાં આવશે. માનવતાનો ફુવારો ગામની સપાટી જેટલો જ ઊંચો નીચો ઊડે. ગામડાં નીચાં તો જગત નીચું. ગામડાં ઊંચાં તો જગત ઉન્નત.

આપણે સહુ નિશ્ચય કરીએ તો ગ્રામોન્નતિનો માર્ગ જડશે જ.

---

શ્રી મહાદેવ દેસાઈ ગ્રંથાલય
क्रमांक ________
वर्गांक ________

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust